નીતીમય જીવન

અને

ગૃહસ્થ ધર્મ.

લેખક,

પન્યાસ કેશરવિજયજી ગણિ.

ॐ अर्हँनमः

નીતિમય જીવન.

લેખક, પંન્યાસજી કેશરવિજયજી ગણિ.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. સોમચંદ ભગવાનદાસ.

ઠે. અમદાવાદ પાનકોરને નાકે.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૧૦૦

સંવત ૧૯૭૩ સને ૧૯૧૭

કીંમત છ આના.

અમદાવાદ,

પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણપતરામે છાપી.

નીતિમય જીવનની પ્રસ્તાવના.

નીતિ અનેક પ્રકારની હોય છે છતાં સર્વેનું સાધ્ય તો એકજ હોય છે કે ગમે તે પ્રકારે પણ વ્યવહાર વ્યવસ્થાસર, નિયમપૂર્વક અને અડચણ કે વિઘ્ન વિના ચલાવવો. સર્વ કોઇ પોત પોતાના કામમાં નિયમસર ચાલ્યા કરે અને બીજાના કામમાં ખલેલ ન પહોંચાડે તે માટે અમુક માર્ગો યોજી રાખવા, કે ધોરણો નક્કી કરી આપવાં, જન સમુદાય તે તે પ્રમાણે કોઇને અડચણ પહોંચાડ્યા સિવાય પ્રવૃત્તિ કરે. આ સર્વ નીતિના બંધનનો હેતુ હોય એમ સમજાય છે.

જૈનાચાર્યોએ રાજનીતિ, ધર્મનીતિ, વ્યવહાર નીતિ વિગેરેના ગ્રંથો લખેલા છે. આ નીતિમય જીવનના મનોગ્રય વ્યવહાર તથા આત્મ શાંતિના માર્ગમાં મદદગાર થાય તેવા પ્રકારનો છે. શાસ્ત્રમાં તેનું બીજું નામ માર્ગાનુસારી છે. એટલે ધર્મના માર્ગને અનુસરવાને–ચાલવાને લાયક થવામાં ઉપયોગી એવો તેનો અર્થ થાય છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિ, શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય અને તે સિવાયના બીજા આચાર્યોએ પોતાના ગ્રંથોમાં આ નીતિમય જીવન માટે ઉલ્લેખ કરેલા છે.

સર્વ દેશ, કાળમાં નીતિ એક સરખી હોતી નથી, કારણ કે વ્યવહારનું ગાડું વ્યવસ્થાસર ચલાવવામાં જ્યાં જ્યારે, જેવી, જેની જરૂરીયાત જણાય ત્યાં, ત્યારે, તેવી, તેની પ્રવૃત્તિ કરવી પડે છે. આ નીતિનાં વાકયો કે જેનો સંગ્રહ પાંત્રીશ જેટલો નાનો છે છતાં તેનો મોટો ભાગ સર્વ દેશ કાળમાં ઉપયોગી થાય તેવો અને વિશેષ પ્રકારે

ફેરફાર ન કરવો પડે તેવો છે. આમાં પણ તે અપવાદ તો રહેલો છેજ.

નીતિ એ વ્યવહારની અથડામણીઓરૂપ જમીનના ખાડા અને ટેકરાને સરખા કરનાર સાધન છે. સમ્યગ્ દર્શન એ જમીનને સાફ કરી ખેડનાર છે અને ધર્મ એ બીજ સમાન છે અને તેનું ફળ તે પરમ શાંતિ છે.

આ ગ્રંથના અધિકારી પહેલી ભૂમિકાવાળા સર્વે છે. શરૂવાતજ આંહીથી કરવાની છે. એટલે એકડા કે કકો શીખડાવનાર કહો તો આ ગ્રંથ તેવોજ છે. આમાં કહ્યા પ્રમાણે વર્ત્તન કરવાથી આંક અને કકો આવડશે, પણ તે એકડા કે કકો શીખ્યા સિવાય ચોપડીઓ વાંચી ન શકાય એ ધ્યાન બાહાર રાખવા જેવું નથી. અર્થાત્ મોટાં મોટાં વ્રત, પચ્ચખાણ અને ધર્મ ધોરી આદિની પદવીઓ તે આ એકડા કે આંક વિના નિરૂપયોગી છે, એ વાત લક્ષમાં રાખીને પ્રથમથીજ આ ગ્રંથમાં કહ્યા પ્રમાણે વર્ત્તન ચાલુ રાખવામાં આવશે તો આગળનાં વ્રતો કે અધિકારો રૂપ મીંડાં ઉપયોગી થઇ પડશે. એકડા ઉપર એક મીંડું ચડાવતાં દશ દશ ગણી કીંમત તેની થાય છે તેમ તે અધિકારીમાં સદ્‌ગુણોનો વધારો થશે.

આ ગ્રંથમાં ન્યાયથી દ્રવ્ય પેદા કરવું, સરખા કુળ, શીળવાળા અન્ય ગોત્રીઓની સાથે લગ્ન કરવું, દેશાચાર પ્રમાણે ચાલવું, કોઇના અવર્ણવાદ ન બોલવા, સારા પાડોશીઓની જોડે નિવાસ કરવો, ઘર તદ્દન ગુપ્ત કે ખુલ્લું અને અનેક દ્વારોવાળું ન રાખવું, ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો, આવક અનુસારે ખરચ રાખવો, ધન અનુસારે વેશ પહેરવો, અજીર્ણ થતાં ભોજનનો ત્યાગ કરવો, પ્રકૃતિને અનુકુળ અવસરે ભોજન કરવું, અયોગ્ય દેશ કાળમાં પ્રવૃત્તિ ન કરવી, બળ નિર્બળતાની તુલના કરવી, પોષ્ય વર્ગનું પોષણ કરવું, કર્યા ગુણને ભૂલી ન જવું, લોક વલ્લભ થવાય તેવાં કાર્યો કરવાં

આ સર્વે શરીર અને વ્યવહારને સુવ્યવસ્થાસર રાખનાર અને બનાવનાર સાધનો યા ગુણો છે. વળી પાપથી ભય રાખવો, ઉત્તમ આચરણવાળાની સોબત કરવી, માતા પિતા ગુર્વાદિનું પૂજન કરવું, નિંદનીક કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી, બુદ્ધિના ગુણો ધારણ કરવા, નિરંતર ધર્મનું શ્રવણ કરવું, ત્રણ વર્ગને અન્યોઅન્ય બાધ ન પહોંચે તેમ પ્રવૃત્તિ રાખવી, અતિથિ, સાધુ, દીન આદિની સેવાભક્તિ કરવી, આગ્રહી ન થવું, ગુણનો પક્ષપાત કરવો, જ્ઞાની વૃધ્ધોની સેવા કરવી, દીર્ઘદ્દષ્ટિ રાખી વિચાર કે પ્રવૃત્તિ કરવી, યોગ્ય અયોગ્યનો ભેદ સમજવો, લજ્જાળુ, દયાળુ, શાંત, પરોપકારી થવું, કામ, ક્રોધાદિ અંતરંગ ષટ્ રિપુનો વિજય કરવો અને ઇંદ્રિયોને સ્વાધિન કરવી ઇત્યાદિ સદ્દગુણો પવિત્ર જીવન બનાવવાને પુરતા ઉપયોગી છે. એટલે એકંદર રીતે વિચાર કરીએ તો આ ગ્રંથ શરીરના ધર્મો, વ્યવહારના ધર્મો અને પારમાર્થિક કે આત્મિક સદ્દગુણો એ સર્વને કેળવવાના કે ખીલવવાના એક સાધન સમાન મહાન્ ઉપયોગી છે.

આ દરેક ગુણો ઉપર વર્તમાન બનાવવાળી તે તે વાતને પોષણ આપનારી કથાઓ આપવાની જરૂર હતી છતાં તેવા અનુકુળ પ્રસંગને અભાવે તેમ નથી બની શક્યું. વળી કોઇ પ્રસંગે તેમ બની આવે તો આ ગ્રંથની ગૌરવતામાં અને ઉપયોગીતામાં વધારો થાય તેમ બનવા યોગ્ય છે.

આ ગ્રંથ વાંચીને તે પ્રમાણે વર્તન કરી, વાંચનારાઓ આ પછીની ભૂમિકાને સૂચવનારા ગ્રંથો ગૃહસ્થધર્મ, સમ્યગ્દર્શન અને ધ્યાનદીપિકાને લાયક થાય તેવી પરમ પુરૂષ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

આ ગ્રંથ ૧૯૭૦ નું ચોમાસું હું રાજકોટ હતો ત્યારે લખવામાં આવેલ છે. આ ગ્રંથ તૈયાર કરવામાં પ્રેરણા કરનાર રા. રા. ભાઇ મોહનલાલ સાંકળીચંદ છે, જેઓ હાલ જેતપુર રાજ્યમાં પોલીસ સુપ્રિ-ટેન્ડેન્ટ છે. તે પ્રસંગે તેઓ રાજકોટ કેમ્પમાં અમલદાર હતા. નીતિમય જીવન ગુજારવાની તેઓ પ્રબળ ઇચ્છાવાળા છે. દુનિયાના સર્વ જીવો આત્માનો અખંડ આનંદ પામો એવી પ્રબળ ઇચ્છા કરી આંહીજ વિરામ પામું છું.

સંવત ૧૯૭૩ ના પોષ સુદ ૧, સોમવાર.

લ. પં. કેશરવિજય ગણિ.

અમદાવાદ.

એસ. બી. શાહની કંપનીમાં મળતાં પુસ્તકોની યાદી.

સૂર્યકળા.	૦-૧૨-૦
કુમુદકળા—પાકું પુઠું.	૧—૪—૦
હીરામાણેકની મોટી એક ખાણ.	૦—૨—૦
સંસાર દર્પણ—પાકું પુઠું.	૧—૦—૦
હમીરજી ગોહેલ—પાકું પુઠું.	૦—૮—૦
સુવાસીની સરલા.	૦—૯—૦
સાચા મોતી.	૧—૦—૦
સ્વામી સંવાદ.	૦—૨—૦
રામકૃષ્ણ વાક્સુધા.	૦—૩—૦
અધ્યાત્મ ઉપનિષદ્ અથવા આનંદઘન ચોવીશી.	૧—૦—૦
કર્મયોગ.	૦-૧૦-૦
ભક્તિ યોગ.	૦—૬—૦
હીપનોટીઝમ.	૨—૮—૦
હાજી બાવાનાં સહાસ કર્મો.	૧—૪—૦
પ્રભાત ચંદ્ર.	૧—૦—૦
ટોડ રાજસ્થાન મોટું	૫—૦—૦
ધી જેમ પૉકેટ ઇંગ્લીશ ટુ ગુજરાતી ડી. પાકું પુઠું.	૧—૮—૦
,, ,, ગુજરાતી ટુ ઇંગ્લીશ ,, ,,	૧—૮—૦

ॐ अर्हं नमः

नीतिमय जीवन.

सिवहेउओकमेणं सावयधम्मोय कप्पतरु तुल्लो
तम्हा जुग्ग जियाणं दायव्वो धम्मरसियाणं. १

કલ્પવૃક્ષ સમાન શ્રાવક (ગૃહસ્થ) ધર્મ અનુક્રમે મોક્ષનો હેતુ છે; માટે ધર્મ રસિક યોગ્ય જીવોને તે આપવો. ૧

મધુર કંઠની યોગ્યતા ધરાવનાર કોયલ, આંબાના કુંપળીયાં અને મોહોર ખાવાથી ઘણા લાંબા સ્વરે મધુર અને મનહર ગાયન કરી શકે છે. તેજ કુંપળીયાં કે મોહોરનું ભક્ષણ કરનાર કાગડો, પોતાની તેવી યોગ્યતા વિના તે માંહીલું કાંઇ પણ ગાયન કરી લોકોને રંજન કરી શકતો નથી; પણ ઉલટું વિરસ ગાન કરી લોકોને કંટાળો આપે છે. આ દૃષ્ટાંતે ધર્મ અંગિકાર કરવા પહેલાં યોગ્યતા મેળવવાની ખાસ જરૂર છે.

ગાયને વિષે ખોળનું દુધ થાય છે ત્યારે સર્પને પાયેલું દુધ પણ ઝેરરૂપ થાય છે. આનું કારણ તે વિષેની યોગ્યતા અને અયોગ્યતા છે. માટે ધર્મનું દાન પણ પાત્રમાંજ થવું જોઇએ. મહાપુરૂષોના કહેલા ધર્મના માર્ગમાં ચાલવા માટે પ્રથમ લાયક થવાની પૂર્ણ જરૂર છે. અહિં વીર

પુરૂષોના માર્ગમાં ચાલવા માટે પ્રથમ પાંત્રીશ ગુણ બતાવવામાં આવશે. તેમાં પ્રવીણતા મેળવ્યા પછી આગળનો રસ્તો લેવાથી મનુષ્ય ઘણી સહેલાઇથી આગળ વધી શકશે. તે સિવાય યોગ્યતા વિના ઉપાડેલો બોજો પાછો પડતો મૂકવો પડશે. એટલુંજ નહિં પણ કરેલી મહેનત વ્યર્થ જવા સાથે નુકશાન ખમવું પડશે.

પ્રથમ ગુણ—ન્યાયથી ધન મેળવવું. ૧

અન્યનું રક્ષણ કરી, વેપાર કરી, ખેતી કરી, નોકરી કરી, કે કોઇ પણ જાતનાં કામકાજ કરી ન્યાયપૂર્વક દ્રવ્ય ઉપાર્જન કરવું.

સ્વામીનો દ્રોહ કરી, મિત્રોને ઠગી, વિશ્વાસઘાત કરી, ચોરી કરી, લાંચ-રૂશવત લઇ, છળ-પ્રપંચ-દગો કરી દ્રવ્ય મેળવવું તે અન્યાયથી મેળવેલું દ્રવ્ય કહેવાય છે.

પ્રજા પાસેથી કર-કે વેરો લઇ પ્રજાનું રક્ષણ કરનાર રાજાઓ, જો પ્રજાનું રક્ષણ બરાબર કરતા નથી તો તે અન્યાય દ્રવ્યનો ઉપભોગ કરે છે.

રાજા કે શેઠની નોકરી કરનારા મનુષ્યો, પોતાને સોંપેલું કાર્ય બરાબર બજાવતા ન હોય, સોંપેલા કામમાંથી ગેરવ્યાજબી રીતે પૈસા ઉચાપત કરતા હોય, માલીકનું કામ બગડે તેવી રીતે કોઇની સીપારસથી કામ કરતા હોય તો તે અન્યાય છે.

માલીકને પૂછ્યા સિવાય નોકરી કરતાં માલીકના પૈસાથી પોતાનો ખાનગી વ્યાપાર ચલાવવો તે અન્યાય છે. નોકરી કરનારના તાબામાં

માણસો સોંપાયેલાં હોય તેની પાસેથી માલીકના કામની દરકાર ન રાખતાં તેઓને પોતાના ખાનગી કામમાં રોકવાં તે અન્યાય છે.

ભાગીદારોએ એક બીજાથી છુપા વ્યાપારો કરી લાભ જુદો રાખવો, અથવા મજમાઉ ભાગમાંથી રકમ-કે માલ ઉચાપત કરવો તે અન્યાય છે.

ભલા વિશ્વાસુ મિત્રોને ઠગી, તેની ગુપ્તવાતો જાહેર કરી, તેને નુકશાન કરી, દગો-પ્રપંચ રમી તેની પાસેથી કાંઈ લઇ લેવું તે અન્યાય દ્રવ્ય છે.

કોઈ મનુષ્ય વિશ્વાસ રાખી કાંઇ વસ્તુ વેચાતી લેવા આવ્યો હોય, તેની પાસેથી વધારે પૈસા લેવા તે અન્યાય દ્રવ્ય છે. દલાલી કરનારાએ, પોતાની દલાલી કરતાં વધારે પૈસા ઉપરથી ઉપાડી લેવા, તે અન્યાય દ્રવ્ય છે. કોઇ ગૃહસ્થ જાણી, ઉત્તમ ધર્મીષ્ટ મનુષ્ય જાણી કોઈની પણ સાક્ષી રાખ્યા વિના કાંઈ રકમ મુકી ગયો હોય તે લેવા આવે ત્યારે નામક્કર જવું, અને તેને પાછી ન આપવી તે વિશ્વાસઘાત છે. અન્યાય દ્રવ્ય છે. તે માણસ મરી ગયો હોય અને ધન પાછું લેવા ન આવ્યો હોય, અને તેના વારસદારોને ખબર ન હોય છતાં તે દ્રવ્ય પોતાના ઉપયોગમાં લેવું તે અન્યાય દ્રવ્ય છે. કોઇની ચોરી કરી, ધાડ પાડી, વાટ લુંટી, ગાંઠ કાપી દ્રવ્ય મેળવવું તે અન્યાય દ્રવ્ય છે. દાણચોરી કરવી તે અન્યાય છે.

ધર્માત્મા જાણી, નાતના કે સંઘના માણસોએ કોઈ પણ કામ તેમને સોંપ્યાં હોય તે બરાબર રીતે બજાવી ન શકાય અને બીજાને સોંપે પણ નહિં, પોતાની મોટાઇ કે શેઠાઇના લોભને અંગે તે કામ બજ-

ડવા દે તો તે વિશ્વાસઘાત છે. તેમજ ધર્માદા ખાતાના માણસો પાસે પોતાનાં ઘરનાં કામકાજ કરાવવાં તે પણ અન્યાય અને વિશ્વાસઘાત છે.

પોતાને પુરતો પગાર કે બદલો કહ્યા માફક મળતો હોય છતાં, લાંચ-રૂશવત લઇ અન્યને અન્યાય કરવો, તે પણ વિશ્વાસઘાત સાથે અન્યાય ઉપાર્જીત દ્રવ્ય છે.

આ પ્રમાણે અન્યાય ઉપાર્જીત દ્રવ્યનો ત્યાગ કરનાર અને ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરી નિર્વાહ કરનાર મનુષ્ય ધર્મના માર્ગમાં ચાલનાર છે. અથવા ચાલવાને લાયક થાય છે. શરીરાદિના નિર્વાહમાં ઉપયોગી અને પ્રયત્નથી સાધ્ય થઇ શકે તેવા દ્રવ્ય માટે પણ જે મનુષ્ય છળ, પ્રપંચ, વિશ્વાસઘાતાદિ કરે છે, આવા અન્યાયી મનુષ્ય નિર્દોષ અને પવિત્રતાથી ભરપુર ધર્મવીર પુરૂષોના માર્ગમાં ચાલવાને લાયક કેવી રીતે થઇ શકશે ?

ઉપર મુજબ ન્યાયોપાર્જીત દ્રવ્યથી વ્યવહાર સુખરૂપ થાય છે ત્યારે અન્યાય કરવાથી પાપની પ્રાપ્તિ થવા સાથે વ્યવહાર દુઃખરૂપ થાય છે. પ્રિય વાંચકો! તમને ઐહિક સુખને અર્થે અને તમારા સગાં વહાલાં, કુટુંબ કબીલા, વિગેરેને સુખી કરવાની એટલી બધી લાલસા છે કે તેઓ બધાના સાંસારિક અને અનિત્ય-ક્ષણિક સુખને ખાતર તમે એકલાજ પાપના દરીયામાં ડુબકી ખાવા જાઓ છો કે જ્યાંથી તમને પુન્યરૂપી મણી કે જેની તમે ઇચ્છા રાખો છો તે મળવાને બદલે પાપરૂપી ઝેરની પ્રાપ્તિ થશે તે તમારૂં ઉપાતર્જીત પાપ હોવાને લઇને પરીણામ તમારે એકનેજ સહન કરવું પડશે. માટે ઐહિક સુખની વાસના નહિં કરતાં સ્વર્ગીય પારલૌકિક સુખનીજ લાલસા રાખો અને તે મેળવવાના સાધનોમાંનું એકજ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જીત કરવું તે છે તેને

ગ્રહણ કરો અને ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યથીજ પોતાનો અને કુટુંબનો નિર્વાહ કરો.

શિષ્ટાચાર પ્રશંસા—૨

સાધુપુરૂષોની શ્લાઘા કરનાર, પણ પોતે કરેલા કાર્ય માટે પોતાની શ્લાઘા થતી જોવાને નહિ ઇચ્છનાર, કોઇની નિંદા ન કરનાર, અને પોતાની થતી નિંદા માટે ક્ષોભ નહિં પામનાર, આપત્તિના પ્રસંગમાં દીનપણું ન કરનાર, સંપત્તિના વખતમાં નમ્રતા રાખનાર, પ્રસંગે યોગ્ય સલાહ આપનાર, કોઈ સાથે વિરોધ ન કરનાર, યોગ્ય અંગિકાર કરેલ કાર્યનો નિર્વાહ કરનાર, કુળાચાર પાળનાર, સન્માર્ગથી દ્રવ્ય મેળવનાર, સન્માર્ગે દ્રવ્ય ખરચનાર, ઉત્તમ કાર્ય કરવામાં આગ્રહ રાખનાર, દુષ્કાર્ય તરફ પ્રવૃતિ નહિ રાખનાર, પ્રમાદનો ત્યાગ કરનાર, ધર્મને બાધા ન લાગે તેમ લૌકીક વ્યવહારને અનુસરનાર, સર્વસ્થળે ઉચિતતા સાચવનાર, હલકા કામમાં પ્રવૃત્તિ ન કરનાર, નિઃસ્વાર્થીપણે ગરીબોને મદદ કરનાર, ઉપકારનો બદલો ન ભૂલનાર, પ્રત્યુપકાર કરનારની યોગ્ય દાક્ષિણ્યતા રાખનાર અને નિત્ય પરોપકાર કરવામાં આદરવાળા એ શિષ્ટ પુરૂષો કહેવાય છે.

સ્વાર્થનો ત્યાગ કરી સર્વનું ભલું ઇચ્છનારા, આવા ઉત્તમ મનુષ્યોના સત્કર્ત્તવ્યોની અનુમોદના કરવી. કુટુંબનું, ન્યાતનું, દેશનું, ધર્મનું અને સર્વનું ભલું ઇચ્છિનારા અને પોતાના ભલાને માટે વ્યવહારના કોઇ પણ જાતના સ્વાર્થ વિના અહોનિશ અન્યના

ભલાને માટે સતત્ પ્રયત્ન કરનારા ઉત્તમ મનુષ્યો દુનિયામાં વિરલા હોય છે. તેમને મન તો **वसुधैव कुटुंबकं** આ દુનિયાં એજ કુટુંબ છે. તેઓનું મન ઘણુંજ વિકાશ પામ્યું હોય છે, ઉદાર થયેલું હોય છે. તેને લઇનેજ નાત, જાત, કુટુંબ કે ધર્મના ભેદવિના સર્વને સરખા માની બનતો પરોકાર કરી શકે છે. આવાં પુરૂષોના આચરણની ઉત્તમ કર્તવ્યોની પ્રશંસા કરવી. તેમની પ્રશંસા કરવાથી એ લાભ થાય છે. જુઓ કે તેવા પુરૂષો આપણી પ્રશંસાની ઇચ્છા રાખતાજ નથી, અને જો ઇચ્છા રાખે તો તેઓ નિઃસ્વાર્થી કહેવાય નહિં, તેમજ તેઓથી ઘણાં સારાં અને મોટાં કર્તવ્યો બની પણ શકે નહિં. છતાં તેઓની પ્રશંસા કરવાથી તેઓને વધારે ઉત્તમ કાર્ય કરવાનો જુસ્સો આવે છે. અથવા તેમની આવી પ્રશંસા થતી જોઇને બીજા મનુષ્યો કે જેઓ આવા પરોપકારી કાર્યો કરવામાં બીલકુલ ભાગ લેતા ન હોય તેવાઓને પણ ઉત્સાહ વધે છે. વળી આપણાપર ઉપકાર કરનારનો બદલો આપણે બીજી રીતે વાળી ન શકીએ છતાં કૃતજ્ઞતા બતાવવાથી આપણું મન પણ પ્રફુલ્લિત રહે છે.

બીજો ફાયદો એ છે કે ગુણવાનપર પ્રીતિ રાખનાર, ગુણોનું અનુમોદન કરનાર અને સર્વ સ્થળે ગુણ જોનાર મનુષ્ય અવશ્ય ગુણવાન્ બને છે. આ તો લૌકીક નિયમજ છે કે વ્યાપારની દૃષ્ટિવાળો વ્યાપારી થાય છે, કવિત્વની દૃષ્ટિવાળો કવી બને છે, ભોગની ભાવનાવાળો ભોગી થાય છે, અને યોગની ભાવનાવાળો યોગી બને છે, તેવીજ રીતે સર્વ સ્થળે ગુણની ભાવનાવાળો માણસ ગુણી થાય છે. ઉત્તમ આચરણવાળા પુરૂષોના આચરણની પ્રશંસા કરનાર પોતાની ભાવના–લાગણીના પ્રમાણમાં ઉત્તમ બને છે. મનુષ્ય જ્યારે કોઇ પણ ગુણી પુરૂષના ગુણો

તરફ લાગણી ધરાવે છે ત્યારે તે માણસ જાણતાં કે અજાણતાં તે ગુણોનું બીજ પોતાના હૃદયમાં રોપી દે છે. પછી તેને જો તે લાંબા વખત સુધી ધીમે ધીમે પોતાના કર્ત્તવ્યમાં મુકવા રૂપ પોષણ આપ્યા કરે અને વારંવાર તેવા પુરૂષોના સમાગમમાં આવ્યા કરે તથા તેવા થવા માટે લાગણી ધરાવ્યા કરવી તે રૂપ અનુકુળ હવા પાણી મેળવ્યા કરે તો તે બીજ કેટલાક વખત પછી એક વૃક્ષનું રૂપ ધારણ કરે છે. અર્થાત્ પોતે જેની પ્રશંસા કરતો હતો તેના જેવી શક્તિ પોતે પણ ધરાવી શકે છે. આજ સદ્‌ગુણ છેવટે વીતરાગના માર્ગમાં પ્રવેશ કરાવી વીતરાગ પણ બનાવે છે. માટે ઉત્તમ પુરૂષોના આચાર વિચારની પ્રશંસા કરવાની ટેવ રાખવી.

ઉત્તમ પુરૂષ કોને કહેવા ? શરૂઆતમાં આ પ્રશ્નનો છેવટનો ખુલાસો કરવો તે ફાયદાકારક થઇ નહિ પડે. માટે, શરૂઆત એટલાથી કરવી કે પોતાથી અધિક ગુણવાન્ હોય તેને ઉત્તમ પુરૂષ માની તેના ગુણો પોતામાં દાખલ કરવા. જેમ જેમ ગુણવાન્ થતા જવાશે તેમ તેમ અધિક અધિક ગુણી ઓળખાતા જશે અને છેવટે સર્વ ગુણ સંપન્ન મહાપુરૂષના આશ્રયથી સર્વ ગુણો પોતામાં ખીલી નીકળશે. શરૂયાતમાં મોટા ઠેકાણે બાથ ભીડવાથી, નથી તો તે હાથમાં આવતું અને નાનું તો ગમતું નથી એટલે ઉભય ભ્રષ્ટ ન થવાય તે સારૂ શરૂયાત નાના પાયાથી કરવી તે યોગ્ય છે.

પરંતુ નાના પાયાથી શરૂ કર્યા બાદ અધવચમાં મુકી દેવું યોગ્ય નથી. જેમ જેમ આગળ વધતા જઇએ તેમ તેમ આપણાથી વિશેષ ગુણવાન ગુરૂ શોધી કાઢી, તેવા ગુણો ગ્રહણ કરતા શીખવા. પરંતુ તેની અમુક હદ છે એમજ સમજી અમુક જ્ઞાન મેળવી—અમુક ગુણો

સાથી, પછી તેથી વિશેષ દુનીયામાં હસ્તી ધરાવતું નથી એવું ધારવું તદ્દન ખોટું છે. કહેવત છે કે "**अधिकस्य अधिकं फलं**" તે મુજબ અધિકતાને પ્રાપ્ત કરી અધિક ફળો મેળવી સુખી થવાની ઇચ્છા રાખવી.

સરખા કુળાચાર સાથે વિવાહ. ૩

વિવાહ સંબંધ એ ગૃહસ્થાશ્રમનો મૂળ પાયો છે. સંસાર વ્યવહારની સગવડતા, પ્રજાની ઉત્પત્તિ, કલેશરહિત જીવન, અને નીતિવાળું વર્ત્તન એ સર્વે તેનાં મૂળ હેતુઓ હોય છે. કુળ અને આચાર જેના એક સરખા હોય તેઓએ આપસમાં વિવાહ કરવો જોઇએ. ઉત્તમ કુળવાળા સાથે નીચ-હલકા કુળવાળાનો વિવાહ કોઇ પણ રીતે યોગ્ય નિર્વાહકારક થતો નથી. જન્મથી પડેલા ઉંચ કે નીચ કુળના ઉંચા કે હલકા સ્વભાવને બદલવામાં ઘણી મુસીબતો નડે છે. બન્ને સ્ત્રી પુરૂષના સ્વભાવો તથા સંસ્કારો જુદા હોવાથી વ્યવહાર માર્ગ મુસ્કેલીવાળો થઇ પડે છે. આચાર પણ જુદા જુદા હોવાથી ભિન્ન ભિન્ન રૂચીને લઇ ક્લેશને પ્રવેશ થવાનો ઘણો સંભવ છે. એક પક્ષ માંસ, મદિરા-કંદાદિ ભક્ષણ કરવાની રૂચિ-કે ટેવવાળો હોય છે, ત્યારે બીજો પક્ષ તેથી વિરૂદ્ધ ભોજનવાળો એટલે વનસ્પતિ ખોરાકાદિ સાત્વિક વૃત્તિના ખોરાક પર જીવન ગુજારનારો હોય છે તે કારણે સહજમાં વિરૂદ્ધતા ઉત્પન્ન થતાં ગૃહવ્યવહાર મુસ્કેલીવાળો થઇ પડે છે.

તેમજ દરેકના ભિન્ન ભિન્ન દેવ, ગુરૂ અને ધર્મ ક્રિયા હોવાથી મતભેદ સહજવારમાં પ્રગટ થતાં ગૃહવ્યવહાર ક્લેશમય નિવડે છે. અન્ય

દેશોની માફક ધર્મની બાબતમાં આ દેશ તેટલો સહનશીલતાવાળો નથી કે, સ્ત્રી જુદો ધર્મ પાળતી હોય, અને પુરૂષ પણ પોતાની ઇચ્છાનુસાર જુદો ધર્મ પાળતો હોય; છતાં ગૃહવ્યવહાર સંપથી જોડાયેલો બન્યો રહે. આ દેશમાં તો પુરૂષ જે ધર્મ પાળતો હોય તેથી વિરૂદ્ધ ધર્મ સ્ત્રીઓથી નજ પાળી શકાય એવો ઘણે ભાગે રીવાજ છે, અને તેમ ન કરવામાં આવે તો તરતજ વિરોધ ઉભો થાય છે અને બળાત્કારે પણ પતિનો ધર્મ પાળવાની ફરજ પાડવામાં આવે છે. આવી સ્થિતિમાં પરસ્પર વિરૂદ્ધ ધર્મ, દેવ, કે ગુરૂને માનનારાં સ્ત્રી પુરૂષોનો વિવાહ કરવો તે અત્યારના અર્ધ જાગૃતિવાળા વખતને લઇ આ દેશ માટે કોઇ પણ રીતે ગૃહવ્યવહારની શાંતિ માટે નથી. છતાં જો તેટલે દરજ્જે ધર્મની બાબતમાં આ દેશના લોકો સહનશીલતા ધારણ કરે, તો પછી તે પ્રતિબંધની જરૂર રહેતી નથી. કુળ તથા ધર્મની બાબત સાથે ગરીબ અને ધનાઢ્યતા સંબંધી પણ વિચાર કરવાની જરૂર રહે છે. ગરીબના ઘરની કન્યા જો ધનાઢ્યના ઘરમાં આવે તો પૈસાના મદથી અને ગરીબ ઘરની કન્યા હોવાથી પતિ તેનું અપમાન કરવા ચુકતો નથી. છતાં પુરૂષ ઉંચા વિચારોવાળો કે સ્નેહની લાગણીવાળો હોય તો તેમાં ઓછો વાંધો આવે છે છતાં પતિના મા બાપો તરફથી કે બ્હેનો આદિ તરફથી તે સ્ત્રીનું જોઇએ તેવું માન સાચવવું મુસ્કેલીવાળું થઇ પડે છે. અજ્ઞાનતાને લઇ કોઇ પ્રસંગે મેણાં ટોણાં માર્યા સિવાય તેવાં અજ્ઞાની મનુષ્યો રહેતાં નથી. તેમજ સ્ત્રી જો ધનાઢ્યના ઘરની હોય અને પતિ ગરીબ સ્થિતિનો હોય તો સ્ત્રી, પતિને કોઇપણ રીતે ગાંઠતી નથી. પિતાના ઘરના ધનના મદથી પતિનું અપમાન કરે છે યાતો પોતાની મરજી પ્રમાણે ચાલવાની ફરજ પાડે છે. તેમજ સ્ત્રીના

પિતાદિ તરફથી પતિના કુટુંબવાળાને પણ દબાતા રહેવાદિ સહન કરવું પડે છે. માટેજ ધનાઢયે ધનાઢય સાથે, અને ગરીબોએ ગરીબ સાથે વિવાહ કરવાની જરૂર છે.

વિવાહ જોડવા પહેલાં વર, કન્યાના કુળ વંશાદિની વિશુદ્ધતા કે ગુણાદિની પરિક્ષા સંબંધી તપાસ કરવાની જરૂરીયાત પણ રહે છે. નહિંતર વિરોધી ગુણવાળા પતિ–પત્નિનો સંસારવ્યવહાર દુઃખમય થઇ પડે છે.

પતિ સનાથ છે કે નિરાધાર છે. તે તપાસ કરવાની પણ જરૂર રહે છે. આગળ પાછળ કોઇપણ કુટુંબી વર્ગ ન હોય તો કોઇ તેવા વિષમ પ્રસંગે કે પતિવિયોગના પ્રસંગે સ્ત્રીને નિરાધાર સ્થિતિમાં ઘણું સહેવું પડે છે.

વળી પતિ કે સ્ત્રી વિદ્યાવાન્ છે કે મૂર્ખ છે તે સંબંધી પણ તપાસ કરવાની છે. પતિ વિદ્યાવાન્ હોય અને સ્ત્રી મૂર્ખ હોય, અથવા સ્ત્રી વિદ્યાવાન–બુદ્ધિમાન્ હોય અને પતિ મૂર્ખ હોય, તો આ કજોડાંઓ આપસમાં દુઃખી જીંદગી ગુજારે છે. પુરૂષ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરે છે અને સ્ત્રી રખડી પડે છે. ચાલુ નાતના પ્રતિબંધોને લઇ સ્ત્રીને ફરી લગ્ન થતું નથી એટલે સ્ત્રીને દિવસો દુઃખમાં ગુજારવા પડે છે. અથવા પતિ મૂર્ખ હોય તો સ્ત્રી તેને ગાંઠતી નથી પણ સ્વચ્છંદી થઇ યથેચ્છપણે વર્ત્તન કરે છે. એટલે પતિએ દુઃખી હૃદયે જીંદગી ગુજારવી પડે છે. આવાં કજોડાંઓ ઘણા મોટા ઘરમાં હાલ દુઃખી જીંદગી ગુજારતાં નજરે પડે છે. આ કરતાં કાંતો બન્ને વિદ્વાન્ હોય અને કાંતો બન્ને મૂર્ખ હોય તો એ જોડું વ્યવહારમાં સુખી જીંદગી ભોગવી શકે છે.

તે સાથે શરીર અને વય–ઉમરની પણ તપાસ કરવાની છે. શરીર

બન્નેનાં નિરોગી હોવાં જોઇએ. નહિંતર પ્રજા–સંતતિ રોગવાળી ઉત્પન્ન થાય છે અને વારસામાં તેવા રોગો ઉતરે છે. સ્ત્રી રોગી હોય તો પતિ બીજી પત્નિ કરે છે અને સ્ત્રીની જીંદગી દુઃખમય થઇ પડે છે.

ઉમરમાં પણ પુરૂષ વૃદ્ધ હોય અને સ્ત્રી યુવાન હોય તો સ્ત્રી નિરંકુશ થઇ સ્વચ્છંદી બને છે. અથવા ટુંક મુદતમાં વિધવા બને છે, અને પછી પણ સ્વતંત્રજ થાય છે. વૃદ્ધ પતિની હયાતિમાં ઇચ્છાઓની અપૂર્ણતાને લઈ ક્લેશ વૃદ્ધિ પામે છે, અથવા આબરૂના કાંકરા થાય છે. સ્ત્રી નાની હોય છે તો તેના શરીરની ખુવારી મળે છે, શરીરનું બંધન નબળું પડે છે અને રોગનો ભોગ થઇ પડે છે. પુરૂષ નાનો હોય તો નાનપણથીજ વીર્યનો નાશ થાય છે. નિર્બળ પ્રજા થાય છે, રોગોમાં સપડાઇ ટુંક મુદતમાં મરણને શરણ થાય છે. અથવા આબરૂના કાંકરા થાય તેવા ફજેતાઓ થાય છે. આ માટે ખાસ કન્યા કે વરના વાલીઓએ સંભાળ રાખવી વર કન્યાના કુલ, શીળ, સનાથતા, વિદ્યા, ધન, શરીર અને વયની સમાનતા, લાયકતા તપાસી પછી લગ્ન કરવાં, કે જેથી તેમનો વ્યવહાર સુખમય થવા સાથે તેઓ ધર્મકાર્યમાં ઉપયોગી જીંદગી ગુજારી શકે.

મૂર્ખ, નિર્ધન, દૂર દેશાવર રહેનારો, જુદી ભાષા બોલનારો, અનેક સાથે વેર વિરોધ રાખનાર, મોક્ષનો અભિલાષી, શૂરવીર (હાલતાં ઉઠીની લડાઇ વહોરનાર) અને કન્યા કરતાં ત્રણગણીથી અધિક ઉમરવાળાને કન્યા આપવી નહિં. આમ શાસ્ત્રની આજ્ઞા છે. બાર વર્ષ સુધી કુમારી કન્યાનો કાળ છે. ત્યાર પછી તેનો વિવાહ કરવો તે કન્યા યોગ્ય કાળ કહ્યો છે.

બાર વર્ષની કન્યા અને સોળ વર્ષની ઉમરનો પુરૂષ વિવાહ યોગ્ય છે. તેથી નાની વરકન્યાનો વિવાહ અયોગ્ય ગણાય છે.

જ્ઞાતિમાં કે ધર્મ પંથમાં વિવાહનો જે વિધિ બતાવ્યો હોય તે વિધિ પૂર્વક લગ્ન કરવું જોઇએ. શુદ્ધ સ્ત્રીનો લાભ થવો તે વિવાહનું ફળ છે. તેથી પુત્રાદિ સંતતિ સારી થાય છે. કુળવાન સ્ત્રી મળવાથી ઘરની ચિંતા ઓછી થાય છે. જાતિવાન સ્ત્રી દુઃખ કે સંકટના પ્રસંગે મદદગાર થાય છે. ઘર સંબંધી કામકાજ તથા ઉચિત વ્યવહારનો બધો આધાર ઉત્તમ સ્ત્રી ઉપર હોય છે. અતિથિ, સગાં સંબંધી વિગેરેનો યોગ્ય સત્કાર. પણ સ્ત્રી તરફથીજ થઇ શકવા યોગ્ય છે.

ઘરનાં કામકાજનો બોજો સ્ત્રીને માથેજ રાખવો જોઇએ. તેથી તેનું મન ઘરનાં કામકાજમાં ગુંથાયેલું રહે છે. વળી તે મારૂં પોતાનું આ સર્વ છે એમ માની મન દઇને કામ કરે છે. ઘર વ્યવહારના જરૂરી કામમાં ઉપયોગી થાય તેટલા થોડા પૈસા પણ તેને સોંપવા જોઇએ. બાકીની જરૂરીયાતી ચીજો તો પુરૂષોએ લાવી આપવી, પણ પુરૂષની ગેરહાજરીમાં ઘેર આવેલા પરોણા અતિથી આદિનો સત્કાર તે પૈસાથી સ્ત્રીઓ છુટથી કરી શકે છે તેમ કરતાં ઘરની લાજ આબરૂમાં તે સારો વધારો કરે છે. સ્ત્રીને કોઈ વિદ્વાન્ વૃદ્ધ સ્ત્રી આદિની સોબત પણ મેળવી આપવી જોઇએ. તેના તરફથી ઉત્તમ અને હિતકારી શિખામણો મળતી રહેવાથી તેનું જીવન ઉત્તમ બને છે.

આ પ્રમાણે ઘરનાં કામકાજનો બોજો સ્ત્રીને માથેજ હોવાથી તે બીજી સ્ત્રીઓની સાથે બેસી કુથળી કરી શકતી નથી. કદાચ પોતે દુઃખી છે તેમ માનતી હોય તો તે દુઃખ બીજા પાસે રડી ઘરની આબરૂ ગુમાવી શકતી નથી. અને તે દુઃખનું હરવખત મનન કરી પોતાના શરીરને કૃશ તથા રોગી બનાવવાને બદલે પોતાના કામકાજમાં ચિત્ત પરોવાયેલું હોવાથી આળસુ થતી નથી.

સમાન કુળ, જાતિ, વય, શરીર, બુદ્ધિ વિગેરે વાળાં દંપતીનો વ્યવહાર સુખમય થાય છે. પ્રજા નિરોગી, બળવાન્ અને બુદ્ધિમાન થાય છે. ધર્મ વ્યવહારને લાયક પણ તેઓના વિચારો બન્યા રહે છે. વ્યવહારમાં શાંતિ નહિ અનુભવનારાં સ્ત્રી પુરૂષો સંસારની દુઃખરૂપી જાળમાંથી છુટવા સમર્થ નહિં હોવાથી, તે દુઃખનો વિચાર–મનન અહર્નિશ કરતાં હોવાથી બહુજ થોડો વખત ધર્મને માટે ગાળી શકે છે. અરે! કોઈ કોઇ વખત તો એટલા બધાં દુઃખી થઇ ગયાં હોય છે કે ધર્મને બીલકુલ સ્થાન આપી શકતાં નથી, માટે વ્યવાહાર શાંતિ પ્રાપ્ત કરવા સારૂ ઉપર જણાવેલ વૈવાહિક સંબંધ જાળવવાની ખાસ જરૂર છે. વ્યવહારમાં શાંતિવાળી જીંદગી ગુજારનારાઓ ધર્મને લાયક હોય છે.

પાપ ભીરૂ.

પાપથી ભય રાખવો. ચોરી કરવી, પરસ્ત્રી ગમન કરવું, જુગાર રમવો, ઈત્યાદિ પાપો તત્કાળ આ ભવમાંજ ફળ આપનારાં છે. અને દારૂ પીવો, માંસ ખાવું, જીવહિંસા કરવી, ઇત્યાદિ પાપ, પરભવમાં ફળ આપનારાં છે અને આ ભવમાં પણ થોડો ઘણો અનુભવ આપનારાં છે. વ્યવહારના એવા ઘણા પ્રસંગો છે કે જેમાં જાણતાં કે અજાણતાં મનુષ્યોથી પાપ કરાઈ જાય છે. તમારી વર્ત્તણુક પાપમય ન થાય તે માટે સાવચેતી રાખો. આત્મ જાગૃતિવાળો મનુષ્ય વિશેષ પાપ કરતો નથી. તે જાણે છે કે ગમે તે કાર્યનો બદલો મળ્યા સિવાય રહેતો નથી. પાપનાં ફળો અવસ્ય ભોગવવાંજ પડશે. જેવું વાવશો તેવું લણશો. ગાળ

દેશો તો સામેથી પણ ગાળ આવશે. નમસ્કાર કરશો તો સામેથી નમસ્કાર મળશે.

સુખી થવાની ઇચ્છા હોય તો બીજાને સુખી કરો. પાપનો ભય રાખવાથી સુખી થવાની તમારી ઇચ્છા પાર પડશે. વ્યવહારના વિલક્ષણ પ્રસંગને લઇ તમે સર્વ પ્રકારે બચી ન શકો તો પણ જે પાપનાં ભાવી પરિણામો ભયંકર નરકના દ્વાર તુલ્ય છે તેવાં સાત વ્યસનોનો તો અવશ્ય ત્યાગ કરો.

જુગાર રમવો ૧, માંસ ભક્ષણ કરવું. ૨ દારૂ પીવો ૩ વેસ્યાગમન કરવું ૪ શિકાર કરવો. ૫ ચોરી કરવી. ૬ પરસ્ત્રી ગમન કરવું ૭ આ સાત મોટાં પાપો છે તેનો તો અત્યારેજ ત્યાગ કરી દ્યો.

જુગારી માણસમાં અનેક દુર્ગુણો ધીમે ધીમે પ્રવેશ કરે છે. જુગારી જુઠું બોલતાં શીખે છે. પૈસાની જરૂરીયાત માટે ચોરી કરતાં શીખે છે. હલકા—નીચ સ્વભાવના મનુષ્યોની સોબતથી પરસ્ત્રી, વેસ્યા ગમન કરતાં શીખે છે. દારૂનું પાન કરવાનું પણ તેવી સોબતને અંગે વ્યસન લાગુ પડે છે. જુગારથી પાંડવો રાજ્યથી ભ્રષ્ટ થયા. રાણી દ્રૌપદિને હારી ગયા અનેક વર્ષ પર્યંત દેશપાર—દેશવટો ભોગવવો પડયો. જેના પ્રતાપે અનેક સંકટોની જાળમાં તેઓ સપડાયા. ભાઇઓ સાથે વેરવિરોધ વધ્યો અને છેવટે મોટી લડાઇમાં ઉતરવું પડયું. કુટુંબનો સંહાર થયો. આ સર્વમાં જુગાર એ નિમિત કારણ થયેલ છે.

નળરાજા પોતાના નાનાભાઇ કુબેરની સાથે જુગાર રમતાં રાજ્ય હારી ગયો. જુગારમાં રાણી દમયંતિને પણ હારી ગયા અને છેવટે કેટલાંક વર્ષ પર રાજ્યમાં નોકર—રસોયા—તરીકે જીંદગી ગુજારવી પડી.

આ જુગારથી અત્યારે પણ અનેક શ્રીમંત કુટુંબો પાયમાલ થઇ

ગયેલાં નજરે પડે છે.

માંસ ભક્ષણ એ પશુ આદિનો વધ કર્યા સિવાય ઉત્પન્ન થતું નથી. પશુઓમાં પણ મનુષ્યોના જેવુંજ જીવન છે. તેને પોતાના પેટ ભરવા માટે જેટલો ત્રાશ આપવામાં આવે છે તેથી વિશેષ ત્રાસ–દુઃખ તેના બદલામાં ભોગવવું પડે છે. ઘાત પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે જેવું કરીએ–જેવા પરિણામે કરીએ તેવું, તેવા રૂપે પાછું આપણા તરફજ તે પાછું ફર્યા સિવાય રહેતું નથી. જાનવરો આપણને દુધમાં, ખેતિમાં, ગરમ કાપડ આપવામાં, પગમાં પહેરવાના જોડા આપવામાં, ટાઢ તાપથી બચાવનાર ચામડું આપવામાં, ખાતર માટે ઉપયોગી સાધન પુરૂં પાડવામાં એમ અનેક રીતે ઉપયોગી છે તેનો નાશ કરવાથી આપણા ખેતીવાડી વડે ફલરૂપ દેશને મોટી હાની પહોંચવા સંભવ છે. ધર્મશાસ્ત્ર તરફ નાફરમાની થવાનો સવાલ તો તેનાથી અલગ છે માટે માંસ ભક્ષણ કરવાનું બંધ કરવું જોઇએ.

દારૂ પીવાનો ત્યાગ કરવો. કેફ–નિશામાં મોટો અવગુણ તો એ છે કે તે પીવાવાળાની શારીરિક શક્તિને મોટો ધક્કો પહોંચાડે છે. માનસીક શક્તિની ઉપર પણ તે મોટી અસર કરે છે. તેનો ચાલુ વ્યવહાર અવ્યવસ્થિત થઇ જાય છે. દારૂના નિશામાં કેટલાકનાં મરણ નીપજે છે, અને પોતે પણ કેટલાકનાં ખુન કરે છે. ગુપ્ત વાતો ખુલ્લી કરી દે છે. પરાધીન સ્થીતિમાં પણ કેટલીક વખત પોતાને તે મોટું નુકશાન કરે છે. વળી તેવા વિના પ્રયોજનના વ્યસનથી પૈસાનું પાણી થાય છે. દેશ નિર્ધન બને છે. અને પરિણામ અંતે મોતના રૂપમાંજ આવે છે. માટે દારૂનો ત્યાગ કરવો.

વેશ્યા ગમન ન કરવું. ગૃહસ્થોએ પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો. વેશ્યાને ગમે તેટલું ધન આપો, પણ તે તૃપ્ત થવાનીજ નહિં. તેની દૃષ્ટિ નિરંતર પૈસા સામીજ હોય છે. પૈસા વધારે આપનાર કોઇ મળશે એટલે થોડા પૈસા આપનારનો તે ત્યાગ કરવાનીજ. કેમકે તેને અંતરંગ પ્રેમ હોતો નથી. ઘરની સ્ત્રી કરતાં તેનામાં હાવ-ભાવ-આડંબર વધારે હશે પણ જે ઘરની સ્ત્રીમાં પ્રેમ-લાગણી, આંતરૂ પ્રીતિ હોય છે. દુઃખી સ્થીતિમાં મદદ કરવાની, સંકટમાં સહાય કરવાની, પૈસાનો નાશ થતાં સંતોષી જીવન ગુજારવાની અને દરેક પ્રસંગે હૃદયથી ઇચ્છાને આધિન થવાનો ગુણ હોય છે તે વેશ્યામાં હોતો નથી. વળી તે અનેક પુરૂષોના સહવાસમાં આવતી હોવાથી, તેના પ્રસંગથી વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન થવાનો પણ ભય છે. તે સાથે અનેક દુર્ગુણો પોતામાં આવવાનો પણ સંભવ છે. માટે પોતાનું હિત ચિંતવનારા જીવોએ વેશ્યાગમન ન કરવું.

શિકાર ન કરવો. નિર્દોષ પ્રાણિઓ-અવાચક પશુઓનો જાન લેવો, અને તે પણ પોતાના મોજશોખને માટેજ, તે કાર્ય મહાન્ અયોગ્ય છે. તમને તમારો પોતાનો જાન વહાલો છે તો તે પ્રાણિઓને તેનો પ્રાણ કેમ વાહાલો નહિં હોય? " બીજાને તે પ્રાણિઓ નુકશાન કરે છે તેનો અમે નાશ કરીએ છીએ " આ દલીલ ટકી શકે તેવી નથી, કારણકે તમે પોતે પણ બીજાને નુકશાન પહોંચાડયા વિના જીવન ગુજારો છો, તેની શું ખાત્રી છે? અપરાધીને બદલો આપો ત્યાં સુધી તમારૂં વર્ત્તન વ્યવહારમાં ચલાવી શકાય તેવું છે પણ જેણે તમારો કાંઇ પણ અપરાધ નથી કર્યો તેવાઓને મારવામાં કે હેરાન કરવામાં તો ખરેખર તમે કુદરતના ગુન્હેગાર છો અને તેને લઇ જેમ તમે જબરા થઇ નથ-

ઓનો નાશ કરો છો તેમ તમારા ઉપર પણ કોઇ જબરો થઇ તમારા નબળાનો નાશ કરશેજ. કારણ દરેક ક્રિયા ફળવાળી છે. જે કાંઇ કરશો તેનો બદલો-ફળ તો અવશ્ય મળશેજ.

ચોરી ન કરવી—જ્યાં પોતાપણાની માન્યતા છે. જ્યાં જ્યાં મમત્વ-મારાપણાનો નિશ્ચય થયેલ છે ત્યાં ત્યાં તે તે વસ્તુનો નાશ થવાથી કે કોઇ લઇ જવાથી તે તરફથી આઘાત થયા સિવાય રહેતો નથી. તમે તમારી પોતાની વસ્તુનું રક્ષણ કરો છો, કોઇ લઇ ન જાય તે માટે પ્રયત્ન કરો છો તો પછી અન્યની વસ્તુ—માલીકીવાળી વસ્તુ-લેવાનો તમને શું અધિકાર છે? કેમકે તે પણ તમારી માફક તે વસ્તુનું રક્ષણ કરવા ઇચ્છે છે. તમારી વસ્તુ કોઇ લઈ જવાથી તમને જેમ દુઃખ થાય છે તેમ સામા મનુષ્યની વસ્તુ તમે લઇ લેવાથી તેને પણ દુઃખ થતું હશે, આ વિચાર તમને કેમ નથી આવતો? ચોરી કરવાથી વ્યવહારમાં આબરૂ જાય છે, કોઇ વિશ્વાસ કરતું નથી. ચોરી કરતાં પકડાય તો અધિકારી તરફથી તે દંડાય છે. કેદ પ્રમુખની સજા ભોગવે છે અને પરિણામે દુઃખી થાય છે. માટે ચોરીનો ત્યાગ કરવો.

પરસ્ત્રી ગમન ન કરવું—પરસ્ત્રી ગમન કરનારાઓ પોતાના પ્રાણ તથા આબરૂને જોખમમાં નાખે છે. પરસ્ત્રી ગમનની ઇચ્છા કરનારાઓ રાવણ આદિ રાજાઓ રાજ્યાદિથી સદાને માટે ભ્રષ્ટ થયા છે, એટલુંજ નહિં પણ તેમની અપકીર્ત્તિ સદાને માટે આ દુનિયા ઉપર ચાલુ ગવાતી રહે છે. અરે! પોતાની સ્ત્રીનું અન્ય તરફથી રક્ષણ કરનારાઓને અન્યની સ્ત્રી તરફ ખરાબ દૃષ્ટિ કરવાનો શો અધિકાર છે? પરસ્ત્રી લંપટની આબરૂ કાંઇ હોતી નથી. ઘરમાં આવતાં પણ લોકો તેના તરફ અવિશ્વાશની દૃષ્ટિથી જોવે છે. તેનું જીવન પણ નિરંતર જોખમમાંજ

રહે છે. બધી ઇર્ષાઓ કરતાં પોતાની સ્ત્રી તરફ કોઇ ખરાબ દૃષ્ટિ કરે તે ઇર્ષા મનુષ્યોને માટે તો શું ! પણ પશુઓને માટે પણ અસહ્ય છે; અને તેને લઇ અનેક મનુષ્યોનાં ખુન થએલાં અને મોટી મોટી લડાઇઓ થયેલી આપણે સાંભળીએ છીએ. માટે પરસ્ત્રીનો ત્યાગ કરવો અને શાંતિવાળું જીવન ગુજારવું.

આ સિવાય અઢાર પાપ સ્થાનકો—હિંસા, અસત્ય, ચોરી, વિષયનો ઉપભોગ, મમત્વ, ક્રોધ, માન, માયા, કપટ, લોભ, રાગ, દ્વેષ, કલેશ, જુઠું આળ, ચાડી, હર્ષ—શોક, નિંદા, કપટ સાથે જુઠાઇનું મિશ્રણ, અને વિપરીત જ્ઞાન—મિથ્યાત્વ—જેમાં ઉપર બતાવેલ કેટલાક પાપોનો સમાવેશ થાય છે તે સર્વેનો ત્યાગ કરવો. આ પાપોનો ભય રાખવો. કારણકે જો તીવ્ર લાગણીથી આ પાપો સેવવામાં આવે છે તો આ લોક અને પર લોકમાં આ જીવને ઘણાં દુઃખો અનુભવવાં પડે છે પોતાનો બચાવ કરવા માટે, પોતાને સુખી થવા માટે આ પાપોનો ત્યાગ કરવો તે ઘણુંજ ઉત્તમ કામ છે.

જે મનુષ્ય પાપ ન બાંધવા માટે દરેક ક્ષણે સાવચેતી રાખે છે તે મનુષ્ય ગમે તેવો પાપી હોય તો પણ તેમાંથી મુક્ત થઇ શકે છે. કોઇ એવું પાપ નથી કે તેને દુર કરવાનું બળ આ જીવમાં ન હોય. જેના પરિણામો ઘણાજ કોમળ હોય છે તે ગમે તેવાં કરેલાં પાપોથી પણ મુક્ત થઇ શકે છે, અને જેનાં પરિણામ ઘણાંજ ક્લિષ્ટ હોય છે, તે રૌદ્ર પરિણામે ઘોર નિવડ પાપ બંધ કરે છે. પાપથી ભય રાખનાર મનુષ્ય ધર્મવીર પુરૂષોના માર્ગમાં ચાલવાનો અધિકારી બને છે.

પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે ચાલવું. ૫.

રૂઢી પ્રમાણે ચાલ્યા આવ્યા હોય તથાપિ ઉત્તમ પુરૂષોએ જેને સંમત્તિ આપી હોય તેવા ભોજન, વસ્ત્ર, ગૃહકાર્ય, અને દેશમાં ચાલતા વ્યવહારીક રીવાજોને માન આપીને ચાલવું તે પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે ચાલવાનું કહેવાય છે.

લોકોના સહવાસમાં રહીને ગૃહસ્થો વ્યવહારનું પાલન અને ધર્માચરણ કરે છે, માટે લોકવિરૂદ્ધ કે ધર્મવિરૂદ્ધ કાર્યનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. અનિચ્છાએ પણ લોકાચાર પ્રમાણે વર્ત્તન કરવાથી પ્રાયે પોતાના યશ અને શોભામાં વધારો થાય છે. લોકો અનુકુળ હોવાથી, અથવા પોતે લોકોને અનુકુળ રહેવાથી નિર્ણય કરેલાં ધર્મ કાર્યો ઘણી સહેલાઇથી સિદ્ધ થાય છે.

જેમ અકબર બાદશાહ સર્વે ધર્મના લોકાચારને માન આપતો હતો તેથી હીંદુસ્થાનની શહેનશાહી ઘણી સારી રીતે મેળવી અને ટકાવી શક્યો હતો. શ્રીમાન્ હીરવિજયસૂરિ તથા વિજયસેનસૂરિ પણ અકબર બાદશાહને તથા તેમના કેટલાક લોકાચારને સમ્મત રહેવાથી અનેક તીર્થના રક્ષણો માટેની સનંદો મેળવી શક્યા હતા, તથા નિયમિત અમારી પડહ વિગેરે દયાનાં ઉત્તમ કાર્યો કરી શકયા હતા. આવીજ રીતે ઉત્તમ શ્રાવક વસ્તુપાળ અને તેજપાળ તેઓ પણ લોકોને સમ્મત રહી, લોક વ્યવહારને અનુકુળ લોકોપયોગી અનેક કાર્યો કરી, પોતાના ધર્મનાં અનેક ઉત્તમ કાર્યો કરવાને વિજયી નિવડયા હતા.

દેશાચારને સમ્મત રહેવાથી–દેશાચારાનુસાર વર્ત્તન કરવાથી–લોક લાગણી પોના તરફ ખેંચી શકાય છે. લોકોની દીલસોજીને લઇ મનુષ્યોનો

વ્યવહાર સુખરૂપ નિવડે છે. તે સાથે તેના હાથે અનેક ઉત્તમ ધાર્મિક કાર્યો પણ થઇ શકે છે. આગલા વખતમાં ઇંદ્રમહોત્સવાદિ લોકાચાર-કે દેશાચારના મહોત્સવોમાં જૈનાચાર્યો પણ ભાગ લઇ લોકોને અનુકુળ રહેતા હતા, અને તેને લઇ લોકો તેમને મદદ કરવાને અવસરે અચકાતા પણ ન હતા. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય જેવા પ્રભાવિક આચાર્યો પણ રાજસભામાં-કે રાજ્યપ્રકરણીય કામોમાં ભાગ લેતા હતા અને તેને લઇ કુમારપાળ જેવા રાજાને પરમાર્હત જેવી ઉત્તમ પંક્તિએ પહોંચાડવા સાથે ધર્મનો ઓહોળો ફેલાવો કરી શક્યા હતા. દેશાચારને માન નહિં આપનાર ગમે તેવો મનુષ્ય હોય કે ધર્મ હોય તેનો નાશ થતાં વાર લાગતી નથી. કોઇ વખતે નાશ ન થાય તો તેમાં સુધારો વધારો તો થતો અટકી પડે છેજ. લોકાચારમાં ભાગ ન લેવાથી લોકોથી જુદા પડી જવાય છે, અને લોકાચારનું ઉલ્લંઘન કરવાથી તો તે દેશવાસી લોકો સાથે વિરોધ થવાનો પણ સંભવ રહે છે. અનેક નુકશાનો વેઠવાં પડે છે. શાંતિના અભાવે ધર્મપ્રાપ્તિ થવી પણ મુસ્કેલ-કે દુર્લભ થઇ પડે છે. હાલના વખતમાં પણ દેશાચાર કે લોકાચાર પ્રમાણે ઉપકાર માનવાના વફાદારી બતાવવાના વિગેરે અનેક રીવાજો કરવા પડે છે. માટે શિષ્ટ સમ્મત યથાયોગ્ય દેશાચારનું પાલન કરવું જોઇએ અને તેથીજ ગૃહસ્થાશ્રમમાં રહેલા તથા તે સિવાયના ત્યાગ માર્ગવાળાઓ પણ યથાયોગ્ય પોતાનું કાર્ય સિદ્ધ કરી શકે છે.

કોઇના અવર્ણવાદ ન બોલવા. ૬

કોઇના પણ અપવાદ ન બોલવા—નિંદા ન કરવી. પરના અવર્ણવાદ બોલવાનું કે નિંદા કરવાનું ત્યારેજ બને છે કે જ્યારે પોતામાં ગુણ જોવાનું અને અન્યમાં દોષ જોવાનું લક્ષ્ય રાખવામાં આવે છે. જ્ઞાની પુરૂષો આપણને તેથી જુદી રીતે પ્રવૃત્તિ કરવાની ભલામણ કરે છે. તેઓ કહે છે કે તમારે દોષ જોવા હોય તો તમારાજ જોવા કે જેથી તેને દૂર કરવાની તમને તક મળી આવે, અને ગુણ જોવા હોય તો અન્યમાં જોવા કે જેથી તેને મેળવવાનું તમારાથી બની શકે. તમે જેવી લાગણીઓને ખીલવશો તેવી લાગણીઓ તમારામાં વિકાસ પામશે. ગુણને ઇચ્છશો તો ગુણી બનશો, દોષો શોધશો તો દોષો તમારામાં દાખલ થશે. કારણકે તમે જેને યાદ કરો છો તેજ વખતે તેને નિમંત્રણ આપો છો; એટલે તેઓજ તમારા આમંત્રણને માન આપી તમારી પાસે હાજર રહે છે.

કોઇના અપવાદ ન બોલો. કારણકે તમે તેથી તમારા અપવાદ બોલાવવાનું દ્વાર ખુલ્લું કરો છો. પોતાનો ઉત્કર્ષ વધારવાથી એટલે અભિમાન વૃત્તિને વધારવાથી અને અન્યનો પરાભવ કરવાથી નીચ ગોત્ર કર્મ બંધાય છે તેથી નીચા કુળમાં ઉત્પન્ન થવું પડે છે અને તે તે જાતની ઉત્તમ જાતિ—કુળાદિકની પ્રાપ્તિ થતી અટકે છે અથવા હલકી સ્થિતિ મળે છે.

પોતાની પ્રશંસા કરવાથી, પરની નિંદા કરવાથી, મહાન્ પુરૂષોના ગુણો ઉપર ઇર્ષા કરવાથી અને સંબંધ વિના પ્રલાપ કરવાથી મનુષ્ય પોતેજ પોતાને હાથે નીચો પડે છે. છતા કે અછતા પરના દોષો બોલ-

વાથી કે, સાંભળવાથી આપણને કાંઇ ફાયદો થતો નથી, પણ ઉલટું તેની સાથે વિરોધમાં વધારો થાય છે અને સાંભળવાવાળાને દુર્બુદ્ધિ ઉત્પન્ન કરે છે. સામાન્ય મનુષ્યના પણ અપવાદ બોલવા તે યોગ્ય નથી, તો પછી અનેક જન સમ્મત માનનીય, રાજા, પ્રધાન, ગુરૂ, સંઘ અને દેવાદિના અવર્ણવાદ બોલવા તેતો ક્યાંથીજ યોગ્ય ગણાય? રાજા પ્રમુખના અવર્ણવાદ બોલવાથી ધનનો તથા પ્રાણનો નાશ થાય છે. દેવ, ગુરૂ અને સંઘ (મહાન્ સમુદાય)ના અપવાદ બોલવાથી મહાન્ કર્મબંધ થવા સાથે નીચ ગોત્રમાં જન્મવું પડે છે. શાસ્ત્રકારો તો પરના છતા દોષો પણ બોલવાની મના કરે છે, તો પછી જેનામાં બીલકુલ દોષ ન હોય તેવા અન્યના અછતા દોષો બોલવાની તો વાતજ શી કરવી? પરના અવર્ણવાદ બોલનાર મનુષ્ય ધર્મને લાયક થયોજ નથી. કારણ કે હજી તેનું લક્ષ પોતાને સુધારવા તરફ વળ્યું નથી એમ ચોક્કસ સમજવું જોઇએ. કર્મની વિચીત્ર ગતિ છે, અને ઉદયને આધિન ગમે તે મનુષ્યને કે જીવને થવુંજ પડે છે. ઉદય આગળ તીર્થંકર જેવી સ્થિતિને લાયક થયેલા જીવોને પણ નમવું પડ્યું છે. આ વાતની તે નિંદા કરનાર જીવને ખબરજ નથી. નહિંતર તે પોતાનું મુખ કેમ સ્વાધિન ન રાખી શકે? એક તો અવર્ણવાદ બોલનાર જીવ લાયક નથી અને આવી રીતે પરના અપવાદ બોલવાથી તે લાયક થઇ શકતો નથી. અર્થાત્ પોતાની લાયકાત આડો તે મજબુત કિલ્લો ઉભો કરે છે. ધર્મના માર્ગમાં ચાલવાને લાયક થવા માટે પરનિંદાનો ત્યાગ અવશ્ય કરવોજ જોઇએ.

ગૃહસ્થોએ કેવે સ્થળે નિવાસ કરવો ? ૭.

ઘણા ખુલ્લા નહિં, ઘણા ગુપ્ત નહિં, નીકળવા જવાના અનેક દ્વાર વિનાના, સારા પાડોશીવાળા યોગ્ય સ્થળે બનાવેલા ઘરમાં ગૃહસ્થોએ નિવાસ કરવો. ઘણાં ખુલ્લા એટલે સરીયામ રસ્તા ઉપર, બજારમાં, મેદાનમાં કે આજુ બાજુ વસ્તીનો ભાગ ન હોય તેવા ઘરમાં ગૃહસ્થોએ રહેવું નહિં. આવા વધુન ખુલ્લા એટલે આડી વંડી, દીવાલ કે કોટ વિગેરેના પ્રતિબંધ વિનાના ઘરમાં રહેવાથી ચોરાદિથી પરાભવ થવાનો સંભવ રહે છે. અને રસ્તે જતા આવતા લોકોની દૃષ્ટિ ઘરની અંદર પડે છે. ઘરમાં રહેનારા સ્ત્રી, પુત્રી કે પુત્રવધુ ઇત્યાદિ ઉપર અન્યની દૃષ્ટિ પડે છે, અથવા આ સ્ત્રીવર્ગની દૃષ્ટિ બાહાર જતા આવતા લોકો તરફ ખેંચાય છે, અને પરિણામે તેમના ઉત્તમ જીવન ઉપર નઠારી છાપ પડે છે. વારંવાર બેસવા, ઉઠવા, હરવા, ફરવા, નાવા, ધોવા વિગેરે કારણોથી ધીમે ધીમે તેમની લજ્જામાં ઘટાડો થાય છે અને તેમના આચાર વિચારોમાં શિથીલતા ઉત્પન્ન થાય છે. આ નિવાસ સ્થળના નિર્ણય ઉપર સુધરેલા દેશના સ્વતંત્ર વિચારોવાળા ટીકા કરશે એ વાત ધ્યાન બહાર નથી, પણ જે વર્ગ નાનપણથીજ છુટથી પુરૂષો સાથે ભેળવાયેલો રહે છે, જેઓએ છુટથી દરેક જાતની કેળવણી લીધેલી હોય છે, દરેક ઠેકાણે હરવા ફરવાની જેને છુટ છે, જેઓ હથીયારોનો પ્રસંગ આવ્યે છુટથી ઉપયોગ કરી શકે છે, ગમે તે પુરૂષોની સાથે જેને હરવા ફરવાની સ્વતંત્રતા છે, અને જેના ઉપર નાત, જાત, કે ધર્મ તરફથી પવિત્ર શીયળ કે બ્રહ્મચર્યની સત્તાનો અમલ

કરવાનો નિયમ જોઇએ તેવો ઉપયોગી ગણવામાં આવ્યો નથી, તેઓ તદ્દન ખુલ્લાં મુકામો પસંદ કરે તો તેમને માટે કાંઇ પણ કહેવા જેવું રહેતું નથી.

અથવા તદ્દન શાંતિ કે સલામતિ જેવા વખતમાં પવિત્ર જીવન ગુજારનારાઓને આ નિયમ લાગુ પડતો નથી.

ઘણા ગુપ્ત ઘરમાં પણ ન રહેવું એટલે જેની ત્રણ કે ચારે બાજુ ઘરો આવી રહેલાં હોય તેવા ગુપ્ત સાંકડા માર્ગ કે ગલીમાં આવેલાં ઘરો સમજવાં. તેવાં ઘરોમાં કોઇ પ્રસંગે અગ્નિ (આગ) લાગ્યો હોય તો જાન માલનો બચાવ કરવો મુસ્કેલ થઇ પડે છે. વળી તે બંધવાળાં ઘરોમાં જોઇએ તેટલી હવા આવતી ન હોય, પ્રકાશ આવવાનો માર્ગ ન હોય તો તેથી શરીરની તંદુરસ્તી બગડવાનો ચોકસ સંભવ રહે છે. ઘણા અંધારાવાળા અને ખુલ્લી હવા વિનાના મુકામોમાં રહેનારા મનુષ્યો માંદા પડવાના કેટલાક દાખલાઓ હાલ તરત મળી શકે છે.

વળી ગૃહસ્થોએ લડાઇને લઇને ઉપદ્રવવાળું, દુકાળ, મરકી ઇત્યાદિથી ભયવાળું અને વિરોધી લોકોના સમુદાયવાળું સ્થાન ત્યજી દઇ અન્ય સ્થળે જઇ વસવું. તેવા સ્થળનો ત્યાગ કરવામાં નથી આવતો તો ધર્મ, અર્થ, કામની હાની થવા સાથે જીવનો નાશ થવાનો (મરણનો) પ્રસંગ પ્રાપ્ત થાય છે.

માટે તેવા ગુપ્ત ઘરોમાં ગૃહસ્થોએ નિવાસ ન કરવો. ઘરમાં જવા આવવાનાં અનેક દ્વારો હોવાં ન જોઇએ. ઘણાં બારણાં હોય તો ચોર જારાદિથી રક્ષણ કરવા માટે ખરચના બોજામાં ઉતરવું પડે છે. હવા આવવાની બારીઓ માટે આ વાત નથી. તેમજ લોઢાના સળીઆવાળી બારી બારણાં ઉપયોગી છે. આ વાત મોટાં બારણાં માટેની છે. તેવાં દ્વારો

બંધ રાખવાથી અંધારૂં પડે છે કે હવા આવતી અટકે છે. ખુલ્લાં હોય તો ઘરનાં માણુસો આઘાં પાછાં હોય ત્યારે તેને સાચવવાની ચિંતા રાખવી પડે છે. તેમાં કોઇ દ્વાર બંધ કરવું રહી જાય તો જોખમમાં ઉતરવું પડે છે. માટે જવા આવવાનાં વધારે બારણાં ઘરને રાખવાં નહિં.

વળી આવા ગુપ્ત ઘરની અંદર જ્યારે બીજા માણસોની મદદની જરૂર પડે છે ત્યારે ઘણી માગણી કર્યા છતાં, ઘણી મુસ્કેલી વેઠતાં પણ તેવી મદદ મળી શકતી નથી. આનું કારણ તે ઘરની ગુપ્ત સ્થીતિ છે તેજ છે.

ગૃહસ્થોએ ઘર યોગ્ય સ્થાનકે કરવું જોઇએ. ઘર બનાવતાં પહેલાં તે જમીન શુદ્ધ કરેલી હોય તો તે યોગ્ય સ્થાનકે કરેલું કહેવાય છે. ઘર બનાવતાં પહેલાં ભૂમિની અંદર રહેલ વાળ, ભસ્મ, હાડકાં પ્રમુખ સલ્ય કાઢી નાખવાં. આ ઠેકાણે જમીન ઉત્તમ, મધ્યમ, કે અધમ છે તેની પરિક્ષા કરી ઘર બનાવવું. તેની પરીક્ષા અનેક રીતે થઇ શકે છે. જેમકે, એક હાથ જમીન ખોદીને તેજ માટીથી પાછો ખાડો પુરી દેવો. જો તે ખાડો પુરાતાં માટી વધે તો જમીન ઉત્તમ છે. ઓછો રહે તો જમીન ખરાબ અધમ સમજવી. સરખો ભરાઇ રહે તો મધ્યમ સમજવી. અથવા તે માટીમાં જુવારા વાવ્યાથી જો ત્રણ, પાંચ કે સાત દિવસમાં ઉગી નીકળે તો અનુક્રમે તે જમીન ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ છે એમ સમજવું. અથવા તે જમીનના ગુણ દોષનો શુકન, ઉપશ્રુતિ આદિ નિમિત્ત બળથી નિર્ણય કરવો. તે ઘર બનાવવાના સ્થાનની નજીક મંદિર કે વૃક્ષ હોય તો તે મંદિરની ધ્વજાની છાયા કે વૃક્ષની છાયા બીજા કે ત્રીજા પોહોરની જો ઘર ઉપર પડતી હોય તો તે ઘર સદા દુઃખદાઇ છે એમ સમજવું. પહેલા કે ચોથા પોહોરની છાયા ઘર ઉપર આવતી

હોય તો હરકતકર્ત્તા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે, અરિહંતના મંદિરની પુંઠ વર્જવી. ચંડીકા અને સૂર્યના મંદિરની દ્રષ્ટિ વર્જવી. શ્રીકૃષ્ણના મંદિરનું ડાબું પડખું વર્જવું અને બ્રહ્માના મંદિરનું જમણું પડખું વર્જવું. આ પુંઠાદિ વર્જવાનું કારણ તેની ધ્વજાની છાયા બીજા કે ત્રીજા પહોરની ઘર ઉપર ન પડે તેટલા માટે સમજાય છે. જો તેમ ન હોય તો મદિરની પુંઠ અથવા ગામ તરફ આવે છે તેટલી તો વર્જી શકાય નહિં. તેમ કરવું અસંભવિત છે.

ગૃહસ્થોએ પોતાનું રહેવાનું ઘર સારા પાડોશીઓની પાસે કરવું કે રાખવું જોઇએ. ધર્મીષ્ટ પાડોશીઓની સોબતથી ધર્મ કર્મમાં જાગૃતિ આવે છે. શાલીભદ્રને પાછલા સંગમકના ભવમાં સુપાત્રદાનની બુદ્ધિ થઇ હતી તે સારા પાડોશના સહવાસનું ફળ છે. કુશીળાદિ આચરણ-વાળા પાડોશીના સહવાસથી તેમના આચારણ કે આલાપ સંલાપ દેખી સાંભળીને દુર્ગુણી થવાનો પ્રસંગ બને છે. ખરાબ આચરણ તરફ ઢળી પડવાનો આ જીવને ઘણા લાંબા વખતનો પરિચય હોવાથી તેવા પાડોશથી દૂર રહેવાની પૂર્ણ જરૂર છે. ' સોબત તેવી અસર ' ઘણા વખતના પરિચયથી પાડોશીના સારા નઠારા આચાર વિચારોની અસર થયા વિના રહેતી નથી. માટે ધન, જીવિત, ધર્મ અને સુખના અર્થી જીવોએ, મૂર્ખ, અધર્મી, ચોર, ક્રોધી, અભિમાની, ધૂર્ત્ત, પ્રધાન, અંત્યજ, મહા વેરવાળા, સ્વામીવંચક, લુબ્ધ, પરસ્ત્રી આશક્ત, વેશ્યા, બાળસ્ત્રી, ઋષી મુનિના ઘાત કરનાર એવા પાડોશીઓના સહવાસમાં ન રહેવું.

યોગ્ય સ્થળે ઘર હોય તેમાં રહેવાથી ધનનું રક્ષણ, જીવિતવ્યનું રક્ષણ, રોગથી બચાવ, મનની શાંત સ્થિતિ, ધર્મમાં પ્રવૃત્તિ અને અનાચારનો ત્યાગ, વિગેરે અનેક ફાયદાઓ થવાનો સંભવ છે. આ સર્વે ફાયદાઓ ધર્મપ્રાપ્તિની યોગ્તા મેળવી આપવામાં થોડે ઘણે અંશે મદદગાર થાય તેવા છે.

સદાચારીની સોબત. ૮

આ લોકમાં તેમજ પરલોકમાં હિત થાય–સુખી થવાય તેવી પ્રવૃત્તિવાળા જીવો સદાચારી કહેવાય છે. તેવા મનુષ્યોની સોબતથી તેમના સદાચરણો દેખીને આપણાં દુરાચરણો દૂર કરવાનું અને સદાચરણોનું અનુકરણ કરવાનું બની આવે છે. મનુષ્યોને સારૂં ગમે છે. આ સારૂં છે કે નઠારૂં છે તેનો નિર્ણય તેઓ પોતાના ઘણા લાંબા વખતના સંસ્કાર પ્રમાણે કરે છે. અથવા બાલપણથી જેનો વધારે પરિચય હોય તેના વિચાર કે આચરણ પ્રમાણે કરે છે. આ વાત મધ્યમ બુદ્ધિવાળા જીવો માટે છે.

જેમ જેમ સારા વિચારવાળા મનુષ્યોનો પરિચય થાય છે, જેમ જેમ ઉત્તમ આચરણ અને વિચારવાળા મનુષ્યોના વિચારથી લખાયેલ કે બોલાયેલ વિચારો વાંચવા કે સાંભળવામાં આવે છે, તેમ તેમ તેની માન્યતામાં મનાયેલું સારૂં કે નઠારૂં તેમાં પણ ફેરફાર કરાતો જાય છે. ઉત્તમ વિચારોની પ્રબળ અસરને લઇ પહેલાં જ્યાં થોડા સારાને વિશેષ સારૂં મનાયું હતું, ત્યાં પણ યોગ્ય ને યોગ્ય રીતે માનવાનું કારણ બને છે. તેમ થવાનું કારણ તેનાથી ઉત્તરોત્તર સારૂં અને પરિણામે સુખદાઇ જે સમજવામાં આવ્યું છે તે છે. શરૂઆતથી સારા કે નઠારાપણાની માન્યતામાં ઉત્તરોત્તર ફેરફાર થયા કરતાં છેવટે મનુષ્ય પૂર્ણ સત્ય અને શ્રેષ્ટતાને શોધી કાઢે છે, મેળવી શકે છે. આમ થવાનો મુખ્ય હેતુ સદાચારવાળા મનુષ્યની સોબત કરવી તેજ છે.

પ્રત્યક્ષ સમાગમદ્વારા અને પુસ્તકદ્વારા એમ બે પ્રકારે સદાચારીની સોબત બની શકે છે. છતાં આંહી પ્રત્યક્ષ સમાગમવાળી સોબતને

મુખ્ય ગણવામાં આવી છે અને તેનું કારણ સામાન્ય બુદ્ધિવાળા કે શરૂઆતવાળા જીવો પ્રત્યક્ષ સદાચારીની સોબતનો લાભ ઘણી સહેલાઈથી લઈ શકે છે તેજ છે. દુર્ગુણો હઠાવવા કે સુધારવા માટે સદાચારીનો પ્રત્યક્ષ સમાગમ બહુ ઉપકારક છે. તેઓ હિત શિક્ષા દ્વારા આપણા દુર્ગુણો સુધારવા પ્રેરણા કરે છે. તેમજ તેમના સદાચરણો દેખીને પણ આપણને સુધરવાની લાગણીઓ ઉત્પન્ન થાય છે. તે સદાચારીની થતી પ્રશંસા સાંભળીને, તેમનું બહુ માન થતું દેખીને પણ ગુણ અવગુણની તુલના મનુષ્યો કરી શકે છે, અને તેમના જેવી સ્થિતિ મેળવવા માટે સદાચરણી થવાની લાગણી પણ સ્ફુરી આવે છે. ઈત્યાદિ અનેક ફાયદાઓ સદાચારીના સહવાસથી થાય છે. તેથી વિપરિત પ્રવૃત્તિવાળા દુરાચારી, કપટી, ધૂર્ત્ત, વિટ, ભાંડ, ક્રોધી, હિંસક, જૂઠા બોલા, ચોર, જાર, જુગારી, અહંકારી, કૃપણ, દ્રોહી, વિશ્વાસઘાતી, કલેશી—ઇત્યાદિની સોબતથી મહાન્ દુર્ગુણો ઉત્પન્ન થાય છે. લૌકીક કહેવત છે કે “ કાળાની જોડે ધોળો બેસે તો વાન ન આવે પણ સાન તો આવેજ. ” સાન એટલે તેના આચરણનું અનુકરણ કરવાનું તો મનુષ્યો શીખે છેજ. મનુષ્યોને તો સોબતની અસર થાય છે પણ પશુ પક્ષીઓને પણ સોબત તેની અસર થયા વિના રહેતી નથી. એકજ માતા પિતાથી ઉત્પન્ન થયેલા પોપટનાં બે બચ્ચાંઓ, તાપસ અને ભિલ્લની સોબતથી સદ્ગુણી તથા દુર્ગુણી થયાના દાખલાઓ વ્યવહારમાં પ્રસિદ્ધ છે. પશુ પંખીઓથી પણ આગળ વધી વનસ્પતિમાં પણ તપાસ કરીએ તો ત્યાં પણ સોબત તેની અસર થયેલી જણાયા સિવાય રહેશે નહિ. ચંદનના વૃક્ષોની જોડે ઉત્પન્ન થયેલા લીમડામાં પણ ચંદનની સુગંધ આવે છે. લીમડો પણ ચંદનને ભાવે વેચાય છે.

ત્યારે મીઠું પાણી પણ લીમડાની સોબતથી કડવા રસ રૂપે થયેલું અનુભવાય છે. આ ઉપરથી એવો નિશ્ચય કરવાની જરૂરીયાત છે કે, સદ્‌ગુણી થવા માટે મનુષ્યોએ સદાચારવાળાની સોબત અવશ્ય કરવીજ જોઇએ. શાસ્ત્રમાં કહ્યું છે કે, " કોઇની સોબત ન કરવી પણ જો તેમ ન કરી શકો તો સત્પુરૂષોની સોબત કરજો. કેમકે સંતપુરૂષો દોષનું ઔષધ છે. " અર્થાત્ સત્સંગથી દુર્ગુણો દૂર કરી મનુષ્યો સદ્‌ગુણી બને છે. મહાત્મા પુરૂષો કહે છે કે, સુસવાટા મારતા ફણીધર પાસે રહેવું કે ભયંકર શત્રુની પાસે જવું તે સારૂં છે. પણ અધર્મી, ચપળ સ્વભાવી, મૂર્ખ, પાપમિત્રોની સાથે એક ક્ષણ પણ રહેવું તે કલ્યાણકારી નથી. ખીજવાયેલો સર્પ અને છિદ્રો શોધનાર શત્રુ આ ભવનાજ મરણ માટે થાય છે પણ અસત્ અને અજ્ઞાનતા ભરેલી પ્રવૃત્તિવાળા મનુષ્યોની સોબતથી અનેક ભવમાં અનેકવાર મરવું પડે છે. જ્ઞાની પુરૂષની સાથે રહેતાં કદાચ મરણ થાય તો પણ કલ્યાણ દાયક છે, પણ મૂર્ખ, અજ્ઞાની, દૂરાચારી સાથે રહેતાં રાજ્ય મળે તોપણ તે હિતકારી નથી. કારણ કે તેનું પરિણામ ભયંકર રૂપે અનુભવ આપે છે. સદાચારી મનુષ્યોની સોબતથી ધર્મપ્રાપ્તિ ને યોગ્ય યોગ્યતા પ્રાપ્ત થાય છે.

માતાપિતાનું પૂજન ભક્તિ કરવી. ૯

જન્મદાતા માતાપિતા પરમ ઉપકારી છે. જન્મ આપવાનું મહાન્ કષ્ટ ઉઠાવ્યા પછી પણ અજ્ઞાન અને અશક્તિથી ભરપુર બાલ્યાવસ્થામાં જે બાળકને ઉછેરવાનું કામ માતા ઉઠાવે છે તે ઘણીજ મુશ્કેલી ભરેલું છે. ઉછેરનારની કાળજી વિના બાલ્યાવસ્થામાં બાળકોનાં મરણ બનતાં આપણે જોઇએ છીએ. આપણી પોતાની અત્યારની સુખમય જીંદગી

માટે તે પરમોપકારી માતાને ધન્યવાદ ઘટે છે. જીવિત પર્યંત તેની આજ્ઞાના તાબેદાર રહી તેમના ઉપકારના બદલા તરિકે તેમની દરેક ઇચ્છાઓ પૂર્ણ કરવી જોઇએ. બાલ્યાવસ્થા પછી પણ યોગ્ય શિક્ષણ આપી બુદ્ધિને કેળવવાનું કામ પણ માતાપિતાનું છે. ત્યાર પછી વ્યવહારૂ કેળવણી આપી આજીવિકાના સાધનરૂપ, વિદ્યા, કળા, હુન્નર, વેપાર, ઇત્યાદિમાં પ્રવિણ બનાવી વ્યવહારના માર્ગમાં પગપર ઉભા રહેવા જેવી સ્થિતિમાં લાવવાનું કામ પિતાનું છે. શાંતિમય વ્યવહાર માર્ગ બનાવવામાં મદદ કરનાર માતાપિતાનો જેટલો ઉપકાર માનો તેટલો ઓછો છે.

માતાપિતાની ભક્તિ કરવાનો મહાન્ દાખલો ભગવાન્ મહાવીર દેવે પોતે કરી બતાવી દુનિયા આગળ એમ સિદ્ધ કરી બતાવ્યું છે કે માતાપિતાની ભક્તિ કરવામાં જરાપણ પાછા ન હઠવું. અને તેના ઉપકારનો બદલો કોઈ પણ રીતે તેમને યોગ્ય ધર્મમાર્ગે દોરીને વાળી આપવો, કારણ તે સિવાય બીજી કોઇ પણ જાતની ભક્તિ તે બદલો વાળવાને પુરતી નથી. છતાં બને તેટલી બીજી ભક્તિ તો કરતાજ રહેવું.

દૃષ્ટાંત આ પ્રમાણે છે કે, પૂર્વ ભવના સમર્થયોગી ભગવાન્ મહાવીરદેવ ગર્ભમાં આવ્યા પછી માતાની ભક્તિ માટે, એટલે માતાને મારા હાલવા ચાલવાથી દુઃખ થાય છે માટે મારે બને તેટલું સ્થિર રહેવું, અને તેમ કર્યું. આનું પરિણામ ઉલટું આવ્યું. ગર્ભની અકુશળતાની શંકાને લઈ માતાને ઉદ્વેગ થયો. જ્ઞાની મહાવીરે જ્ઞાનબળથી તે તે જાણ્યું અને માતાને શાંતિ માટે હલનચલન શરૂ કર્યું પણ પોતાને વિચાર થયો કે ગર્ભમાં રહ્યા છતાં માતાને મારાપર આટલો સ્નેહ છે તો હું જ્યારે દિક્ષા ગ્રહણ કરીશ ત્યારે તેને કેટલું દુઃખ થશે અને સ્વ-પર ઉપકાર માટે ત્યાગ માર્ગ તો લેવાનોજ છે. માતાની લાગણી ન દુખાય

તેટલા માટેજ તે પ્રભુએ એવો નિશ્ચય કર્યો કે માતાપિતાની હયાતિ સુધી મારે ત્યાગમાર્ગ ગ્રહણ ન કરવો. એ પ્રતિજ્ઞાનો બરોબર નિર્વાહ કરી તેમણે માતાપિતાની ભક્તિનો માર્ગ લોકોને સમજાવ્યો. વળી તેમના પૂર્વેનાં માતાપિતાને પ્રતિબોધ આપવા જાતે બ્રાહ્મણકુંડનગર ગયા. અને રૂષભદત્ત, તથા દેવાનંદાને ધર્મ માર્ગે ચડાવ્યાં. તેમ કરી પોતાની પુત્ર તરિકેની ફરજ અદા કરી. આજ વાતને ઉદ્દેશીને ભગવતિ સૂત્રમાં તેઓશ્રીએ કહ્યું છે કે શ્રમણો ! માતાપિતા, દુઃખી અવસ્થામાં મદદ કરનાર અને ધર્મમાર્ગે ચડાવનાર ધર્માચાર્ય આ ત્રણેનો બદલો ઘણી મહેનતે વાળી શકાય છે. શિષ્યોએ પ્રશ્ન કર્યો છે કે પ્રભુ ! કોઇ પુત્રો માતાપિતાને સતપાક, સહસ્ત્રપાક કે તેવાજ ઉત્તમ તેલાદિ વડે અભ્યંગન કરી સુગંધી વસ્તુથી ચોળી મસળીને સ્નાન કરાવે, સર્વ અલંકારથી વિભૂષિત કરે, સ્વાદિષ્ટ સુંદર ભોજન કરાવે, અને યાવત્ જીવપર્યંત પીઠાદિ ઉપર ઉઠાવીને ફરે તો શું તે ઉપગારનો બદલો વળી શકે ? ભગવાન્ કહે છે કે નહિં. નહિં. તેટલું કરવા છતાં માતાપિતાના ઉપગારનો બદલો ન વળે, પણ તેઓને કેવળી ભગવાનના કહેલ ધર્મમાં જાગૃત કરે, દૃઢ કરે, આત્મજાગૃતિ આપી આત્મસ્વરૂપ પ્રગટ કરવાના માર્ગમાં જોડી આપે તો તેનો બદલો વળી શકે. કારણ કે ધર્મપ્રાપ્તિથી તેઓ નિરંતરને માટે જન્મ મરણથી મુક્ત થઇ થાય છે. અન્ય સ્થળે પણ કહ્યું છે કેઃ—

ધર્મથી પતિત થયેલા ગુરૂઓનો ત્યાગ કરવો, પણ આચારથી પતિત માતાનો કદાપિ ત્યાગ ન કરવો, કેમકે ગર્ભધારણ અને પોષણ કરવા વડે ગુરૂ કરતાં પણ કોઇ અપેક્ષાએ માતા અધિક ઉપગારી છે.

માતાપિતાનું પૂજન કે ભક્તિ, તેમને ત્રણ સંધ્યા નમસ્કાર કર-

વાથી, પરલોક હિતકારી અનુષ્ટાનમાં યોજવાથી, સર્વ કાર્યમાં તેઓની આજ્ઞા લેવાથી, સુંદરવર્ણ ગંધવાળા ફળ પુષ્પાદિ આપવાથી, તેમના જમ્યા પછી જમવાથી અને તેમની ઇચ્છાનુસાર યોગ્ય વસ્તુ સમર્પણ કરવા વડે કરી શકાય છે.

તેમની નિંદા ન સાંભળવી, શક્તિ હોય તો નિંદકને બોલતો બંધ કરવો, શક્તિ ન હોય તો ત્યાંથી ઉઠી અન્ય સ્થળે ચાલ્યા જવું પણ પોતાના પૂજ્ય માતા, પિતાદિ ગુરૂ વર્ગની નિંદા ન સાંભળવી.

તેમજ પરલોકના સુખના સાધનરૂપ દેવ, ગુરૂ તેમની પૂજા, ભક્તિ ઇત્યાદી ધર્મકાર્યમાં તેમને સ્થિર કરવાં. નમ્રભાવથી તેમને જણાવવું કે, આજથી તમારે ઘરનાં કામકાજની ચિંતા ન કરવી. કોઇ પણ જાતના વ્યવહાર પ્રપંચમાં ન પડવું. નિશ્ચિંત થઇ ધર્મ ધ્યાન કરો. તમોને જોઇતી સામગ્રીની સગવડ અમે કરી આપીશું. ઇત્યાદિ વચનો કહી તેવી સગવડ કરી આપી માતાપિતાદિ ગુરૂવર્ગનો ઉત્સાહ વધારવો.

વિનયથી આરાધન કરાયેલાં માતાપિતા પ્રસન્ન થઇ યોગ્ય શિક્ષા આપવા વડે મદદગાર થાય છે. અનુભવી માતાપિતાની આજ્ઞા માનનાર પુત્રધર્મના માર્ગમાં ચાલવાને લાયક થાય છે.

ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો. ૧૦

ધર્મ, અર્થ, કામને બાધા કરનાર સ્થાન ઉપદ્રવવાળાં ગણાય છે. જ્યાં વૈરી હોય—વિરોધી હોય, પ્લેગ—મરકી—કોલેરા આદિ વિવિધ પ્રકારના ચેપી રોગોનો ઉપદ્રવ હોય, સ્વરાજ્યનો ભય હોય, પર રાજ્યનો ભય હોય, યુદ્ધાદિ વિગેરે થતાં હોય તે ઉપદ્રવવાળાં સ્થાન છે. તેવાં સ્થાનનો અવશ્ય ત્યાગ કરવો. ભિલ્લાદિની પલ્લીના નજીકનાં ગામો કે જ્યાં નિરંતર ધાડ પડવાનો કે ચોરી થવાનો ભય હોય છે, જ્યાં ચોરોનો ઉપદ્રવ વધારે હોય, પરસ્ત્રીલંપટ પુરૂષો કુળવાન સ્ત્રીઓની જ્યાં લાજ લુંટતા હોય, જ્યાંનો રાજા અન્યાયી, અધર્મી અને દુરાચારી હોય તેવાં સ્થાનો મુકી દઇ નિરૂપદ્રવ સ્થાને વસવું. વળી જ્યાં ગુર્વાદિ-જ્ઞાની પુરૂષોનું આગમન થતું ન હોય, જ્યાં સ્વધર્મી બંધુઓની સોબત પણ ન હોય તેવાં સ્થાને રહેવાથી નવીન ધર્મ ઉપાર્જન કરવાનું બનતું નથી. જે દેશમાં નિરાધાર બાળ રાજાનું રાજ્ય હોય, જ્યાં એક રાજ્ય માટે બે રાજાઓ લડતા હોય, જ્યાં અયોગ્ય સ્ત્રીઓનું રાજ્ય હોય અને જ્યાં મુર્ખ રાજાનું રાજ્ય હોય ત્યાં રહેવાથી ધર્મ, અર્થ, કામને હાની પહોંચવાનો પુરતો સંભવ છે. ટુંકામાં કહીએ તો સદ્‌ગુરૂ અને યોગ્ય સ્વધર્મી (એક ધર્મ પાળનાર) બંધુનો જ્યાં સમાગમ ન હોય, તથા જ્યાં રહેવાથી ધન, શરીર, ઇજ્જત, અને ધર્મનો નાશ થવાનો સંભવ હોય તેવાં સ્થાનોનો ત્યાગ કરવો. તેવાં અયોગ્ય સ્થાનોનો જો ત્યાગ કરવામાં નથી આવતો તો પૂર્વે ઉપાર્જન કરેલાં ધર્મ, અર્થ, કામનો નાશ થાય છે અને નવીન ઉપાર્જન થતાં ન હોવાથી ઉભય લોક ભ્રષ્ટ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરી યોગ્ય શાંતિવાળા સ્થળે રહેવાથી ધર્મની યોગ્યતા સુલભ રીતે પ્રાપ્ત થાય છે.

નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. ૧૧

જીવહિંસા કરવી, અસત્ય બોલવું, ચોરી કરવી, પરસ્ત્રી ગમન કરવું, વિશ્વાસઘાત કરવો, નિંદા કરવી, ઇર્ષા કરવી, ગ્રહસ્થોએ ભિક્ષા માંગવી, ઇત્યાદિ સામાન્ય રીતે નિંદિત કાર્યો ગણાય છે. તેમજ દેશ, જાતિ, કુળની અપેક્ષાએ જે જે નિંદિત કાર્યો ગણાય છે તે તે કાર્યમાં બુદ્ધિમાનોએ પ્રવૃત્તિ ન કરવી.

દરિયાપારના કેટલાક દેશોમાં ગ્રહસ્થોએ કે સામાન્ય રીતે કોઇ પણ મનુષ્યોએ ભિક્ષા માંગી ખાવું તે મોટો ગુનો ગણાય છે. હિંદુસ્તાનમાં બ્રાહ્મણોએ ભિક્ષા માંગવી તેમાં જરાપણ શરમનું કામ ગણાતું નથી. મુસલમાન જાતિમાં કુક્કરને મારવું તે પાપ મનાય છે. હિંદુ અને પારસી કોમમાં ગાયને મારવી તે પાપ ગણાય છે, જૈનોમાં કોઇપણ જાનવરને મારવું તે પાપ ગણાય છે, છતાં સર્વ દેશોના મોટા ભાગમાં મનુષ્યવધ કરવો તે મહા પાપ કે ગુનો ગણાય છે. અપરાધીને ફાંસી આપવી કે શૂળીએ ચડાવવો તેમાં ગુનો નથી ગણાતો. બ્રાહ્મણો અને જૈનોમાં મદ્યપાન કે માંસભક્ષણ કરવું તે નિંદનીય ગણાય છે, મુસલમાનોમાં મદ્યપાન કરવું તે શાસ્ત્ર વિરૂદ્ધ ગણાય છે. મહારાષ્ટ્ર દેશમાં સધવા સ્ત્રી કપાળ ઉપર કંકુનો ચાંલ્લો ન કરે તો તેને વિધવા ગણવામાં આવે છે, ત્યારે ગુજરાતાદિ દેશોમાં તેવો કાંઇ નિયમ નથી. મહારાષ્ટ્ર દેશમાં સ્ત્રીઓ ખુલ્લે માથે ફરી શકે છે. ગુજરાત, મારવાડ, કાઠીયાવાડ, માળવા પ્રમુખ દેશમાં ખુલ્લે માથે સ્ત્રીઓ ફરી શકતી નથી કેટલાક દેશમાં તો ખુલ્લે મોઢે પણ ફરી શકતી નથી. રજપુતોમાં મામા ફઇના પુત્ર પુત્રીઓનાં લગ્નો થાય છે. મુસલમાનોમાં કાકા-કાકાના પુત્ર પુત્રીનાં લગ્નો થાય છે. ત્યારે બીજી કોમોમાં તે કામ નિંદનીક ગણાય છે.

કેટલીક હિન્દુ, મુસલમાન, પારસી, ક્રિશ્ચિયનાદિ કોમોમાં પુનર્લગ્ન યોગ્ય ગણાય છે. ત્યારે કેટલીક હિન્દુ, બ્રાહ્મણ, જૈન કોમોમાં તે નિંદનીક ગણાય છે.

નિંદિત કાર્ય કોને કહેવું ? તે આ જુદા જુદા દેશ, જાતિ કે કુળના રીત રીવાજોનું અવલોકન કરવાથી જણાઇ આવશે. કે કોઈ દેશમાં, કોઇ જાતિમાં કે કોઇ કુળમાં નિંદિત કાર્યને જુદું જુદું રૂપક આપવામાં આવ્યું છે. એકને મન નિંદિત છે તેજ બીજાને મન પ્રશંસનીય કે અનુકરણીય જણાય છે. ત્યારે કઇ વાત અંગિકાર કરવી અને કોનો ત્યાગ કરવો ? આ સંબંધમાં સામાન્ય ખુલાસો તો એ થઇ શકે તેમ છે કે, પ્રથમ સામાન્ય રીતે શરૂઆતમાં બતાવી આવ્યા તેમ સર્વ દેશ, કુળ, જાતિને માન્ય જે નિંદનીક કાર્ય ગણાય છે તેનો અવશ્ય ત્યાગ કરવો. ત્યાર પછી પોતે જે જાતિ સાથે સંબંધ ધરાવતા હોઇએ તેને માનનીય નિંદનીક કાર્ય હોય તેનો ત્યાગ કરવો. પછી પોતે જે કુળમાં જન્મ્યા હોઇએ તેમાં જે જે નિંદનીક કાર્ય ગણાતાં હોય તેનો ત્યાગ કરવો, અને છેવટે પોતે જે ધર્મને માન આપતા હોઇએ તેમાં જેને નિંદનીક ગણવામાં આવ્યું હોય તેનો ત્યાગ કરવો.

આમ દેશ, જાતિ, કુળ કે ધર્મમાં જે નિંદનીક કાર્ય કહેવામાં આવ્યાં છે તેનો ત્યાગ કરવામાં નથી આવતો તો આપણાં બીજાં યોગ્ય કાર્યો પણ અન્યના દ્રષ્ટિમાં હલકાં પડે છે. એટલુંજ નહિ, પણ આપણે અન્યની દ્રષ્ટીમાં હલકા પડીએ છીએ. વળી કેટલીક વખત દેશ, જાતિ કે કોમનાં મનુષ્યો સાથે વિરોધ થવાનો પણ પ્રસંગ બની આવે છે. વિરોધ થતાં ધર્મ, ધન અને શાંતિ વિગેરેનો નાશ થાય છે. તેમ થતાં ઉત્સાહ નાશ પામે છે. યોગ્ય પ્રવૃત્તિ થતી નથી. આને ધ્યાન

વધે છે. ધર્મ પ્રવૃત્તિ થતી અટકે છે. છેવટે પરિણામ દુઃખમય આવે છે. માટે દેશ, કાળ ઉચિત કાર્યમાં પ્રવૃત્તિ રાખવી. નિંદનીક કાર્યથી નિવૃત્તિ કરવી.

આ નિંદિત કાર્યમાં કેટલાકને ધર્મ સાથે સંબંધ છે. કેટલાકને નીતિ સાથે સંબંધ છે, ત્યારે કેટલાકને લોકોની માન્યતા—દેશના રીવાજો સાથે સંબંધ છે. ધર્મ નિમિત્તે નિંદિત કાર્યનો ત્યાગ કરવો તે તો અવશ્ય જરૂરનો છે, પણ જે તાત્વિક રીતે નિંદનિય નથી છતાં લોકરૂઢીમાં કે દેશાચાર પ્રમાણે નિંદિત ગણાતું હોય તેનો પણ સમાજ સાથેનો સંબંધ ટકાવી રાખવા માટે પણ ત્યાગ કરવો પડે છે. છતાં એટલું ધ્યાનમાં રાખવા જેવું છે કે, જેને લોકો નિંદનીક ગણે છે તે ખરી રીતે નિંદનીક હોય છે અને નથી પણ હોતા. કેટલાક રીવાજો તો પુરૂષોએ પોતાની હાજ તો પુરી પાડવા નિમિત્તે નિંદનીક ગણીને તેનો પ્રચાર કરેલો હોય છે. જેમકે સ્ત્રીઓએ ફરી લગ્ન ન કરવું અને પુરૂષો ફરી લગ્ન કરી શકે. સ્ત્રીઓ એકથી વધારે પતિ એકી સાથે ન કરી શકે પણ પુરૂષો એકથી અધિક સ્ત્રીઓ એકી સાથે કરી શકે. અથવા અમુક જાતિ સાથે કન્યા વ્યવહાર રાખવો અને અમુક સાથે ન રાખવો. તેમાં પણ અમુક ગામના કે શહેરના આટલાજ સમુદાય સાથે કન્યા લેવા દેવાનો વ્યવહાર રાખવો અને બીજા સાથે નહિં રાખવો. બીજા પોતાની નાત જાતના હોય તો પણ આ કાયદાથી વિરૂદ્ધ વર્તન કરનારને ન્યાતબાહાર કે મોહેલ્લા બાહાર કરવામાં આવે છે. આ બધું પોતાની હાજતો પુરી પાડવા માટેજ યોગ્ય—અનિંદનીક અને અયોગ્ય—નિંદનીક ગણવામાં આવેલું હોય છે આ સાથે ધર્મને કાંઇ સંબંધ હોતો નથી.

કેટલાક રીવાજોને આજીવિકા ચલાવવા નિમિત્તે પણ નિંદનીક

અને અનિંદનીકનું રૂપક આપેલું હોય છે. જેમકે બ્રાહ્મણો ભિક્ષા માગે તો તે કામ નિંદનીક નથી. બીજાઓ માગે તો નિંદનીક છે. કેટલાક રીવાજો દેશકાળની હાજતો પ્રમાણે યોગ્ય કે અયોગ્ય ગણવામાં આવે છે. દૃષ્ટાંત તરિકે શાંતિના વખતમાં કોઈનું ખુન કરવું તે પાપ તથા ગુનો ગણાય છે અને લડાઇમાં લાખો માણસોનાં ખુન થાય કે જાન જાય તેમાં ગુનો કે પાપ મનાતું નથી, પણ ઉલટું વધારે માણસોના જાન લેનારને શુરવીર યોદ્ધાઓ કે બહાદુર લડવૈયાઓ માનવામાં આવે છે. આજ રીતીએ અનેક રીતરીવાજો લોકોએ, લોકોના નાયકોએ તથા ધર્માચાર્યોએ દેશકાળ, પોતાની હાજતો—જરૂરીયાતોના પ્રમાણમાં નિંદનીક કે અનિંદનીક ઠરાવેલા હોય છે. તેમના સમુદાયમાં રહેનારાઓએ તેમને માન આપવું જોઇએ. તેમ કરવામાં નથી આવતું તો વિક્ષેપ પેદા થાય છે. આ સાથે એટલું પણ સૂચવવાનું રહે છે કે જે રીવાજો જે દેશ, કાળ, અને હાજતો ને લઇને પ્રચલીત કરવામાં આવેલા છે તેજ રીવાજો જુદા દેશ, કાળ અને ચાલુ જમાનાની જરૂરીયાતોને લઇને ફેરવવામાં—જુદા રીવાજો પ્રમાણે ગોઠવવામાં—આવે તો તેમ પણ કરી શકાય છે. તે વાતને અનેક મનુષ્યોએ ટેકો આપ્યો—માન—આપ્યું એટલે તે રીવાજને અનિંદનીક-પણાની છાપ લાગુ પડે છે, અને ત્યાર પછી તે પ્રવૃત્તિ લોકમાન્ય ગણાય છે. લોકોની નિંદનીક અનિંદનીક પ્રવૃત્તિ મોટે ભાગે આ પ્રમાણેની હોય છે. દૃષ્ટાંત તરીકે હિંદુઓ, ઢેઢ, ભંગી આદિને અડકતા નથી પણ તેજ લોકો ક્રિશ્ચિયનોમાં વટલાઇ જરા હુંશીયાર થઇ બહાર આવે છે એટલે તેની સાથે બેસવા ફરવામાં બાદ ગણાતો નથી. આ લોક રીવાજોને લોકો સાથે રહેનારાઓએ માન આપવું તે યોગ્ય છે.

આવક અનુસારે ખરચ કરવો. ૧૨

ભરણ પોષણ કરવા લાયક, સ્ત્રી, પુત્ર, પુત્રી, માતા, પિતા, ભાઈ, બ્હેન, અને કુટુંબી-વર્ગ ઇત્યાદિ પરિવારના ખરચમાં, પોતાના ઉપભોગનાં સાધનોમાં, દેવ અતિથી આદિઓના પૂજનમાં અને દીન, દુઃખી આદિના ઉદ્ધારાદિ સંબંધી દાનમાં જે કાંઈ ખરચ કરવામાં આવે તે સર્વ ખરચ આવકને અનુસારેજ કરવો જોઇએ.

આવકનાં સાધનો ખેતી, જમીન, વ્યાપાર, કર, નોકરી, પશુ-પાલન, વ્યાજ અને હુન્નર, ઉદ્યોગ, કળાદિ વિગેરેમાંથી જે આવક આવતી હોય તેના ચાર ભાગ પાડવા. તેમાંથી એક ભાગ નિધાન કે ખજાના તરીકે રાખી મૂકવો. તે ખરા જરૂરીયાતવાળા કે કોઈ આફત કે વિપત્તિવાળા પ્રસંગે ઉપયોગમાં આવે.

એક ભાગ વ્યાજાદિ કાર્યમાં રોકવો, જેમાંથી ચાલુ આવક આવ્યા કરે. વ્યાપારાદિ કાર્યમાં નુકશાન ગયું હોય કે ખેતી પ્રમુખની આવક કોઇ પ્રસંગે ન આવી હોય તો તેમાંથી ખોટ પુરી પાડી શકાય. એક ભાગ ભરણ પોષણ કરવા લાયક કુટુંબીઓ અને પોતાના ઉપભોગના સાધનમાં વાપરવો, અને એક ભાગ ધર્મ રસ્તે ઉપયોગી કાર્યમાં ખરચવો. આ વિધિ જેઓને ખરચ પુરતી આવક છે એટલે ચાર ભાગ થઈ શકે તેના જેટલી મીલકત ધરાવનારા જે હોય તેવાઓને માટે છે. જેને ઓછી આવક હોય તેણે તે પ્રમાણે ખરચ કરવો, અને જેને ઘણી આવક હોય તેવા ધનાઢ્યોએ તો આવકમાંથી અરધો ભાગ પરોપકારના કાર્યોમાં ખરચવો. અને તેથી પણ વધારે દ્રવ્ય પોતાની પાસે હોય તો ઇચ્છાનુસાર વધારે પણ ધર્મમાર્ગે ખરચ કરવો. ધનવાનનો ગુણ

ત્યાગ છે, અને ત્યાગ કરવાવાળા મનુષ્યોનો ગુણ ધનાઢ્યતા છે. પરસ્પર બન્ને ગુણ વિનાના મનુષ્યોના ત્યાગ અને ધન એ વિડંબના પાત્ર છે.

થોડી આવક છતાં વધારે ખરચ કરવાથી, જેમ રોગ શરીરને દુર્બળ કરી નાંખે છે તેમ તે વૈભવમાં ખાલી થયેલો મનુષ્ય દુનિયાના સર્વ વ્યવહારને માટે અસમર્થ બને છે. છેવટે દુઃખી થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, જે મનુષ્ય પોતાના લાભ, વ્યયનો એટલે આવક તથા ખરચનો વિચાર કર્યા શિવાય વૈશ્રમણ (કુબેર)ની માફક દાન આપે છે. ખરચ કરે છે. તે મનુષ્ય થોડાજ દિવસોમાં આંહીજ વૈ-શ્રમણ-નિશ્ચે ભિક્ષુક જેવી દશાને પામે છે. અર્થાત્ તેને ભીખ માંગવાનો વખત આવે છે. તેમજ વિશેષ પૈસાપાત્ર થઇ જે મનુષ્ય દાનાદિ ધર્મમાં પોતાના દ્રવ્યનો ઉપયોગ કરતો નથી તે લોકમાં નિંદાપાત્ર થાય છે. ધનના મોહમાં આર્ત્તધ્યાન કરી તે ઉપર મૂર્છા રાખી, ધન ઉપરની આશક્તિને લીધે વિશેષ કર્મબંધ કરી દુર્ગતિમાં જાય છે. આ ધન કે પૃથ્વી તેની સાથે જતી નથી તે કેવળ તેના પાપનો ભાગીદાર થાય છે, અને તે ધનનો ઉપભોગ કોઇ ભાગ્યવાન્ જીવ કરે છે. આવક વિના હદ ઉપરાંત દાન દેનાર કે ખરચ રાખનાર માણસના પણ બુરા હાલ થાય છે. માટે આવકને અનુસારે ખરચ રાખવો. તેથી મનની સ્થિતિ ઘણી શાંત રહે છે. હાયવોયવાળું આર્ત્તધ્યાન થતું નથી. શાંતિ-વાળું જીવન ધર્મપ્રાપ્તિને લાયક બને છે.

ધન અનુસારે વેશ રાખવો. ૧૩.

પોતાની પાસે જેટલી આર્થીક સ્થિતિ હોય એટલે પોતે જેટલો ધનવાન્ હોય તેના પ્રમાણમાં, પોતાની ઉમરના પ્રમાણમાં, પોતાના હોદ્દા પદવી કે અધિકારના પ્રમાણમાં, અને દેશ, કાળ, જાતિ, ઇત્યાદિની અનુસારે વેશ પહેરવો. ઘણા થોડાજ દ્રવ્યવાળો મનુષ્ય ધનાઢ્યના જેવાં વસ્ત્રો કે અલંકારો ધારણ કરે તો લોકોના મનમાં તેના સંબંધમાં હલકા વિચારો બંધાવાનું કારણ મળે છે. કાંતો લોકો તેને ઉધ્ધત ગણશે. વ્યભિચારી લેખશે. દીવાળીયો ઠરાવશે કે અયોગ્ય–નાલાયક કે મૂર્ખ સમજશે. લોકો તેના સંબંધમાં વાતો પણ કરશે કે આના ઘરમાં સારી રીતે ખાવાનું પણ સાધન નથી અને આવાં વસ્ત્ર અલંકારાદિ પહેરે છે તો જરૂર કોઇની ચોરી કરીને, લુંટીને, વિશ્વાસઘાત કરીને, થાપણ ઓળવીને, કે બેન, દીકરીની મીલકત ઉચાપત કરી લાવ્યો હશે. એટલુંજ નહિં પણ રાજા પ્રમુખ આગળ પણ કોઈ ચાડી ખાઇને તેને દંડાવ્યાનો પ્રસંગ પણ અનુભવાવશે. કોઇના ઘરમાં ચોરી થઈ હોય તો પણ તેના ઉપર શંકા જવાનો પ્રસંગ બનશે.

ધનાઢ્ય મનુષ્ય ગરીબને લાયકનો વેશ પહેરે તો લોકો તેની હાંસી કરશે. તેની કૃપણતાને લોભવાળી વૃત્તિને ધિક્કારશે. કોઇ તેને નુકશાન જવાની શંકા કરી અત્યારની નિર્ધનતાનો નિશ્ચય કરશે અને તેને લઈ તેના ચાલુ વ્યાપાર–વ્યવહારાદિને નુકશાન પહોંચશે, ગરીબ–કંગાળ જેવા વેશને લઇ તે ધનાઢ્ય કોઇ સ્થળે ગરીબની માફક આદર સત્કાર નહિં પામતાં અપમાન પણ પામશે.

ઉંચા હોદ્દા ઉપર રહેલા મનુષ્ય પણ હલકા વેશથી સામાન્ય મનુષ્ય તરફથી પણ આદર સત્કાર નહિં પામે. અમુક અધિકારી વર્ગ કે પદવી ધારણ કરનાર મનુષ્ય પણ તેને લાયક વેશના અભાવે સામાન્ય માણસની પંક્તિમાં ગણાશે. તેને લઇ તેના વ્યવહારમાં ખલલ પહોંચવાનો સંભવ છે. તેમજ હલકી પંક્તિનો માણસ મોટા અમલદાર, અધિકારી કે પદવી ધરની છાપો લઇને–તેની માફક વેશ પહેરીને ફરતો હશે તો ઠગાઇના આરોપસર તેને નુકશાન ખમવું પડશે અવિદ્વાન્ છતાં વિદ્વાન્નો વેશ કે આડંબર ધારણ કરનાર, મનુષ્ય, તેની વિદ્વતા પ્રગટ કરવાના પ્રસંગે અપમાન પામશે.

વૃદ્ધાવસ્થાએ પહોંચેલ પુરૂષ કે સ્ત્રી યુવાન અવસ્થાને લાયકનો વેશ પહેરશે તો લોકોમાં હાંસીપાત્ર થવા સાથે હલકી જાતની શંકાના કારણરૂપ બનશે. કાળા વાળને ધોળા ન થવા દેવા માટે પ્રયત્ન કરનારા કે ધોળાવાળાને કાળા કરવા પ્રયત્ન કરનારા, વૃદ્ધાવસ્થા આવ્યા છતાં યુવાન બનવાનો પ્રયત્ન કરનારા અને ગરીબ છતાં ધનાઢ્યતાનો દેખાવ કરનારા મનુષ્યો કસોટીના ખરા પ્રસંગે તેમાં નિષ્ફળ નિવડવાથી નિંદાપાત્ર થવા સાથે આબરૂ, દેહ, ધન અને વ્યવહારને મોટું નુકશાન પહોંચાડે છે. લોકોમાં નિંદાપાત્ર બનેલા મનુષ્યો ધર્મ માટે પણ અનઅધિકારિ થાય છે. ધર્મના અર્થી જીવોએ તો બીલકુલ ઉદ્‌ભટ વેશ નજ પહેરવો. સાદું અને સરલ જીવન જેટલું ઉપયોગી નિવડે છે તેટલું આડંબરવાળું જીવન ઉપયોગી નથી નિવડતું.

દેશના અનુસારે વેશ રાખવો. જે દેશમાં વિશેષ ઠંડી પડતી હોય ત્યાં અમુકજ વેશ પહેરવાનો આગ્રહ કરનારાના શરીરને મોટું નુકશાન પહોંચે છે. અથવા ગરમ દેશમાં ઠંડા પ્રદેશનો વેશ પહેરવાથી પણ

તેવુંજ નુકશાન થવા સંભવ રહે છે. એકજ દેશમાં જુદી જુદી ઋતુ-ઓના પ્રસંગે વેશમાં ફેરબદલો કરવો પડે છે, અથવા વિવાહ કે શોકના પ્રસંગોને અનુસરીને વેશમાં ફેરફાર કરવો પડે છે. તેમ ન કરનારના વ્યવહારને નુકશાન પહોંચે છે. અથવા પોતે જેવી જાતિમાં ઉત્પન્ન થયો હોય તે જાતિની સાથ દરેક વ્યવહારના પ્રસંગો સ્હેલા હોવાથી તેના વિરૂદ્ધ વેશ ધારણ કરવાથી તે જાતિભાઓની અવકૃપા કે પોતા-તરફ બેદીલી વહોરી લેવી ન પડે તેવો વેશ રાખવો. મતલબકે દરેક સ્થળે અવસર જોઈ, લાભાલાભનો વિચાર કરી વેશ ધારણ કરવો. તેમાં આગ્રહ રાખનારને વિના પ્રયોજને હરકતો ઉભી થાય છે.

બુદ્ધિના આઠ ગુણવાળા થવું. ૧૪

સાંભળવાની ઇચ્છા, સાંભળવું, ગ્રહણ કરવું, ધારી રાખવું, તર્ક કરવા, વિપરિત ઉલટા સુલટા વિતર્કો કરવા, વસ્તુનું જ્ઞાન કરવું, ચોકસ નિશ્ચય કરવો, આ બુદ્ધિના આઠ ગુણ છે. આ સાંભળવાદિ આઠ ગુણ વડે જેણે પોતાની બુદ્ધિને તિક્ષણ—તીવ્ર ધારવાળા હથીયાર માફક બનાવી છે તે બુદ્ધિના પ્રકર્ષવાળો મનુષ્ય નિરંતર વિચારપૂર્વક—પૂર્વાપર લાભાલાભનો વિચાર કરીને પ્રવૃત્તિ કરી શકે છે. તેને લઇને તે કોઇ સ્થળે સ્ખલના નહિં પામતાં પોતાના ગમે તેવા કઠણ કાર્યમાં પણ વિજયી નિવડે છે. બુદ્ધિવાળાં મનુષ્યોજ લાભાલાભનો, કર્તવ્યાકર્તવ્યનો, હિતાહિતનો વિચાર કરી શકે છે, અને તેથીજ કોઇ પણ સ્થળે તે દુઃખનો ભાગી થતો નથી. તે બુદ્ધિવાન્ મનુષ્ય દેશ, કાળ, શક્તિ

વિગેરેને સમજી શકે છે. જેમકે હું કોણ છું ? કાળ કયો છે ? મારા સહાયક મિત્રો કોણ છે ? દેશ કયો છે ? મારી શક્તિ કેટલી છે ? આવક અને ખરચ મારે શું છે ? હું કયા વ્યવહારને કે ધર્મ સ્થાનને લાયક છું ? અમુક કાર્ય પાર પાડી શકીશ કે કેમ ? વિગેરે કાર્યોનો બુદ્ધિપૂર્વક વિચાર કરી પછી પ્રવૃત્તિ કરનાર હોવાથી તેનો વ્યવહાર સુખમય થાય છે.

બુદ્ધિ એ ચોધારૂં ખડ્ગ હોય તેવી છે. તેને કયે રસ્તે વાપરવી? તે તેના નિત્યના કર્ત્તવ્ય, આજુબાજુના સંયોગો, અંતરની લાગણીઓ, બાળપણાના સંસ્કારો, અને ધાર્મિક જનુનના ઉપર આધાર રાખે છે. ઘઉંની કણીકની માફક બુદ્ધિને પણ જેમ કેળવો તેમ તે કેળવાય છે. તેના આઠ ભેદો—સાંભળવા આદિ છે તેનો—વ્યવહાર માર્ગ અને પરમાર્થ માર્ગ એમ બન્ને સ્થળે ઉપયોગ બની શકે છે. વ્યવહારનું સાંભળવું, ગ્રહણ કરવું, ધારી રાખવું, તર્ક કરવા, વિતર્ક કરવા, વસ્તુનું જ્ઞાન કરવું, અને તે સંબંધી નિશ્ચય કરવો. તેમાં જેમ બુદ્ધિનો ઉપયોગ થાય છે. તેમજ ધર્મ સાંભળવાની ઇચ્છા, ધર્મ સાંભળવો, ધર્મ સાંભળીને ધારી રાખવો, તે સંબંધી પૂર્વાપર વિરૂદ્ધતા આવતી હોય તેમાં તર્કો કરવા, ઉલટા સુલટા વિતર્કો કરવા, અન્વય વ્યતિરેકપણે વિતર્કો કરવા, આત્મ વસ્તુનું જ્ઞાન કરવું અને આ તત્ત્વ કે કર્ત્તવ્ય આમજ છે તેનો નિશ્ચય કરવો. આ પ્રમાણે વ્યવહાર અને પરમાર્થના બન્ને માર્ગમાં પ્રવૃત્તિ બુદ્ધિથી થઇ શકે છે, માટે બુદ્ધિને સારી રીતે કેળવવી—તિક્ષણ—કરવી. જેથી વ્યવહાર માર્ગ અને પરમાર્થનો માર્ગ સુગમ થવા સાથે જીંદગી સુખમય થઈ પરમ શાંતિ પ્રાપ્ત થાય.

ધર્મ નિરંતર સાંભળવો. ૧૫.

બુદ્ધિના આઠ ગુણમાં સાંભળવાની વાત આવી ગઇ છે, તે સામાન્ય હોવાથી, વિશેષ પ્રકારે ધર્મ સાંભળવાની ખાસ જરૂરીયાત છે તે બતાવવા માટે આ ગુણ જુદો બતાવ્યો છે. નિરંતર ધર્મ સાંભળવો. ધર્મ સાંભળવાથી પરમાર્થના માર્ગમાં જાણવા લાયક શું છે ? ત્યાગ કરવા લાયક શું છે ? અને અંગિકાર કરવા લાયક શું છે ? ઇત્યાદિકનું જ્ઞાન થાય છે. ધર્મ સાંભળવાથી મનની મલીનતા ઓછી થાય છે. હૃદય કોમળ બને છે. આત્મિક ભાવની લાગણીઓ ઉત્તેજીત થાય છે. મન સ્થિરતા પામે છે. નિરંતર ધર્મશ્રવણ કરવાથી ઉતરોત્તર ગુણની અધિક પ્રાપ્તિ થાય છે. ઘણા લાંબા વખતથી જડમૂળ ઘાલીને પડેલી મલીન વાસનાઓ અને વિકારી પ્રવૃત્તિઓમાં સુધારો થાય છે. ધર્મ શ્રવણના અભાવથી ઉત્તમ ભૂમિકામાંથી નીચા પડાય છે. અથવા તેમાં શિથીલતા આવે છે. નંદન મણિયારની માફક ધર્મથી કે કર્ત્તવ્યથી ભ્રષ્ટ પણ થવાય છે. વિવિધ પ્રકારની વ્યવહારીક પ્રપંચ જાળમાં વ્યગ્ર થયેલો જીવ ધર્મ શ્રવણ કરવાથીજ જાગૃત રહે છે. અને મેળવેલ આત્મ ગુણ ટકાવી રાખે છે.

શિષ્યની પરિક્ષા કરવા માટે એક વખત એક ગુરૂએ ગૃહસ્થાશ્રમમાં રહેલા શિષ્યને પ્રશ્ન કર્યો કે તમે મારી પાસે નિરંતર ધર્મશ્રવણ કરવા શા માટે આવો છો ? ધર્મને માર્ગે ચાલવાનો રસ્તો આ-આ-પ્રમાણે છે, એમ તમને એક વખત જણાવી દીધું છે, હવે તમે તમારી મેળયે તમારે રસ્તે ચાલ્યા કરો. શિષ્યે ઉત્તર આપ્યો. ગુરૂજી! આપનું કહેવું યોગ્ય છે, અને તેમ થવું જોઇએ; પણ વ્યવહાર પ્રપંચની

ઉપાધી જાળ એવી ઘુંચવણ ભરેલી છે કે તેમાં આ ધર્મશ્રવણની અસર કાયમ ટકી રહેતી નથી. અમારો સંસાર વ્યવહારનો સંબંધ સર્પ અને નોળીયા જેવો છે. એક સર્પ અને નોળીયો આપસમાં લડતા હતા. તેમાં સર્પે નોળીયાને અનેક સ્થળે દંસ દીધા. તેના ઝેરથી વ્યાકુળ થયેલ નોળીયો સર્પને પડતો મૂકી પોતાની ગુફામાં આવી અમરવેલ નામની બુટ્ટીને સુંઘવા લાગ્યો. કહે છે કે, "નોળીયાની ગુફામાં એક એવી બુટ્ટી થાય છે કે તેને સુંઘવાથી સર્પનું ઝેર ઉતરી જાય છે." આ બુટ્ટી સુંઘ્યાથી તેનું ઝેર ઉતરી ગયું. પાછો સર્પની સાથે લડવા લાગ્યો. વળી ઝેર ચડી જતું તો ગુફામાં જઇ બુટ્ટી સુંઘી આવતો હતો. આમ આ બુટ્ટીની મદદથી વારંવાર નિર્વિષ થતા નોળીયાએ છેવટે સર્પને મારી નાંખ્યો અને નિર્ભય થયો.

સંસાર વ્યવહારના પ્રપંચો સર્પ જેવા છે. જીવ નોળીયા જેવો છે. સંસાર વ્યવહારના પ્રપંચ રૂપ સર્પ સાથે રહેતાં, આ જીવરૂપ નોળીયાને કામ, ક્રોધ મદ, મોહ, અજ્ઞાનાદિ રૂપ ઝેર ચડી જાય છે. ગુફા રૂપ ધર્મસ્થાનમાં રહેલી સદ્ગુરૂના ઉપદેશ રૂપ અમરવેલ સુંઘવાથી તે વ્યવહાર પ્રપંચમાં લેપાવારૂપ સર્પનું ઝેર ઉતરી જાય છે. ત્યારે ફરી પાછો વ્યવહાર પ્રપંચ સાથે યુદ્ધમાં ઉતરે છે અને તેનું ઝેર ચડતાંજ પાછો ગુરૂના ઉપદેશ રૂપ અમરવેલ સુંઘવા માટે ધર્મસ્થાન રૂપ ગુફામાં આવવું પડે છે. આ અમરવેલ સુંઘવા માટે નોળીયાને ત્યાં સુધી ગુફામાં આવવાની જરૂર પડે છે કે જ્યાં સુધી વ્યવહાર સર્પનું કામ, ક્રોધાદિ રૂપ ઝેર ન ચડી શકે. અથવા તે બુટ્ટીની મદદ સિવાય પોતે ઝેર ઉતારી શકે તેવું સામર્થ્ય પોતામાંજ પ્રગટ થાય. તે પછી બુટ્ટી સુંઘવાની જરૂર રહેતી નથી. સંસાર વ્યવહારની ઉપાધીમાં જ્યાં સુધી ફસાવાનું ચાલુ

છે. આત્મ જ્ઞાનનું સામર્થ્ય પોતામાં પ્રગટ નથી થયું ત્યાં સુધીજ ધર્મ શ્રવણ કરવાની મનુષ્યોને જરૂર છે. પૂર્ણ જરૂર છે.

ગુરૂએ સાબાસી આપી કહ્યું, શિષ્ય ! તમારૂં સમજવું બરોબર છે. મનુષ્યને ધર્મ શ્રવણ કરવાની અવસ્ય જરૂર છે. વ્યવહાર પ્રપંચ વિશ્વાસ કરવા યોગ્ય નથી. તેમાંથી બચવા અને પોતાનું લક્ષ બિન્દુ જાગૃત રાખવા ધર્મ શ્રવણની જરૂર છે.

અજીર્ણ થતાં ભોજન ન કરવું. ૧૬

અજીર્ણ થતાં ભોજનનો ત્યાગ કરવો, જમેલું ભોજન બરોબર પાચન ન થયું હોય તેવામાં અનુકુળ સ્વાદિષ્ટ ભોજન મળી આવે ત્યારે જીહ્વા ઈંદ્રિયને સ્વાધિન નહિં રાખનાર મનુષ્ય તે ભોજન કરે છે અને જઠરા અગ્નિની મંદતાને લઈ, તે ભોજન પાચન ન થતાં અજીર્ણતાનું સ્વરૂપ ધારણ કરે છે.

અજીર્ણની પરિક્ષા છ પ્રકારે થાય છે. પુંઠના ભાગથી છુટતો પવન દુર્ગંધવાળો જણાય, વિષ્ટામાંથી ખરાબ ગંધ આવતો હોય, વિષ્ટાનો ભેદ થયેલો હોય એટલે બંધાયા વિનાનો થોડો થોડો ભાંગ્યો તુટયો ઝાડો આવતો હોય, શરીર ભારે થયેલું જણાય, ખાવા પીવા ઉપર અરૂચી થતી હોય અને મોઢામાંથી નીકળતો ઉદ્દગાર (ઓડકાર) નો પવન ગંધાતો હોય આ છ અજીર્ણનાં ચિન્હો છે છમાંથી એકાદ પણ લક્ષણ હોય તો અજીર્ણ થયું છે એમ સમજવું. અજીર્ણ થયું હોય તે વખતે આહાર લેવાથી અજીર્ણમાં વધારો થાય છે, તેથી આમ વાયુ વિગેરેની ઉત્પત્તિ થાય છે. તેમાંથી જુદા જુદા રોગો ઉતપન્ન થાય છે.

ઉપવાસ કરવાથી અજીર્ણ દૂર થાય છે. અજીર્ણ થયું હોય ત્યારે આહાર ન કરવો પણ પાણી સારી રીતે પીવું, તેથી નહિં પાચન થયેલ ખોરાક આ પાણીથી તથા ભુખ્યા રહેવાથી પાચન થઇ જશે. મનુષ્યોના ઘણા ખરા રોગો સંબંધી બારીકાઇથી તપાસ કરવામાં આવે તો તેનો મોટો ભાગ અજીર્ણના રોગથીજ થયેલો હોય છે. નિયમસર ઉપવાસો કરવાથી ઘણા ઉદર (પેટ)ના રોગો દૂર થઇ શકે છે. જેઓ મહીનામાં બે, અર્થાત્ પન્નર દિવસે એક ઉપવાસ કરી લે છે તેઓના શરીરમાં પ્રાયે ભાગ્યેજ રોગ થવા પામે છે. આ શરીર તંદુરસ્તી રાખવા માટે ઉપવાસ ઘણો અકસીર ઉપાય છે પણ તે તેની મર્યાદામાં થાય તોજ ઉપયોગી છે. કાલે ઉપવાસ કરવો છે એમ ધારી સાંજે જો વિશેષ આહાર કે સ્નિગ્ધ—ભારે—આહાર ખાવામાં આવે છે તો જે અજીર્ણ મટાડવાનો કે રોગો દૂર કરવાનો આશય ધારવામાં આવે છે તે ફળીભૂત થતો નથી, કેમકે તેથી તો ઉપવાસને દિવસે જઠરા આ વધારાના કે સ્નિગ્ધ આહાર પચાવવાનું કામ કરશે. એટલે જે પન્નર દિવસનો કચરો એકઠો થયેલો છે તો કાયમ બન્યોજ રહેશે માટે આગલે દિવસે રોજની માફક સાદું અને થોડું ભોજન કરવું અને બીજે દિવસે ઉપવાસ કરવો તેથી શરીરની પ્રકૃતિમાં સારો સુધારો થશે.

શરીરની સુધારણા કરવા માટે અને મનની લાગણીઓને શાંત રાખવા માટે સાત્વિક ખોરાકની મનુષ્યોને જરૂર છે. દુધ, ઘી, ચોખા, ઘઉં, મગ, તુવેર, પાકાં ફળ, મેવો વગેરે સાત્વિક ખોરાક છે. તે પણ પાચન થઇ શકે તેટલો થોડો લેવો જોઇએ.

મદિરા, માંસ, મરચાં ઇત્યાદિ તામસી ખોરાક છે. તે સિવાય વચલા ભાગનો જુવાર, બાજરી, કઠોળ ઇત્યાદિ રાજસીક ખોરાક છે.

સાત્વિક ખોરાકથી બુદ્ધિ સતેજ અને પ્રકૃતિ શાંત રહે છે. રાજસીક ખોરાકથી વિષય વાસનાને ઉત્તેજન મળે છે. તામસીક ખોરાકથી ક્રુરતા, નિર્દયતા, અને ક્રોધાદિની ઉત્પત્તિ થાય છે.

યોગ્ય અયોગ્ય ખોરાકની અસર માનસીક વિકારોમાં સુધારો વધારો કે બગાડો કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. સુખ શાંતિના ઇચ્છક મનુષ્યોએ સારી રીતે પાચન થયા પછી અને તે પણ સાત્વિક આહાર લેવાની ઘણી જરૂર છે. તેથી રોગ, આળસ, પ્રમાદ વિગેરે થવાનો ઘણો ઓછો સંભવ છે.

પ્રકૃતિને અનુકુળ અવસરે ભોજન કરવું ૧૭

વિધિથી નિર્ણય કરેલો ભોજન કરવાનો વખત આ પ્રમાણે છે. ઝાડા કે પેશાબની બાધા—હાજત—ન હોય, હૃદયમાં ઉત્કટ રાગ દ્વેષાદિ ન હોય, વાત, પિત્ત કફાદિ નિયમિત રીતે પોતપોતાને સ્થાને હોય, ઓડકારનો વાયુ સ્વચ્છ હોય, ભોજનને અનુકુલ સૂર્યનાડીમાં (જમણા નાસિકાના છિદ્રમાં) પવન ચાલતો હોય, જઠરાગ્નિ પ્રદિપ્ત થયેલો હોય, ઇંદ્રિયોમાં પ્રબળ વિકાર ન હોય, શરીર હલકું હોય (પેટમાં ભાર કે બોજો જણાતો ન હોય) આવે વખતે ભોજન કરવું તે ભોજન કરવાને અનુકુળ વખત ગણાય છે.

ક્રોધની સાથે લડયા હોય કે ક્રોધ કર્યો હોય તો જ્યાંસુધી તે ક્રોધ શાંત ન થાય ત્યાં સુધી ભોજન ન કરવું અથવા ખાવાના વખતે કે ખાતાં ખાતાં ક્રોધ ન કરવો. તે અવસરે જો ભોજન કરવામાં આવે છે તો તે ભોજન ઝેર જેવું થઇને પરિણમે છે. કાંતો તાવ આવે છે, પાચન થતું નથી, કે ઉલટી થાય છે પણ હરકત થયા સિવાય રહેતી નથી.

વળી ઘણા થાકીને આવ્યા હોય ત્યારે તરત પાણી પીવું નહિં કે જમવા બેસવું નહિં. તેમ કરવાથી પણ તાવ કે ઉલટી વિગેરે થવા સાથે અનેક રોગ થવાનો સંભવ છે. માટે વિશ્રાંતિ લીધા પછી પાણી પીવું કે ભોજન કરવું.

ક્ષુધા લાગ્યા સિવાય જમેલું અમૃત પણ વિષ રૂપે પરિણમે છે. આથી એ નિશ્ચય જણાવાય છે કે સારી રીતે ભુખ લાગી હોય ત્યારે ભોજન કરવું. કકડીને ક્ષુધા લાગી હોય ત્યારે જમેલું ભોજન ઘણી સહેલાઇથી પચી શકે છે. તપાવેલા લોઢાના ગોળા ઉપર પડેલાં પાણીનાં બિન્દુઓ તરતજ શોષાઇ જાય છે. તપેલી જમીન ઉપર પડેલું વરસાદ કે બીજું પણ પાણી થોડા વખતમાં સુકાઇ જાય છે. તેવીજ રીતે જ્યારે જઠરાગ્નિ પ્રદીપ્ત થયેલી હોય તે અવસરે ખાધેલો ખોરાક તરતજ પાચન થઇ જાય છે. પાણીની જરૂરીયાત સર્વ કોઇને પડે છે પણ હદથી વધારે પાણી આવતાં કે વરસતાં જમીન તથા બીજ આદિ સર્વને નુકશાન થાય છે. વધારે પાણીથી જમીનમાં વાવેલાં બીજ પણ સડી જાય છે. જુઓ કે પાણીથીજ બીજને પોષણ મળે છે તથાપિ પ્રમાણથી વધારે પાણી આપતાં બીજનો સર્વથા નાશ થાય છે, તેવીજ રીતે મનુષ્ય આદિ પ્રાણિઓને ભોજનની જરૂરીયાતતો હોય છેજ, પણ પહેલાંનો જમેલો ખોરાક પચી ગયા પછીજ તેની જરૂર છે. સારી રીતે ભુખ લાગે ત્યારેજ તે ઉપયોગી છે. તે સિવાય જીવનના પોષણ ભૂત તે ખોરાકથીજ પોષણને બદલે પ્રાણ ખોવાનો પ્રસંગ બને છે. પ્રમાણથી અધિક પાણીથી બીજનો નાશ થાય છે તેમ પ્રમાણથી અધિક ખોરાક ખાવાથી જઠરાગ્નિ બુઝાઇ જાય છે. જેમ અગ્નિમાં લાકડાં નાંખવાથી અગ્નિ વધારે

પ્રદીપ્ત થાય છે, કેમકે લાકડાં એ અગ્નિનો ખોરાક છે અને પછી આપણે અગ્નિ પાસેથી યોગ્ય કામ કરાવી શકીએ છીએ. તો પણ હદથી વધારે એટલે અગ્નિ ઉપર વધારે લાકડાંનો ઢગલો કરવામાં આવે તો લાકડાંને બાળવાને બદલે ઉલટો અગ્નિ બુઝાઈ જશે, અને આપણું ધારેલું કામ તેથી સિદ્ધ થઈ નહિં શકે. તેમજ ભોજન એ જઠરાગ્નિ (જે પેટમાં રહેલી છે તે)નો ખોરાક છે તે પ્રમાણથી અધિક પેટમાં ભરવાથી (જઠરાગ્નિ ઉપર નાંખવાથી) જઠરાગ્નિ બુઝાઈ જાય છે, તેમ થતાં અનેક પ્રકારના રોગાદિ ઉપદ્રવો શરીરમાં ઉત્પન્ન થાય છે અને શરીર દ્વારા આપણે જે કામ લેવાનું છે તે થઈ શકતું નથી પણ અટકી પડે છે.

ભોજન કરવા વાળાએ કાળની પણ અપેક્ષા રાખવી. જેમકે ગ્રીષ્મ ઋતુ, વર્ષા ઋતુ અને શીયાળાની ઋતુ.—આ ઋતુઓમાં ઉનાળાના વખતમાં ઘણું પાણી પીવામાં આવે છે તો થોડું ખાવું જોઈએ તેથી ભોજન, પાન આદિ સુખે જરે છે—પાચન થાય છે. તથા વર્ષા ઋતુમાં સાધારણ રીતે ભોજન તથા પાણી લેવું, જેમ પેટનો છઠો ભાગ ઉણો રહે. શીયાળામાં ટાઢના વખતમાં ભોજન તેટલુંજ કરવું પણ પાણી ઓછું પીવું.

આવીજ રીતે ક્ષેત્રની અપેક્ષાએ પણ ભોજનમાં ફેરફાર કરવાની જરૂર રહે છે. રૂક્ષ, સ્નિગ્ધ અને શિશિર એમ ત્રણ પ્રકારના ક્ષેત્રો હોય છે. તેમાં રૂક્ષ ક્ષેત્ર સોરઠ દેશ આદિ તેમાં ભોજન વધારે ખાવામાં આવે છે. છતાં ઉદરનો છઠો ભાગ ન્યુન રહે તેટલું ભોજન કરવું. સ્નિગ્ધ ક્ષેત્ર કે જ્યાં આજુ બાજુ પાણી ઘણું ભરાઈ રહેતું હોય તે.

ત્યાં પ્રમાણોપેત આહાર કરવો, જેથી સુખે જરી શકે. તેમજ શિશિર ક્ષેત્ર કે જ્યાં ઘણી ઠંડી પડે છે તે કાસ્મીર આદિના પ્રદેશો. ત્યાં સુખે અન્ન પાચન થઇ શકે તેટલુંજ ખાવું. ભોજનનું પ્રમાણ અને પોતાની જઠરા અગ્નિનું બળ આ બન્ને પ્રમાણવાળાં હોવા છતાં તેવા દેશોમાં તેટલો આહાર કોઇને પાચન ન થઇ શકે એમ બને છે માટે તેણે તેટલા પ્રમાણમાં ભોજન પાનાદિ કરવું જોઇએ કે જેથી તેનું સુખે પાચન થઇ શકે.

વળી કેટલાએકને અત્યંત સ્નિગ્ધજ આહાર સુખે પરિણમે છે. કેટલાકને લુખો આહાર પાચન થઇ શકે છે અને કેટલાકને મધ્યમ આહાર પાચન થઇ શકે છે તો તેમણે તેથી વિરૂદ્ધ ભોજનની પ્રવૃત્તિ ન રાખવી.

વળી કેટલાકને વિરૂદ્ધ દ્રવ્ય જેમકે ખટાશ અને મિઠાશ, આદિનો સંબંધ પણ સુખકારી થાય છે ત્યારે કેટલાકને તે દુઃખરૂપ થાય છે. એમ સાત્મ્યના અનેક પ્રકાર છે.

વળી દ્રવ્યમાં પણ ભેંસનું દુધ, દહિં ભારે છે. ગાયનું દુધ, દહીં હલકું છે. ખાંડ, ખાદ્ય, દધિ, ઓદન આદિ પદાર્થો, પોતાની પ્રકૃતિ, જઠરનું બળ, દેશ અને કાળ ઇત્યાદિને જાણીને તથા વાત પિત્તાદિના પ્રકોપ કરનાર પદાર્થોને ધ્યાનમાં લઇને જે ભોજન કરે છે તેને ઔષધનું કાંઇ પણ પ્રયોજન રહેતું નથી. મતલબ કે તેનું શરીર નિરોગી રહે છે.

શાસ્ત્રમાં કહે છે કે મનુષ્યોએ સાત્વિક આહાર કરવો, પ્રમાણોપેત આહાર લેવો અને બને ત્યાં સુધી ઓછો ખોરાક લેવો. તેમ કરનારને વૈદની જરૂર પડતી નથી, કેમકે તે પોતેજ પોતાનો વૈદ બને છે.

આવો આહાર પણ પ્રકૃતિને અનુકુળ હોય તેજ લેવો જોઇએ. પ્રકૃતિને અનુકુળ ખોરાક શરીરને પુષ્ટ બનાવે છે. પ્રકૃતિ વિરૂદ્ધ આહાર ઘણા થોડા વખતમાંજ શરીરમાં વિકૃતિ–વિકાર કે રોગ ઉત્પન્ન કરે છે.

શાસ્ત્રમાં આ દૃષ્ટાંતો સંભળાય છે કે પુંડરીક રાજા મોટા રાજ્ય વૈભવનો ત્યાગ કરી અઠમ (ત્રણ ઉપવાસને) પારણે પ્રકૃતિ વિરૂદ્ધ ઘેંસ છાસ જેવા પ્રાકૃત આહારનું ભોજન કરવાથી રોગ આતંકથી પીડાવા લાગ્યો અને સદ્‌ભાવનામાં ત્રીજે દિવસે મરણ પામ્યો. આ પુંડરીક રાજાનું શરીર રાજ પ્રકૃતિને અનુકુળ હોવાથી અને ઘેંસ છાશ જેવા તુચ્છ હલકા આહારની તેણે ટેવ પાડેલી ન હોવાથી એટલે તેવા આહારને અનુકુળ શરીરની પ્રકૃતિ બનાવેલી ન હોવાથી આ દેહનો વખત આવ્યા પહેલાં ત્યાગ કરવો પડ્યો. આજ રીતે ઘણાજ હલકા આહારને પાચન કરવાની પ્રકૃતિવાળા શરીરને ધારણ કરનાર કંડરિક મુનિ સાધુપણું મુકી રાજ્યમાં પાછો આવ્યા પછી પ્રકૃતિ વિરૂદ્ધ ભારે પાચન ન થઇ શકે તેવો તામસીક આહાર કરવાથી ઘણોજ માંદો પડ્યો અને વિવિધ પ્રકારના રોગોનો અનુભવ કરી ત્રીજેજ દિવસે મરણ પામ્યો. આ માટેજ જ્ઞાની પુરૂષો કહે છે કે પ્રકૃતિને અનુકુળ આહાર, પાણી લેનાર મનુષ્ય શરીરે સુખી રહે છે. અને પ્રકૃતિ વિરૂદ્ધ આહારાદિ લેનાર મનુષ્ય સદા રોગી બને છે. રોગી મનુષ્ય ધર્મ અને વ્યવહાર બન્ને સાધવાને અયોગ બને છે. માટે ખરી ભુખ લાગી હોય તે અવસરે પ્રકૃતિને અનુકુળ આહાર લેવો. ધીમે ધીમે થોડા થોડા અભ્યાસથી પ્રકૃતિ વિરૂદ્ધ આહારને પણ અનુકુળ બનાવી શકાય છે.

પરસ્પર બાધા ન આવે તેમ ત્રણ વર્ગનું સાધન કરવું. ૧૯.

ધર્મ, અર્થ, કામ, આ ત્રણ વર્ગ છે. જેના વડે આત્માનો અભ્યુદય થવા સાથે મોક્ષની પ્રાપ્તિ થાય તે ધર્મ.

જેના વડે વ્યવહારના સર્વ પ્રયોજન સરલ થવા સાથે સિદ્ધ થાય તે અર્થ, જેના વડે સર્વ ઇંદ્રિયોની તૃપ્તિ થાય, અથવા સર્વ ઇંદ્રિયોને પ્રીતિ થાય તે કામ. આ ધર્મ, અર્થ, કામને અન્યોઅન્ય એક બીજા વર્ગથી બાધા, પીડા ન થાય તેવી રીતે ગૃહસ્થોએ વર્ત્તન કરવું જોઇએ.

ગૃહસ્થાશ્રમમાં રહી ધર્મ, અર્થની ઉપેક્ષા કરી કેવળ ઇંદ્રિયોને તૃપ્ત કરવારૂપ કામમાંજ જે મનુષ્યો આશક્ત થાય છે તેઓ આ ભવમાં અને ભવિષ્યમાં દુઃખી થાય છે. તેઓના ધન, શરીર અને ધર્મનો નાશ થાય છે. વિષયોની આશક્તિને લીધે ધન ઉત્પન્ન કરી શકાતું નથી. કદાચ ધનવાન્ હોય તો પણ બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિની માફક તેના શરીર અને ધર્મનો નાશ થાય છે. શરીરને કદાચ ઔષધાદિ પ્રયોગોથી જીવન પર્યંત નિરોગીપણે ટકાવી શકાય (જુઓ કે તેમ બનવું સર્વથા સંભવિત નથી) તો પણ વિષયાશક્ત જીવોમાં ધર્મપ્રાપ્તિ તો નજ હોય. એક ધર્મનો નાશ થતાં ધર્મના (પુન્યના) મૂળમાંથી ઉત્પન્ન થતા ધન તથા કામનો અવશ્ય નાશ થવાનોજ. પૂર્વનું પુન્ય નાશ પામ્યું એટલે તે દુઃખી થવાનોજ, કારણ કે નવીન ધર્મોત્પત્તિનો (પુન્યનો) માર્ગ તેણે આંહીંજ બંધ કરી દીધો છે.

ધર્મ અને કામ બન્નેનો ત્યાગ કરી એકલું ધન ઉપાર્જન કરવાથી તે જીવ કેવળ કષ્ટનો ભાગી થાય છે. ધન નાશ પામે છે. આંહી મૂકી જવું પડે છે. અથવા તેના ભોક્તા બીજાઓ થાય છે. ધર્મ ઉપાર્જન કરાતો નથી, અને પાપ ભોગવવાનું તો તેનાજ માથે આવે છે. આ દુનિયામાં તેવા મનુષ્યો કેવળ મજુરી કરનારા અથવા કષ્ટ કરી ધન ઉપાર્જન કરી તેનું રક્ષણ કરનારા ચોકીદારનીજ ગરજ સારે છે. કારણ કે નથી તો તેણે પોતાના ઉપભોગમાં તે ધન લીધું કે નથી તેનાથી કોઇ પરોપકારનાં કે ધર્મનાં કાર્ય કર્યાં.

ગૃહસ્થાશ્રમમાં રહેવું અને કેવળ ધર્મનું સેવન કરવું એ પણ બીજા પુરૂષાર્થ સાથે વિરોધ ઉત્પન્ન કરવાનું કારણ છે. એકલા ધર્મનું સાધન તો ત્યાગીઓ માટેજ છે. તેમને પણ ઉદર પોષણ માટે થોડો ઘણો પ્રયત્ન તો કરવો પડે છે, પણ તે મુખ્યતાએ ગૃહસ્થના જેવો નથી. અથવા ગૃહસ્થાશ્રમને આધારે તે આશ્રમનો નિભાવ ચાલતો હોવાથી તેમને મુખ્યતાએ ધર્મ સાધનનો પુરૂષાર્થ હોય છે. તેઓ વ્યવહાર પ્રપંચના બંધનોથી અલગ થયેલા હોવાથી તેમને કેવળ ધર્મ સાધન અડચણ કર્ત્તા નથી.

ધર્મને બાધા પહોંચાડી ગૃહસ્થોએ અર્થ અને કામનું સેવન કરવું તે પણ યોગ્ય નથી. બીજને ખાઈ જનાર ખેડુત જેમ બીજ વિના ભવિષ્યને માટે દુઃખી થાય છે તેમ ધર્મરૂપ બીજનું ભક્ષણ કરનાર અર્થાત્ ધર્મ વિનાના મનુષ્યોને ભવિષ્યમાં ધર્મ વિના કાંઇ પણ સુખ મળતું નથી. તેઓ દુઃખી થાય છે. જે મનુષ્યો ભવિષ્યના સુખમાં વિરોધ ન આવે તેવી રીતે આ લોકના વ્યવહાર માર્ગનો અનુભવ કરતા રહે છે. તેજ ખરેખર સુખી ગણાય છે.

અર્થને બાધા પહોંચાડી (એટલે ધન ઉપાર્જન કરવાનું મૂકી દઇ) જે મનુષ્યો ધર્મ અને કામનું સેવન કરે છે. તેઓ દેણાદાર થઇ દુઃખી થાય છે. ધીરનાર કોઈ ધીરતો નથી, અને પાસે કાંઇ ધનનું સાધન હોતું નથી. નવું ઉત્પન્ન કરતો નથી એટલે તેનો વ્યવહાર દુઃખરૂપ થાય છે. ભુખ્યે મરવાનો પ્રસંગ આવે છે.

કામને બાધા પહોંચાડી જેઓ અર્થ ઉપાર્જન કરે છે અને ધર્મનું સેવન કરે છે. તેના ગૃહસ્થાશ્રમનો નાશ થાય છે. પુત્રાદિ સંતતિ વિના જાતે દિવસે તેના વંશનો અભાવ થાય છે. તેનો વ્યવહાર માર્ગ બંધ થઇ જાય છે.

અર્થ કામને હાની પહોંચાડી જે ધર્મનીજ ઉપાસના કરે છે તેણે તો ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી યતિ ધર્મ–સાધુપણું અંગીકાર કરવું તેજ યોગ્ય છે. પણ ગૃહસ્થાશ્રમ કરવો તે યોગ્ય નથી. ઘરમાં રહેવું અને ગૃહસ્થાશ્રમનો આદર ન કરવો એથી તો ઘરના મનુષ્યો સાથે વિરોધ ઉભો થવાનો સંભવ છે. વૃદ્ધાવસ્થા કે નિવૃત્તિપરાયણ થવાના અનુકુળ સાધનોને લઇ, તથા ત્યાગમાર્ગ ગ્રહણ થઇ ન શકે તેવા કારણોને લઈ, ઘરનાં મનુષ્યોની અનુકુળ લાગણીને લઇને ધર્મપરાયણ થઇ ઘરમાં રહેવાનું બને તો કોઈ જાતની અગવડ જેવું નથી.

આવીજ રીતે તાદાત્વિક, મૂળહર અને કદર્યને વિષે પણ ધર્મ, અર્થ, કામને બાધા થવાનું સુલભ છે.

પૂર્વાપર કાંઇ પણ વિચાર કર્યા સિવાય ઉત્પન્ન થતા દ્રવ્યનો ખોટે માર્ગે વ્યય કરનાર મનુષ્ય તાદાત્વિક કહેવાય છે.

પોતાના પૂર્વજો, પિતા, પિતામહ ઇત્યાદિના સંચય કરેલા ધનનો જે મનુષ્ય અન્યાયથી ભક્ષણ કરે છે. તેમાં નવીન વધારો કર્યા સિવાય પૂર્વનું મેળવેલું ખાધા કરે છે તે મૂળહર કહેવાય છે.

જે મનુષ્ય પોતાના નોકર ચાકરાદિ તથા સ્વજન, કુટુંબીઓ ઇત્યાદિને પીડા ઉત્પન્ન કરી, અનેક કરો નાખી અન્યાયથી પ્રજાને લુંટીને, હેરાન કરીને, ખોટી રીતે દંડીને, પોતે દુઃખી થઇને પૈસો એકઠો કરે છે પણ પોતાના કે પરના ઉપયોગમાં આવે, સ્વ-પરનું ભલું થાય તેવા કામમાં તેનો કોઇ વખત થોડો પણ વ્યય કરતો નથી તે કદર્ય કહેવાય છે.

તાદાત્વિક અને મૂળહરને ધનનો વિનાશ થવાથી ધર્મ તથા કામનો પણ વિનાશ થાય છે, તેથી તેનું કલ્યાણ થતું અટકે છે. કદર્ય ધનનો સંગ્રહ કરે છે પણ તે લોભિષ્ટ હોવાથી તેનું ધન, અન્ય રાજા, દાયાદ, અને તસ્કર આદિના ભંડારરૂપ સમજવું. અર્થાત્ તે દ્રવ્ય, રાજા, દાયાદ અને ચોરાદિના ઉપયોગમાં આવે છે, પણ ધર્મ અને કામના હેતુ-ભૂત થતું નથી. આ ઉપરથી કહેવાનો આશય એ છે કે, ગૃહસ્થાશ્રમમાં રહેનારા મનુષ્યોએ ધર્મ, અર્થ, કામને બાધા ઉત્પન્ન થાય તેમ વર્તન કરવું એ સર્વ પ્રકારે અયોગ્ય યાને અનુચિત છે.

દૈવ વશથી પરસ્પર બાધા થવાનો પ્રસંગ આવે તો ઉત્તરોત્તર બાધા પહોંચાડી પૂર્વ પૂર્વનું રક્ષણ કરવું. જેમકે કામને બાધા પહોંચે તો ધર્મ, અર્થનું રક્ષણ કરવું. કેમકે જો આ બેની હૈયાતિ હશે તો કામનાં સાધનો ઉત્પન્ન કરવાં દુર્લભ નથી.

કામ તથા અર્થ બન્નેને કદાચ બાધા પહોંચે તો ધર્મનું રક્ષણ

કરવું, કેમકે ધર્મ તે બન્નેનું મૂળ છે. ધર્મ હશે તો તે બન્નેની પ્રાપ્તિ શુલભ છે.

આ પ્રમાણે અન્યોઅન્ય બાધા સિવાય ત્રણે વર્ગનું સાધન કરવાની ગૃહસ્થોને જરૂર છે તેમ કરવાથી આત્મધર્મની પ્રાપ્તિ સુગમ થાય છે.

અતિથી, સાધુ અને દીનજનોની સેવા કરવી. ૧૯

નિરંતર એક સરખી રીતે પવિત્ર ધર્માનુષ્ટાન કરવાવાળા અતિથી કહેવાય છે. તેઓને અમુક પર્વ, તિથી, કે જન્મ દિવસ ઇત્યાદિનો વિભાગ હોતો નથી. જેમકે " આજે અમુક તીથી છે માટે અમુક આરંભ ન કરવો. તપશ્ચર્યા કરવી. વિશેષ પ્રકારે ધર્મક્રિયા કરવી. આજે પર્વનો દિવસ છે માટે સારાં વસ્ત્રો પહેરવાં, સારૂં ખાવું ઇત્યાદિ. "

નિયમોની તેને જરૂરીઆત છે કે જેઓ આરંભ, પરિગ્રહમાં આશક્ત થયેલા છે અને કોઇ વાર, પરબે ધર્મની ક્રિયા કરે છે.

જે મહાત્માઓ નિરંતર પાપારંભથી દૂર રહે છે. નિર્મળ હૃદયથી નિરંતર ધર્માનુષ્ટાન કરતાજ રહે છે. ઇંદ્રિયદમન અને મનોનિગ્રહ સાધતાજ રહે છે. યથાયોગ્ય તપશ્ચરણ નિરંતર ચાલુજ રાખે છે, ઇચ્છાઓનો નિરોધ કર્યેજ જાય છે, જેને નિરંતર આત્મભાવમાંજ રમણતા હોય છે. ક્ષણે ક્ષણે પરભાવ–વિભાવદશાથી પાછા હઠે છે. કોઇ પણ જંતુને દુઃખ આપતા નથી. અન્યના અંતઃકરણને પોતા તરફથી જરાપણ

આઘાત ન થાય તે માટે વિશેષ સાવધાન રહે છે. તેવા મહાત્મા અતિથીઓને સર્વ પર્વ અને તિથી સરખાં છે. આજે ઉપવાસ કરવોજ જોઇએ, આજે તો આમ થવુંજ જોઇએ વિગેરે નિયમો અતિથીઓને માટે નથી, કારણકે તેઓ સ્વતઃ પોતાની મેળેજ જાગૃત થયેલા હોય છે. જેને અન્ય તરફથી જાગૃત કરવાની અપેક્ષા રહે છે તેને માટે નિયમિત નિયમોની જરૂરીયાત છે.

તિથી, પર્વ, મહોત્સ્વાદિ જે મહાત્માએ ત્યાગ કરેલા છે તે અતિથી છે. તે સિવાયનાને અભ્યાગત (ભિક્ષા માંગનાર) સમજવા. ૧

ઘણા લોકોમાં પ્રસિદ્ધિ પામેલા, સારા આચારવિચાર રાખનારા, લોકોમાં માનનીય, રાજા પ્રમુખને પૂજનીય, શિષ્ટાચારમાં ગણવાયોગ્ય તેઓ સાધુ પુરૂષો કહેવાય છે. ૨

ધર્મ, અર્થ કામ ઇત્યાદી કરવામાં જેઓ અશક્ત થયેલા હોય છે, શરીરાદિની શક્તિ જેઓની ક્ષીણુ થઇ ગઇ હોય છે. જેઓને આગળ પાછળ કોઇ પણ જાતનો આધાર રહેલોજ નથી, જેની બીજી પણ ઇંદ્રિયો નબળી પડી ગઇ છે કે ક્ષીણુ થઇ છે. તેવા અશક્ત મનુષ્યો દીન કહેવાય છે. તે અતિથી, સાધુ અને દીનજનોને અન્ન, પાણી, વસ્ત્ર, મુકામ, પથારી, ઔષધ અને પાત્ર (વાસણ) પ્રમુખ આપીને ઉપકાર કરવો. તે સર્વને પહોંચી વળવાને તમારી આગળ પૂરતાં સાધન ન હોય તો પણ, થોડામાંથી પણ થોડું આપી યથાયોગ્ય તેમની સેવા કરો.

સેવા કેવી રીતે કરવી ? ઉત્તર એ છે કે યથાયોગ્ય, ઉચિતતાનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે કરવી જોઇએ. અતિથી, સાધુ અને દીન જનો એ ત્રણ વર્ગ

છે. તેમાં પહેલા વર્ગના અતિથીઓ ચારિત્રમય-ઉત્તમ જીવન ગાળનારા છે. તેઓની સેવાભક્તિ પોતાના ભલા માટે કરવી જોઇએ. તેની સેવાથી પુન્યાનુંબંધી પુન્ય બંધાય છે. દુનિયાના વ્યવહારીક કે સંસારીક કોઇ પણ પ્રકારની આશા કે ઇચ્છા સિવાય કેવળ કર્મ ક્ષય નિમિતે-સંસારનો પાર પામવા માટેજ ગ્રહસ્થોએ તેમની સેવા કરવી.

બીજા વર્ગમાં આવેલા સાધુ પુરૂષો સાદું જીવન ગુજારનારા દરેક ધર્મના ત્યાગીઓ હોય છે, છતાં તેમનામાં આત્મજાગૃતિ થયેલી ન હોય પણ વ્યવહારીક જીવન સારી રીતે ગુજારનારા હોય છે તેમનો સમાવેશ થાય છે. વળી તેમાં સમગ્ર શિષ્ટ લોકોને સમ્મત તથા વિશેષ પ્રકારે રાજાદિકોને માન્ય હોય તેનો સમાવેશ પણ થાય છે. તેઓને પણ યથાયોગ્ય દાનાદિ આપવે કરી સેવા કરવી.

શાસ્ત્રમાં પણ કહે છે કે, કોઇ પણ ધર્મના ત્યાગીઓ પોતાને ઘેર ભિક્ષા માટે આવ્યા હોય તો તેઓનું ઉચિત્ત કાર્ય કરી આપવું, દાનાદિક આપવું, વળી રાજપૂજનીકનું વિશેષ પ્રકારે ઉચિત સાચવવું. તે સાધુઓના તરફ તમારી લાગણી બરોબર ન હોય, તેમના ગુણ તરફ તમને પક્ષપાત ન હોય તથાપિ પોતાને ઘેર આવેલા સાધુઓનું ઉચિત તો સાચવવું જોઇએ. તે ગૃહસ્થોનો ધર્મ છે, આચાર છે.

ઘેર આવેલાનું ઉચિત સાચવવું, દુઃખમાં આવી પડેલાઓનો ઉદ્ધાર કરવો, દુઃખી જીવોની દયા કરવી, તેમાં નાત, જાત કે ધર્મનો તફાવત ન ગણવો એ સર્વ દર્શનસંમત ધર્મ છે.

સમુદ્ર મર્યાદા મૂકતો નથી, પાહાડો ચલાયમાન થતા નથી, તેવી રીતે ઉત્તમ પુરૂષો કદી પણ ઉચિત આચારણનું ઉલ્લંઘન કરતા નથી.

આજ કારણથી જગતગુરૂ શ્રીમાન્ તીર્થંકર દેવોએ પણ ગૃહસ્થાશ્રમમાં માતા, પિતાદિનું ઉચિત અભ્યુત્થાનાદિ કરેલું છે, અને સંવચ્છર-વર્ષપર્યંત-સર્વ જીવોને ભેદભાવ વિના દાન પણ આપ્યું છે.

મોક્ષના ફળરૂપ દાન આપવામાં પાત્રાપાત્રની વિચારણા કરવાની છે એ વાત ખરી છે, પણ દયા કે અનુકંપા બુદ્ધિવાળું દાન તત્ત્વજ્ઞોએ કોઈ પણ ઠેકાણે નિષેધ્યું નથી. ઉચિતતાનો વિચાર કોઇ પણ સ્થળે ભૂલવા યોગ્ય નથી. એક બાજુ ઉચિતતા રાખવામાં-મૂકવામાં આવે અને બીજી બાજુ કરોડો ગુણો મૂકવામાં આવે, તેમાં ઉચિતતા વિનાના ગુણનો સમુદાય ઝેરની માફક અસર કરે છે. માટે ઉચિતતા સાચવવાની ગૃહસ્થોને ઘણી જરૂર છે.

આજ પ્રમાણે અભ્યાગતો, પોતાને દ્વારે કાંઇક સારી આશાથી આવી ચડેલા પંથીઓ, ભિક્ષુઓ, દુઃખીઓ, વિશ્રામના અર્થીઓ, અન્ન, પાણી, વસ્ત્ર, ઔષધાદિના ઇચ્છકો વિગેરેની પણ ગૃહસ્થોએ ઉચિતતા-લાયક ભક્તિ કરવી. અન્નાદિ આપી શાંતિ પમાડવી. આ પ્રમાણે પરોપકારી જીવન ગુજારવાથી પોતામાં ધર્મપ્રાપ્તિની યોગ્યતા આવે છે.

અભિનિવેશ રહિત થવું—કદાગ્રહ ન રાખવો. ૨૦

પોતાનું માનવું કે બોલવું અથવા આદરવું એ ખોટું છે, ભુલભરેલું છે, એમ અન્ય તરફથી યુક્તિસહિત કહેવામાં આવે, અને પોતાના સમજવામાં પણ તે વાત બરાબર આવી જાય કે આ બાબતમાં મારી ભૂલ થાય છે, છતાં પણ " મારૂં બોલવું અન્યથા કેમ થાય ? હું જો મારી માન્યતા બદલાવીશ તો લોકો તે સંબંધી શું કહેશે ? લોકમાં મારી હલકાઈ થશે. મારી આબરૂ જશે. " ઇત્યાદિ કારણોને લઈ જાણવા કે સમજવા છતાં પોતાનો હઠાગ્રહ કે દુરાગ્રહ છોડે નહિ તેને અભિનિવેશ કહેવામાં આવે છે. આવા કદાગ્રહથી પોતાને આત્મિક ગુણોનો કાંઈ પણ ફાયદો થતો નથી. લોકો દુરાગ્રહી કે કદાગ્રહી કહી તેને ધિક્કારે છે, નવીન ગુણ કે શિક્ષાથી તે બેનશીબ રહેછે. આ દુર્ગુણને લઈ સારા માણસો તેને યોગ્યહિતશિક્ષા આપતા નથી. તેની આવી પ્રકૃતિને લઈ લોકો હિતશિક્ષા આપતાં અચકાય છે. કદાગ્રહી મનુષ્યોની આગળ ઉત્તમ ગુણોનું દ્વાર સદાને માટે બંધજ રહે છે. તેઓ લાયક થઇ શકતા નથી. તેની યોગ્યતા કે લાયકાતના ઉપર એક મજબુત આવરણનો પડદો આડો આવી પડે છે. કદાગ્રહી મનુષ્ય બન્ને દુનિયાની ઉત્તમતાથી ભ્રષ્ટ થાય છે. સરલતા સિવાય કર્મ આવરણનો પડદો પાતળો થતો નથી. સરલ સ્વભાવવાળા મનુષ્યોને હિતશિક્ષા આપનારા ઘણા મળી આવે છે. સરલતાવાળા જીવોને હિતશિક્ષા ઘણી સહેલાઇથી પરિણમે છે. માટે કદાગ્રહ મૂકી દઈ સરલતાવાળા થવું. યોગ્ય યુક્તિ પ્રમાણે સરલતાથી વસ્તુ તત્ત્વનો સ્વીકાર કરવો, પણ પોતાની મતિ જ્યાં દોરાયેલી

હોય ત્યાં કદાગ્રહથી ધસડાઈ જવું નહિ. કહ્યું છે કે, આગ્રહી મનુષ્યો જ્યાં પોતાની બુદ્ધિએ પ્રવેશ કરેલો હોય ત્યાં યુક્તિને ખેંચી જાય છે. ત્યારે પક્ષપાત રહિત સરલ મનુષ્યની બુદ્ધિ તો જ્યાં યુક્તિ જતી હોય ત્યાંજ પ્રવેશ કરે છે. અભિનિવેશ વિનાનાં મનુષ્યોજ ધર્મપ્રાપ્તિને યોગ્ય થાય છે.

ગુણને વિષે પક્ષપાત કરવો. ૨૧

ગુણી પુરૂષોનું બહુ માન કરવું, તેમની પ્રશંસા કરવી, તેમના છતા ગુણો અનેક મનુષ્યોની જાણમાં આવે તેમ દુનિયામાં ફેલાવવા. તેમને સહાય કરવી અનુકુળતા પ્રમાણે યોગ્ય સગવડો કરી આપવી, તેમના દેહાદિકનું રક્ષણ થાય તેમ કરવું, ઇત્યાદિને ગુણનો પક્ષપાત કહે છે. ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, સજ્જનતા, ઉદારતા, દાક્ષિણ્યતા, સ્થિરતા, પવિત્રતા, ધર્મશીળતા, પરોપકારતા, નિરિહતા, આત્મરમણતા—ઇત્યાદિ ગુણો કહેવાય છે. આ ગુણો ગુણી (આત્મા) શિવાય રહી શકતા નથી. એટલે ગુણનો પક્ષપાત કરવો એમ જે ઠેકાણે કહ્યું હોય ત્યાં તેવા ગુણવાન્ મનુષ્યોને વિષે રાગ કરવો એમ સમજવું. ગુણ તરફ લાગણી ધરાવનારા મનુષ્યો ગુણવાન્ મનુષ્ય તરફ આકર્ષાય છે. તેથી તેના સહવાસમાં તેઓ આવે છે. અનુક્રમે તે ગુણીના ગુણોનું અનુકરણ કરવા માટે પણ શક્તિવાન્ થાય છે. આ વાત તો નિર્વિવાદ છે કે ઇચ્છા પ્રમાણે વહેલી કે મોડી મનુષ્યોની પ્રવૃત્તિ થાય છે. સદ્ગુણની ઇચ્છા હોવાથી મનુષ્ય સદ્ગુણી બને છે. ગુણાનુરાગ એક નળીના જેવો છે. પાણીની ભરેલી ટાંકીમાં નળ લગાડવાથી નળદ્વારા ટાંકીનું પાણી બાહાર આવે છે તેને ઉપયોગમાં લઇ

મનુષ્યો સુખી થાય છે. અર્થાત્ પાણીદ્વારા મળતા સુખનો અનુભવ કરે છે. તેવીજ રીતે ગુણી મનુષ્યોરૂપ ટાંકીમાં ગુણાનુરાગ—ગુણના પક્ષપાત—રૂપ નળ લગાડવાથી તે ગુણીમાં રહેલું ગુણરૂપ પાણી બાહાર આવે છે. પોતામાં આવે છે, અને તે ગુણનો અનુભવ કરી મનુષ્યો સુખી થાય છે.

આ દૃષ્ટાંતમાં વિશેષ તો એ છે કે ટાંકીમાંથી નળદ્વારા નીકળતા પાણીમાંથી ટાંકી ખાલી થાય છે, પણ આ ગુણના પક્ષપાતરૂપ અપૂર્વ નળ છે કે તેમાંથી ગુણ લેવા છતાં પણ ગુણીના ગુણો ઓછા થતા નથી. આતો દીપકના જેવોજ અનુભવ છે. એક દીવા ઉપરથી સો નવા દીવા પ્રગટાવી—સળગાવી જો—પણ પહેલા દીવામાંથી જરાપણ તેજ ઓછું થયા સિવાય સેંકડો દીવાઓ નવા પ્રગટાવી શકાય છે. તેમજ ગુણાનુરાગથી પોતે ગુણવાન્ થઇ શકાય છે, અને ગુણીમાંથી જરાપણ ગુણો ઓછા થતા નથી. ગુણનો પક્ષપાત કરવાથી મહાન્ પુન્યરૂપ વૃક્ષના બીજને સિંચન કરાય છે. તે બીજ જ્યારે વૃક્ષનું રૂપ ધારણ કરે છે ત્યારે તેમાંથી નિર્વાણ સુધીનાં ફળો પ્રગટ થાય છે. ગુણાનુરાગથી વ્યવહાર માર્ગ પણ સરલ થાય છે, અને ધર્મપ્રાપ્તિની યોગ્યતા આવિર્ભાવ પામે છે—પ્રગટ થાય છે—માટે અવશ્ય ગુણનો પક્ષપાત કરવો.

અયોગ્ય દેશ, કાળમાં ફરવું નહિં. ૨૨

વેશ્યાનાં નિવાસ કરવાનાં સ્થાન, જુગાર રમવાનાં ઠેકાણાં, દારૂનાં પીઠાંઓ, ચંડાળનાં ઘરો, માછીમાર અને કસાઇ ખાનાનાં મુકામો—ઇત્યાદિ

સ્થળોને વિચારવાન્ મનુષ્યોએ અને તત્ત્વના જાણનાર ધર્માચાર્યોએ અયોગ્ય ગણેલાં છે. તથા મનુષ્યોને આજ્ઞા પણ કરી છે કે પોતાનું ભલું ઇચ્છનારા જીવોએ તેવે ઠેકાણે જવાનો બને ત્યાં સુધી પ્રતિબંધ રાખવો જોઇએ.

ચંડાળનાં ઘરો, કસાઇખાનાં અને દારૂનાં પીઠાંઓ ઇત્યાદિ સ્થળે નિવાસ કરવાથી કે વારંવાર તે સ્થલે જવા આવવાથી હૃદય નિઠુર થઇ જાય છે. નિર્દયતાનું બીજ વવાતું જાય છે. જીવોના વધ કરવાના બનાવો વારંવાર નજરે જોવામાં આવવાથી ધીમે ધીમે હૃદયની કોમળતા સાથે દયાળુ લાગણી ઉડી જાય છે. ક્રુરતાનો નિવાસ હૃદયમાં થવા લાગે છે. તેવા સ્થાનોની પાસે રહેનારા કે નિરંતર તેવા સ્થળે ફરનારા માણસોના હૃદયની લાગણીઓ તમે બારીકાઇથી તપાસશો તો તમને માલુમ પડશે કે પહેલાંના જેવી કોમળતા કે દયાળુ લાગણીઓ અત્યારે તેમનામાં ટકી રહી નથી. તે બાબતની સુગ પણ નજીવીજ થઇ ગયેલી હશે.

જુગારનાં સ્થાનોમાં નિરંતર જવા આવવાનું કરવાથી ધીમે ધીમે પોતાની ઇચ્છા જુગાર રમવા તરફ વધતી જાય છે. જુગાર એક જાતનો હરામ ચસકો છે. વિના મહેનતે એકદમ થોડાજ વખતમાં પૈસાવાળા થવાની ઇચ્છાથી હજારો કુટુંબો પાયમાલ થઇ ગયેલાં અત્યારે નજરે દેખાય છે. જેમને ખાવાને અનાજ, પહેરવાને કપડાં તથા રહેવાને ઘર પણ રહ્યાં નથી. જુગારીઓને ભીખ માંગવાના કે આપઘાત કરવાના સંખ્યાબંધ દાખલાઓ મોટા મોટા શહેરોમાંથી તમને મળી આવશે. આવાં નિષેધ કરેલાં અયોગ્ય સ્થાનમાં જવું, તેઓની પ્રવૃત્તિ ઉપર લક્ષ આપવું અને તેવા હલકા ખવાસના મનુષ્યોના સહ-

વાસમાં આવવું એ, તે તે દુર્ગુણોનું બીજ છે, દોષોની મૂળ ઉત્પત્તિનાં કારણો છે. ગમે તેવા પણ દોષોની શરૂઆત ઘણા નાના પ્રમાણમાં જ હોય છે, પણ તેજ શરૂઆત છેવટે મોટું ભયંકર રૂપ ધારણ કરે છે અને મનુષ્યોને પાયમાલ થવાનો વખત તેનાથી આવે છે.

દારૂના પીઠામાં ફરવાથી, સોબત પણ તેવા હલકા વિચારના માણસોનીજ થવા સંભવ છે. સોબતની અસર ધીમે ધીમે થાય છે, અને છેવટે તેવા દુર્ગુણોમાં જીવો ફસાય છે. કોઇ મજબુત વિચારનો ધર્મિષ્ટ જીવ કદાચ તેવા વ્યસનમાં સપડાતો નથી તો પણ તે સ્થાનજ એવું છે કે તે સ્થાને જતા દેખીને લોકોને વહેમ—કે શંકા આવ્યા સિવાય રહેતી નથી. વળી દારૂના પીઠામાં ફરનારા મનુષ્યો ભાગ્યેજ ઉત્તમ આચરણવાળા હોય છે. તેમના સહવાસથી લાંબા વખતે મનુષ્યો પોતાના છતા ગુણો ભૂલી જઇ તેવા હલકા વ્યસનમાં ફસાઇ પડે છે.

વેસ્યાના મુકામોમાં વારંવાર જવા આવવાથી તેઓના હાવ, ભાવ, ચેન, ચેષ્ટા, ચાળા વિગેરે જોવાથી મનુષ્યો પોતાના સદાચારથી ભ્રષ્ટ થયા સિવાય ભાગ્યેજ રહે છે. એક દુર્ગુણ અનેક દુર્ગુણોને મેળવી આપે છે. એક ભુલ અનેક ભુલો કરાવે છે. વેસ્યાને ત્યાં જનારમાં અસત્ય બોલવાના, ચોરી કરવાના, પરસ્ત્રી ગમન કરવાના, વિશ્વાસઘાત કરવાના, દારૂ પીવાના કે તેથી પણ આગળના મોટા મોટા દોષો ઉત્પન્ન થવાના અનેક પ્રકારે સંભવ રહે છે. તેથી મનુષ્ય અનેક વ્યસનોમાં જોડાય છે. છેવટે વ્યવહારના નીતિમાર્ગથી અને ધર્મના પવિત્ર માર્ગમાંથી પણ ભ્રષ્ટ થવાનો પ્રસંગ બને છે. લોકોમાં નિંદાપાત્ર થાય તે વાત તો જુદીજ રહી.

વિરૂદ્ધ કાળમાં ફરવું તે પણ માણસના ભલા માટે થતું નથી. રાત્રીના વખતમાં બહાર ભટકતા ફરવું, તેમાં પણ મધ્ય રાત્રીના વખતે એકલા ફરવું તે તો બહુ જોખમ ભરેલું છે. એજ વિરૂદ્ધકાળ કહેવાય છે. રાત્રીએ એકલા ફરતાં, ચોર, પરસ્ત્રી લંપટ ઇત્યાદિની લોકને શંકા થાય છે. તેમ રાજા તરફથી કે શત્રુ આદિથી પણ ઉપદ્રવ થવાનો સંભવ રહે છે. માથે ખોટા અપવાદો પણ આવે છે.

ઘરનાં કોઇ કામકાજ પ્રસંગે, કે ઘણી જરૂરીયાતવાળા પ્રસંગે બાહાર રાત્રે જવું પડે તેને માટે આ વાત નથી. તે વખતે તો કોઇ સાથે હોય અગર પાસે દીવો-બત્તી હોય અથવા કોઇને ખબર આપીને ગયા હોઇએ તો ઘણે ભાગે તેવી અડચણો આવવા સંભવ નથી. અથવા કોઇ દેશમાં લડાઇ ચાલતી હોય ત્યાંના રાજાએ હુકમ કર્યો હોય કે અમુક સ્થળે કોઇએ જવું નહિં, અથવા અમુક વખતે બાહાર નીકળવું નહિં, તો તે પ્રમાણે વર્તન ન કરે તો તે વિરૂદ્ધ દેશ, કાળ, ગમન કહેવાય છે. તેથી જીવની તથા ધનમાલની હાની થવાનો પ્રસંગ આવે છે. આજ્ઞાભંગ કરવાથી રાજા દંડે છે. અથવા જાસુસ (છુપા સમાચાર મેળવનાર) તરિકે સમજી દેહનો પણ વધ કરે છે. ઇત્યાદિ અનેક પ્રકારે વિરૂદ્ધ કે નિષેધ કરેલા અયોગ્ય દેશ, કાળમાં જવા આવવાનો ત્યાગ કરવો.

પોતાના બળનો કે નિર્બળતાનો વિચાર કરી કોઇપણ કાર્ય કરવું. ૨૩

કોઇપણ કાર્યની શરૂયાત કરતાં પહેલાં તે કાર્ય કરવામાં પોતાનું સંપૂર્ણ બળ છે કે કેમ? તે કાર્ય પોતે પાર ઉતરી શકશે કે કેમ? તેનો વિચાર કરવો. મારા પોતામાં કેટલું બળ છે? તે તે કાર્યો મારા એકથીજ પાર પડી શકે તેમ છે? બીજાની મદદની જરૂર પડશે? જરૂર પડે તો મને મદદ કરવાવાળા કેટલા છે? તેઓ ખરે અવસરે મદદ કરી શકશે કે? તેઓ કદાચ ખરે અવસરે કોઇ કારણથી મદદ ન કરી શકે તો હું એકલો કેટલું કામ કરી શકું તેમ છું? આ ક્ષેત્ર તે તે કાર્ય પાર ઉતરવાને લાયક છે? આ વખતે આ ઋતુમાં તે કાર્ય કરી શકાય તેમ છે? તે કાર્યને લાયક કયું ક્ષેત્ર યોગ્ય છે? કયો કાળ અનુકુળ છે? તેવું આરોગ્ય હું ધરાવું છું કે કેમ? મારામાં તેટલી હિમ્મત કે? ઇત્યાદિ અનેક પ્રકારના વિચારો કરી પોતાને યોગ્ય જણાય કે જરૂર આ કાર્યમાં મને ફતેહ મળશે તો તે કાર્યની શરૂયાત કરવી અને ને કાર્ય કરવામાં પોતાની નિર્બળતા જણાય તો તે કામ બંધ રાખવું અથવા તેમાં કોઇની મદદ મેળવવી, અથવા અનુકુળ સામગ્રી મળી આવે ત્યાં સુધીને માટે તે કાર્ય બંધ રાખવું.

પોતાના બળનો વિચાર કર્યા સિવાય બળવાન્ સાથે વિરોધ કરતાં પ્રાણ ખોવાનો પ્રસંગ આવે છે. જેમ સીંહ વર્ષા ઋતુમાં મેઘની ગર્જનાને સાંભળી, તેને પોતાનો વિરોધી સમજી, તેના સામી ગર્જનાઓ કરે છે, અને આકાશ તરફ ઉંચો ઉછળે છે. પરિણામ એ આવે છે કે

આમ પછાડીઓ ખાઇને તથા ગર્જનાઓ કરીને સીંહ પોતાનો પ્રાણ ખોવે છે. આમ થવાનું કારણ પોતાથી અધિક બળવાન્ સામે વગર વિચારે વિરોધ કરવાનું છે.

સતાનીક રાજા ઉપર ચંડ પ્રદ્યોતન રાજા ચડી આવ્યો હતો. તેના ભયથી સતાનીક રાજા મરણ પામ્યો. તેની રાણી મૃગાવતીએ વિચાર કર્યો કે શત્રુ બળવાન્ છે. પતિ મરણ પામ્યો છે. કુંવર હજી બાળક છે. મારો દેશ નાનો છે. સૈનિક સામગ્રી પુરતી નથી. આ વખતે શત્રુના સામા થવાથી પોતાનો તથા પ્રજાનો નાશ થશે. પોતાની નિર્બળતા સમજી બળવાન્ શત્રુ સાથે નમ્રતાથી એવી રીતે કામ લીધું કે દેશનો બચાવ થયો, રાજ્યપુત્રનંજર બચ્યું, પ્રજાનું રક્ષણ થયું અને પોતાનું શીયળ–સતીપણું ટકાવી રાખ્યું. અને શત્રુ પરાભવ પામ્યો. આ સર્વ વિચારબળનું પરિણામ છે.

આ સંબંધમાં એક કલ્પીત પણ ઉપયોગી સમજવા લાયક દૃષ્ટાંત છે કે, પોતાથી અધિક બળવાન સાથે વચન માત્રથી પણ વિરોધ ઉત્પન્ન ન કરવો.

હિમાલયના પાહાડ ઉપર એક શાલ્મલીનો વૃક્ષ મહાન્ વિસ્તાર વાળો હતો તેની શાખાઓ ચારે દિશા તરફ વિખરાયેલી હતી. છાયા, પત્ર, પુષ્પ અને ફળો વડે અનેક જીવોને વિશ્રાંતિના સ્થાનરૂપ તે વૃક્ષ હતો. હજારો પંખીઓ, અને સેંકડો ગમે તે પશુ તથા મનુષ્યો તેની સુંદર અને શિતળ છાયાનો આશ્રય લઇ શાંતી પામતા હતા. મુસાફરો, તપસ્વીઓ અને વનવાસીઓ પણ તેના ફળોથી ઉદરાગ્નિને શાંતિ આપતા હતા.

એક વખત નારદજી ત્યાં આવ્યા. આ વૃક્ષની રમણીયતા દેખી

તેઓ ખુશી થઈ તે વૃક્ષને કહેવા લાગ્યા. શાલ્મલી! આ તારી વિશાળતા, રમણીયતા, મનોહરતા, તે જોઇ મને ઘણો આનંદ થાય છે. અનેક પશુ પક્ષીઓ, વટેમાર્ગુઓ, તપસ્વીઓ અને વનવાસીઓ તારો આશ્રય લઇ આનંદ અનુભવે છે. તારાં વિશાળ ડાળાં, પાંખડાંઓ વાયુએ ભાંગ્યા હોય તેમ જણાતું નથી. શું તારે પવન સાથે પ્રીતિ છે? અથવા પવન શું તારો મિત્ર છે? આ પ્રચંડ પવન ચોડે છેટે રહેલા પર્વત ઉપરનાં વૃક્ષોને તથા પાહાડનાં શિખરોને પણ તોડી નાખે છે અને તને કાંઇ નુકશાન ન કરતાં તારૂં રક્ષણ કરે છે. માટે મારૂં એમ માનવું છે કે તારી સાથે મિત્રાઇ રાખી પવન તારૂં રક્ષણ કરે છે એમાં કાંઇ શંસય લાગતો નથી.

વળી 'હું તમારો છું' આ પ્રમાણે તું વાયુ આગળ નમ્રતા ધારણ કરે છે તેથી વાયુ તારૂં રક્ષણ કરે છે, તેથીજ તું આ પર્વતપર રહી રહેલો છે.

આવાં નારદનાં વચનો સાંભળી શાલ્મલીએ જવાબ આપ્યો—નારદ! વાયુ મારો મિત્ર નથી. મારો બાંધવ નથી. મારો સ્નેહી નથી. તેમ તે મારો માલીક નથી, કે જેથી તે મારૂં રક્ષણ કરે, વાયુ કરતાં મારૂં તેજ કે બળ વિશેષ સમર્થ છે. મારા બળ આગળ વાયુ કાંઈ ગણતીમાં નથી. પ્રચંડ વાયુને આવતો દેખી મારા બળથી હું તેને અટકાવું છું આ પ્રભંજન (સર્વને ભાંગી નાખનાર વાયુ) મારાથી બહુવાર હારીને નાશી ગયેલ છે. વાયુના અત્યંત કોપથી પણ હું ભય પામતો નથી.

નારદે કહ્યું—શાલ્મલી! તારૂં બોલવું મને ગર્વભરેલું અને વિપરીત લાગે છે. વાયુના સમાન, બળવાન મને કોઇ જણાતું નથી. તું તો વનસ્પતિ માત્રજ છે. તું તેની બરોબરી ક્યાંથી કરી શકે? વાયુની

મદદથીજ સર્વ પ્રાણિઓ પૃથ્વી ઉપર હાલવા, ચાલવા કે જીવવા આદિની ક્રિયાઓ કરે છે. તે અધિક થાય, કે સર્વથા બંધ થાય. તો જીવન ધારણ કરવુંજ મુસ્કેલીવાળું થઇ પડે છે. તું તેનો સત્કાર કરતો નથી એટલી તારામાં દુર્બુદ્ધિ છે. તું નિર્બળ છે. અભિમાનથી ઉચ્છૃંખલ છે. તારામાં સબળ નિર્બળતાનો વિચાર કરવાની બુદ્ધિ નથી. તારાં આ અભિમાની વચનો હું પવનને કહીશ.

આ પ્રમાણે સાલ્મલીને કહી નારદજી પવન પાસે આવ્યા અને સાલ્મલીનાં અહંકારી વચનો કહી સંભળાવ્યાં. વિશેષમાં ઉમેર્યું કે તે વૃક્ષ તારૂં અપમાન કરે છે. તેણે તને ધિક્કારવાળાં વચનો કહ્યાં છે. તું તો સર્વમાં ઉત્તમ છે, મોટો છે, ક્રોધમાં યમ સરખો છે.

નારદનાં વચનો સાંભળી વાયુ તે વૃક્ષ પાસે આવ્યો.

વાયુ કહે છે—શાલ્મલી ! નારદજીની આગળ તેં મારી નિંદા કરી છે. હું તને ઓળખું છું. હું મારો પ્રભાવ તને બતાવીશ. મેં આજ સુધી કૃપાથી તારૂં રક્ષણ કર્યું છે. તારા પરાક્રમથી તારૂં રક્ષણ થયું નથી. તું મારૂં અપમાન કરે છે તેથી તને મારૂં બળ હું દેખાડીશ. જેથી તારી માફક મારૂં કોઈ અપમાન ન કરે, અને તારા દૃષ્ટાંતથી બીજાને શીખામણ લેવાનું પણ મળી આવે.

આ વચન સાંભળી હસતાં હસતાં શાલ્મલીએ કહ્યું—પવન ! તું ગમે તેટલો બળવાન હો, પણ તારાથી હું બીહીતો નથી. તારા કરતાં હું વધારે બુદ્ધિવાન્ છું. બુદ્ધિ આગળ બળ નકામું છે. બુદ્ધિમાં બળવાન તેજ બળવાન્ છે. તું તારૂં સ્વરૂપ ખુશીથી બતાવ.

પવને કહ્યું—ભલે જો એમજ છે તો કાલે સવારે હું તને મારૂં બળ બતાવીશ, એમ કહી વાયુ ત્યાંથી ચાલ્યો ગયો.

વાયુના જવા પછી શાલ્મલી વિચારવા લાગ્યો કે, વાયુના બળ સાથે મારૂં બળ કાંઇ નથી. હું જે વચન બોલ્યો તે સર્વે મિથ્યા હતાં. વાયુની સાથે બાથ ભીડવાને હું સમર્થ નથી. હવે તો બુધ્ધિબળથી વાયુના ભયમાંથી મુક્ત થવા સિવાય બીજો કોઇ ઉપાય નથી.

આ પ્રમાણે વિચાર કરી ક્ષોભ પામેલા શાલ્મલીએ પોતાની ડાળીઓ, શાખાઓ, પાંદડાં, ડાળાં વિગેરે પોતાની મેળેજ પાડી નાખ્યાં. એમ ડાળાં, પાંદડાં વિનાના વૃક્ષે સવારમાં ક્રોધ પામેલા સુસવાટા મારતા, અનેક વૃક્ષોને ઉખાડી નાખતા પવનને પોતાની આગળ આવીને ઉભો રહેલો દીઠો. પવને શાલ્મલીની આવી સ્થીતિ જોઇ હર્ષથી હાસ્ય કરતાં શાલ્મલીને કહ્યું—શાલ્મલી! તેં તારાં ડાળાં પાંખડાં કાપી નાખવારૂપ કષ્ટ પોતાની મેળેજ અંગિકાર કર્યું છે. હું પણ તને આતુંજ કષ્ટ ઉત્પન્ન કરનારો હતો. તારા પોતાના દુષ્ટ વિચારથી તું પોતાની મેળેજ મારા સામર્થ્યના વશમાં આવી પડયો છે. તારા અભિમાનનું ફળ તને મળી ચુક્યું છે. મારા સામર્થ્યનો વિચાર ન કરતાં મારી સામે તેં બાથ ભીડી, તેનું પરિણામ તેં પ્રત્યક્ષ અનુભવ્યું છે. તારા હાથેજ તારો નાશ થયો છે. તારી સઘળી સંપત્તિનો તેંજ, તારા અભિમાનેજ નાશ કર્યો છે.

પવનનાં વચનો સાંભળી શાલ્મલી ઘણું શરમાયો. પોતાનાં વચનનો પશ્ચાત્તાપ થયો અને પોતાનું સામર્થ્ય વિચાર્યા વિના મોટા સાથે બાથ ભીડવાથી પોતાની સંપત્તિનો વિનાશ થયો તેથી તેને ઘણું દુઃખ થયું, પણ તે અત્યારે તો નિરૂપયોગીજ હતું. હવે તે સંપત્તિ તરતમાં પાછી મળે તેમ ન હતી. સંપત્તિહિન થયેલા વૃક્ષને ધીટકાર આપી પવન ત્યાંથી ચાલ્યો ગયો.

બળવાન્ સામે અશક્તોએ—નિર્બળોએ—વિરોધ કરવાથી તેનું પરિ-

ણામ વિપરીત, દુઃખમયજ આવે છે. એમ જાણી બુધ્ધિવાનોએ વિચાર પૂર્વક કાર્યનો આરંભ કરવો.

પોતાની સબળતાનો કે નિર્બળાનો વિચાર પ્રથમથીજ સર્વેકાર્યોમાં કરવો અને તે પ્રમાણેજ શરૂયાત કરવી. વેપાર, હુન્નર, ઉદ્યોગકળા, વિદ્યા, ઇત્યાદિ જેટલાં જેટલાં વ્યવહાર ઉપયોગી જરૂરીયાતનાં કાર્યો છે તે સર્વે સ્થળે પોતાના બળાબળની વિચારણાની જરૂરીયાત છે. તેમજ કોઇ વ્રતનિયમો લેવામાં, તપ કરવામાં, કે ચારિત્રાદિ માર્ગનો સ્વીકાર કરવાનો હોય તે વખતે પણ પોતાની ઉમર, તેને લાયક ક્ષેત્રો, તેમાં પોતાની મજબુત લાગણીઓ, આજુબાજુના સંયોગો, અનુકુળ વખત ઇત્યાદિનો વિચાર કર્યા પછી તેની શરૂયાત કરવામાં આવે તોજ તેમાં વિજય મળે છે. નહિંતર તેવાં ઉપયોગી કાર્યોમાં પોતાના બળનો ઉપયોગ સારી રીતે કર્યા છતાં પણ પરિણામ યોગ્ય આવતું નથી. એટલુંજ નહિં પણ થોડી ઘણી શક્તિ હોય તેનો પણ નાશ થાય છે અને ભાવી ઉત્સાહ વિનાશ પામે છે. માટેજ વારંવાર એજ જણાવવામાં આવે છે કે કાર્યની શરૂયાત પહેલાં તે કામ માટે પોતાની લાયકાત, અનુકુળતા અને મદદગાર શક્તિનો વિચાર કરવો, અથવા એકલા પોતાના સામર્થ્યનો પણ વિચાર કરવો. જેટલું પોતાનું બળ હોય તેટલા થોડા નાના પાયા ઉપર શરૂયાત કરો તો હરકત નથી, પણ તેથી પ્રારંભેલ કાર્યનો પાર પામી શકશો તથા બીજાં મોટાં કાર્ય કરવાનું પણ બળ તમારામાં પ્રગટ થશે.

વ્રતધારી અને જ્ઞાન વૃદ્ધ પુરૂષોની સેવા કરવી. ૨૪.

ઇંદ્રિયોને જીતનારા અને મનને કાબુમાં રાખનારા મનુષ્યો વ્રતધારી કહેવાય છે. ઇચ્છાઓમાં ફસાઇ ન જવું પણ ઉલટી ઇચ્છાઓને પોતાને આધીન રાખવી તેજ વ્રત લેવાનું ફળ છે. તેવા વ્રતધારી મનુષ્યોની સેવા કરવી.

આ વ્રતધારી મનુષ્યોની સેવા શા માટે કરવી ? તેનું કારણ એ છે કે તેઓ ઘણાજ ઉત્તમ આચરણોવાળા હોય છે. ઉત્તમ આચરણોથી આ દુનિયામાં સુખી થવાય છે. લોકો તેવા ગુણવાન્ ઉપર પ્રીતિ રાખે છે. આ દુનિયાના કોઇપણ જાતના સુખની તેમને ઇચ્છા હોતી નથી. એક ઉદર નિર્વાહનીજ તેમને જરૂરીયાત હોય છે અને તે પણ તેમના ઉત્તમ સંતોષવાળા ગુણને લઇ પૂર્વ કર્મના પ્રારબ્ધ અનુસારે મળી રહે છે. આ કારણથી તેઓ પોતાનું જીવન ઘણી ઉંચી જાતનું પવિત્રપણે ગાળે છે. તેમની સેવા કરવાથી તેમના ઉત્તમ ગુણો તરફ આપણી પ્રીતિ વધે છે. તેઓ આપણને યોગ્ય હિત શિક્ષા આપે છે. નઠારા દુર્ગુણોના દોષો બતાવી તેઓ તેને દૂર કરવા ઉપદેશ આપે છે, તેમને સારા આચરણથી સુખી થતા જોઇને આપણને પણ સારા આચરણ રાખવાનું મન થાય છે, અને થોડે ઘણે ભાગે જ્યારે આપણે તે પ્રમાણે વર્તીએ છીએ ત્યારે આપણે પણ સુખી અને સંતોષી બનીએ છીએ. આ સર્વ ગુણ તે વ્રતધારી પુરૂષોની સેવાનુંજ ફળ છે. આવા પુરૂષોની સેવા કરવી એટલે શું સમજવું ? તેઓની આજ્ઞા માનવી તેમના કહયા મુજબ ચાલવું. તેઓ આવતા હોય તો ઉભા થઇ, સામા જઇને માન આપવું. વીનય કરવો. તેમને પગે લાગવું, તેમની સાથે નમ્રતાથી બોલવું. તેઓ

ત્યાગી હોય તો તેમને ખાવાપીવાનું, વસ્ત્રો અને મુકામ વિગેરેની સગવડ કરી આપવી. ગૃહસ્થ હોય તો ઉભા થઇ જવું, નમ્રતાથી બોલવું ઇત્યાદિ વ્રતધારીની સેવા ગણાય છે.

આવા વ્રતધારી ત્યાગી પુરૂષો હોય, અથવા ગૃહસ્થના વ્રતો પાળનાર, તપશ્ચર્યાદિ કરનાર મનુષ્ય હોય છતાં તે જ્ઞાનવાન્ ન હોય તો તેની સેવાથી જે ફળની ઇચ્છા રાખીએ છીએ તે મળી શકતી નથી. કારણકે જ્ઞાની પુરૂષો ત્યાગ કરવા લાયક, ગ્રહણ કરવા લાયક અને જાણવા લાયક એમ ત્રણ પ્રકારના જ્ઞાનથી દુનિયાના સર્વ સુખ દુઃખનાં કારણોને જાણવાવાળા હોય છે. તેથી પોતે તે પ્રમાણે વર્ત્તન કરે છે અને બીજાને પણ તેવો યોગ્ય માર્ગ બતાવે છે. ત્યારે આવા જ્ઞાન સિવાયના એકલાં વ્રતો કે તપશ્ચરણ આદિ ક્રિયા કરનારા જીવોને પોતાના કર્ત્તવ્યનુંજ જ્ઞાન ન હોવાથી બીજાને તે કેવી રીતે હિતોપદેશ આપી શકશે? તેઓ જે વ્રતાદિ કે તપશ્ચર્યાદિ કરે છે તે પણ ઓઘસંજ્ઞાએ (ઉંડી સમજણ વિના) અથવા આવતા ભવમાં કે આ ભવમાં સુખી થવા માટે કરે છે. તેમને મન સુખી થવું એટલે પૈસો મળે, સ્ત્રી, પુત્રાદિ પરિવાર મળે, રાજ્ય વૈભવ મળે એટલુંજ હોય છે. માટે વ્રતધારીઓ પણ જ્ઞાનમાં વૃદ્ધ થયેલા હોવા જોઇએ. તેમને જ્ઞાન પરિણમેલું હોવું જોઇએ.

જેમ એકલી ક્રિયાવાળા વ્રતધારીઓ જ્ઞાનમાર્ગ ન જાણતા હોવાથી ઉપયોગી નથી તેમ એકલા પુસ્તકના જ્ઞાનવાળા જ્ઞાનીઓ પણ ઉપયોગી નથી. કારણ કે જેઓ સત્ય અસત્યને જાણે છે, છતાં પોતેજ તે પ્રમાણે વર્ત્તન કરતા નથી, તો તેનું જાણપણું શા કામનું ? એકલા ભોજનને જાણવાથી પેટ ભરાતું નથી, પણ ખાવાથી પેટ ભરાય છે

તેમ એકલા જાણવાથી ફાયદો નથી પણ તે પ્રમાણે ચાલવાથી ફાયદો થાય છે. માટે જ્ઞાનવાળા પણ વ્રતધારી ઉત્તમ આચરણવાળા હોય તેવા પુરૂષોની સેવા કરવી. તેથી તેઓ પોતાનો અનુભવ આપણને સમજાવે છે. તેથી આપણને થોડા વખતમાં ઘણું જ્ઞાન સમજવાનું બને છે. કેમકે આખી જીંદગી પર્યંત તેઓએ વાંચીને, સાંભળીને, અનુભવ કરીને જેજે નિર્ણયો મેળવ્યા હોય છે તેવા નિર્ણયો આપણે જાતે અનુભવવા બેસીએ તો ઘણો વખત લાગે છે. માટે તે સર્વ અનુભવો આવા ઉત્તમ જ્ઞાની વ્રતધારી પુરૂષો પાસેથી પ્રથમ મેળવવા અને ત્યાર પછી વધારાના અનુભવ માટે નવો પ્રયાસ કરવો. આથી આપણી જીંદગીમાં આપણે ઘણું જાણી સમજી અનુભવી શકીએ તેમ બને છે.

જ્ઞાનમાં વૃદ્ધ પુરૂષની સેવા કરવી એમ કહેવામાં હેતુ એ છે કે નવીન જ્ઞાન ભણનાર અને તેનો અનુભવ નહિં લેનાર પુરૂષ પાસેથી આપણને સંતોષ થાય, પરિણામે સુખરૂપ નિવડે અને તેવા વિચારો કોઈ વખત બદલવા ન પડે તેવું પૂર્વાપર અવિરોધી જ્ઞાન નહિં મળી શકે. કેમકે હજી તેણે શરૂઆત કરેલી છે ત્યારે વૃદ્ધ અનુભવી પાસેથી તે સર્વ ઘણી સહેલાઇથી મળી શકશે, કારણ કે તે સર્વ તેણે અનુભવ્યું છે. તેમની પરિણતિ ઠરેલ કે જામેલ હોવાથી તે સર્વ જ્ઞાન તેમણે પચાવેલું હોય છે. ત્યારે આવી રીતે જ્ઞાનને નહિં પચાવેલા યુવક જ્ઞાનીઓ ઉછળતી પ્રકૃતિવાળા હોવાથી જ્ઞાનના અજીર્ણ થયેલા સ્વભાવવાળા હોય છે એટલે તેમની હિત શિક્ષાની બરાબર અસર થતી નથી. છતાં યુવાન જ્ઞાનીઓ બધા એક સરખા નથી હોતા, યુવાન જ્ઞાનીઓ પણ કેટલાક શાંત પ્રકૃતિના ગંભીરતાવાળા અને જ્ઞાનની અજીર્ણતા થયા વિનાના હોય છે. એટલેજ એમ કહેવામાં આવ્યું છે કે ઉમરમાં

વૃદ્ધ નહિં પણ જ્ઞાનમાં વૃદ્ધ અને વ્રતધારી પુરૂષોની સેવા કરવી. તેઓનો યોગ્ય ઉપદેશ જન્મ મરણના દુઃખથી મૂકાવા પર્યંત ફળદાતા થાય છે. ત્યારે વ્યવહાર ઉપયોગી થાય તેમાં શી નવાઇ ?

પોષણ કરવા લાયકનું પોષણ કરવું. ૨૫

પોષણ કરવા લાયક માતા, પિતા, પતિ, પુત્ર, પુત્રી, વિધવા બ્હેન, નાનાભાઇઓ અને બીજાં પણ અશક્ત કુટુંબી વર્ગ, ઇત્યાદિને ગણવામાં આવે છે. પોષણ કરવું એટલે તેમને અનાજ, વસ્ત્ર, રહેવાનું મુકામ ઇત્યાદિ જોઇતી સગવડો પુરી પાડવી–મેળવી આપવી. પુત્રો નાના હોય ત્યારે તેઓનું પોષણ કરવું, અને મોટાં થતાં યોગ્ય વ્યવહારીક કેળવણી આપી, વ્યાપાર, હુન્નર, ઉદ્યોગ કે તેવાંજ આજીવીકાનાં સાધનભૂત કામોમાં જોડી આપવાં. પુત્રો પોતાની આજીવીકા ચલાવવાને લાયક થયા પછી તેનું પોષણ કરવાની ફરજ પીતાને માથે રહેતી નથી. પણ તે વૃદ્ધ કે મોટી ઉમરનાં અશક્ત માતાપિતાઓનું રક્ષણ કે પોષણ કરવાની ફરજ પુત્રોપર આવી પડે છે. મા, બાપોએ પોતાની ફરજ અદા કરી પુત્રોને ભણાવી ગણાવી યોગ્ય વ્યવહારમાં–આજીવીકાનું સાધન પોતે ચલાવી શકે તેવી સ્થિતિમાં–લાવી મૂક્યા હોય તો પછી પુત્રો પોતાની ફરજ બજાવવાને ચૂકે તો તેના જેવો બીજો કૃતઘ્ન કોણ ગણાય ? તેવી સ્થીતિમાં કદાચ માબાપો પુત્રોને કોઈ અગત્યનાં કારણસર કે લાચારીના કારણસર મૂકી ન શક્યા હોય તથાપિ પુત્રોએ તેમના પોષણ માટે પોતાની ફરજ બજાવતાં કદાપિ પણ પાછા ન હઠવું જોઇએ–કારણ કે જન્મદાતા તરિકે પણ તેઓ ઉપકારી છે.

વિધવા બ્હેન કે દુઃખી પુત્રી, અથવા અશક્ત ભાઇઓ કે તેવાંજ કુટુંબી વર્ગનું પણ પોષણ કરવાની જરૂરીયાત છે. જે કુટુંબમાં પોતાનો

જન્મ થયો છે, તે કુટુંબ પોતાની શક્તિ છતાં પણ ભોજનાદિ વિના દુઃખી થતું હોય તો તે ઘરના શક્તિવાન આગેવાનને ઘણુંજ શરમાવા જેવું કે નીચું જોવરાવનારૂં તેનાથી બીજું અધમ કૃત્ય શું હોઇ શકે? ધનાઢ્ય ગ્રહસ્થોએ, પોતાના કુટુંબને પોતાના જેવી સ્થિતિમાં લાવી મૂકવા માટે પ્રયત્ન કરવો જોઇએ. કુટુંબની લાજ તે પોતાની લાજ આબરૂ છે. એક કુટુંબની નબળી સ્થિતિમાં બીજું ધનાઢ્ય કુટુંબ મદદ કરતું રહે, તેને યોગ્ય રસ્તે ચડાવતું રહે તો તે કુટુંબો સારી સ્થિતિમાં ટકી રહે છે, નહિંતર મદદના અભાવે ધીમે ધીમે બધાં કુટુંબો પાયમાલ થઇ ગરીબ સ્થિતિએ પહોંચે છે.

વૃક્ષો પણ એક બીજાની ઓથથીજ ટકી રહે છે. એક બીજાની છાયા પણ તેમને મદદકર્તા થઇ પડે છે. તે સિવાય મજબુત પણ એકલાં પડી ગયેલાં વૃક્ષોનો લાંબા કાળે પણ વિનાશ થયા સિવાય રહેતો નથી. તેમજ આ કુટુંબો પણ મદદ વિના નિરાધાર થઇ અનુક્રમે છીન્ન ભિન્ન થઇ નામશેષ થઇ જાય છે. માટે પોષણ કરવા યોગ્યને પોષણ આપવાની જરૂર છે. જે ગૃહસ્થો આ ફરજ બજાવવામાં પાછા હઠે છે, લોકોમાં તેમનો અવર્ણવાદ બોલાય છે. અપયશ ફેલાય છે. તેમની આબરૂ ઓછી થાય છે. લાયકતા નાશ પામે છે. પોતાના આશ્રિતોને ભુખ્યે મારવાં કે ભુખ્યે ટળવતાં રાખવાં, કે નજરે જોવાં તેથી દયાળુપણાની લાગણી ઉડી જાય છે. નિર્દયતા વૃદ્ધિ પામે છે. પોષક વર્ગના દુઃખી નિશાશાને લઇ તેવીજ નિર્દયતા પોતાના ઉપર પાછી ઘાત પ્રત્યાઘાતના નિયમાનુસાર ઉતરવાનો પણ પ્રસંગ બને છે. આશ્રિતોનું પોષણ કરવું તે ઉત્તમ પુરૂષોનું લક્ષણ છે.

આવીજ રીતે આશ્રિતોને નિરાધાર સ્થિતિમાં ટળવળતાં મૂકી ત્યાગ

માર્ગ અંગિકાર કરવો તે પણ ત્યાગ ગ્રહણ કરનારની અયોગ્ય દશાનેજ સુચવે છે. લોકોને અધર્મ પ્રાપ્ત કરવાના કારણ રૂપ તે બને છે. ઉદર નિર્વાહના દુઃખને લઇ તે આશ્રિત વર્ગ ઉન્માર્ગે ચાલવાનું શરૂ કરે તો તેથી ધર્મની હેલના થાય છે. ત્યાગ માર્ગ ગ્રહણ કરવાની પ્રબળ ઇચ્છા હોય તો પણ પોતાને માથે આવી પડેલી ફરજ બજાવવા નિમિત્તે તેટલા વખતને માટે પોતાની ઇચ્છાને ગૌણ કરી (મુલતવી રાખી) નિરાધાર આશ્રિતોને ખાવા પીવા આદિની અનુકુળતાનાં સાધનો મેળવી આપવાં, અને ત્યાર પછી તેઓની સમ્મતિથી ત્યાગ માર્ગ ગ્રહણ કરવો. કદાચ માતા, પિતા, સુશીલ સ્ત્રી આદિ અપંગ હોય, આંખે આંધળાં હોય અને તેમનું રક્ષણ કરનાર પોતા સિવાય અન્ય કોઇ ન હોય તો દિક્ષા લેવાનું બંધ કરીને પણ તેમની સેવાભકિત કરવી અને ઘેર બેઠાં જેટલું સાધન બને તેટલું અધિક કરતા રહેવું, પણ તેમને નિરાધાર કરી, રખડતાં મૂકી ત્યાગ માર્ગ લેવાથી પોતાનું કદી પણ કલ્યાણ થવાનું નથી. કારણ કે જે મનુષ્ય પોતાને માથે આવી પડેલી ફરજ બજાવવાનું પોતાનું કર્તવ્ય સમજતો નથી તે ત્યાગમાર્ગ લઇને પણ પોતાની ફરજ પુરેપુરી કદી બજાવી શકવાનો નથી. બીજાને ઉદ્વેગ ઉત્પન્ન કરનારને કોઇ સ્થળે સમાધિ (શાંતિ) મળતી નથી. ગમે તેવી મહેનતનાં કાર્ય કરીને પણ આશ્રિતોનું પોષણ કરવુંજ જોઇએ. તેમજ પોતે જેનું રક્ષણ કરે છે તેઓ જે કાંઇ યોગ્ય કાર્ય કરી શકે તેવાં હોય તેમને કાંઇ પણ યોગ્ય કાર્ય બતાવવું જોઇએ. નહિંતર તેઓની શક્તિ બાહાર આવ્યા વિના દટાઇજ રહે છે. અથવા પોતાની શક્તિનો તેઓ દુરૂપયોગ કરે છે. તેવાં માણસોપર કરેલો ઉપકાર અપકાર કરવા સરખો થાય છે. માટે તેઓ શક્તિવાળાં હોય તો યોગ્ય

કાર્યમાં જોડવાં અને તેની પોતે જાતે તપાસ રાખવી. કાર્ય કરવાને અશક્ત પોષ્ય વર્ગ હોય, અથવા માતાપિતાદિ વૃદ્ધાવસ્થાનાં હોય તો તેમને યથાયોગ્ય ધર્મકાર્યમાં યોજવાં. તેઓ જેવી રીતે ધર્મકાર્ય કરી શકે તેવી જાતની અનુકુળતા કરી આપવી. બરાબર ફરજ બજાવનાર સર્વ કાર્યને માટે લાયક થાય છે.

દીર્ઘ દષ્ટિ. ૨૬.

કોઇ પણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં આ કાર્યનું પરિણામ શું આવશે ? તેનો વિચાર કરનાર, અથવા નહિં આવેલા પણ આવવાના સંભવવાળા ભય કે વિપત્તિમાંથી કે તેના પ્રતિકાર બચવા માટે આગળથી તૈયારી કરી રાખનાર મનુષ્ય દીર્ઘદષ્ટિવાળો કહેવાય છે. પણ લાય લાગ્યા પછી કુવો ખોદનાર મનુષ્ય મૂર્ખનીજ ગણતીમાં ગણાય છે, પણ પાણી આવ્યા પહેલાં પાળ બાંધનાર મનુષ્ય ડાહ્યો ગણાવા સાથે ભવિષ્યમાં સુખી થાય છે. વર્તમાનકાળને ઓળંગીને ભવિષ્યકાળનો વિચાર કરવાવાળી લાંબી દ્રષ્ટિથી યોગ્ય, અયોગ્ય, અર્થ, અનર્થ ઇત્યાદિનો નિશ્ચય કરવો જોઇએ. ભવિષ્યનો વિચાર નહિં કરનાર અને ભાવીપર આધાર રાખી વર્તન કરનારા દુઃખી થઇ વિનાશ પામે છે. પૂર્વાપર વિચારવાળી દષ્ટિથી મનુષ્યોએ કામ લેવું જોઇએ કે તે કામ માટે ભવિષ્યમાં પશ્ચાત્તાપ કરવાનો વખત ન આવે.

અનાગત કાળ સંબંધી કાર્ય માટે આગળથી ચેતીને કામ લેનાર તથા વર્તમાન, કાળમાં બુદ્ધિ પૂર્વક વર્તન કરનાર આ બન્ને મનુષ્યો સુખી થાય છે, પણ જેઓ ભાવીપર આધાર રાખી કાર્યાકાર્યના પરિ-

ણામની દરકાર રાખ્યા સિવાય પ્રવૃત્તિ કરનારા છે તેઓનો તો વિનાશજ થાય છે.

સમય આવ્યા પહેલાં સાવધ રહેનાર અને સમય આવે ત્યારે જોઇતિ બુધ્ધિનો ઉપયોગ કરનાર તે બન્ને સુખી થાય છે. પણ જે આજનું કામ આગળ ઉપર મુલ્તવી રાખનાર આળસુ છે તેનો નાશ થાય છે. તે ઉપર એક સમજવા લાયક દૃષ્ટાંત છે કે, એક પુષ્કળ જળવાળા પણ ઘણા ઉંડા નહિ તેવા જળાશયમાં ઘણા મત્સ્ય રહેતા હતા. તેમાં ત્રણ મત્સ્યો મિત્રપણે રહેતા હતા. તે ત્રણમાં એક દીર્ઘદૃષ્ટિવાળો હતો. આગળ ભાવી શું થવાનું છે તે અગાઉથી નિશ્ચય કરી શકે તેવો હતો. બીજો મિત્ર વખત આવ્યે શું કરવું તેની તત્કાળ બુધ્ધિ સુઝી આવે તેવી બુધ્ધિવાળો હતો. ત્રીજો દીર્ઘસૂત્રી એટલે હમણાં કરીશું, કાલે કરીશું. આગળ ઉપર કરીશું એમ આળશમાં વખત કાઢનાર પુર્વાપર વિચાર વિનાનો હતો.

એક વખત માછી લોકોએ મત્સ્ય પકડવા માટે પાણીના બંધ બાંધેલા હતા તે નીચાણના પ્રદેશ તરફ પાણી છોડી મૂકી વહેવરાવા માંડયા. તે જળાશયમાંથી પાણી કમી થતું જોઇને થોડા વખતમાં વિપત્તિ આવશે એમ ધારી દીર્ઘદૃષ્ટિવાળો મત્સ્ય પોતાના મિત્રોને કહેવા લાગ્યો કે મિત્રો ! આ બધા જળવાશી આપણા કુટુંબને માથે મોટું સંકટ આવ્યું છે, માટે જ્યાં સુધી આપણો આંહીથી નીકળી જવાનો રસ્તો રોકાયો નથી. ત્યાં સુધીમાં આપણે ઉતાવળે બીજી નિર્ભય જગ્યાએ જઇને રહેવું યોગ્ય છે. જ્યાં સુધી અનર્થ પાસે આવ્યો નથી ત્યાં સુધીમાં જેઓ બુદ્ધિ વડે તેનો અટકાવ કરે છે તે ભયમાં આવી પડતો નથી. માટે આપણે બીજે સ્થળે ચાલ્યા જઇએ.

તે સાંભળી આળસુ દીર્ઘસૂત્રી મત્સ્ય બોલ્યો કે, ભાઇ ! તમે ઠીક કહો છો પણ આટલી બધી ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી. હજી તો પાણી આ જળાશયમાં વિશેષ છે, માટે નિશ્ચિંત થઇ રહો.

ત્યાર પછી સમય પ્રમાણે વર્તન કરી શકનાર બીજો મત્સ્ય બોલ્યો કે, જ્યારે સમય આવશે ત્યારે શું કરવું જોઇએ તે બાબતમાં હું ભૂલ ખાનાર નથી તેથી મને કાંઇ હાની થવાનો સંભવ નથી. માટે તમને ઠીક લાગે તેમ તમે કરો.

આ વાત સાંભળીને મહાન્ બુદ્ધિશાળી દીર્ઘદૃષ્ટિ મત્સ્ય તે જળાશયમાંથી તે ચાલુ છોડી મૂકેલા પ્રવાહને માર્ગેથી નીકળીને બીજા ઉંડા જળાશયમાં પોતાના કુટુંબ સાથે જઇને વસ્યો અને તે ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કર્યો.

પછી તે માછીમારોએ જોયું કે જળાશયમાંથી જળવહી ગયું છે અને બાકી થોડા કાદવવાળા પાણીમાં ઘણા મત્સ્ય રહ્યા છે તેમ ધારી તે મત્સ્યોનેપકડી પકડીને બાંધવા માંડયા. તે થોડા પાણીવાળા જળાશયને તેમણે ડોહોળી નાંખ્યું. તે વખતે બીજા મત્સ્યો સાથે દીર્ઘસૂત્રી આળસુ મત્સ્ય પણ બંધનમાં આવી પડયો.

મચ્છીમારોએ પકડીને દોરાવતી મત્સ્યોને બાંધવા માંડયા ત્યારે બીજો સમય પ્રમાણે કરી જાણનાર મત્સ્ય પણ તે દોરી સાથે બંધાયેલા મત્સ્યોની વચમાં ભરાઇને મોઢા વડે દોરી મજબુત પકડીને ટીંગાઇ રહ્યો. પછી માછીમારો જ્યારે બધા મત્સ્યને બાંધી રહ્યા ત્યારે તે જાળને લઇને તેમણે જોયું તો સર્વને એક સરખા દોરીએ લટકાવેલા અને તેથી બંધાયેલા જોયા. પછી વધારે ઉંડા પાણીવાળા જળાશયમાં લઇ જઇને તેમને ધોઇ નાખવા માંડયા. ત્યારે પેલો સમય

પ્રમાણે કરી જાણનાર મત્સ્ય દોરી છોડી દઇને ઉતાવળે તેનાથી છુટો પડી જઇ ઉંડા પાણીમાં ચાલ્યો ગયો. પણ ત્રીજો મંદાત્મા આળસુ દીર્ઘસૂત્રી મત્સ્ય તો મરણજ પામ્યો.

આ પ્રમાણે પ્રાપ્ત થયેલા સમયને મોહથી જે ઓળખતા નથી તે દીર્ઘસૂત્રી મત્સ્યની માફક તરત વિનાશ પામે છે.

જે પુરૂષ એમ ધારે છે કે "મને શી હરકત છે" અને બુદ્ધિબળ ઉપર આળસુ રહી પ્રથમથી પોતાનું હિત જે સાધતા નથી તે સમય પ્રમાણે કરી જાણનાર મત્સ્યની માફક મરણના કે કષ્ટના સંસયમાં આવી પડે છે.

જે મનુષ્ય સમય આવી પહોચ્યાં પહેલાં દીર્ઘદૃષ્ટિ વાપરી કાર્ય કરી લેનાર થાય છે તે તથા સમય આવ્યે જેને યોગ્ય બુદ્ધિ સુઝે છે—ઉપજે છે તે બન્ને સુખી થાય છે.

સારા કે નઠારા કોઇ પણ કાર્યનો પ્રારંભ કર્યા પહેલાં બુદ્ધિમાન મનુષ્યોએ તેના પરિણામનો વિચાર ઘણી બારીકાઇથી કરવો જોઇએ. ઘણી ઉતાવળથી કરેલા કાર્યનું પરિણામ હૃદયમાં દાહ કરનાર સરખું આવે છે.

વિચાર વિનાના મનુષ્યો મનુષ્યરૂપે પશુ સરખા છે. તેમનામાં યોગ્ય અયોગ્યની પરિક્ષા કરવાનું બળ હોતું નથી. તેથી ઇચ્છાનુસાર પ્રવૃત્તિ કરતાં ઘણી સહેલાઇથી અનર્થની જાળમાં સપડાઇ જાય છે.

શંખરાજાની ગેરહાજરીમાં કલાવતી રાણીના ભાઇ તરફથી આવેલાં કંકણો કળાવતીએ પહેરેલાં દેખી તથા તે સંબંધી મોઘમ (નામ લીધા સિવાય) થતી વાતચિતોને સાંભળી કળાવતી ઉપર શંખ રાજાને ખોટો વહેમ આવ્યો. ઘણો ક્રોધ ઉત્પન્ન થયો, ક્રોધના આવેશમાં તેને કાંઇ વિચાર સુજ્યો નહિં. રાણીના બન્ને હાથ છુપી રીતે કપાવી ના-

ખ્યા તે હાથમાંથી મળેલા કંકણો ઉપરનું નામ વાંચતાં રાજાના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો, છેવટે મરવાને તૈયાર થયો. કળાવતીના શીયળના પ્રભાવે બધી વાત સારીજ થઈ, પણ વિચાર વિના ઉતાવળથી કાર્ય કરનાર શંખરાજાને જીંદગીપર્યંત તે સંબંધી પશ્ચાતાપ થયો. લોકોમાં તિરસ્કાર પામ્યો અને અવિચારીપણાનું કલંક કાયમને માટે તેના માથાપર રહ્યું. રાજા ધારત તો રાણી પાસેથી તે ખુલાસો મેળવી શકત. રાણી પણ પતિને નહિં જણાવવા માટે કે, રાજાની ગેરહાજરીમાં ભાઇ પાસેની લીધેલી ભેટ માટે માફી પણ માંગી શકત, પણ જ્યાં પૂર્વાપર વિચારને અવકાશ આપવામાં નથી આવતો ત્યાં યોગ્ય પરિણામ આવવાની આશા ક્યાંથી રાખી શકાય ?

કેદીની માફક અંતે ઉરમાં (જનાનખાનામાં) જીંદગી ગુજારનાર રાણી પાસે આવી ઉત્તમ ભેટ ક્યાંથી આવી શકે ? આંહી દીર્ઘદૃષ્ટિને અવકાશ હતો, પણ નિત્યના સર્વ કાર્યમાં તેને યાદ કરવાના અભ્યાસ વિના વગર બોલાવ્યે તે દીર્ઘદૃષ્ટિ કેમ આવીને ઉભી રહે ?

દીર્ઘદૃષ્ટિવાળા પ્રધાનો સિવાય મહાન્ રાજ્યો પાયમાલ થઇ ગયેલાં અને કાયમને માટે મરણુ સમાધિ પામેલાં આપણે જોઇએ છીએ. તેવીજ રીતે નાતમાં સંઘમાં કે ધર્મમાં તેવા દીર્ઘદૃષ્ટિવાળા નાયક વિના સહજસાજના વિચારના ભેદને લીધે નાતના કકડેકકડા થઇ જાય છે. સંઘની છિન્નભિન્ન સ્થિતિ થઇ પડે છે, અને સંપ્રદાયની અધોગતિ થતાં વાર લાગતી નથી. આ સર્વ ભવિષ્યના પરિણામનો વિચાર કર્યા સિવાય ઉતાવળથી કરાતાં કાર્યનું પરિણામ છે. ભવિષ્યના ભય માટેઅત્યારથી સાવચેત રહેવામાં ન આવે તો દુઃખદાઈ પરિણામ શોશવા માટે સર્વને તૈયાર રહેવુંજ જોઇએ. પશુઓ કરતાં મનુષ્યોમાં કાંઇ પણ તફાવત હોય તો એટલોજ છે કે મનુષ્યો ભૂત, ભવિષ્ય કે વર્ત્તમાનનો વિચાર કરી યોગ્ય માર્ગ

ચાલે છે. તે વિચાર જો મનુષ્યોમાં ન હોય તો તેમાં અને પશુઓમાં કાંઇ તફાવત સમજવાનો નથી. તે પશુ છે અને આ નરપશુ છે. વસ્તુતત્ત્વનો વિચાર કરી હિતકારી યોગ્ય કાર્યમાં પ્રવૃત્તિ કરનાર મનુષ્ય દુઃખી થતો નથી. દીર્ઘદર્શીપણું એ ઉત્તમ પુરૂષોનું લક્ષણ છે.

વિશેષજ્ઞ—સારા, ખોટાના તફાવતને જાણનાર. ૨૭

સજીવ અને અજીવ, સારી અને નઠારી, હિતકારી અને અહિતકારી, યોગ્ય અને અયોગ્ય, સદ્‌ગુણ અને દુર્ગુણ, કરવા લાયક અને ન કરવા લાયક, ઇત્યાદિ અનેક વસ્તુઓ આ દુનિયામાં રહેલી છે. પરસ્પર તેના આંતરાને—ભેદને એકથી બીજામાં રહેલા અધિક ઓછા ગુણ અવગુણના તફાવતને—જાણનાર મનુષ્ય વિશેષજ્ઞ કહેવાય છે. સારા નઠારાના તફાવતને જાણનાર મનુષ્યમાં ગુણની વૃદ્ધિ થાય છે, અને દોષોનો નાશ થાય છે. મનુષ્યોને સ્વભાવિક રીતેજ સારૂં ગમે છે. એટલે તેનું વલણ સારા તરફ થશે અને નઠારૂં ન ગમતું હોવાથી તેથી પાછો હઠશે. પણ તેમ કયારે થઇ શકે? આનો ઉત્તર એ છે કે, મનુષ્યોએ આ સારા નઠારાનો તફાવત પોતેજ શોધી કાઢવો જોઇએ. તે તફાવત જોવાની ટેવ નિરંતર રાખવી અને પ્રસંગે વસ્તુઓની સરખામણી કરતા રહેવું. દરેક મનુષ્યના સ્વભાવ, વિચાર અને આચાર સરખા હોતા નથી. દુધ નામ એકજ છે તથાપિ ગાયનું દુધ, ભેંસનું દુધ, ગર્દભીનું દુધ, ઉંટડીનું દુધ, બકરીનું દુધ, થોરનું દુધ, આકડાનું દુધ, વડનું દુધ, સ્ત્રીનું દુધ, ઇત્યાદિ દુધનો રંગ એક છતાં નામ એક છતાં, તેના ગુણ દોષમાં મોટો તફાવત છે.

મનુષ્ય જાત એક છતાં રાજા અને રાજામાં, પ્રધાન—પ્રધાનમાં, શેઠ—શેઠમાં, નોકર—નોકરમાં, પિતા—પિતામાં, પુત્ર—પુત્રમાં, ભાઇ—ભાઇમાં, બહેન—બહેનમાં, સ્ત્રી—સ્ત્રીમાં, ઇત્યાદિના ગુણુ દોષ, સ્વભાવમાં ઘણો તફાવત હોય છે.

જનાવરની જાત એક છતાં વાઘમાં, સીંહમાં, હાથીમાં, ઘોડામાં, ગધેડામાં, ગાયમાં, ભેંસમાં વિગેરે તમામ પશુઓના ગુણુ, દોષ, સ્વભાવમાં ઘણું આંતરૂં હોય છે. આજ પ્રમાણે બીજા જંતુઓમાં, પૃથ્વીમાં, પાણીમાં, વાયુમાં, અગ્નિમાં, વનસ્પતિમાં ઇત્યાદિના પણ ગુણ, દોષ, સ્વભાવમાં આંતરૂં રહેલું છે.

વિશેષજ્ઞ મનુષ્યજ આ સર્વમાં ગુણ દોષની પરિક્ષા કરી શકે છે. પરસ્પરના તફાવતને બારીક દૃષ્ટિથી શોધી કાઢે છે. તે તફાવત સમજાયા પછીથીજ ગુણની વૃદ્ધિ અને દોષનો ત્યાગ કરવામાં સમર્થ થવાય છે. આવી દૃષ્ટિવાળો મનુષ્યજ વ્યવહાર અને પરમાર્થ બન્ને માર્ગમાં પ્રમાણભૂત મનાય છે. દુનિયામાં રહેલી જડ ચૈતન્ય વસ્તુઓ આવા વિશેષજ્ઞ દૃષ્ટિવાળા પુરૂષોના સંયોગથીજ સ્વગુણ પ્રકાશ અને સ્વગુણ ઉત્કર્ષતાને પામે છે. રત્નના પરિક્ષકો જે દેશમાં નથી હોતા તેવા ભરવાડોનાજ દેશમાં ચંદ્રકાંતનું મૂલ્ય ત્રણ કોડીનું ગણાય છે.

આવી વિશેષજ્ઞ દૃષ્ટિવાળા પુરૂષના હાથમાં આવેલા અશ્વ, શસ્ત્ર, વાણી, વીણા, પુરૂષ અને સ્ત્રી આદિ વસ્તુઓ યોગ્યતાને પામે છે. ત્યારે તેજ વસ્તુઓ નાલાયક મનુષ્યોના હાથમાં જવાથી અયોગ્ય બને છે.

વસ્તુ સ્વભાવના ગુપ્ત રહસ્યને ખુલ્લું કરીને કહેવામાં આવે તો એમજ કહેવું પડે છે કે, દુનિયામાં ખરાબ કાંઇ નથી, પણ જે ખરાબ દેખાવ તમને જણાય છે તેજ પુરૂષ વિશેષની મદદથી—સુધારણા શક્તિથી

સુંદર દેખાવવાળો બને છે. અને જે સુંદરતાનો અનુભવ અમુક વસ્તુમાં તમને થાય છે તેજ સુંદરતા અમુક પુરૂષ વિશેષની શકિતથી કે સહવાસથી અસુંદર થયેલો અનુભવાશે.

એક મહાન્ દુર્ગંધતા વાળી ખાડમાં કોહાયેલું પાણી દુર્ગંધ મારતું હતું, તેજ પાણીને પ્રયત્નથી સુબુદ્ધિ મંત્રિએ એવું તો સ્વાદિષ્ટ બનાવી આપ્યું કે રાજાને તેજ પાણી ફરીવાર પણ પીવાની ઇચ્છા થઇ. પાણીનું સ્થાન પૂછતાં સુબુદ્ધિ પ્રધાને તેજ દુર્ગંધતા વાળી ખાઇ બતાવી. રાજાના માનવામાં ન આવ્યું, પણ પ્રધાને પ્રત્યક્ષ રીતે તેજ પાણી લઇને રાજાના દેખાતાં જુદા જુદા પ્રયોગો તે પાણી ઉપર કરી તેવુંજ સ્વચ્છ, અને સ્વાદિષ્ટ બનાવી આપ્યું. રાજા ઘણો ખુશી થયો.

આ ઠેકાણે વિચારને અવકાશ આપવાની જરૂર છે કે, જો વસ્તુમાં ખરાબપણાનોજ સ્વભાવ હોય તો આ સુંદરતા કયાંથી આવી? આવીજ રીતે જડ કે ચૈતન્ય બધી વસ્તુ ઉત્તમ છે પણ તેવા યોગ્ય પુરૂષની મદદથીજ તેમાંથી ઉત્તમતા પ્રગટ થાય છે, અને અયોગ્ય નિમિત્તોથી તેમાં અધમતા પ્રગટ થયેલી અનુભવાય છે.

આવીજ રીતે ગુરૂ—ગુરૂમાં દેવ—દેવમાં અને ધર્મ—ધર્મમાં પણ તફાવત રહેલો છે. વિશેષજ્ઞ દૃષ્ટિવાળો મનુષ્ય તેનો તફાવત શોધી કાઢી, યોગ્ય રીતે તેનો આશ્રય કરતાં તે તે જાતના ગુણો પોતામાં પ્રગટાવી શકે છે. ત્યારે વિશેષપણાને નહિં સમજનાર મનુષ્ય તે તે જાતના સદ્‌ગુણોથી બેનશીબ રહે છે. પશુઓ કરતાં તેવા મનુષ્યોમાં કાંઇ વિશેષ તફાવત નજ ગણી શકાય. કારણ કે ગુણ દોષ ઉપર તેની એક સરખી પ્રવૃત્તિ છે.

વિશેષજ્ઞનો બીજો અર્થ એ થાય છે કે, પોતાના સંબંધમાં ગુણ આરોપણ, અને દોષનો ત્યાગ કરવા રૂપ વિશેષને જાણે તે વિશેષજ્ઞ

કહેવાય છે. આ ઉપરથી એમ સમજાવવાનો આશય છે કે મનુષ્યોએ પોતાના જીવન સંબંધી નિરંતર તપાસ કરતા રહેવું કે, મારાં આચરણો મનુષ્યપણાને લાયક છે. અથવા પશુને લાયક મારાં કેટલાં આચરણો છે? અને સત્પુરૂષોને લાયક મારામાં કેટલાં આચરણો છે? આજે કયા ગુણનો મેં વધારો કર્યો? મારામાં કયા કયા દોષો છે? આ દોષો કયા પ્રયત્નથી કે નિમિત્તથી દૂર કરૂં? ઇત્યાદિ પોતાના ગુણ સંબંધી તપાસ કરી ગુણનો વધારો કરવો. દોષો દૂર કરવા.

જે મનુષ્ય પોતાના ગુણ દોષ સંબંધી તપાસ પણ કરી શકતો નથી તે મનુષ્ય પોતાનું આત્મ હિત કેવી રીતે કરી શકશે? તે ધર્મમાં પણ પ્રવીણ કેવી રીતે થશે?

સ્થુલીભદ્રજીએ ગુણ દોષની તપાસ કરી—વિચારણા કરી, તો તેમને સત્ય માર્ગ મળી આવ્યો. સ્થુળીભદ્રજીના પિતા સકડાળ મંત્રિનું વરરૂચિ બ્રાહ્મણના પ્રપંચને લઇ ખુન (મરણ) થયું, ત્યારે સ્થુળીભદ્ર કોસ્યા નામની વેશ્યાને ઘેર હતા. સકડાળ મંત્રિના નિર્દોષપણાની ખરી હકિકત જાણ્યા પછી પ્રધાનના મોટા પુત્ર સ્થુલભદ્રજીને પ્રધાન મુદ્રા આપવાનો રાજાએ નિશ્ચય કરી તેને બોલાવી પ્રધાન મુદ્રા લેવાનો આગ્રહ કર્યો. સ્થુલીભદ્રે રાજાનો ક્ષણિક સ્નેહ, વગર વિચાર્યે સાહસ કરવાપણું, પિતાનું અકસ્માત્ મરણ, ખટપટી રાજ્ય પ્રપંચ, શાંતિનો નાશ, ઇત્યાદિ દોષોનો વિચાર કરી, તથા ત્યાગ માર્ગથી થતા ગુણોનો નિશ્ચય કરી ત્યાગ માર્ગજ ગ્રહણ કર્યો. આ પ્રમાણે સ્વ—પર બન્નેના સંબંધમાં—લાભાલાભના વિશેષપણાનો વિચાર કરનાર મનુષ્ય બન્ને ભવમાં સુખી થાય છે.

કૃતજ્ઞ–કર્યા ગુણને જાણનાર. ૨૮

વિપત્તિમાંથી બચાવનાર, દુઃખી સ્થિતિમાં મદદ આપનાર, રોગી અવસ્થામાં સહાય આપનાર, મરણના મુખમાંથી બચાવનાર, વ્યવહારના માર્ગે ચડાવનાર, ધર્મને માર્ગે ચલાવનાર અને કોઇપણ રીતે કોઇપણ પ્રસંગમાં આપણને મદદ કરનાર ઉપકારીના ઉપકારને જાણવો, તેનો ઉપકાર ભૂલી ન જવો તે કૃતજ્ઞ કહેવાય છે. ઉપકારીનું બહુ માન કરનાર–બહુ માન આપનાર મનુષ્ય કલ્યાણના માર્ગનો અધિકારી થાય છે.

દુનિયામાં ચાર પ્રકારના મનુષ્યો છે. કર્યા ગુણને જાણનાર ૧, કર્યા ગુણને નહિં જાણનાર ૨, ગુણને બદલે ગુણ કરનાર ૩, વિના કારણે ઉપકાર કરનાર ૪, કરેલા ઉપકારને ભૂલી જનારા અસંખ્યાતા મનુષ્યો મળી આવશે. કરેલા ઉપકારને જાણનારા સંખ્યાતા મળી આવશે. ઉપકારીના ઉપકારનો બદલો વાળી આપનારા થોડા મળી આવશે. અને ઉપકાર કર્યા વિના પણ ઉપકાર કરનારા એ ચાર કદાચ મળી આવે તો મળી આવે.

કરેલા ગુણને ભૂલી જનારા અથવા ગુણ કર્યા છતાં અવગુણ કરનારા મનુષ્યો કુતરાં કરતાં પણ હલકા ગણાય છે. કારણ કે કુતરાને એક રોટલાનો કટકો નાખવામાં આવ્યો હોય તો તે પણ પોતાને આપનારનો ઉપકાર ભૂલી જતો નથી, ઘરની ચોકી કરે છે. રાત્રે ચોર કે અજાણ્યો માણસ ઘરમાં આવ્યો હોય તો તે બહાદુર કૃતજ્ઞ કુતરો ઘરના માલીકને જાગૃત કરે છે અને પોતાથી બની શકે તો તે ચોરને કરડવાને–બચકું ભરવાનું પણ ચુકતો નથી. કુતરાંઓ પણ પોતાના ઉપકારીનો બદલો આમ વાળી આપે છે, ત્યારે મનુષ્ય નામ ધરાવવા

છતાં પોતાના ઉપકારીને પાછો ઉપકાર ન કરનાર પણ તે ઉપકારને ભૂલી જનાર મનુષ્ય, મનુષ્ય નામને લાયકજ કેમ ગણાય?

સીંહ જેવાં ક્રુર પ્રાણીઓ પણ પોતાના ઉપકારીનો બદલો વાળી આપવાને ચુકતાં નથી. આફ્રીકામાં એવો એક દાખલો બન્યો હતો કે એક ગુલામ તેના ધણીના માર અને કામથી કંટાળી જંગલમાં નાશી છુટયો, ત્યાં તેને એક સીંહ પગે લંગડાતો મળ્યો. કાંટાથી તેનો પગ પાકી ગયો હોવાથી તે બહુ દુઃખી થતો હતો. તે ગુલામ આગળ તેણે પગ ધર્યો, ગુલામે કાંટા કાઢી પગે પાટો બાંધ્યો. સીંહ ભુખ્યો હતો છતાં પોતાનો ઉપકારી જાણી તેને નહિં મારતાં બીજા પ્રાણીને મારી લાવી પ્રથમ આ ગુલામને ખવરાવ્યું. બીજા સીંહાદિ આ ગુલામને ન મારે તેમ સીંહ તેનું રક્ષણ કરતો અને જંગલમાંથી જાનવરોને મારી ખાવાનું લાવી આપતો. એક દિવસે આ સીંહ કોઇ સ્થળે ગયો હતો તેવામાં આ ગુલામને પાછો તેનો શેઠ પકડીને લઇ ગયો, અને તેને મારી નાખવા માટે એક સીંહને પકડી લાવ્યા, કે તે ગુલામે જેને ઉપકાર કર્યો હતો તેજ તે સીંહ હતો. સીંહને બે ચાર દિવસ ભુખ્યો રાખી તે ગુલામ ઉપર છોડી મૂકયો. સીંહ ગર્જના કરતો તેની પાસે આવ્યો. પોતાના ઉપકારીને તેણે ઓળખ્યો. ભુખ્યો અને ખીજવાયેલો છતાં તેને ન મારતાં પોતાના ઉપકારના બદલામાં પ્રેમપૂર્વક તેના હાથ પગ ચાટવા લાગ્યો. બધા લોકોને આશ્ચર્ય થયું. ગુલામે ખરી હકીકત જણાવી કે આ સીંહ પોતાના ઉપકારીને કદીપણ નહિં મારે. છેવટે બન્નેને છોડી મૂકયા. આ ઉપરથી સમજવાનું કે સીંહ જેવા ક્રુર પ્રાણીઓ પણ પરોપકારનો બદલો આપવાનું ભૂલતાં નથી. તો મનુષ્ય જેવું વિચારવાન્ પ્રાણી થઈ તે બદલો આપવાનું ભૂલી જાય

તેના જેવું બીજું અધમ કોણ ગણાય ? એક કવી કહે છે કે પૃથ્વી ! જે મનુષ્યની પરને ઉપકાર કરવાની બુદ્ધિ છે તેને, તથા કરેલા ઉપકારને જે નથી ભૂલી જતા તેવા બે જાતના માણસને તારી પીઠ ઉપર તું ધારી રાખ. અથવા બીજાને તું નીચા પટકી દે. અથવા આ બે જાતના મનુષ્યોએજ હે પૃથ્વી! તને ધારણ કરી રાખી છે. નહિંતર તું આમ અધર કેમ રહી શકે ?

પૃથ્વી કહે છે કે કવીશ્વર! ખરી વાત છે કે આ મોટા મોટા પર્વતો અને સમુદ્રો મારી પીઠ, ઉપર મજબુતાઇથી બેઠા છે તેનો મને જરા પણ ભાર લાગતો નથી પણ આ કૃતઘ્ન પુરૂષો—ઉપકારીનો ઉપકાર ભૂલી જનારા—અથવા ઉપકારી ઉપર પણ અપકાર કરવા વાળા—અને વિશ્વાસ-ઘાત કરનારા એ બે પુરૂષોનોજ મને વધારે ભાર લાગે છે. અર્થાત્ આ બે જાતના પુરૂષો પૃથ્વી ઉપર ભારભૂત છે. તેના બોજાથી પૃથ્વી ભારે મરે છે. મનુષ્યો અને પશુઓ તો શું, પણ ઝાડ જેવાં અવ્યક્ત ચૈતન્યપણે જીવન ગુજારનારાંઓ પણ કરેલા ઉપકારનો બદલો વાળ-વાને ચુકતાં નથી. પોતાની બાલ્યાવસ્થામાં પોતાને પાણી પાયેલું છે એમ જાણી પીધેલા પાણીનું સ્મરણ કરતી, અરે ! કરેલા ઉપકારનો બદલો વાળી આપવાનું ધ્યાનમાં રાખતી નાળીયેરી, પોતાના માથા ઉ-પર જીવિત પર્યંત ભાર ઉપાડીને, મનુષ્યોને અમૃત સમાન પાણી તથા ફળ આપ્યાજ કરે છે. ખરી વાત છે કે ઉત્તમ જીવો કરેલા ઉપકારને ભૂલી જતા નથી. અહા! આવાં વૃક્ષો પણ કરેલ ઉપકારનો બદલો વાળી આપે છે, તો જેઓ મનુષ્ય છતાં બદલો આપવાનું ભૂલી જાય છે તે-ઓએ ખરેખર શરમાવું જોઇએ તેઓએ પોતાના ગુરૂ તરિકે કુતરાં, સીંહ, અને વૃક્ષોને સ્વીકારીને પ્રત્યુપકાર કરવાના પાઠો તેમની પાસેથી શીખવા જોઇએ.

શ્રીપાળ મહારાજાએ, ધવળ શેઠનો સહજ કરેલો ઉપકાર—ખરેખર કહીએ તો ઉપકાર ન હતો પણ તેની સાથે જવાથી પોતાને રીદ્ધિની પ્રાપ્તિ થઇ—આટલા નિમિત્ત માત્રના પણ ઉપકારને યાદ કરી અનેક વાર અપકાર કરવા છતાં અરે! દેહનો નાશ શુદ્ધાં કરવાના પ્રયત્નો કર્યા છતાં, તેમણે પોતાની સજ્જનતા છોડી નહિં, અને અનેક વાર તેનો બચાવ કર્યો. આખરે તો પરિણામ જે આવવાનું હતું તેજ આવ્યું. કૃતઘ્નોનો તો ક્ષયજ થાય છે, છતાં એકવાર પણ ઉપકાર કરનારાના સો અપરાધો સુધી પણ જેઓ માફ કરે છે તેજ ઉત્તમ પુરૂષો છે. અધમ પુરૂષો ઉપર સોવાર ઉપકાર કર્યા હોય તો પણ એક વખતના અપરાધેજ તેઓ સો વખતના ઉપકારને ભૂલી જાય છે.

ઉપકાર કરનારનોજ છેવટે અભ્યુદય થાય છે. કૃતજ્ઞપણું ધારણ કરનાર મનુષ્ય ઉંચામાં ઉંચી સ્થિતિએ પહોંચે છે.

જેવી રીતે વ્યવહાર માર્ગમાં ઉપકારીના ઉપકારનો બદલો ભૂલવા જેવો નથી, તેવીજ રીતે ધર્મ માર્ગમાં પણ હિતશિક્ષા આપનાર, જ્ઞાન-માર્ગ બતાવનાર, આત્મ ઉદ્ધાર થવાનો રસ્તો દેખાડનાર, ગુર્વાદિકનો ઉપકાર કોઇપણ રીતે ભૂલવા યોગ્ય નથી. વ્યવહારના ઉપકાર કરતાં પણ આ ઉપકાર ઘણાજ ઉંચા પ્રકારનો છે, અને તેનો બદલો કોઇ પણ રીતે વળી શકે તેમ નથી, છતાં બને તેટલું કૃતજ્ઞપણું રાખવું, અને બદલો આપવાને તૈયાર રહેવું.

લોકોને વ્હાલા થવું. ૨૯

આપણે આપણું વર્ત્તન એવું સારૂં રાખવું જોઇએ કે લોકોને વલ્લભ થવાય. લોકો આપણા પર પ્રેમ રાખે. જુઓ કે લોકોને માટે આપણે સારૂં વર્ત્તન કરવાનું નથી. સારૂં વર્ત્તન કરવાથી આપણુંજ ભલું થાય છે, પણ તે સારૂંજ વર્ત્તન છે કે કેમ ? તેની નિશાની એ છે કે, લોકોને તમે વાહાલા લાગો, ત્યારે તમારે સમજવું જોઇએ કે તમારાથી સારૂં વર્ત્તન થાય છે. આપણું વર્ત્તન લોકોને દુઃખરૂપ ન થાય, પણ સારૂં લાગે તેવું બનાવવું જોઇએ.

આ લોકપ્રિયતા વિનય કરવાથી, પ્રિય બોલવાથી, નમ્રતા રાખવાથી અને સરલતા ધારણ કરવાથી મેળવી શકાય છે.

ગુણવાન્ મનુષ્યોનો વિનય કરવો, એટલે તેમને નમસ્કાર કરવો, ઉભા થવું, સામા જવું, આસન આપવું, તેઓ કોઇ જોડે વાતચિત કરતા હોય તો વચમાં ન બોલવું, ગડબડ ન કરવી, જોઇતી વસ્તુની પુછા કરવી, જોઇએ તે લાવી આપવું, તેઓ બતાવે તે કામ કરવું, સભ્યતાથી વર્ત્તવું, ઇત્યાદિ વિનય કહેવાય છે.

વિનય કરવાથી ગુણવાન્ થવાય છે, ગુણવાન્ ઉપર લોકો પ્રેમ રાખે છે, સારી લાગણી ધરાવે છે, સારી લાગણી ધરાવનારા મનુષ્યને અનેક મદદગાર થાય છે, તેથી વિવિધ પ્રકારના સુખની સગવડતા મળવા સાથે લક્ષ્મીની પણ પ્રાપ્તિ થાય છે.

ગુરૂનો વિનય કરવાથી તેના ઉપર ગુરૂ પ્રસન્ન થાય છે, પ્રસન્ન થઇને હિત શિક્ષા આપે છે; હિત શીક્ષાથી જ્ઞાન મળે છે, જ્ઞાનથી મોક્ષ થાય છે, મોક્ષ થવાથી કાયમનું સુખ મળે છે.

બીજાને પ્રિય લાગે તેવું મધુર વચન બોલવાથી મનુષ્યોને સંતોષ થાય છે. આંહી એટલું ધ્યાનમાં રાખવાનું કે ખોટું બોલીને કે કોઇની જુઠી ખુશામત કરીને, કે અછતા ગુણ બોલીને બીજાને ખુશી કરવા નહિં, પણ વિનય પૂર્વક નમ્રતાથી બોલવું, ઉદ્ધતાઇથી રાડો પાડી પાડીને બોલવું નહિં, કઠોર વચન ન બોલવું, કોઇને તુંકારે તુંકારે ન બોલાવવા, પણ ભાઇ ! આવો ! બેસો ! ક્યાં પધાર્યા હતા ? ક્યાં પધારશો ? કેમ મારા જેવું કાંઇ કામકાજ છે ? હોય તો સુખેથી ફરમાવશો. આવાં વચનો બોલવાં તે મધુર વચન કહેવાય છે. નાની ઉમરનાં બાળકો આવાં વિનય ભરેલા શબ્દો બોલે તો લોકો તેથી તેના ઉપર બહુજ ખુશી થાય છે. મોટી ઉમરવાળા મનુષ્યોએ પણ વિનય ભરેલા શબ્દો બોલવા. મધુર વચન બોલવામાં ક્યાં પૈસા બેસે છે ? મીઠા શબ્દો બોલવામાં દરિદ્રતા શા માટે રાખવી ? મધુર શબ્દ બોલનાર ઉપર લોકો બહુજ પ્રસન્ન થાય છે. ત્યારે કટુક શબ્દ, કઠોર શબ્દ, ગર્વવાળા શબ્દો, ઉદ્ધતાઇ ભરેલા શબ્દો, અપમાન કરનારા શબ્દો, નિંદાવાળા શબ્દો કે તેવાજ હલકા શબ્દો બોલનારા પર લોકો નારાજ થાય છે. શું કોયલ તમને કાંઇ આપી દે છે અને કાગડો તમારૂં કાંઇ લઇ જાય છે ? કાંઇજ નહિં. છતાં કોયલના ઉપર પ્રીતિ થાય છે. કાગડા ઉપર ક્રોધ આવે છે તેને ઉડાડી મૂકવાનું મન થાય છે, અને કોયલને વધારે બોલાવવાની ઇચ્છા થાય છે. આનું કારણ શું ? તેના શબ્દોજ કે બીજું કાંઇ ?

મધુર શબ્દો ઉત્પન્ન કરનારૂં માધુર્ય મનુષ્યોને સ્વાધિન છે તો ક્યો ડાહ્યો મનુષ્ય આનંદદાયક મધુરતાનો ત્યાગ કરી કટુક શબ્દનો પ્રયોગ ચાલુ રાખશે ?

માયા, છળ-પ્રપંચ, કપટ વક્રતા ઇત્યાદિનો ત્યાગ કરી સરલ સ્વભાવી થવું. જેવું હોય તેવું નિખાલસ દીલથી બોલી દેવું. આથી લોક પ્રિય થવાય છે. વિવિધ પ્રકારની વિદ્યા, કળાદિનો અભ્યાસ કરીને, તથા દુનિયાના વ્યવહાર માર્ગમાં પણ પ્રવીણતા-કુશળતા મેળવ્યા છતાં જો બાળકોની માફક સરલતાવાળું જીવન ગુજારાય તો તે મોટા ભાગ્યની નિશાની છે. છળ-પ્રપંચ સમજવાંજ નહિં એમ કહેવાનો આશય નથી. વ્યવહારનો માર્ગ તેવો છે કે જેવાની જોડે તેવા થવું એમાં કોઈ તમારી આડે આવતું નથી. ભલે બધું જાણો સમજો, પણ સામાની સરલતાનો લાભ છળ પ્રપંચથી ન લેવો. તે વખતે તો નિર્દોષ બાળકના જેવુંજ સરલતાવાળુંજ આચરણ કરો, અને બનતા પ્રયત્ને જેવાની જોડે તેવા થવા કરતાં સરલતાનો તમારો સ્વભાવ ન બદલાવો, પરિણામ સારૂંજ આવશે. ઘણા હલકા સ્વભાવના મનુષ્યો પોતાની આવી બુદ્ધિનો ઉપયોગ છળ, [illegible] પૈશુન્ય વક્ર ઉક્તિ અને પરને ઠગવામાં કરે છે ત્યારે સોનાની માફક નિર્વિકાર સ્થિતિમાં રહેનારા સત્પુરૂષો પોતાની બુદ્ધિનો સદ્ઉપયોગ કરે છે.

આર્જવતા (સરલતા-નિષ્કપટતા) એ મોક્ષનો સરલ માર્ગ છે. વ્યવહારનો પણ ઉત્તમ માર્ગ છે. ઇત્યાદિ ગુણોવડે લોકપ્રિય થવાય છે. ગુણવાન્ ઉપર લોકો પ્રીતિ રાખ્યા સિવાય રહેતા નથી. લોકપ્રિય મનુષ્યનું વચન સર્વ મનુષ્યો માન્ય કરે છે; તેનાથી ધર્મની પણ વૃદ્ધિ કરી શકાય છે.

જે મનુષ્યો પોતાના અવિનય, કઠોર ભાષણ, છળ પ્રપંચી, ક્રોધી, સ્વભાવ અને ઉદ્ધત પ્રકૃત્તિથી લોકોને અપ્રિય થઈ પડે છે, તે પોતે તો લોકમાં નિંદાય છે. પણ તેના અપવાદને લઇ તેની નાત, જાત, કુલ,

ધર્મ આદિને પણ તે નિંદાવે છે. તેના અપવાદને લઇ લોકો નિંદા કરે છે કે જુઓ ! અમુક ધર્મના, નાતના કે સમુદાયના આગેવાનોના આચરણો, કે વિચારો, કે વચનો ! આમ ધર્માદિને દૂષિત કરાવવા વડે કેવળ પોતેજ નહિં, અન્યને પણ બોધી લાભના નાશના કારણભૂત થાય છે. માટે લોકપ્રિય થવાનો ગુણ મેળવો. ગુણોજ ગૌરવને માટે થાય છે. આડંબરનું કાંઇ પ્રયોજન નથી. સુગંધતા કે સૌંદર્યતાને લઇ દૂર વનમાં ઉગેલાં પુષ્પોને પણ મનુષ્યો ઉપયોગમાં લે છે. તેનો આદર કરે છે ત્યારે પોતાનાજ શરીરથી ઉત્પન્ન થયેલો મેલ, ગુણ વિનાનો હોવાથી લોકો ફેંકી દે છે. સામગ્રી સારી મેળવો. કામ કરો. કારણથીજ કાર્ય સિદ્ધ થાય છે. લોક વલ્લભ થવાની ઇચ્છા પણ કરવી નહિં પડે. લોકો ગુણ દેખીને વગર તેડાવ્યાજ તમારી શોધમાં નીકળી પડશે. તમને અનુકુળ થશે.

લજ્જાવાન્ થાઓ. ૩૦

લોક વિરૂદ્ધ, શાસ્ત્ર વિરૂદ્ધ, ધર્મ વિરૂદ્ધ જે જે કાર્યો છે, તેના નિષેધ કરેલાં વિરૂદ્ધ કાર્યમાં ધિઠાઇ પૂર્વક વર્તન કરવું તે નિર્લજતા કહેવાય છે. તે નિર્લજતા જેમાં નથી તે લજ્જાવાન્ કહેવાય છે. લજ્જાવાન્ મનુષ્ય પ્રાણ જતાં પણ અંગિકાર કરેલા સારા કામનો ત્યાગ કરતો નથી. લજ્જાળુ મનુષ્ય તેનું ચાલે ત્યાં સુધી ખોટા કામમાં પ્રવૃત્તિ કરતો નથી. કર્મના પ્રબળ ઉદયને લઇ કદાચ તેવા કામમાં પ્રવૃત્તિ કરવાની ઇચ્છા થાય છે તો તેને મનમાંજ દબાવી દે છે. કોઇ અનિવાર્ય કારણથી તેવા કામમાં તે

પ્રવૃત્તિ કરે પણ ખરો, તો પણ તેવી નિર્લજ્જતાવાળી હદપારની ખરાબ પ્રવૃત્તિ તેની હોયજ નહિં. સંકોચ પામતા મને કોઇ પણ કાર્ય કરીને તત્કાળ તેની પ્રવૃત્તિથી પાછો હઠે છે. તેને કોઇ તેવા કામ માટે સહજ પણ ઇશારો કરે કે, “ તમારા જેવા સારા માણસો આવું કામ કરે તે શું યોગ્ય કહેવાય ? ” આટલી શિક્ષા પણ તે લજ્જાવાન્ માણસને મરણથી અધિક થઇ પડે છે. પોતાનું મુખ લોકોને બાહાર બતાવવું તે પણ તેને અસહ્ય થઇ પડે છે, અને ફરીથી કોઇ દિવસ તેવા કામમાં પ્રવૃત્તિ કરતો નથી. ખરેખર આ લજ્જાનો ગુણ કહેવાય છે.

આ લજ્જાળુ ગુણનો ઉપયોગ આપણાથી કોઇ અકાર્ય કે ખોટું કાર્ય કરાતું હોય ત્યાં કામે લગાડવાનો છે. પણ સારાં સારાં કાર્ય કરવાનાં હોય, કોઇ ધર્માદા ખાતાનાં કાર્ય કરવાનાં હોય, કોઇ પરમાર્થનાં કાર્ય કરવાનાં હોય ત્યાં તો આનંદ અને ઉત્સાહથી ભાગ લેવો જોઇએ. આગળ પડીને કામ કરવું જોઇએ, તે ઠેકાણે લાજ રાખવાની કે શરમાવાનું કાંઇ પણ કારણ નથી. કેટલાંએક માણસો કોઇ ધર્મનાં સ્થળે ધર્મ વ્યાખ્યાન થતું હોય, કે મંદિરે દર્શન કરવા જવાનું હોય કે કોઇ મહાત્મા પુરૂષોની પાસે જવું હોય તો ત્યાં જતાં શરમાય છે. તે ગુર્વાદિકને નમસ્કાર કરતાં, કે પગે લાગતાં પણ શરમાતા હોય તેવો ડોળ કરે છે. ખરેખર આ ઠેકાણે શરમાવાની જરાપણ જરૂર નથી, અને તેમની આ શરમ તે શરમ ગણાતી નથી પણ તેમનો આ પ્રમાદ, આળસ, અજ્ઞાનતા અભિમાન કે અવિનયપણુંજ સૂચવે છે.

ખોટાં કાર્યમાં શરમ રાખો, પણ આ કાર્યમાં શરમ શા માટે રાખવી જોઇએ ? કેટલાએક માણસો ભુખ્યાં હોય તો પણ ખાવાનું માંગતાં શરમાય છે. સગાં સંબંધીઓને ત્યાં જઇ અરધા ભુખ્યાં ઉઠીને

વેર આવે છે. આ ખોટી શરમ છે તેથી કાંઇ ફાયદો થતો નથી. ખાવાની શરમ, પેસાબ કરવાની, ઝાડે જંગલ જવાની, મળ દુર કરવાની, પોતાના પૂજનીક વર્ગનો વિનય કરવાની, ધર્મગુરૂ પાસે જવાની, રોગને છુપાવવાની, અને પોતાના વિશ્વાસ લાયક સાચી સલાહ આપનાર પૂજ્ય વર્ગની પાસે પાપ છુપાવવાની ઇત્યાદિ કામમાં શરમ રાખવાથી લાભને બદલે મોટું નુકશાન ભોગવવું પડે છે.

ખાવાની શરમથી ભુખ્યા રહેવું પડે છે. પેશાબ, ઝાડો ઇત્યાદિ દુર કરવા માટે રખાતી શરમથી શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. પૂજ્ય વર્ગનો વિનય કરવામાં શરમ રાખવાથી તેમના અવિશ્વાશી થવાય છે, તેમ થતાં વ્યવહારનો ધનાદિ સંબંધી લાભ મળતો નથી. તેઓ આપણને અભિમાની કે ઉદ્ધત સમજે છે. ધર્મગુરૂ પાસે જવાની શરમથી આપણા આત્માના ભલા માટેના હિતોપદેશ કે ધર્મોપદેશથી આપણે બેનસીબ રહીએ છીએ તેથી આપણા કલ્યાણનો માર્ગ સદાને માટે બંધ થઇ જાય છે. રોગને છુપાવવાથી તે રોગ ઉંડાં મૂળ ઘાલે છે કે છેવટે આ દેહનો ત્યાગ કરવાનો—મરવાનો—પ્રસંગ આવે છે. યોગ્ય મનુષ્ય પાસે પાપ છુપાવવાથી આપણા દુર્ગુણોમાં સુધારો થતો અટકે છે. સાચી સલાહ વિના પાપમાં વધારો થતો રહે છે. પ્રાયશ્ચિતાદિ નિવારણના ઉપાયો તેઓ તરફથી મળતા અટકે છે, તેથી પૂર્વનો પાપ સંચય બન્યો રહે છે. ઇત્યાદિ અનેક જાતના ગેરફાયદાઓ થાય છે. માટે યોગ્ય કામમાં શરમ રાખવાની જરૂર નથી.

લજ્જાળુ માણસને ધર્મની પ્રાપ્તિ ઘણી સહેલાઇથી કરાવી શકાય છે. અકાર્યમાંથી પાછો પણ તરત હઠાવી શકાય છે. દુનિયામાં જેટલા

સદ્દગુણો કહેવાય છે તે સર્વે સદ્દગુણો લજ્જાવાનને પ્રાપ્ત થાય છે. કારણકે તે સર્વેની યોગ્ય શિક્ષા માન્ય કરવાને કે દોષો-યા ભૂલો સુધારવાને આનાકાની (હા–ના) કરતો નથી. લજ્જાથી પણ ધર્મમાર્ગે જોડાય છે અને સારા માર્ગનું પરિણામ સારૂંજ આવે છે. કુલીનપણું તેપણ લજ્જા ગુણની સાથેજ રહે છે. નિર્લજ થતાં કુલીનપણું પણ શંસયવાળું બને છે. અર્થાત્ નિર્લજ મનુષ્યો કુલીન છે કે કેમ ? તે પણ શંકા જેવુંજ છે. નિર્લજ મનુષ્યો પશુથી પણ હલકા છે. કારણ પશુઓને તો અજ્ઞાન દશા છે. કર્ત્તવ્ય અકર્ત્તવ્ય સંબંધી વિચાર શક્તિ હોતી નથી અને આને તો વિચારબળ છે, છતાં નિર્લજ પ્રવૃત્તિ કરે છે. આવા મનુષ્યોની આબરૂ દુનિયામાં હોતી નથી. અકાર્યમાં પ્રવૃત્તિ કરતો હોવાથી ભાવી જન્મ પણ સુખરૂપ થતો નથી. માટે હે મનુષ્યો ! અનેક સદ્દગુણની ઉત્પત્તિની ખાણ સમાન લજ્જા ગુણને તમારા હૃદયમાં અને નેત્રોમાં નિવાસ સ્થાન આપજો. લજ્જાગુણ પુરૂષો અને સ્ત્રીઓનો અમૂલ્ય અલંકાર છે તેને સાચવીને રાખજો.

દયાળુ થવું. ૩૧

દુઃખી જીવોનું રક્ષણ કરનાર, તથા મદદ આપનાર મનુષ્ય દયાળુ કહેવાય છે. આંધળાં, લુલાં, લંગડાં પાંગળાં, મુંગા, બહેરાં, હાથ પગ વિનાનાં, રોગી, અશક્ત, નિરાધાર, નિર્ધન, વિપત્તિમાં ઘેરાયેલાં, આપત્તમાં સપડાયેલાં, દુઃખમાં દબાયેલાં ઇત્યાદિ દુઃખી કહેવાય છે. કેટલાંએક મનની પીડાથી દુઃખી હોય છે, કેટલાએક શરીરના રોગથી દુઃખી હોય

છે, અને કેટલાએક નિર્ધનતાને લઇને દુઃખી હોય છે. આ સર્વ જાતનાં દુઃખથી ઘેરાયેલાં મદદને લાયક જીવોને યોગ્ય મદદ આપવી તે દયાનું કામ છે. દયા ધર્મનું મૂળ છે. આપણને સુખ ગમે છે, સુખી થવાની ઇચ્છા થાય છે તો શક્તિના પ્રમાણમાં બીજાને પણ સુખી કરવાજ જોઇએ. કારણ વિના કાર્ય ક્યાંથી હોય ? વાવ્યા વિના બીજ ઉગશે ખરૂં કે ? અન્યને સુખી કરવાનું બીજ વાવો, જરૂર સુખી થવારૂપ ફળ મળશેજ. દુઃખી સ્થિતિમાં બીજા તરફથી મદદ મેળવવાની ઇચ્છા થતી હોય તો તમારી સારી સ્થિતિ વખતે દુઃખી જીવોને મદદ આપો. આ દુનિયામાં ક્યાં એક સરખી સ્થિતિ કોઇની પણ ટકી રહે છે ?

તમારા ક્ષણીક સુખને માટે કે વિનાશી ઇચ્છાઓની તૃપ્તિ માટે બીજા તરફ નિર્દયતા ન વાપરો. તે પણ તમારા જેવાજ સુખની અભિલાષાવાળો આત્મા છે.

હે મનુષ્યો ! દયાના મહાન્ અને નહિં ઓલંઘી શકાય તેવા કાયદાને તોડનાર દુઃખી જીવોને દેખીને તમે તેમની પાસેથી દયાનો પવિત્ર કાયદો શીખી લ્યો. તમારી દયાને પાત્ર થયેલા અને તમારી આગળ યાચના કરતા તેઓ તમને એમ સૂચના કરે છે કે, અમે કોઇને સુખ આપ્યું નથી તેથી અમને તે મળ્યું નથી. અમે બીજા જીવોને દુઃખ આપ્યું છે તેથી તે અમારી પાસે આવ્યું છે. અમે રીબાઇએ છીએ, હેરાન થઇએ છીએ, રવડી રખડીને મરીએ છીએ, તમારે અમારી માફક દુઃખી થવું હોય તો અમારાં જેવાં કામ કરો. સુખી થવું હોય તો દુષ્ટ કામ કરતાં અત્યારથીજ—અમને જોઇનેજ—તરતજ અટકી જાઓ અને બીજાઓને સુખી કરવા યથા શક્તિ તૈયાર થાઓ.

માનવો ! ગમે તેટલું દાન આપો, મૌનપણું ધારણ કરો, ગ્રંથોનું જ્ઞાન મેળવો, નિરંતર દેવાદિકનું ધ્યાન ધરો, પણ જો તમારા હૃદયમાં કે આચરણમાં દયા નથી તો તે સર્વ નિષ્ફળ છે. દયા વિનાનાં સર્વ ધર્મનાં કાર્યો અલુણાં અનાજ જેવાં ફીકાં છે. "કોઇ પણ જીવને પીડા ન કરવી" આટલું થોડું પણ જ્ઞાન જેને નથી તેવા શુક પાઠી પંડિતોની પંડિતાઇ નિષ્ફળ છે. સર્વ જંતુઓ ઉપરની દયાળુ લાગણી વડે જેનું હૃદય ભીંજાયેલું છે તેનેજ જ્ઞાની કહી શકાય. પરમ શાંતિ તેનેજ પ્રાપ્ત થાય છે. કારણકે તેણે બીજાઓને શાંતિ આપી છે. વાવ્યું તેવું લણાય છે. આપ્યું તેવું મળવુંજ જોઇએ.

માનવો! તમારી લાગણીનો તો તમે વિચાર કરો, તમારા પ્રાણ તમને વહાલા છે તેમ તેમને તેમના પ્રાણ શું વાહાલા નહિં હોય ? તમને દુઃખ ક્યાં વાહાલું લાગે છે ? તમારા જેવુંજ જીવિતવ્ય ધારણ કરનારા અને સુખની પ્રબળ ઇચ્છાવાળા તેમને દુઃખ કેમ વાહાલું લાગતું હશે ? તમારાથી અન્યને સુખી ન કરી શકાય તો હરકત નથી પણ બીજાને દુઃખી તો નજ કરો.

જીવોને સુખી કરવાનો, મદદ કરવાનો, બચાવ કરવાનો અનુક્રમ એવો છે કે પ્રથમ મનુષ્યોને બચાવો, અને પછી જનાવરોને બચાવો. ત્યાર પછી તે સિવાયના સર્વ ઝીણાં જંતુઓનું રક્ષણ કરો. મનુષ્ય ઉંચી પંક્તિનો જીવ છે, તેનામાં પુન્ય અને જ્ઞાન વધારે વિકાશ પામેલાં છે, એટલે જનાવર કરતાં પહેલો હક મનુષ્યનો છે. તે પછી જાનવરોનો, ઝીણાં જંતુઓનો, અને વનસ્પતિ આદિના બચાવનો વારો આવે છે.

આંહી કોઇ શંકા કરશે કે મનુષ્યોના બચાવ કે મદદનું બહોળું ક્ષેત્ર છે તેને મદદ થઇ રહ્યા પછી પશુઓ ઇત્યાદિને મદદ કરવી. તેમ થતાં તો વર્ષોના વર્ષો ચાલ્યાં જશે અને પશુ આદિને મદદ કરવાનું ત્યાં સુધી બંધ રાખવું પડશે.

આનો ઉત્તર એમ છે કે આંહી એ કહેવાનો આશય નથી કે મનુષ્યોને મદદ કરી રહ્યા પછી પશુઓનો બચાવ કરવો ! જે અવસરે જેને મદદની જરૂરીયાત હોય અને જે દુઃખી થતું હોય પછી ગમે તો મનુષ્ય હોય કે પશુ હોય તેને તરતજ મદદ કરવી, પણ જ્યારે મનુષ્ય અને પશુ ઇત્યાદિને એકી વખતે મદદની પુરતી જરૂરીયાત આવી પડી હોય, મદદ વિના કોઇપણ બચી શકે તેમ ન હોય ત્યારે મનુષ્યને પહેલી મદદ આપવી, અને પછી પશુઓને યથાયોગ્ય મદદ કરવી. લાભાલાભના પ્રસંગો પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. જીવોની દયાથી પુન્યમાં વધારો થાય છે. નિરોગી શરીર અને લાંબા આયુષ્યો એ જીવોની દયાનુંજ પરિણામ છે. દયાળુ જીવ ધર્મને યોગ્ય થાય છે.

સૌમ્ય દૃષ્ટિ રાખવી. ૩૨

મુખની મુદ્રા શાંત રાખવી, ચહેરો હસમુખો રાખવો, સ્વભાવ આનંદિ રાખવો, સહજ સાજની વાતમાં ચીડાઇ ન જવું, ગંભીરતા રાખવી, વિષમ બનાવવાળા પ્રસંગે પણ મુખની આકૃતિ, ક્રુરતાવાળી, સામાને ભય ઉપજાવનારી ન થાય, ઇત્યાદિને સૌમ્ય દૃષ્ટિ કહે છે. કોઇએ કાંઇપણ ઠપકો આપ્યો કે કડીયુ શબ્દો કહ્યા હોય તે અવસરે ક્રોધ ન કરતાં વિચાર કરવો કે આ જે કહે છે તેમાં મારૂં પોતાનું

હિત સમાયેલું છે. મારા દોષે સુધરવાનું તેથી બનશે. ફરી દોષો ન થાય તે માટે ચેતવણી મળી છે, અથવા કરેલ કર્મનો આ બદલો છે, એમ વિચાર કરી પોતાનો ચેહરો ક્રોધી, ઇર્ષાળુ, કે અભિમાની ન બનાવતાં શાંત પ્રકૃતિ રાખવી.

કોઇ વખતે કોઇ જાતનું નુકશાન થતાં, હાથમાંથી વસ્તુ પડી જઇ ફુટી જતાં, કે ઢોળાઇ જતાં, માણસ એકદમ ક્રોધી બની જઇ ભયંકર ક્રુરતા ભરેલી દૃષ્ટિ કરી સામાને મારે છે, ગાળો દે છે, લડે છે, અને કોળાહળ મચાવી મૂકે છે. તેવા વખતે વિચાર કરવો જોઇએ કે થયું તે ન થયું થવાનું નથી. ફુટયું તે સાજું થવાનું નથી. ઢોળાઇ ગયું તે ન ઢોળાયું થનાર નથી. આવા વખતે ફરી તેમ ન થાય તે માટે હસતે મુખે આનંદી ચહેરે સામાને સાવચેતી આપવી કે, ભાઇ ફરીથી આવો બગાડ કે નુકશાન ન થાય તે માટે સાવચેતી રાખજો. આવા મીઠા શબ્દે હસતા મુખે કહેવાથી સામા માણસને લડવા, ગાળો દેવા કે મારવા કરતાં પણ વધારે ઉંડી અને મજબુત અસર થાય છે અને ફરીથી તે સાવચેત રહે છે. નુકશાન થયા પછી તો ફરી તેવું ન થાય તે માટે સાવચેતી આપવા સિવાય બીજું કાંઇ કામ રહેતું નથી, છતાં તેટલું કહેવા કહેવામાં ઘણો ફેર પડી જાય છે. કઠોર વચનોથી સામાનું હૃદય અત્યંત દુઃખાય છે. છતાં તેનું પરિણામ કાંઇ આવતું નથી.

શાંત પ્રકૃતિવાળો મનુષ્ય ગમે તેવા ક્રોધી સ્વભાવવાળાને પણ શાંતિ આપી શકે છે. પછી ભલેને તે વધારે વખત ટકી ન રહે તો પણ એક વાર તો પોતાની અસર સામા મનુષ્ય ઉપર કર્યા સિવાય રહેતો નથી. તે ધીરજપૂર્વક, સહનશીળતા ધારણ કરી પોતાની સામે ગમે તેવો ઉતાવળીઓ કે ક્રોધી માણસ આવ્યો હોય તેને પણ હેતુ, દૃષ્ટાંત પૂર્વક સમજ આપીને શાંત કરે છે.

ક્રુર આકૃતિવાળો મનુષ્ય સીંહ કે સર્પની માફક દેખવા માત્રથી પણ સામાને ઉદ્વેગનું કારણ થાય છે. તે કદાચ કોઇને નુકશાન નથી કરતો તો પણ લોકો તેનો વિશ્વાસ કરતાં ડરે છે. ત્યારે શાંત આકૃતિ કે પ્રકૃતિવાળો મનુષ્ય સર્વને વિશ્રાંતિનું સ્થાન થઈ પડે છે. ક્રુર પ્રકૃતિવાળા મનુષ્યની પાસે આવતાં પણ લોકો અચકાય છે ત્યારે શાંત આકૃતિવાળા મનુષ્યની પાસે જરૂરીયાતથી પણ વધારે વખત બેસવાની ઇચ્છા કરે છે. ક્રુર આકૃતિવાળા મનુષ્યને કોઇપણ હિત શિક્ષા આપવાનું મન કરતું નથી, કારણ કે તેના ક્રોધી સ્વભાવને લઇને પોતાના તરફ ક્રોધ કરવાની કે અપમાન કરવાની શંકા સર્વને રહે છે. ત્યારે શાંત આકૃતિવાળા મનુષ્યને સર્વ કોઈ હિતશિક્ષા આપીને તેને સારે રસ્તે ચડાવી શકે છે. શાંત પ્રકૃતિવાળા મનુષ્ય કે જીવ ઉપર સર્વ લોકો વિશ્વાશ રાખે છે. વિશ્વાશ એ સર્વ સંપત્તિનું મૂળ છે.

વિશ્વાશથી હાથી અનેક પરિવારવાળાં યુથોનો માલીક થાય છે. ત્યારે સીંહ (મૃગાધિરાજ) મૃગોનો અધિપત્તિ કહેવાતા છતાં મૃગો કે હાથીઓના ટોળાંથી પરિવરેલો કોઇએ કોઇવાર દીઠો કે સાંભળ્યો છે ? આનું કારણ શું ? કારણ એજ કે ક્રુર આકૃતિ અને ક્રુર પ્રકૃતિ. તેના મુખની આકૃતિ ક્રુર છે, અને તેની પ્રકૃતિ એટલે તેનો સ્વભાવ પણ ક્રુર છે. તે સિવાય બીજું કાંઈ કારણ નથી. તેને લઇનેજ તે વિશ્વાશ પાત્ર નથી અને યુથાદિની સંપત્તિથી બેનશીબ રહે છે. ત્યારે હાથીની આકૃતિ અને પ્રકૃતિ બંન્ને શાંત હોવાથી વિશ્વાશપાત્ર થઇ યુથની સંપત્તિને પામે છે. સૌમ્ય આકૃતિવાળા મનુષ્યનું હૃદય પરમ શીતળ હોય છે ત્યારે ક્રુર આકૃતિવાળાનું હૃદય ક્રોધાદિ તાપથી ઘણુંજ તપેલું હોય છે. જે વૃક્ષના પોલાણમાં કે મૂળ આગળ અગ્નિ બળતો હોય વૃક્ષ નવપલ્લવ ક્યાંથી હોય ? તેમ જે માણસના હૃદયમાં—સ્વભાવમાં

ક્રુરતાનો નિવાસ હોય તેની આહારની આકૃતિ શીતળતાવાળી ક્યાંથી હોય ? અંદર શીતળતા હોય તોજ આહાર સૌમ્ય આકૃતિ હોય છે. શાંત પ્રકૃતિ એ કાંઇ ઉપર ઉપરનો ઢોંગ કે દેખાવ નથી હોતો અને તેવો દેખાવ લાંબો વખત ટકી પણ શકતો નથી.

સૌમ્ય આકૃતિવાળા મનુષ્યમાં ક્ષમા, માર્દવતા, દયા ઇત્યાદિ ગુણો સહેલાઇથી નિવાસ કરી શકે છે. તેના ઉપર મનુષ્યોને વિશેષ પ્રકારે પ્રીતિ થાય છે. મનુષ્યોની પ્રીતિથી આ લોક સંબંધી ફળ તેને મળે છે. તથા સૌમ્ય આકૃતિવાળો મનુષ્ય ધર્માત્મા થઇ શકે છે તેથી પરલોક સંબંધી પણ ઉત્તમ ગતિવાળું સુંદર ફળ તે પામે છે. ત્યારે ક્રુર આકૃતીવાળો મનુષ્ય બન્ને ભવની સંપત્તિથી રહિત થઇ દુઃખી થાય છે, કેમકે તેના અધ્યયસાય નિરંતર ક્લીષ્ટ ક્રુરતા ભરેલા હોય છે તેથી તેને ધર્મની પ્રાપ્તિ થતી નથી, અને ધર્મ પ્રાપ્તિ વિના લોકીક સંપત્તિ કે આત્મિક સંપત્તિ મળી શકતી નથી. મનુષ્યોએ આ સૌમ્ય ગુણ અવશ્ય ધારણ કરવો જોઇએ. ધર્મ પ્રાપ્તિને યોગ્ય તેજ મનુષ્ય થઇકે છે.

પરોપકાર કરવો. ૩૩.

પરને ઉપકાર કરવો તે પરોપકાર કહેવાય છે. પર એટલે કોણ? પોષ્ય વર્ગની પોષણ કરવાની ફરજ પોતાને માથે આવેલી હોય છે એટલે તેતો પોતાનાજ ગણાય છે. તે સિવાયના જે રહ્યા તે સર્વ પર કહેવાય છે. તેના ઉપર ઉપકાર કરવો.

દુનિયામાં એવા કેટલાએક માણસો હોય છે કે તેઓ દુઃખી થતા છતાં બીજાની પાસેથી મદદ માંગવાની ઇચ્છા કરતા નથી. મદદની

જરૂરીયાત હોય છે છતાં પોતાના કુટુંબની કુલની, કે નાત જાતની આબરૂ ઓછી થવાના ભયને લઇ અનેક રીતે હેરાનગતિ ભોગવે છે, છતાં કોઇની મદદ માંગતા નથી.

કેટલાએક માણસો એવા હોય છે કે પોતાની નિર્ધન કે અશક્ત સ્થિતિને લઈ અન્યની મદદની જરૂરીયાત હોય છે, છતાં મદદ આપનારાઓની ખબર ન હોવાથી મદદ મેળવ્યા વિના અનેક સંકટો સહન કરે છે.

કેટલાએક મનુષ્યોને મદદની જરૂરીયાત હોય છે છતાં તેઓને ખબર નથી હોતી કે અમારે અત્યારે કેવી જાતની મદદની જરૂરીયાત છે!

કેટલાએક મનુષ્યોને પોતાનો જીવ બચાવવા માટે તત્કાળ મદદની જરૂર હોય છે કેટલાએક મનુષ્યોને લાંબા વખત માટે મદદની જરૂર હોય છે. કેટલાએક મદદ આપવાને તૈયાર હોય છે. પણ મદદ લેનાર મળી શકતા નથી. કેટલાએકોની પાસે ધનાદિ સંપત્તિ હોય છે પણ મદદ આપવી જોઇએ તેવું તેને ભાન હોતું નથી. આ સર્વ મનુષ્યોને પરોપકારી પુરૂષોની બહુ જરૂરીયાત છે.

પરોપકાર મનથી, વચનથી, શરીરથી, ધનથી, અનેક રીતે થઇ શકે છે. પોતે કરી શકાય છે, અને બીજાની પાસે પણ કરાવી શકાય છે.

આપણી પાસે મદદની માગણી કર્યા સિવાય પણ મદદની જરૂરીયાત વાળા મનુષ્યોને હૃદયની લાગણીથી મદદ કરવી. તેમાં પણ કોઇ પણ જાતના સ્વાર્થ સિવાય કે બદલો મેળવવાની આશા સિવાય જે મદદ કરવામાં આવે છે તેજ ખરેખર ઉત્તમ અને સાચો પરોપકાર છે.

કુળવાન, આબરૂદાર કુટુંબો જે દુઃખમાં આવી પડયાં હોય તેઓને ગુપ્ત રીતે મદદ આપો. છતાં નિરંતર મદદ આપી તેમને નિરૂદ્યમી ન બનાવશો. તત્કાળ તો ખાવા પીવાની મદદ આપી ભુખ કે દુઃખમાંથી તેમને બચાવી લ્યો, પણ પછી એવી સંગીન મદદ આપો કે તમારી મદદ લીધા સિવાય તે કુટુંબ પોતાનો નિર્વાહ પોતાની મેળેજ કાયમને માટે કરી શકે. આ માટે તેઓને કોઇ પણ વેપાર, હુન્નર, ઉદ્યોગ, ખેતી, કેળવણી, કે નોકરી વિગેરેમાં જેની જેવી લાયકતા હોય તેવા માર્ગે ચડાવીને ઉપકાર કરવો.

જે મનુષ્યો પોતાની પાસે ધન વિશેષ ન હોવાથી ધનદ્વારા પરોપકાર નથી કરી શકતા તેઓએ શરીર અને વચનદ્વારા પરોપકાર કરવો. જે ધનવાન્ હોય, મદદ આપવાને તૈયાર હોય, તેવા ધનવાનોની સાથે આવા મદદને લાયક મનુષ્યોનો મેળાપ કરાવી આપવો. મદદ આપનારાઓની સાથે મદદ લેનારાઓને મેળવી આપો, અને મદદ લેવા ઇચ્છનારાઓને મદદ આપનારા મેળવી આપો. આ પણ પરોપકારનું કાર્ય છે. ઘણી વખત એમ બને છે કે મદદ આપનાર હોય છે પણ લેનાર મળતા નથી ત્યારે મદદ લેનાર હોય છે પણ મદદ આપનારા મળતા નથી. આ બન્નેનો અન્યો અન્ય મેળાપ કરાવી આપવો તે પણ મહાન્ પરોપકારનું કાર્ય ગણાય છે.

કેટલાએક મનુષ્યો ધનવાન હોય છે, દરેક રીતે પરોપકાર કરવાને લાયક હોય છે, તો પણ પરોપકાર કરવાનું ભાન તેમને હોતું નથી. એ વાત તેમના ધ્યાન પર આવેલીજ નથી હોતી, તેથી પરોપકાર કરી શકતા નથી. આવા મનુષ્યોને ઉપદેશ આપીને, લક્ષ્મીનો નાશ

અને પરોપકારથી થતા ફાયદાઓ સમજાવીને તેમની પાસે પરોપકારનાં કાર્ય કરાવવાં, આ પણ પરોપકારનું કાર્ય છે. ઉપદેશકો અને અધિકારી વર્ગો આવો પરોપકાર ઘણી સહેલાઇથી કરી શકે છે. બીજાઓ પણ જ્યાં પોતાનો લાગવગ પહોંચતો હોય ત્યાં પહોંચાડીને પરોપકાર કરાવી શકે છે.

જંગલનાં લાકડાંઓ, ખાણના પથ્થરો ઇત્યાદિ ઘણા ઉપયોગી છે પણ ઉપયોગમાં લેનાર માણસની મદદની તેને જરૂર છે. તેવીજ રીતે તેવા પરોપકારનાં કામો કરી શકનાર ઘણા લાયક મનુષ્યો હોય છે, પણ તેમની લાયકાતને ઉપયોગમાં લાવનાર મનુષ્યોની મદદની તેમને જરૂર છે.

કેટલાએક મનુષ્યો પોતાના શરીરની મદદથી પરોપકાર કરી શકે છે. કોઇના ઘરમાં લાય લાગી હોય અને ઘરનાં માણસો ઉંઘતાં હોય તે અવસરે મોટેથી બુમ પાડીને તેઓને જગાડીને બચાવી લેવાં, અગ્નિ બુઝાવવામાં મદદ કરવી તે પરોપકાર છે. કોઇ વખતે પાણીના જોરથી રેલનો પુલ તુટી ગયો હોય અને તેની પોતાને ખબર હોય, સામેથી રેલ ગાડી પુર જોસમાં આવતી હોય અને તેને આ પુલ તુટયાની ખબર ન હોય તો ચેતાવી દેઇને ગાડીના માણસોનો બચાવ કરવો આ પણ પરોપકાર છે. કોઇ ચોર લોકો રસ્તામાં માણસોને લુંટવા ઉભા હોય, તેની પોતાને માહીતિ હોય તો આગળથી તેની ખબર તે માણસોને આપી તેમનો બચાવ કરવો તે પણ પરોપકાર છે. કોઇ જીવનો વધ કરતા હોય, તેને તેની પાસેથી બચાવવો તે પણ પરોપકારનું કામ છે. કોઇ અશક્ત માણસ રોગથી પીડાતો હોય તેને મફત દવા આપવી કે અપાવવી, ઘેર પહોંચાડવો, સગા સંબંધીને

મેળવી આપવાં. ઇત્યાદિ અનેક કાર્યો પરોપકારનાં છે. જેની જે જાતની શક્તિ હોય તેણે તે તે જાતથી મદદ કરી પરોપકારી થવું.

સ્ત્રીઓ પણ પરોપકારનાં ઘણાં કામો કરી શકે છે. ધનાઢ્યની સ્ત્રીઓએ ગરીબ વર્ગની સ્ત્રીઓ દુઃખી થતી હોય, રોગથી પીડાતી હોય, સુવાવડઆદિના કારણથી કષ્ટ પામતી હોય તેમની સાર સંભાળ કરવી, યોગ્ય દવા વિગેરેની સગવડ કરી આપવી, ખાવાપીવા, વસ્ત્રાદિ મેળવી આપવાં, પોતે જાતે તેમ કરવું, બીજા પાસે કરાવવું, ઘરના પૈસાથી મદદ કરવી અને વધારે જરૂરજણાય તો બીજા પાસેથી માંગીને પણ મદદ કરવી. ધનાઢ્ય સ્ત્રીઓને આવાં પરોકારનાં કાર્ય કરતી જોઇને ઘણી બાઇઓ તેવાં પરોપકારી કામમાં જોડાય છે, તેની લાજ શરમથી પણ મદદ આપે છે. અને આમ દેખાદેખી અનેક માણસો પરોપકાર કરવામાં જોડાય છે.

વળી જે વિધવા સ્ત્રીઓ છે. ઘરની સુખી છે તેઓએ તો પોતાનું જીવન મોટે ભાગે પરોપકારનાં કામ પાછળ ગાળવુંજ જોઇએ. અને તેથી તેઓ અનેક રીતે અન્યને સુખી કરવા સાથે પોતે આનંદમાં જીંદગી ગુજારી શકે છે.

આવીજ રીતે કુમાર્ગે ચાલનારા જીવો ઉપર જ્ઞાની કે વિદ્વાનોએ ઉપદેશદ્વારા પરોપકાર કરવો જોઇએ. જીવોની હિંસા કરનારા, માંસ ખાનારા, દારૂ પીનારા, ચોરીજારી કરનારા–ઇત્યાદિ ખરાબ વ્યસનવાળા જીવોને સન્માર્ગે ચઢાવવા, તેમનાં વ્યસનો છોડવવાં અને તેમનું હિત થાય તેવો ધર્મ બોધ આપવો તે પરોપકારનો માર્ગ છે. આ પ્રમાણે પરોપકાર કરવાના અનેક માર્ગો છે.

જે દેશમાં પરોપકારી મનુષ્યો નથી, અથવા પરોપકાર કરવામાં જે દેશ પાછળ છે તે દેશ કોઇ પણ વખત ઉન્નત સ્થિતિએ પહોંચતો નથી. તે દેશમાં ભુખમરો, અને અન્યાય વૃદ્ધિ પામે છે. ઉદર નિર્વાહની હાજતો તો પુરી પાડવીજ જોઇએ. તેવું સામર્થ્ય મનુષ્યમાં ન હોય અથવા હોય છે, તો અનુકુળ ઉદ્યોગનાં સાધનો હોતાં નથી, તેને લઇને મદદના અભાવે તેમની શક્તિ તેમનામાંજ દટાઇ રહે છે. નિરૂદ્યમિ થઇ ભુખ્યે મરે છે, અને છેવટે નિર્બળ થઇ મરી જાય છે. અથવા અન્યાયનો માર્ગ ગ્રહણ કરે છે.

પરોપકારી મનુષ્યો દેશના મનુષ્યોનો ઉદ્ધાર કરે છે. દેશનો ઉદ્ધાર કરે છે. ધર્મનો ઉદ્ધાર કરે છે અને છેવટે આત્માનો પણ ઉદ્ધાર કરે છે. પરોપકારી મનુષ્યો દેશના સ્થંભ જેવા ગણાય છે. મનુષ્યોને તેઓ ઘણા વલ્લભ લાગે છે. પરોપકાર કરવો તે સજ્જન મનુષ્યોનો સ્વભાવજ છે. ચંદ્રને કોણે શીતળ બનાવ્યો છે ? સૂર્ય કોના હુકમથી પ્રકાશ આપે છે ? છાયા આપવા માટે વૃક્ષને કોણે પ્રાર્થના કરી હતી ? વૃષ્ટિ માટે વરસાદને કોણ આજીજી કરે છે ? કોઇજ નહિં. છતાં તેઓ પોતાનું કામ બજાવ્યેજ જાય છે. તેમજ ઉત્તમ જીવો પોતાના સ્વભાવેજ અન્યના હિત માટે, પરોપકારની પ્રવૃત્તિ કરતાજ રહે છે.

ક્ષેત્રમાં ઉભા કરેલા ઘાસના કે લુગડાના ચંચા પુરૂષો, એ પણ ક્ષેત્રના અનાજનું રક્ષણ કરવામાં મદદગાર થાય છે. રાખ અનાજનું રક્ષણ કરવાની મદદ કરે છે અને મોઢામાં લીધેલું તૃણ એ પણ શત્રુઓથી મનુષ્યનું રક્ષણ કરવામાં મદદગાર થાય છે. ત્યારે મનુષ્યપણાનું નામ ધારણ કરવા છતાં પરને ઉપકાર નહિં કરનાર મનુષ્ય તૃણ કે રાખ કરતાં પણ હલકી સ્થિતિનો સમજવો. સ્વાર્થી, હલકા સ્વભાવના અને પરોપકાર

નાહું કરનાર મનુષ્ય આ પૃથ્વીપર ભારભૂત છે. તેમનું જીવન નિરૂપયોગી છે.

પોતાનું પેટ ભરવા માટે પ્રયત્ન કરનારા હજારો ક્રોડ મનુષ્યો આ દુનિયા ઉપર છે, પણ પરોપકારને સ્વાર્થ માની તે પ્રમાણે પ્રયત્ન કરનારાં સત્પુરૂષો તો વિરલાજ હોય છે.

નિષ્કારણ ઉપકારી અને ઉપકાર પછી પણ ઉપકાર કરનાર આ બન્ને જાતના મનુષ્યો ધર્મ માર્ગમાં ચાલવાના અધિકારી છે.

આ પરોપકાર દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે બની શકે છે. શરીરના રક્ષણ કે પોષણ સંબંધી વ્યવહાર ઉપયોગી જે જે મદદ પરને આપવામાં આવે છે તે સર્વ દ્રવ્ય પરોપકાર ગણાય છે અને આત્માનું ભાન કરાવી, આત્મમાર્ગે ચલાવી, આત્મ સ્વરૂપમાં પોતાને તથા પરને સ્થિર કરવા તે ભાવ પરોપકાર કહેવાય છે.

પોતાની અને અન્યની યોગ્યતાના પ્રમાણમાં દ્રવ્ય કે ભાવ અથવા બન્ને જાતનો પરોપકાર કરવો.

અંતરંગ ૭ શત્રુઓનો ત્યાગ કરવો. ૩૪.

કામ, ક્રોધ, લોભ, માન, મદ, અને હર્ષ આ છ શત્રુઓ છે. બાહારના શત્રુઓ આ બાહારની દૃષ્ટિથી—આંખથી—દેખાય છે. ત્યારે અંતરના શત્રુઓ અંતરની વિચાર દૃષ્ટિથી, જ્ઞાન દૃષ્ટિથી જણાય છે. વ્યવહાર અને પરમાર્થ બન્ને માર્ગમાં જીવોને નુકશાન કરનાર આ છ મનની વૃત્તિઓને—પરિણુતીઓને શત્રુ તરિકે ગણવામાં આવી છે, આ છએ અંતરંગ શત્રુઓનો નાશ કરવો જોઇએ.

આ છએ વૃત્તિઓનો સર્વથા ત્યાગ કરવાનું બળ મહાત્મા પુરૂષોમાં હોય છે. તે માટે ત્યાગ માર્ગ લેવાની જરૂર છે. ત્યાગમાર્ગ સિવાય સર્વથા તેનો નાશ સાધી શકાતો નથી. આંહી ગૃહસ્થ ધર્મ સંબંધી હકીકત કહેવાનું ચાલુ છે. ગૃહસ્થ ધર્મની મર્યાદા પ્રમાણે આ છએ શત્રુનો વિજય કરવો જોઇએ. આ છએ કામાદિ શત્રુઓને યુક્તિપૂર્વક, મર્યાદાનુસાર આશ્રય આપવામાં આવે તો શત્રુરૂપ ન થતાં ગૃહસ્થાશ્રમ ચલાવવામાં મદદગાર તરિકે કામ કરે છે. અને અવિધિ કે અયુક્તિથી તેનો આશ્રય કરવામાં આવે તો શત્રુની ગરજ સારે છે. જીવોને હેરાન કરે છે. માટે ગૃહસ્થાશ્રમમાં રહેનારા જીવોએ કામાદિને યુક્તિપૂર્વક અને મર્યાદા સહિત અનુભવવા જોઇએ.

બીજાની પરણેલી, વિવાહ વગરની કુંવારી કન્યા, વિધવા અને વેશ્યા વિગેરે સ્ત્રીઓ સાથે દુરાચાર કરવો તેને કામ કહે છે. અધિક વિષય વાસના વડે વિવેકાદિ ગુણોનો નાશ થાય છે. કામ રૂપ અગ્નિ હૃદયમાં પ્રજ્વલિત થતાંજ, મોટાઇ, પંડિતતા, કુલીનતા ડાહાપણ અને વિવેકાદિ ગુણો બળી જાય છે. નાશ પામે છે. આંધળો મનુષ્ય સન્મુખ રહેલી વસ્તુ જોઇ શકતો નથી, કામાંધ મનુષ્ય તેથી પણ વધારે આંધળો થાય છે કે જ્યાં જે વસ્તુ નથી તે ત્યાં દેખે છે. કામી મનુષ્ય દાંત કે જે હાડકાના કકડા છે તેને કુંદના પુષ્પોરૂપે જુએ છે. આંખો કે જેમાં ચીકણો મલીન પદાર્થ રહેલો છે તે છતાં તેને કમળ રૂપે દેખે છે. શ્લેષ્મ અને કફાદિ અપવિત્ર પદાર્થવાળા મુખને ચંદ્ર સમાન જાણે છે. માંસની ગ્રંથી રૂપે રહેલા સ્તનોને સોનાના કળશ કે કુંભ સમાન અનુભવે છે. હાથ ઉપર લતાનો અને નખ ઉપર પલ્લવોનો આરોપ કરે છે. આવા અશુચિના ઘર સરખા દેહને વિષે આનંદ માને છે. ગૃહસ્થોએ પરસ્ત્રી

ગમન કરવું તેને આહીં કામ કહેવામાં આવે છે. તે શત્રુ સમાન કામનો ત્યાગ કરવો જોઇએ. આ કામનું સેવન મર્યાદાનું ઓલંઘન કરાયેલું ગણાય છે, અને યુક્તિ રહિત છે. વેર વિરોધ વધારનારૂં છે. પરસ્ત્રી સેવનથી હજારો કુટુંબો પાયમાલ બન્યાં છે. મોટાં મોટાં રાજ્યો મૂળથી ઉખડી ગયાં છે. તેમનાં જીવનો નિંદાપાત્ર બને છે. લોકો ધિક્કારની નજરથી જુવે છે. કામની અતિ આશક્તિથી શરીરનો નાશ થાય છે. ક્ષય અને ભગંદરાદિ રોગો થાય છે માટે અતિ અશક્તિનો ત્યાગ કરી નિયમિત, મર્યાદાપૂર્વક પોતાની સ્ત્રીમાં સંતોષ માનવો તે ગૃહસ્થાશ્રમ માટે કામનો વિજય કરેલો ગણાય છે. ૧

વગર વિચારે બોલવાથી કે કોઇપણ કાર્ય કરવાથી પોતાને કે પરને કોપ થાય તેને ક્રોધ કહે છે. વિચારવાન્ મનુષ્યો આવો કોપ કરતા નથી. વિચારવાનોને ક્રોધ કરવો તે યોગ્ય નથી. ક્રોધનાં ફળો ઘણાંજ કડવાં અનુભવ આપનારાં થાય છે. ક્રોધ સંતાપ ઉત્પન્ન કરે છે. વિનયનો નાશ કરે છે. મિત્રાઇ તોડાવે છે. ઉદ્વેગ ઉત્પન્ન કરે છે. અસત્ય બોલાવે છે. ક્લેશ કરાવે છે. કીર્તિનો નાશ કરે છે. પુન્યનો નાશ કરે છે. દુર્ગતિ આપે છે. ક્રોધથી સાહસ કામ કરનારાઓ જીંદગી પર્યંત પશ્ચાત્તાપ કરે છે. વેરવિરોધ વધારે છે. સગાં સંબંધીઓના સ્નેહથી વિખુટા પાડે છે ઈત્યાદિ અનેક દોષો ઉત્પન્ન કરનારા બીજા અંતરંગ શત્રુરૂપ ક્રોધનો ત્યાગ કરવો. જરૂરી પ્રસંગે નિયમિત, મર્યાદા પૂર્વક, હદપારનો પોતાને કે પરને આઘાત ન થાય તેવી રીતે સાવચેતી પૂર્વક ક્રોધસાથે સહવાસ રાખવો. ૨

દાન દેવા યોગ્ય મનુષ્યોને દાન ન આપવું અને વગર કારણે ધનનો સંચય કરવા તૈયાર થવું તે લોભ કહેવાય છે. પોતાની પાસે

પોતાની જીંદગીની જરૂરીયાતથી પણ અધિક સંપત્તિ હોય છતાં જરૂરીયાતવાળા જીવોને દયાની લાગણીથી, પરોપકારની ઇચ્છાથી કે પુન્યના નિમિત્તથી યોગ્ય જીવોને જે આપતો નથી, તથા અન્યાય કરીને અન્યને હેરાન કરીને, કે દગો પ્રપંચ કરીને જે ધન એકઠુંજ કર્યે જાય છે તે લોભી કહેવાય છે. લોભનો થોભ નથી–પાર નથી. ઇચ્છાઓ કોની પુરી થઇ છે? ધન સાથે કોણુ લઇ ગયું છે? મરતાં બચાવવાને તે કોને ઉપયોગી નીવડયું છે. કોઇને નહિં, લોભ પાપનું મૂળ કારણ છે. લોભી મનુષ્યો નીચ પુરૂષની પણ ધન માટે શ્લાઘા કરે છે. નમસ્કાર કરે છે. તેના અછતા ગુણો ગાય છે. શત્રુની પણ સ્તુતી કરે છે. અકૃતજ્ઞની સેવા કરતાં પણ ઉદાસીન થતા નથી તથા દ્રવ્યનો વ્યય થવાના ભયથી મિત્રોથી પણ દૂર રહે છે. ધર્મના કાર્યમાં ભાગ લેતા નથી. જ્ઞાતિની સેવા કે દેશ સેવાના કામથી પણ દૂરજ નાસે છે. આ સર્વ લોભીનાં લક્ષણો છે. મહાન્ લાભથી પણ લોભનો ખાડો પુરાતો નથી, કારણ કે એક માત્રા અધિક લોભનો માત્રહિન લાભથી વિજય કેમ થાય? અર્થાત્ નજ થાય. ગૃહસ્થોએ આવા પ્રબળ ઉત્કટ લોભનો ત્યાગ કરી પોતાના દ્રવ્યનો જરૂરીયાતી વાળા યોગ્ય પ્રસંગે અવસ્ય સારો ઉપયોગ કરવો, અને પરદ્રવ્ય અપહરણ ન કરવું આ ગૃહસ્થને લાયક લોભ શત્રુનો નિગ્રહ કર્યો કહેવાય છે. ૩

યુક્તિ પૂર્વક કહેવાયલાં યોગ્ય શિક્ષા વચનો ગ્રહણ ન કરતાં પોતાનો દુરાગ્રહ ન મૂકવો. અને તેમનાં વચનોનો અનાદર કરવો તે માન કહેવાય છે. તત્ત્વાતત્ત્વનો વિચાર ન કરનાર દુરાગ્રહી મનુષ્યોમાંજ આવું માન હોય છે. તેઓ છળ, પ્રપંચ, કપટ આદિ અનેક સાચાં જુઠાં કરી પોતાની માન્યતા સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. વ્યવહાર

પ્રસંગમાં કોઇને લાંચ, રૂશવત આપી, કોઇ લાલચોથી ફોડીને અન્યને સ્વાધિન કરીને પોતાની ખોટી વાત પણ સિદ્ધ કરે છે—સાચી ઠરાવે છે. આ સર્વે માનનાજ પેટાભેદો છે. માની મનુષ્ય કરેલા ઉપકારને પણ ભૂલી જાય છે. માનની હાજરીમાંજ ક્રોધ રહે છે. અભિમાની મનુષ્ય અનર્થ કરતાં, કે સાહસ કરતાં વાર લગાડતો નથી. ગૃહસ્થોએ આ માનનો વિજય કરવો જોઇએ. ૪.

કુળ, બળ, ઐશ્વર્ય, સંપત્તિ, રૂપ, વિદ્યા, જાતિ, યૌવન ઇત્યાદિનો અહંકાર કરવો તેને મદ કહે છે. અથવા અન્યને પીડા કરવી કે તેની સારી સ્થિતિમાંથી નીચો પાડવો તેને મદ્દ કહે છે. વિશાળ હૃદયવાળા કે ઉન્નત સ્થિતિને ઇચ્છનારા જીવોએ મદ કરવો તે તદ્દન અયોગ્ય છે. જેનો જેનો મદ કરે છે તેતે વસ્તુની તે હિનતા પામે છે. જેમકે કુળનો કે જાતિનો મદ કરનાર હલકી જાતિ કે નીચા કુળમાં જન્મ પામે છે. ધનનો મદ કરનાર નિર્ધન થાય છે. બળનો મદ કરનાર નિર્બળ બને છે. વિદ્યાનો મદ કરનાર મૂર્ખ બને છે. રૂપનો મદ કરનાર કદ્રુપો થાય છે. ઇત્યાદિ જેનો જેનો મદ કરે છે તેની તેની હિનતા પામે છે. જો આમજ છે તો કઇ વસ્તુનો મદ કરવો ? શા માટે મદ કરવો? મદ કોનો ટકી રહ્યો છે ? રાવણ જેવા વીર પુરૂષોના પણ મદ ગળી ગયા અને ભુંડી રીતે મરણને શરણ થયા. તો અલ્પ શક્તિવાળા પામર જીવો ! તમે આધાર મદ કરો છો ? તમે એવું તે કયું ઉત્તમ કાર્ય દુનિયામાં કર્યું છે કે આવો ખોટો ગર્વ કરો છો ? શું તમે દેશનો ઉદ્ધાર કર્યો છે ? જગતને દારિદ્ર રહિત કર્યું છે ? દુનિયાને રોગ રહિત બનાવી છે ? મરણને સદાને માટે હાંકી કાઢયું છે ? સદા યુવાવસ્થા બની રહે તેવી શોધો કરી છે ? ઉત્તમ પુરૂષોની ગણનામાં ગણાવવાનું

નામ ધારણ કરતાં તમને શરમ નથી થતી? આવાં મહાન્ કાર્યોમાં પોતાનું અસમર્થપણું વિચારી, પોતાથી બનતાં ક્ષુલ્લક કાર્યથી ગર્વિત ન થવું અને મદ નામના અંતરંગ શત્રુનો પરાજય કરવો. ૫.

નિમિત્ત વિના કોઈને દુઃખ આપીને, અનર્થનાં કાર્ય કરીને મનમાં ખુશી થવું તેને હર્ષ કહે છે. મલીન વાસનાના સંસ્કારવાળા, અને રૌદ્ર વિચારવાળા જીવોજ અન્યને દુઃખી કરીને આનંદ માનનારા હોય છે.

અન્ય જીવોને માથે વિપત્તિ આવી પડેલી જાણી જેઓ ખુશી થાય છે, કર્ત્તવ્યનો બદલો આપવોજ પડશે કે ભોગવવો પડશે તેની અપેક્ષા રાખ્યા સિવાય પોતાની બુરી ઇચ્છાનુસાર જેઓ અધમ પ્રવૃત્તિ કરે છે, જેઓ નિર્દયપણે અન્યને પીડે છે, ભૂલો થયા પછી પણ જેને પશ્ચાત્તાપ થતો નથી, જેઓ પાપનાં બુરાં કામ કરીને ખુશી થાય છે, આ સર્વ રૌદ્ર ધ્યાનના પરિણામો ગણાય છે, અને તે નરક ગતિનાં કારણભૂત થાય છે.

ઉત્તમ મનુષ્યો અન્યને સુખી કરીને હર્ષ પામે છે, અન્યને દુઃખી દેખી દુઃખી થાય છે, અને તેને સુખી કરવા પ્રયત્ન કરે છે, સર્વ જીવ ઉપર દયા રાખે છે, સર્વનું ભલું ઇચ્છે છે, ભૂલનો પશ્ચાતાપ કરીને ફરી તેવું કરતાં અટકે છે, બુરાં કામનો પશ્ચાત્તાપ કરે છે. આ કારણથી તેઓ ઘણી સહેલાઈથી ઉત્તમ ગુણો મેળવી શકે છે.

કોઢીયા માણસો જેમ માખીઓ દૂર થવા માટે સૂર્યનો અસ્ત થવાની રાહ જુવે છે, તેમ નીચ મનુષ્યો પોતાના સ્વલ્પ સ્વાર્થને માટે મહાન્ પુરૂષોને વિપત્તિમાં ઘેરાયેલા જોવાને ઇચ્છે છે. મનુષ્યોના કર્ત્તવ્યો ઉપરથી સામાન્ય રીતે ઉત્તમ, મધ્યમ કે અધમપણાનો નિર્ણય કરી શકાય છે. અન્યને સુખી કરવા માટે સ્વાર્થનો ભોગ આપનારા ઉત્તમ

પુરૂષો કહેવાય છે. મધ્યમ પુરૂષો પોતાના સ્વાર્થને વિરોધ ન આવે કે હાની ન પહોંચે તેમ પરને મદદ કરે છે. સ્વાર્થને માટે પરના હિતનો નાશ કરનારા અધમ પુરૂષો ગણાય છે. ત્યારે જેઓ સ્વાર્થ વિના-પણ વિના પ્રયોજને પરના હિતનો નાશ કરે છે તેને શાની ઉપમા આપવી ? તેઓ અધમમાં અધમ મનુષ્યરૂપે રાક્ષસો છે. આવી અધમ કે અધમાધમ સ્થિતિનો ત્યાગ કરી, અન્યને સુખી દેખી કે સુખી કરી હર્ષ પામવો, સારાં કર્ત્તવ્ય કરી ખુશી થવું, તે છઠ્ઠા અંતરંગ શત્રુનો વિજય કરવાનું સાધન છે.

આ છએ અંતરંગ શત્રુઓ વિવેકી પુરૂષોને ત્યાગ કરવો યોગ્ય છે. તે સર્વે અનર્થના હેતુ ભૂત છે. અપયશ ફેલાવનારા છે. અને દુર્ગતિના કારણરૂપ છે. આ છ શત્રુઓને જીતનાર, તાબે કરનાર મનુષ્ય ધર્મના માર્ગમાં ચાલવાને લાયક બને છે. ૬

ઇંદ્રિયોને વશ રાખવી. ૩૫

ઇંદ્રિયોના પ્રબળ વિકારને આધિન થઇ મહા અનર્થ થાય તેવી રીતે ઇંદ્રિયોના વિષયમાં પ્રવૃત્તિ ન કરવી, તે ઇંદ્રિય વિજય ગૃહસ્થ માટે કહેવાય છે. સ્વચ્છંદપણે ઇંદ્રિયોને પ્રવૃત્તવાન દેવી, વિકારનો નિરોધ કરવો, અમુક મર્યાદામાં ઇંદ્રિયોના વિકારોને લાવી મૂકવા તે ઇંદ્રિય નિરોધ છે. નહિં રોકવામાં આવેલી એક એક ઇંદ્રિય પણ મહાન્ અનર્થને માટે થાય છે. ઇંદ્રિયને આધિન થવાથી રાવણની માફક કુળનો ઘાત થાય

છે. અધિકારથી પડતું પડે છે, બંધન સહેવાં પડે છે, અને પ્રાણનો પણ નાશ થાય છે.

ઇંદ્રિયોને સર્વથા પ્રવર્ત્તાવવી નહિં એટલે આંખો બંધ કરવી, કાને ડુચો દેવો, મોઢું બંધ કરવું, નાકનાં છીદ્રો બંધ રાખવાં કે હાલવું ચાલવું બંધ કરવું તેનું નામ ઇંદ્રિયનો જય કહેવાતો નથી. એમ બનવુંજ અશક્ય છે. ઇંદ્રિયની પાસે આવેલા વિષયને ઇંદ્રિયો લીધા—અનુભવ્યા સિવાય રહેવાનીજ નથી. આંખો ખુલ્લી હશે તો પદાર્થો દેખાશેજ. નાકથી સુંઘાશેજ, કાનથી સંભળાશેજ. ઇત્યાદિ વિષયોનું તો ભાન થવાનુંજ, પણ તે તે વિષયો મળ્યાથી તેમાં કોઇ અનુકુળ વિષયથી ખુશી થવું, અને કોઇ પ્રતિકુળ વિષયથી નારાજ થવું ઇત્યાદિરૂપ રાગ દ્વેષનો ત્યાગ કરવો એટલુંજ મનુષ્યોના હાથમાં છે અને તેનેજ ઇંદ્રિયનો જય કર્યો કહેવાય છે.

ઇંદ્રિયોનો જય કરનાર મનુષ્ય સર્વ કાર્ય સિદ્ધ કરી શકે છે. અને ઇંદ્રિયોનો જય નહિં કરનાર ઇંદ્રિયોને પરાધીન થયેલો મનુષ્ય કોઇ પણ ધારેલાં ઉત્તમ કાર્ય સિદ્ધ કરી શકતો નથી. કારણકે તે પોતાની શક્તિનો બધો વ્યય ઇંદ્રિયોના વિષયોમાંજ કરે છે, તેથી બીજાં કાર્ય સિદ્ધ કરવાનું તેનું બળ નાશ પામેલું હોય છે એવો કોઇ પણ વિષય ઇંદ્રિયોનો બાકી નહિં હોય કે આ જીવે અનેકવાર તે ભોગવ્યો ન હોય. આ જીંદગીમાંજ તેવા વિષયો અનેકવાર ભોગવ્યા છતાં તેના તે વિષયો તરફ વારંવાર મન લલચાયા વિના નથી રહેતું. શાંતિ વળતી નથી, ઇચ્છાઓ ઘટતી નથી, અગ્નિમાં જેમ લાકડાં વધારે નાખશો તેમ અગ્નિ વધારે પ્રદીપ્ત થશે. અગ્નિ બુઝવવાનો તે રસ્તો નથી. અગ્નિ તો લાકડાં ઓછાં નાખવાથી કે નાખેલાં લાકડાં કાઢી લેવાથીજ શાંત થાય છે.

તેમ ઇંદ્રિયોનો વિજય વિષયોનું પોષણ આપવાથી થતો નથી, પણ વિષયોને મર્યાદામાં–હદમાં–લાવી મૂકવાથી, વિષયોની ઓછાશ કરવાથીજ તેનો વિજય થઇ શકે છે.

સુંદરતા ધારણ કરનારા શુભ વિષયો કોઈ નિમિત્ત યોગે અસુંદરતાવાળા અશુભ બની જાય છે. અને અશુભતા ધારણ કરનારા વિષયો નિમિત્ત યોગે સુંદર કે શુભ બની આવે છે. તો કોના ઉપર રાગ કરવો અને કોના ઉપર દ્વેષ કરવો? તત્ત્વથી વિચાર કરીએ તો પદાર્થોમાં શુભાશુભપણું નથી પણ મનમાંજ શુભાશુભ–સારૂં, નઠારૂં વિગેરે રહ્યું છે, કેમકે એકનો એક વિષય કોઇ કારણથી આપણને સારો લાગતો હતો તેનો તેજ વિષય કાળાંતરે, કે રૂપાંતરે કોઇ કારણથી ઘણોજ અણગમતો થઈ પડે છે. અને જે વિષય આપણને ખરાબ લાગતો હતો, જેની આપણે ઇચ્છા પણ કરતા ન હતા તેજ વિષય કોઇ પ્રસંગે એટલો બધો પ્રિય થઇ પડે છે કે તેનો ત્યાગ કરવો પણ ગમતો નથી. આ પદાર્થો તો પોતાના સ્વભાવ પ્રમાણે પોતાનું સ્વરૂપ બતાવીને ઉભા રહેશે, પણ તેમાં રાગ, દ્વેષ કરવો કે ન કરવો તે તમારા પોતાના હાથમાં છે. મનને સુધારવાની કે સમજાવવાની જરૂર છે. પદાર્થો કાંઇ પોતાનો સ્વભાવ બદલાવીને સુધરી શકવાના નથી, કે તમે તેને સુધારી શકવાના નથી. ઇંદ્રિયોને કાબુમાં ન રાખવી તેજ આપત્તિનો કે દુઃખનો માર્ગ છે, અને તેનો જય કરવો તે સંપત્તિનો માર્ગ છે. એમાંથી તમને જે ઇષ્ટ લાગતું હોય તે રસ્તે ચાલો. ઇંદ્રિયોનો જય કરવો તે સ્વર્ગ છે અને ઇંદ્રિયોને આધિન થવું તે નરક છે. અર્થાત્ ઇંદ્રિયોનો જય કરનારને સ્વર્ગ જેવાં શાંતિવાળાં સુખ મળે છે. અને ઇંદ્રિયોને પરાધિન થનારને નરકના જેવાં અશાંતિવાળાં દુઃખ મળે છે.

શરીર એ રથ છે. ઇંદ્રિયો તે ઘોડા છે. મન સારથી છે. આત્મા દેહરૂપ રથમાં બેસનાર માલીક છે. ઇંદ્રિયોરૂપી ઘોડાને કાબુમાં રાખવાથી આ દેહ ધારેલે સ્થળે પહોંચી શકે છે, નહિંતર તોફાની ઘોડાઓ ઉન્માર્ગે ઘસડી જઇ રથનો નાશ કરે છે. ગૃહસ્થ ધર્મને લાયક થવા માટે ઇંદ્રિયોના પ્રબળ વિષયોને મર્યાદિત કરવા—નિયમમાં રાખવા. ઇંદ્રિયોને પરાધિન મનુષ્ય ધર્મનો અધિકારી નથી.

આ પ્રમાણે પાંત્રીશ ગુણ રૂપ નીતિમય જીવનને ધારણ કરનાર મનુષ્ય સમ્યક્ દર્શન પૂર્વક ગૃહસ્થ ધર્મનાં વ્રતો ધારણ કરવાને યોગ્ય બને છે.

इतिश्री तपागच्छीय श्रीमान् मुक्तिविजयगणि शिष्य पन्यास कमलविजयगणि स्तच्छिष्य पन्यास केसरविजयगणि विरचित नीतिमयजीवनाख्य ग्रंथ विक्रमीय संवत सप्तत्युत्तरैकोनाविंशति सतवर्षे राजदुर्ग (राजकोट) नगरे समाप्तः

लेखक वाचकयोः शुभंभूयात्.

॥ ॐ अर्हंनमः ॥

॥ श्रीमद् पंन्यास विजयकमलगणिभ्यो नमः ॥

ગૃહસ્થધર્મ.

બનાવનાર,

પંન્યાસજી કેશરવિજયજી મહારાજ ગણિ.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. સોમચંદ ભગવાનદાસ.

ઠે. અમદાવાદ, પાનકોરને નાકે.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૧૦૦.

સંવત ૧૯૭૩. સને ૧૯૧૬.

કીંમત બાર આના.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈનવિદ્યાવિજય પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યો.—અમદાવાદ.

॥ ॐ अर्हं नमः ॥

ગૃહસ્થ ધર્મની પ્રસ્તાવના.

આ ગ્રંથ નીતિમય જીવન પછીનો છે. ઘરમાં રહેનાર તે ગૃહસ્થ કહેવાય છે અને તેમનો ધર્મ, તેમનું કર્ત્તવ્ય, તેમની ફરજો તે ગૃહસ્થનો ધર્મ છે. ધર્મનો ખરો અર્થ તો વસ્તુનો સ્વભાવ તેજ ધર્મ છે. આંહી આત્મા એ વસ્તુ છે, ત્યારે તેનો જે શુદ્ધ સ્વભાવ તે આત્મધર્મ છે. આ વસ્તુસ્વભાવરૂપ ધર્મનો પૂર્ણ વિકાશ તો આત્મસ્વભાવમાં સ્થીરતા કરવાથીજ પ્રગટ થાય છે. છતાં પણ આ ગૃહસ્થ ધર્મમાં તે ધર્મની શરૂયાત થાય છે. વૃક્ષ તે વૃક્ષરૂપે આંહી નથી, પણ અંકુરારૂપે છે, અને આ અંકુરાની શરૂયાત તે પણ ભવિષ્યમાં વૃક્ષપણાના પૂર્ણ સ્વરૂપને પામનાર છે એટલે ધર્મની—વસ્તુ સ્વભાવરૂપ ધર્મની—શરૂયાત પણ આ ગૃહસ્થ ધર્મમાં થાય છે. એટલે તેને પણ ધર્મ કહેવામાં કાંઇ અડચણ નથી.

ઓઘ સંજ્ઞાએ અથવા સેજસાજ આત્મજાગ્રતિ એ પણ આ ગૃહસ્થ ધર્મની શરૂયાત છે. છતાં રાજપંથ તો એજ છે કે આત્માને સમ્યક્ પ્રકારે જાણીને, સમજીને પછી વિશુદ્ધિ મેળવવા માટે ગૃહસ્થ ધર્મનાં વ્રત, તપ, જપ, નિયમો વિગેરેનો આદર કરવો. સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન થયા પછીથીજ સમ્યક્ ચારિત્રની શરૂયાત થાય છે. આ ગૃહસ્થધર્મ તે પણ દેશથી સ-

મ્યક્ ચારિત્ર છે. અને આ ચારિત્ર એ સમ્યક્ દર્શન જ્ઞાન પૂર્વક હોય તોજ ખરી રીતે કર્મ નિર્જરા કરવામાં હેતુભૂત થાય છે, તે સિવાયનું દેશ કે સર્વચારિત્ર એ આશીભાવવાળું-સંસારની વિવિધ વાસનાના સંસ્કાર કે લાગણીવાળું હોવાથી ભવભ્રમણના હેતુભૂત થાય છે. ક્વચિત્ એવા દાખલાઓ પણ બને છે કે સમ્યક્દર્શનજ્ઞાન વિના ઓઘે પણ આ ચારિત્રમાં પ્રવૃત્તિ કરતાં સમ્યક્દર્શનજ્ઞાનની પ્રાપ્તિ થવા સાથે સમ્યક્ ચારિત્ર પ્રાપ્ત થાય છે, છતાં પણ તે રાજમાર્ગ નથી. સર્વ કોઇને એમજ થાય તે નિર્ણય કરી શકાય તેમ નથી. ઘણાઓ આ સમ્યક્ દર્શનજ્ઞાન વિના દેશથી કે સર્વથી ચારિત્ર પાળીને થોડો વખત દેવ મનુષ્યાદિનો વૈભવ ભોગવીને નરક નિગોદમાં ગયેલા શાસ્ત્રોમાં બતાવ્યા છે. અર્થાત્ સમ્યક્ દર્શનજ્ઞાન વિનાનું ચારિત્ર ભવભ્રમણના હેતુભૂત થાય છે. આ કહેવાનું રહસ્ય એ છે કે ખરેખર યોગ્યતા વિનાનું ચારિત્ર તે પરિણામે દુઃખરૂપ થાય છે, ત્યારે ખરી યોગ્યતાવાળું થોડું પણ ચારિત્ર મહાન્ આત્મસંપત્તિના, આત્માનંદના હેતુભૂત થાય છે.

આ યોગ્યતા તે આત્મા અને જડ પદાર્થને સમ્યક્ રીતે સમજીને, દરેકના પૃથક્ પૃથક્ સ્વભાવનો નિશ્ચય કરીને, આત્માએજ ગ્રહણ કરવા યોગ્ય છે એમ જાણીને, તેનેજ સંપૂર્ણ પ્રીતિનું પ્રાત્ર બનાવવો તે છે. તથા તેના સિવાય દુનિયામાં કોઇપણ પ્રાપ્તવ્ય નથી. અધિક પ્રીતિનું સ્થાન કોઇપણ નથી, વ્હાલા પ્રેમપાત્રના વિયોગથી જેમ પુરૂષ કે સ્ત્રીઓ તેને દર ક્ષણે યાદ કરે છે, તેને માટે ઝુરે છે, અને પ્રીતિની અધિકતાને લઇ સર્વ વસ્તુમાં તેને નિહાળે છે, તેનેજ જોવે છે, તેમ તે યોગ્યતાવાળો જીવ પોતાના

શુદ્ધ સ્વરૂપ આત્માને પ્રગટ કરવા માટે દુનિયાના બધા પદાર્થો તરફથી મનને ખેંચી લઇ, એક આત્મા સન્મુખ મનના પ્રવાહને જોડી દઇ પ્રત્યેક ક્ષણે તેનેજ સંભારવો, તેને માટે ઝુરવું અને સર્વ દેશ, કાળમાં તેનેજ નિહાળવો, તન્મય થવું. આવો વિહાર, જ્યારે હૃદયમાં શુદ્ધ આત્મા માટે જાગે છે ત્યારે ખરેખર આત્મસ્વરૂપ પ્રાપ્તિની યોગ્યતા આવે છે અને તે પછી તેને માટે જે જે પ્રયત્નો, પ્રવૃત્તિ કરાય છે તે તે સર્વમાંથી આત્માજ ઉન્નત ભાવને પામતો અને પોતેજ તે પવિત્રતા—શુદ્ધતા—ના સ્વરૂપે બનતો અનુભવાય છે. આજ જીવન છે. ચારિત્ર છે. ચારિત્રની છેલ્લી હદમાંજ પૂર્ણ સ્વરૂપ પરમાત્મા પોતાનો આત્મા થઇ રહે છે.

આ ચારિત્રનું પ્રાપ્તવ્ય છે અને તેની શરૂયાત ઘણુંજ નાના પાયા ઉપર આ ગૃહસ્થ ધર્મમાં કરવામાં આવેલી છે. ત્યાગમાર્ગમાં તેની શરૂયાત વધારે વિસ્તારથી થાય છે. અપ્રમત્તદશા—સ્વરૂપ દશામાં તેની પૂર્ણાહુતી થાય છે.

આ ઉપર કહેલી પ્રાપ્તવ્યવાળી દિશા ધ્યાનમાં રાખીને તે માર્ગની આંહીથી શરૂયાત કરવામાં આવે છે. શરૂયાતમાં પોતાના લક્ષ પ્રાપ્તવ્ય સામી આંતરદૃષ્ટિ રાખીને આ ગ્રંથમાં બતાવેલી દરેક ક્રિયા પોતાની યોગ્યતાના પ્રમાણમાં કરવા માટે લાગણી પૂર્વક પ્રયત્ન કરવો. આ ભૂમિકામાં ઘણા અંતરાયો દૂર કર્યાં પછી, ઘણી મલીન વાસનાઓ ઓછી કર્યા પછી અને શુભ સંસ્કારનો વધારો કર્યા પછી અપ્રમત્તતાવાળી શુદ્ધ દશામાં પ્રવેશ કરી શકાશે. અને સર્વ કર્મનો નાશ તેવી દશા—લાયકાત—પ્રાપ્ત થવાથી કરી શકાશે.

આ કહેવા ઉપરથી આ ગ્રંથના અધિકારી કોણ છે તે વાત કહી બતાવી છે. આ ગ્રંથનો ઉદ્દેશ પણ મલીન વાસનાનો ત્યાગ કરવા પૂર્વક સાધકોએ અપ્રમત્ત દશાને લાયક થવું તેજ છે. તે બાબતનાં સાધનોનો ઉલ્લેખ આ નાનાસરખા ગ્રંથમાં બન્યો તેટલો કરવામાં આવેલ છે.

ક્રમ એવો રાખવામાં આવેલ છે કે ગૃહસ્થોએ પ્રાતઃકાળમાં જાગ્રત થતાંજ નમસ્કાર મંત્રનું સ્મરણ કરવું. તે સ્મરણના ઉત્તમ, મધ્યમ, જઘન્ય ભેદો બતાવ્યા છે. પોતાના કર્ત્તવ્ય સંબંધી વિચારો કરવાનું સૂચવ્યું છે. ઉમેદવાર અને વૃતધારી માટે પ્રતિક્રમણ (આવશ્યક) કરવાનું બતાવ્યું છે. દેવદર્શન કરવાનો વિધિ સમજાવ્યો છે. ઉપાશ્રય જવાનો હેતુ, વિધિ અને વ્યાખ્યાન શ્રવણના હેતુઓ દર્શાવ્યા છે. શ્રવણના ફળરૂપ વિરતિ માટે ગૃહસ્થધર્મના બાર વ્રતો બતાવ્યાં છે. સુંદર રહસ્યો સાથે અષ્ટ પ્રકારી પુજા અને દેવમંદિર સંબંધી વિધિ કહી છે. આ પ્રસંગે અશક્ત અને જરૂરીયાતવાળા પ્રસંગને ઉદ્દેશીને માનસીક પૂજા કરવાનું જણાવ્યું છે તે સાથે ભાવપૂજાના સંબંધમાં શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીનું ભાવપૂજા વિષે એક અર્થ સાથે સ્તવન આપેલ છે. ત્યારપછી રાક્ષસી, માનવ અને દૈવીભોજનનો વિધિ બતાવ્યો છે. ભક્ષાભક્ષનો વિવેક પણ સાથે કહ્યો છે. બપોરના નવરાશના વખતે ઘરના આગેવાન ગૃહસ્થે પોતાના કુટુંબને ઉદ્દેશીને વિવિધ પ્રકારની હિતશિક્ષાઓ આપવા અને વિવિધ સદ્ગુણો પોતામાં ખીલવવા તે સંબંધી કેટલીક શિખામણો અને સદ્ગુણોની દિશા બતાવી છે. ત્યારપછી દૈવ ઉપર આધાર રાખી બેસી ન રહેતાં

ધન કમાવાનો પ્રયત્ન કરવાનું સૂચન કરેલ છે. અને છેવટે સંધ્યા વખતની ક્રિયા નિદ્રાવશ થાય ત્યાં સુધીની બતાવી છે.

આ પ્રમાણે બતાવીને નિત્યનું કર્ત્તવ્ય સમાપ્ત કરેલ છે. ત્યાર પછી કાયમના કર્ત્તવ્ય તરિકે ગર્ભની શરૂઆત થાય ત્યારે ગર્ભવાળી સ્ત્રીઓએ કેવા નિયમો પાળવા ? કેવા વિચારો કરવા ? તે પ્રસંગે પતિનું કર્ત્તવ્ય, બાળકોને ઉછેરવાની સમજ, માતા પિતાની બાળકો પ્રત્યેની ફરજ, સાસુઓની વહુ પ્રત્યે ફરજ, વહુઓની સાસુ તથા કુટુંબ પ્રત્યે ફરજ, સ્ત્રીઓનો પતિ પ્રત્યેનો ધર્મ, પત્નિઓની પતિ પ્રત્યેની ફરજ, છોકરાઓની માબાપો પ્રત્યેની ફરજ વિગેરે બતાવી ગૃહસ્થાશ્રમ કેમ સુખરૂપ વ્યવસ્થાસર ચાલે તે બતાવ્યું છે.

ત્યારપછી પરમાર્થ તરફ પ્રવૃત્તિ કરાવવા ગૃહસ્થોએ પોતાના દ્રવ્યનો સાત ક્ષેત્રમાં કેવી રીતે ઉપયોગ ખરચ—કરવો તે બતાવ્યું છે. સાધારણ દ્રવ્યની જરૂરીયાત અને ખરા સ્વામીવચ્છલને સમજાવવા પ્રયત્ન કર્યો છે. તીર્થયાત્રાએ જવાનો ઉદ્દેશ અને ત્યાં જઈ શું કરવું તે બતાવ્યું છે. છેવટની અંતિમક્રિયા બતાવી, કાળજ્ઞાનથી પોતાના આયુષ્યનો નિર્ણય કરીને પ૨મ સમાધિવાળી સ્થિતિમા આ મદદગાર મિત્ર—દેહનો—ત્યાગ કરવાનું બતાવી ગ્રંથની સમાપ્તિ કરવામાં આવી છે.

આ દેશચારિત્ર પાળીને આગળ વધવા ઇચ્છનારને માટે ત્યાર પછી સમ્યગ્દર્શન અને ધ્યાનદીપિકા નામના ગ્રંથો લખવામાં આવેલ છે તે સાધનોદ્વારા તે પછીની ભૂમિકામાં આગળ વધવું એ સાધકોને ભલામણ કરવામાં આવે છે.

આ ગ્રંથ પેથાપુર નિવાસી મહેતા શકરચંદ કાલીદાસની પ્રેરણાથી લખવા માંડયો હતો પણ બીજા કેટલાક કારણુસર આ ગ્રંથ ૭ વર્ષ સુધી અધુરોજ રહી ગયો હતો. જે આ ઓગણીસો બહોંતરેના ગોધાવીના ચોમાસામાં પૂર્ણ કરવામાં આવ્યો છે. આ ગ્રંથથી લખનાર અને વાંચનાર બન્નેને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરી આ ભૂમિકા સમાપ્ત કરવામાં આવે છે.

વિક્રમ સંવત્ ૧૯૭૩ ના પોષ સુદ ૧ સોમવાર.

લી. પં. કેશરવિજયજી ગણિ.

અમદાવાદ.

ॐ अर्हं नमः

ગૃહસ્થ ધર્મ.

નમસ્કારમંત્રનું સ્મરણ.

મનુષ્યોએ રાત્રીના છેલ્લા પોહોરે નિદ્રાનો ત્યાગ કરવો તેટલું વહેલું ન ઉઠાય તો પાછલી ચાર ઘડી રાત રહે ત્યારે તો જરૂર જાગવું જોઇએ, વધારે ઉંઘવું તેતો અજ્ઞાનને વધારનારૂં કામ છે. આળશ-પ્રમાદ વધવાથી દારિદ્રમાં પણ વધારો થાય છે. ખોરાક અને નિદ્રા જેટલાં વધારીએ તેટલાં વધે છે. અને ઓછાં કરીએ તેટલાં ઓછાં થાય છે.

આંખોમાંથી ઉંઘ ઉડી જતાં તરતજ પથારીમાંને પથારીમાંજ નવકારમંત્ર ગણવા શરૂ કરી દેવા આ વેળાએ શરીર કે લુગડાં ચોખાં ન હોય તો પણ મનમાં હોઠ ન હાલે તેવી રીતે નવકારમંત્ર ગણવામાં કોઇ જાતનો વાંધો નથી. નવકારમંત્ર ગણવામાં જરાપણ ઢીલ ન કરવી, કેમકે ઉંઘ ઉડી જાયકે તરતજ નવકારમંત્ર ગણવામાં ન આવે તો બીજા વિચારો મનમાં આવી જાય છે.

તમને આ વાતની તો ખબરજ હશે કે કોરા વાસણમાં જે વસ્તુ ભરવામાં આવે છે તેની વાસ તે વાસણમાં બેસી જાય છે. જો લસણ, ડુંગળી, વઘારણી કે તેવીજ વસ્તુ કોરા વાસણમાં ભરી હોય તો પછી તે વસ્તુ કાઢી લીધા પછી પણ તે વાસણમાંથી તેની વાસ જતી નથી.

આજ પ્રમાણે જો તે કોરા વાસણમાં કેશર, બરાસ, કસ્તુરી કે તેવીજ કોઈ ઉત્તમ વસ્તુ ભરી કે મૂકી હોય તો તે વાસણમાંથી તે વસ્તુ કાઢી લીધા પછી પણ તેવીજ વાસ આવશે.

આજ ન્યાયે આપણે જ્યારે ઉંઘી ગયા હોઇએ છીએ ત્યારે આપણું મન નિદ્રા આવવાથી શાંત થઇ ગયું હોય છે, તે વખતે બીજા વિચારો સ્થિર થઇ ગયા કે દબાઇ ગયા હોય છે, એટલે મન કોરૂં થયા જેવું થઇ જાય છે. પાછા જ્યારે આપણે જાગીએ છીએ એટલે તે ભૂલાઇ ગયેલા કે, ઠરી ગયેલા વિચારો પાછા યાદ આવે છે. પણ તે વિચારો આપણે યાદ કરીએ છીએ તોજ આવે છે. પોતાની મેળે ચાલ્યા આવ્યા છે એમ આપણને લાગે છે પણ ખરી-રીતે તો આપણને વિચાર કરવાની ઘણી ટેવ પડી ગયેલી હોવાથી એમ લાગે છે કે વિચાર કર્યા વિના પોતાની મેળે વિચારો આવે છે. પણ તેમ નથી. આપણે યાદ ન કરીએ તો કાંઇ યાદ નજ આવે.

આપણને આપણા સંસાર વ્યવહારના અને વિશેષે કરી જે આપણને વધારે પ્રિય હોય તેના વિચારો વધારે આવે છે. આ વિચારો વધારે અને તરત યાદ આવે છે, તેનું કારણ એજ કે આપણે વારંવાર તેની વાતોને યાદ કરીએ છીએ. કાંઇ પણ ધર્મના વિચારો કે તેવાજ બીજા સારા વિચારો તરત આવતા નથી. અરે ! નવકારમંત્ર ગણવાનું પણ ઉઠીને તરત આપણે ભૂલી જઇએ છીએ તેનું કારણ એજ છે કે તેને આપણે જો વારંવાર યાદ કરીએ તો પછી તેની પણ ટેવ પડી જાય છે તો પછી તે પણ જરાજરા વારમાં અને આપણે ધારીએ તે વેળાએ પણ યાદ આવે છે.

આંહી તમને એમ વિચાર થાય કે ઉઠતાં વેંત બીજા વિચાર આવે તો આપણને શું નુકશાન થાય ? આનો ઉત્તર એજ છે કે આપણા

વ્યવહારમાં તમે ઘણીવાર કેટલાક માણસોને બોલતાં સાંભળોછો કે ભાઈ ! આજ ફલાણા માણસનું મોઢું જોયું કે નામ લીધું તેથી હજી સુધી ખાવાનું મલ્યું નથી. અથવા આજે મને અમુક નુકશાન થયું છે. અને એક દિવસ ફલાણા માણસનું મોઢું જોયું હતું કે નામ લીધું હતું તેથી તો આખો દાહાડો મને આનંદમાં ગયો હતો અને અમુક લાભ પણ થયો હતો.

આ વાત તદ્દન કાઢી નાખવા જેવી નથી ઉઠતાંવેંત આપણે સારા કે નઠારા માણસનું મોઢું જોયું હોય કે નામ લીધું હોય તો આપણી તેથી સારી કે નઠારી ભાવના બંધાય છે અને તે ભાવનાના પ્રમાણમાં આપણું મન મજબુત કે નબળું થાય છે. અથવા પવિત્ર કે અપવિત્ર મજબુત કે નબળી થયેલી ભાવનાના પ્રમાણમાં આપણું વર્ત્તન થાય છે. સત્તામાં રહેલાં સારાં કે નઠારાં કર્મો તે આપણી ભાવનાના પ્રમાણમાં બાહાર આવી આપણને સુખકે દુઃખ આપે છે.

આ ઉપરથી આપણે એ સમજવાનું છે કે ઉંઘમાંથી જાગતાં-વેંતજ પરમાત્માનું નામ લેવા મંડી જવું. અને મનરૂપી કોરા વાસણમાં ખરાબ વિચારો રૂપિ હલકા પદાર્થ ન ભરાવા પામે તે પહેલાં સારા વિચારો રૂપિ ઉત્તમ પદાર્થ ભરાવી દેવા, તેથી આપણો આખો દિવસ આનંદમાં જાય અને નુકશાન ન થાય.

પરમાત્માનું નામ લેવાથી પુન્ય બંધાય છે અને તેથી આપણે સુખી થઇએ છીએ.

આ પરમાત્માનું નામ કેટલીવાર લેવું તેનો કાંઇ નિયમ નથી. લેવાય તેટલીવાર લેવું. જેમ વધારેવાર લઇએ તેમ વધારે ફાયદો થાય છે. કોઇ પાઠ વધારેવાર ધ્યાનપૂર્વક ગોખ્યો હોય કે કોઇ વાત

ઘણીવાર યાદ કરી હોય તો તે ઘણીવાર યાદ આવે છે. અથવા તરત યાદ આવે છે તેમ ભગવાનનું નામ ઘણીવાર ધ્યાનપૂર્વક એટલે બીજા કોઇ ઠેકાણે મનને ન પરોવતાં કે બીજી કોઇ વાત યાદ ન કરતાં તેમાંજ મન લગાડીને લીધું હોય તો આખો દિવસ વ્યવહારનાં કામ-કાજ કરતાં હોઇએ તોપણ તે પવિત્ર નામ યાદ આવે છે અને તે વધારેવાર યાદ આવતાં તે વધારેવાર આપણે ગણીએ—જપીએ તો ફાયદો પણ વધારે થાય છે.

કુંભાર જેમ વાસણ બનાવવાનું ચક્ર વધારે જોરથી ફેરવે છે, તેમ તે ચક્ર ફેરવી રહ્યા પછી પોતાની મેળે પણ કેટલીકવાર સુધી ફર્યા કરેછે. જો ધીમેથી ફેરવ્યું હોયતો ફેરવી રહ્યા પછી થોડીજ વારમાં બંધ પડે છે તેમ તમે જેટલી લાગણીથી અને જેટલીવાર પરમાત્માનું નામ લીધું હશે, તેટલીવાર ત્યાર પછી પણ વ્યવહારના કામમાં પણ તે યાદ આવ્યા કરશે. આ બાબતનો મનમાં મજબુત સંસ્કાર પાડવાથી માણસોનાં ઘણાં અશુભ કર્મ ઓછાં થતાં તેમનું મન નિર્મળ થઇ જાય છે. અને તેમને આગળ વધવામાં મુસ્કેલી નડતી નથી. આ જીંદગીમાંજ તેઓ ધારે તો મહાત્મા પુરૂષ પણ બની શકે છે. જુઓ કે કેટલીવાર સુધી ભગવાનનું નામે લેવું તેવો નિયમ નથી તથાપિ વધારેવાર ભગવાનનું નામ લેવાને જે આળશુ છે તેમણે નિયમ એવો રાખવો કે સાત કે એકવીશવાર તો અવશ્ય ભગવાનનું નામ ઉંઘ ઉડે કે તરતજ લઇ લેવું.

જેમને આખો દિવસ કે દરેક પ્રસંગમાં ભગવાનનું નામ કે પોતાનું કર્ત્તવ્ય યાદ રાખવાની ઇચ્છા હોય તેમણે એક કોઇ પદ કે સ્તવન યા જેમાં પોતાનું કર્ત્તવ્ય વર્ણવેલું હોય યા વૈરાગ્ય ભાવને સૂચવતું હોય તેવું કોઇ પદ લઇને ઉઠતાંવેંતજ ધીમેધીમે મધુર રાગે

પણ લંબાવીને, તેના અર્થમાં ધ્યાન આપીને, વારંવાર ઉંચે સ્વરે બોલવું તેનો એટલો બધો દઢ સંસ્કાર બંધાશે કે દિવસના કોઇ પણ ભાગમાં અને કોઇપણ કામના પ્રસંગમાં તે પદનું અમુક વાક્ય તેના મુખમાંથી સ્વભાવિક રીતેજ નીકળ્યા કરશે એટલું યાદ રાખવાનું છે કે તે પદ કે વાકયનો જેટલો મજબુત સંસ્કાર મન ઉપર પડયો હશે તેટલીજ ઉતાવળથી તે યાદ આવશે. જો સંસ્કાર દઢ પડયો ન હશે તો વારંવાર યાદ નહિ આવે. તે પદ બોલતી વેળાએ બીજા વિચારો મનમાં નહિં હશે તોજ મજબુત સંસ્કાર મન ઉપર પડશે એ વાત ખાસ ધ્યાનમાં રાખવી. મન ઉપર મજબુત સંસ્કાર પાડવા માટે દિવસના ભાગમાં હાલતાં, ચાલતાં, સુતાં, બેસતાં કે હરકોઇ કામકાજ કરતાં નિરંતર મનમાં નવકારમંત્ર ગણવાની ટેવ રાખવી. રસ્તે ચાલવું તેમાં પગનું કામ છે. પગ ચાલવાનું કામ કરશે તે વેળાએ મન તો વિચારો કરવાનું પોતાનું કામ શરૂ રાખશેજ. તે વેળાએ વિના પ્રયોજનના સારા નઠારા વિચાર કરવા તેના કરતાં પરમાત્માનું નામ મનમાં લેવાય તો શી હરકત છે? કાંઇજ નહિં. આવીજ રીતે નવરા બેઠા હોઇએ, કાંઇ કામકાજ ન હોય તે અવસરે પણ આડાઅવળા નિરૂપયોગી વિચારો કરવા તેના કરતાં ભગવાનનું નામ લઇએ તો આપણને કાંઇ પણ નુકશાન ન થતાં ઉલટું પુન્ય બંધાય છે. તેમજ રાત્રીએ પથારીમાં સુતાં હોઇએ અને ઉંઘ આવતી ન હોય, તે ઉંઘ માટે પથારીમાં આમતેમ આળોટો અને ઉંઘ લાવવા માટે આર્ત્તધ્યાન કરતા હો, તેને બદલે ઉંઘ જ્યાંસુધી ન આવે ત્યાંસુધી પરમેશ્વરનું નામ લીધા કરો તો કેટલો બધો ફાયદો થાય? ભગવાનનું નામ લેતાં લેતાં ઘણીવાર તરત ઉંઘ આવી જાય છે. આપણું ધ્યાન ઇશ્વરના નામમાં હોવાથી રાત્રિએ સ્વપ્ન પણ સારાં

સારાં આવે છે. અને તેટલા વખત માટે પાપનો માર્ગ પણ બંધ થાય છે માટે નિરંતર પરમાત્માનું નામ લેવાની ટેવ રાખવાથી તે અભ્યાસ મજબુત થાય છે.

મનમાં હોઠ ન હલાવતાં પરમાત્માનું નામ હાલતાં ચાલતાં ગમે તેવા સ્થળે લેવામાં આવેતો પણ ગેરફાયદો થતો નથી પણ ઉલટો સારો ફાયદો થાય છે.

ચાલુ સ્વર પ્રમાણે પગ નીચો મૂકવો.

ત્યાર પછી પથારીનો ત્યાગ કરી નીચા ઉતરવું. આપણી નાસીકાનાં બે છિદ્રો છે, તેમાંથી શ્વાશ બાહાર નીકળે છે અને અંદર લેવાય છે. તે બન્ને છિદ્રોમાં એક સાથે પવન તો કોઇકજ વખત ચાલે છે. ઘણી વખત તો એકજ છિદ્રમાંથી પવન ચાલે છે. જે નાસીકના છિદ્રમાંથી પવન ચાલતો હોય તે પગ પથારીમાંથી પહેલો હેઠો મૂકવો. જો બન્ને નાસિકાના છિદ્રમાંથી પવન સાથે ચાલતો હોય તો પગ નીચા ન મૂકતાં પથારીમાં બેસીને પરમાત્માનું નામ લીધા કરવું. બન્ને નાસીકાનો પવન સાથે ચાલતો હોય તે વેળાએ નીચા ઉતરવાથી કે કોઇપણ કામની શરૂયાત કરવાથી તેમાં લાભને બદલે નુકશાન થાય છે. માટે તેટલા વખત માટે તો પરમાત્માનું નામ લેવું કે ધ્યાન કરવું તેથી મન પણ સ્થીર થાય છે. બન્ને નાસીકામાં પવન વધારે વખત સાથે ચાલતો નથી. થોડીજ વારમાં બીજા નાસીકાના છિદ્રમાં પલટાઇ જઇ એક નાસીકામાં ચાલુ થાય છે.

જે નાસીકામાંથી પવન ચાલતો હોય તે પગ હેઠો મૂકવાથી, કે કોઇ કામ કરવું હોય તે વખતે તે પગ પ્રથમ ઉપાડી આગળ ધરી પછી બીજો પગ ઉપાડીને ચાલવાથી કદાચ તે કામ સિદ્ધ ન

થાય તોપણ નુકશાન તો થતું નથી. ઘણે ભાગેતો ધારેલ કામ સિદ્ધ થાય છે.

પછી સુતી વખતનાં પહેરેલાં વસ્ત્રો બદલાવીને બીજાં શુદ્ધ વસ્ત્ર પહેરવાં અને સારા પવિત્ર ઠેકાણે બેસી નવકારમંત્રનું સ્મરણ કરવું.

સ્થળ અને વસ્ત્રો શા માટે પવિત્ર રાખવાં?

આપણે જે કાંઇ સારા કે ખોટા વિચારો કરીએ છીએ, કે સંસાર વ્યવહાર ચલાવવાદિકની ક્રિયાઓ કરીએ છીએ તેની આપણાં પહેરેલાં વસ્ત્રો ઉપર પણ થોડી ઘણી અસર થાય છે તેનાં મલીન પરમાણુઓ તે વસ્ત્રમાં પરણમી જાય છે. ભરાઇ રહે છે. તે વિચારોવાળા મનના કે શરીરદ્વારા કરેલી ક્રિયાનાં પરમાણુઓ તે સ્થળમાં-મુકામમાં-કે ઓરડા પ્રમુખમાં પણ ભરાઇ રહે છે. તેથી તે પ્રદેશનું વાતાવરણ તે પરમાણુવાળું થઇ જાય છે. અને તે મુકામમાં આવનાર માણસના મન ઉપર થોડી કે વધારે અસર પણ કરે છે. તેવા મલીન વિચારથી વાસીત થયેલા મુકામમાં બેસી ધાર્મિક ક્રિયા કરનારના વિચારોમાં સારો સુધારો થતો નથી. મન ઠરતુંનથી કે આડાઅવળા હલકા વિચારો કરતું રહે છે. પોતાના અપવિત્ર મનની સાથે આ અપવિત્ર સ્થળ એક કારણ છે તેથી મન પવિત્ર રહેતું નથી.

આપણા અનુભવનીજ આ વાત છે કે એક સ્થળે કજીયો-કે મારામારી થતી હોય ત્યાં ઉભા રહેનારના મન ઉપર પણ તેની અસર થયા વિના રહેતી નથી. અને એમાંથી કોઇના પક્ષમાં પોતે ઉભો રહી છેવટે મનથી પણ એકનો જય અને બીજાનો પરાજય થાય તેવી ઇચ્છા કર્યા સિવાય રહી શકાતું નથી.

એક માણુસ લડાઇનાં છાપાં વાંચે છે, તેટલાથી પણ મન ઉપર એકનાજયની કે પરાજયની લાગણી થઇ આવે છે. એકનો જય થતો જોઈ હર્ષ થાય છે. બીજાના પરાજયથી નારાજ થવાય છે. અથવા એક વેશ્યાના ઘરમાં જઇ ઉભા રહો. તમે ગમે તેવા દૃઢ મનના હશો તોપણ ત્યાંનું વાતાવરણ એટલું મલીન–વિષયવાસનાથી ભરપુર હોય છે કે, તેની સહજ પણ મન ઉપર અસર થયા સિવાય રહેતી નથી.

કદાચ તમે કોઇ શાંત સ્વભાવી, આત્મરમણતા કરનાર અને દયાની કેવલ મૂર્તિજ હોય તેવા મહાત્મા પુરૂષના સમાગમમાં આવશો તો ત્યાંના પવિત્ર વાતાવરણના કારણથી એક ઘડીભર પણ તમારા ખરાબ વિચારો શાંત થઈ જશે. ત્રિવિધ પ્રકારની ઉત્તમ ભાવનાઓ તમારા હૃદયમાં સ્ફુરવા માંડશે. આત્મસાધન કરવાનુ કે દયાની લાગણીવાળું મન થઇ આવશે. તમારા ખરાબ કર્તવ્યનો પશ્ચાત્તાપ થશે. અને નિર્દોષ જીવન ગાળવાની ઇચ્છા થશે. તે મહાત્મા પુરૂષ ભલે તમને કાંઇપણ ન કહે, છતાં તમારૂં હૃદય ધર્મની લાગણી વાળું થશે. આમ થવાનું કારણ તમે શોધશો તો તમને જણાશે કે પવિત્ર વિચારોથી ત્યાંનું સ્થળ અને વાતાવરણ શુદ્ધ–પવિત્ર બનેલું છે.

આજ રીતે તમે કોઇ તીર્થસ્થાનમાં કે, પ્રાર્થના કરવાના દેવમંદિરમાં જશો તો ત્યાં પણ તમારૂં મન સંસારવ્યવહારના વિચારો બંધ કરી, પરમાત્મ સ્મરણમાં કે કોઇ તેવાજ ભક્તિના માર્ગમાંજ પ્રવેશ કરવાની ઇચ્છા કરશે. આ સર્વનું કારણ એજ છે કે, સારા કે ખોટા, વિચારો કે ક્રિયાઓ જે સ્થળે કરાયેલી હોય છે ત્યાંના–સ્થળ કે વાતાવરણમાં તેની અસર થયા સિવાય રહેતી નથી.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે સ્ત્રીઓનાં ધાર્મિક ક્રિયા કરવાનાં વસ્ત્રો પુરૂષોએ પહેરવાં નહિ. તેમજ જે સ્થળે સ્ત્રી કે પુરૂષ બેઠાં હોય તે સ્થળે બ્રહ્મચારી પુરૂષ કે સ્ત્રીઓએ બે ઘડી થયા સિવાય બેસવું નહિં. આનું કારણ પણ તેજ છે કે વસ્ત્રમાં કે ભૂમિ ઉપર તેમના વિચાર કે ક્રિયાની અસર થયા સિવાય રહેતી નથી માટેજ કહેવામાં આવ્યું છે કે વસ્ત્ર શુદ્ધ પહેરવાં અને સુવાની જગ્યાથી અલગ ઘરના કે.ઇપણ ભાગમાં ધામિકક્રિયા કરવા માટે નિયમિત કરેલી પવિત્ર જગ્યા હોય ત્યાં જઈ બેસી પરમાત્માનું ચિંતન કરવું. નમસ્કાર મંત્રનો જાપ કરવો.

પરમાત્માનું સ્મરણ કરવા માટે ઉત્તર દિશા તરફ કે પૂર્વદિશા તરફ મુખ રાખીને બેસવું. ધર્મધ્યાન માટે આ બે દિશાઓને શાસ્ત્રમાં પવિત્ર માનવામાં આવી છે.

આથી એ નિશ્ચય થયો કે વસ્ત્ર શુદ્ધ પહેરવાં. સ્થળ પવિત્ર હોવું જોઇએ. શરીર પવિત્ર હોય અને ઉત્તર કે પૂર્વદિશા તરફ મુખ રાખી સ્થિર ચિત્તે પરમાત્માનું સ્મરણ કરવું.

આંહી કોઇ શંકા કરે કે શરીર પવિત્ર ન હોય, વસ્ત્ર શુદ્ધ ન હોય, અને મુકામ અલગ ન હોય તો શું પરમાત્માનું સ્મરણ ન કરવું ?

આનો ઉત્તર એ છે કે બધી સગવડ હોય તો તો તેમજ કરવું, પણ તેવી સગવડ ન હોયતો પછી ગમે તેવી રીતે પણ પરમાત્માનું સ્મરણ તો અવશ્ય કરવુંજ જોઇએ. લુગડાં સારાં ઉંચાં ન હોયતો પછી હલકાં પણ પહેરવાંજ જોઇએ. સારૂં ખાવાનું ન મળે તો પછી સાદું ભોજન પણ કરવું. ભુખ્યા તો નજ મરવું

જોઇએ. આજ ન્યાયે તેવી સગવડ ન હોયતો પછી ગમે તેમ પણ સ્મરણ તો કરવુંજ. શાસ્ત્રમાં કહ્યું પણ છે કે,

अपवित्रः पवित्रोवा सुस्थितो दुःस्थितोपिवा
ध्यायन्पंचनमस्कारं सर्वैः पापैः प्रमुच्यते. १

(ઉપર કહેલ સાધનની સગવડતા ન હોયતો) અપવિત્ર હોય કે પવિત્ર હોય, નિરોગી હોય કે રોગી હોય, પંચનમસ્કારનું ધ્યાન કરતાં સર્વ પાપથી મુક્ત થાય છે. ૧ વિશેષ એ છે અપવિત્ર વસ્ત્ર કે શરીરવાળાએ તે જાપ હોઠ ન ચાલે તેમ મનમાં કરવો.

ઉત્તમ પ્રકારનો જાપ.

જપ ત્રણ પ્રકારે થાય છે. ઉત્કૃષ્ટ, મધ્યમ, અને જઘન્ય. પદ્મની વિધિવડે જાપ કરવો તે ઉત્કૃષ્ટ–ઉત્તમ જાપ કહેવાય છે. કેમકે તેમાં ચિત્તની એકાગ્રતા થાય છે. મન ઠરે છે. હલકા વિચારો આવી શકતા નથી. તેથી તેનો લાભ પણ વધારે મળે છે.

તે જાપ આ પ્રમાણે કરાય છે. તમારા હૃદયમાં એક આઠ પાંખડીનું કમળ ચિંતવો. અને તેની અંદરના ભાગમાં બરાબર સિદ્ધચક્રમાં આવેલાં છે તેવાં નવ પદોને સ્થાપન કરો. એટલે વચમાં અરિહંત, ઉપર સિદ્ધ, પડખે આચાર્ય, નીચે ઉપાધ્યાયજી, પડખે સાધુ, અને ચારે ખુણા ઉપર અનુક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપ, આ ચાર પદ મૂકો. આમ કરવાથી બરાબર સિદ્ધચક્રના મંડળ જેવું મંડળ થશે. હવે તે નવ પદોનો જાપ એક એક પદ ઉપર ધ્યાન રાખી કરવો ચાલુ કરો. આ ચાલુ જાપ વખતે બની શકે તો ડાબો પગ જમણા સાથળ ઉપર અને જમણો પગ ડાબા સાથળ

ઉપર મૂકવારૂપ પદ્માસન કરો. વાંસાની કરોડનો ભાગ સિધ્ધો ટટ્ટાર રાખો. મસ્તક પણ સિધ્ધુંજ રાખો. આંખો મીંચી લ્યો અને અંદરની દૃષ્ટિ હૃદયમાં રાખો. '**નમો અરિહંતાણં**'–આ પદ તે હૃદયમાં રહેલા આઠ પાંખડીના કમળની વચમાં રહેલી અરિહંત ભગવાનની મૂર્ત્તિ સામી દૃષ્ટિ રાખી બોલો. મનમાંજ બોલો. હોઠ પણ ચાલવા ન જોઇએ. એ બોલતી વખતે તે પદના અર્થમાં સાથેજ દૃષ્ટિ આપો કે 'અરિહંત ભગવાનને નમસ્કાર કરૂં છું' આ સાથે મન વિશેષ પ્રકારે તેમાં રોકાઈ રહે તે સારૂ તે અરિહંત ભગવાનની મૂર્ત્તિ શ્વેત ચંદ્ર જેવા પ્રકાશવાળી શાંત છે, તે શ્વેત રંગ–કે પ્રકાશનો સહજ આભાસ પડે ત્યાંસુધી જરા થોભો, અથવા 'નમોઅરિહંતાણં' એ પદના અક્ષરો શ્વેત રંગના દેખાય તેમ ચિંતવો, અને તેનો ઝાંખો પણ આભાસ પડે ત્યાર પછી ત્યાંથી દૃષ્ટિ ઉપાડી ઉપરની પાંખડીમાં રહેલા સિદ્ધ ભગવાન્ તરફ દૃષ્ટિ સ્થાપન કરી '**નમો સિદ્ધાણં**' આ પદ મનમાં બોલો. આ સાથે ઉગતા સૂર્યના જેવા લાલ પ્રકાશવાળી તે સિદ્ધ ભગવાનની મૂર્ત્તિ દેખવી, તેમજ તેનો અર્થ "સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું." તેની ધારણા પણ મનમાં રાખવી. જો મૂર્ત્તિ ઉપર ધારણા હોયતો મૂર્ત્તિની સહજ પણ આભાસવાળી ઝાંખી થયા પછી આગળ વધવું. અથવા તે પદના અક્ષરો ઉપર ધારણા રાખી હોયતો તે અક્ષરોની ઝાંખી છાયા લાલવર્ણની દેખાયા પછી આગળ જાપ કરવો. મૂર્ત્તિ કે અક્ષરો બેમાંથી એકની ધારણા રાખવી. બેની સાથે ધારણા રાખવી નહિ.

ત્યાર પછી ત્યાંથી દૃષ્ટિ ઉપાડી પડખેની પાંખડી ઉપર રહેલા આચાર્ય તરફ ધ્યાન આપવું. અને પછી '**નમો આયરિણં**' આ પદ બોલવું. 'આચાર્ય, મહારાજને નમસ્કાર થાઓ' આ અર્થની

છાપ મનમાં પાડવી. તે સાથે પીળા વર્ણની આચાર્યની મૂર્ત્તિ કે અક્ષરોની ઝાંખી થાય ત્યાંસુધી સ્થીરતા રાખી કાંઇપણ ચિંતન કર્યા સિવાય તે ત્રીજાપદ ઉપરજ મનને ધારી રાખવું. ત્રીજાપદની ઝાંખી થયા પછી દ્રષ્ટિ ત્યાંથી ખસેડી નીચેની પાંખડી ઉપર રહેલા ચોથા ઉપાધ્યાયજી તરફ દૃષ્ટિ સ્થાપવી. '**નમો ઉવઝાયાણં**' આ પદ બોલવું. સાથે 'ઉપાધ્યાયજી મહારાજને નમસ્કાર કરૂંછું' તે અર્થનું ધ્યાન રાખવું. પછી લીલા રંગની ઉપાધ્યાયજીની મૂર્ત્તિકે અક્ષરો જોવા. તેની ઝાંખી થયા પછી ત્યાંથી દૃષ્ટિ ઉઠાવવી.

પાંચમા પદ ઉપર રહેલા સાધુ મહારાજ તરફ દૃષ્ટિ સ્થાપીને **નમો લોએસવ્વસાહૂણં**' એ પદ બોલવું. અને લોકમાં રહેલા 'સર્વ સાધુઓને નમસ્કાર કરૂં છું' આ અર્થ ધારવો. સાથે કાળાવર્ણવાળી તે સાધુની મૂર્ત્તિ દેખવી—અથવા—'નમો લોએ એ મંત્રના કાળા અક્ષરો જોવા. તે દેખાયા પછી ત્યાંથી દૃષ્ટિ ખસેડવી. ન દેખાય ત્યાંસુધી એકી નજરે અને એક ભાવનાએ મન ત્યાં સ્થીરજ કરી દેવું.

પછી સિદ્ધ ભગવાનને આચાર્ય મહારાજના વચલા ભાગ તરફના ખુણામાં દૃષ્ટિ આપી ત્યાં **નમો દંસણસ્સ** એ પદ બોલવું અને 'સમ્યક્ દર્શનને નમસ્કાર કરૂંછું' એ અર્થ ઉપર ધ્યાન આપવું. સાથે તે પદના બધા અક્ષરો ઘણાજ શ્વેત (ધોળા) છે તે દેખાયા પછી ત્યાંથી દૃષ્ટિ ખસેડવી.

તેના નીચલા ભાગના ખુણામાં આવેલા જ્ઞાનપદ ઉપર દૃષ્ટિ સ્થાપવી. અને **નમો નાણસ્સ** એ બોલવા પછી જ્ઞાનને નમસ્કાર થાઓ એમ અર્થ ચિંતવવો અને તે શ્વેત અક્ષરો તરફ દૃષ્ટિ આપી તે અક્ષરોનો આભાસ પડે ત્યાંસુધી ત્યાં સ્થિરતા કરવી. ત્યાર પછી ત્યાંથી દૃષ્ટિ ઉપાડવી.

ઉપાધ્યાયજી અને સાધુના વચમાં ખુણા તરફ રહેલા ચારિત્રપદ ઉપર દૃષ્ટિ રાખી **નમો ચારિત્તસ્સ** એ પદ બોલવું અને 'ચારિત્રને નમસ્કાર થાઓ' એ અર્થ ચિંતવવો. સાથે તે પદના શ્વેત અક્ષરો કલ્પી તેને જોવાનો પ્રયત્ન કરવો. છેવટે ઝાંખાપણ તે અક્ષરો દેખાયા પછી ત્યાંથી દૃષ્ટિ ઉપાડવી.

સાધુ અને સિદ્ધપદના વચમાં આવેલા તપપદ ઉપર દૃષ્ટિ સ્થાપવી. **નમો તવસ્સ** એ પદ બોલવું અને 'તપને નમસ્કાર કરૂં છું' એ ધ્યાન રાખવા સાથે તપપદના શ્વેત અક્ષરો જોવા માટે પ્રયત્ન કરવો. તે દેખાય એટલે ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી તેજ અનુક્રમે પાછો ફરીને નમસ્કાર મંત્રનો જાપ કરવો. આ પ્રમાણે જ્યાંસુધી સ્થિરતા હોય ત્યાંસુધી જાપ કરવો. ઓછામાં ઓછો બે ઘડી સુધી જાપ કરવો જોઇએ.

તે કમળમાં રહેલ મૂર્તિ કે પદ સામી દૃષ્ટિ, તેનો જાપ, તેનો અર્થ, અને તેનો વર્ણ (અક્ષરો કે મૂર્તિનો રંગ) તે ઉપર દૃષ્ટિ રાખવાનું નવીન અભ્યાસીને શરૂઆતમાં કઠણ પડે તો પછી જેમ સગવડ પડે તેમ કરવું, પણ જાપ અને અંતરમાં તે પદો ઉપર દૃષ્ટિ સ્થાપવી. આટલાથી તો શરૂઆત કરવીજ જોઇએ. આ ઉત્તમ પ્રકારનો પહેલો જાપ સમાપ્ત થયો.

મધ્યમ પ્રકારનો જાપ.

નવકારવાળી (માળા) હાથમાં લઇને જાપ કરવો તે મધ્યમ પ્રકારનો જાપ છે. કારણ કે આમાં મનને રોકે તેવાં આલંબનો ઓછાં છે. તથા જે પદ મુખે બોલાય તેના અર્થ ઉપર સાથેજ ધ્યાન આ-

પવાથી આમાં પણ મન સ્થિર થાય છે. એટલે જાપ સિવાય બીજે ભટકતું મન અટકે છે અને તેથી જાપનું ઉત્તમ ફળ મળે છે.

આ જાપ કરવાનો હેતુ લક્ષમાં એવો રાખવો જોઇએ કે આ જાપથી મારાં મલીન કર્મોનો નાશ થાય છે. મારૂં મન શુદ્ધ થતું જાય છે. મલીન વાસનાઓ નાશ પામતી જાય છે. સારા વિચારોમાં વધારો થતો જાય છે. અને આત્માનુ સ્વરૂપ પ્રગટ થતું ચાલે છે. આ ભાવના શરૂઆતમાંજ દૃઢ કરી પછી જાપ ચાલુ કરવો. ભાવનાના બળના પ્રમાણમાં તેવોજ નવીન ફેરફાર તમારા મનમાં થતાં તમે અનુભવશો. મનમાં ચોક્કસ નિર્ણય કરો કે હું જે વખતે જેટલી વાર પરમાત્માનું સ્મરણ કરૂં છું, તે વખતે તેટલીવાર મલીન વિચારો, વાસનાઓ, કે કર્મો ઉપર હથોડાના ઘાની માફક ઘા પડે છે અને તે કર્મોને નબળાં કરી વિંખેરી નાંખે છે. જાપનું બળ જેટલું વધશે તેટલુંજ બળ મલીન કર્મોનું ઓછું થશે.

ત્રીજા પ્રકારનો જાપ.

કોઇપણ પ્રકારે મનને રોકયાવિના જાપ કર્યા કરવો તે જઘન્ય જાપ છે; જાપ કરતો જાય અને વચમાં વાતો પણ કરતો જાય. હું શું બોલું છું ' તેનુ પણ ભાન ન હોય. અર્થ ઉપર લક્ષ પણ હોય નહી. અને નાના છોકરાઓ જેમ મોપાટ લઈ જાય છે તેમ નવકાર મંત્રનો પાઠ ગણ્યેજ જાય. લાંબા વખતના અભ્યાસને લઇ તે ભૂલી ન જાય પણ ચિત્ત બીજે ફરતું હોય, વિચારો થતા જાય અને માળાના મણકા પણ ફેરવ્યા જવાય વળી કેટલો જાપ થયો તેની સંખ્યાનું પણ ભાન ન હોય. (શરૂઆતમાં જાપની સંખ્યા રાખવાની પણ જરૂરીઆત છે. કારણ કે અમુક સંખ્યા

જેટલો કે અમુક વખત સુધી જાપ કરવાનો નિયમ કરવાથી તેટલા વખત માટેની શરૂઆતથીજ લાગણી બંધાય છે. અને તેટલો પુરો કરવાનો ઉત્સાહ બન્યો રહે છે.) આ સર્વ જાપ જઘન્ય છે. તેનું ફળ ઘણું થોડું મળે છે.

રસ્તે ચાલતાં મનમાં જાપ કરવો, સંખ્યાનો નિયમ તેમાં ન રાખવો, આજુબાજુ જોવાનું પણ ધ્યાન આપવું, બોલવાની પણ જરૂરીયાત પડે. છતાં જો મન બીજા વિચારો કરી, આડે અવળે રસ્તે દોરવાઇ, કર્મબંધ થાય તેવી પ્રવૃત્તિ કરતું હોય તો, તે અટકાવવા માટે જઘન્ય પ્રકારનો જાપ થાય તોપણ હરકત નથી. કારણ નુકશાનને બદલે આમાં થોડોપણ લાભ છે. જ્યારે ઉત્તમ પ્રકારનો જાપ કરવાનો પ્રસંગ આવે ત્યારે તો તેજ કરવો અને તેના અભાવમાં આ પણ જાપ કરવાને ભૂલવું નહિં આ પ્રમાણે ત્રણે પ્રકારમાંથી કોઇપણ પ્રકારનો જાપ પ્રસંગે ચાલુ રાખવો.

આ ઉત્તમ જાપમાં બતાવેલા નવ પદોમાં અરિહંત અને સિદ્ધ બે દેવ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરૂ છે. અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ ચારે ધર્મ છે. એમ આ જાપમાં દેવ, ગુરૂ અને ધર્મને નમસ્કાર કરવાનું આવે છે, એટલે જે સ્થિતિની પ્રાપ્તિ કરવાની છે, તેના નામનોજ જાપ કરવાનું તેમાં આવે છે. આ નવ પદજીને બદલે નવકાર મંત્રનો જાપ કરો તોપણ અડચણ નથી. જેમ જાપ કરતી વખતે વિક્ષેપ ઓછો અને એકાગ્રતા વધારે તેમ કર્મમળ ઘણી ઝડપથી ઓછો થવા માંડે છે અને જેને દુનિયાના સુખની ઇચ્છા હોય તેને તેપણ પ્રાપ્ત થાય છે. જેવા ઉદ્દેશથી–હેતુથી જાપ કરવામાં આવે છે, સ્થિરતા મેળવાય છે તેવો ઉદ્દેશ

કે હેતુ તેનાથી પાર પડે છે. છતાં આંહી સૂચના કરવાનું એ છે કે દુનિયાના પ્રસંગો બીજા પ્રયત્નથી પણ મળી શકે છે અને તે ક્ષણીક છે. પરિણામે દુઃખરૂપ છે. અવસ્ય નાશ પામનારા છે. અને તેનું પરિણામ તૃપ્તિ કરનારૂં આવતુંજ નથી તો તેને માટે આત્મસુખ મેળવવાનું મૂકી દઈ, પરિણામે નુકશાન કરનારી ઇચ્છાઓને પોષણ આપવા માટે આ જાપ ન થાય તો વધારે સારૂં છે. કોઇપણ જાતના ફળની ઇચ્છા રાખ્યા સિવાય જાપ કરવાથી કર્મમળ ઘટે છે. અને ઇચ્છા પૂર્ણ કરવા માટે જાપ કરવાથી નવીન શુભ પણ બંધતો થાય છેજ.

જાપ કરી રહ્યા પછી વિચાર કરવો કે હું કોણ છું? મારૂં કર્ત્તવ્ય શું છે? મારો ધર્મ શું છે? મારૂં કર્ત્તવ્ય મેં કેટલું બજાવ્યું છે? મારા પૂર્વજો કોણ હતા? તેમણે અગત્યનાં કર્ત્તવ્યો શું શું કર્યા છે? શું મારી નિર્બળતા છે? મારો પ્રમાદ છે? અથવા કોઇ બીજી હરકતો છે? તે દૂર થઈ શકે તેમ છે? છે તો કયા ઉપાયથી? તે ઉપાયો કામે લગાડયા છે? હવે તે ઉપાયો કામે લગાડી શકાય તેમ છે? તેમાં અન્યની મદદની જરૂર છે? તે મળી શકે તેમ જણાય છે? અન્યને મદદ કરી છે? તારે હાથે કોઇ પરોપકારી કાર્યો થયાં છે? થયાં હોયતો તેની અનુમોદના કર. ન થયાં હોયતો તે કરવા માટે સાવધાન થા. ગયા વખતનો પશ્ચાત્તાપ કરી ભવિષ્ય માટેનો નિશ્ચય કર. પોતાના કોઇ ઉત્તમ કાર્ય કરનાર પૂર્વજની સાથે પોતાની સ્થિતિનો-કર્ત્તવ્યનો મુકાબલો—સરખામણી કર. તેના જીવન સાથે તારૂં જીવન સરખાવ. પૂર્વજનાં ઉત્તમ જીવનો એ એક આરિસો છે તેમાં તારૂં મુખ જો. અને જે ન્યુનતા જણાય તે પુર્ણ કરવા અને બની શકે તો તેથી પણ આગળ વધવા નિર્ણય કર.

ઉત્તમ જીવન વાળા પોતાના પૂર્વજો સાથે પોતાની સરખામણી કરતાં પોતાની ન્યૂનતા સમજાય છે. તે સાથે તેણે નિયમિત કરેલા રસ્તા ઉપર ચાલવાની પોતાની શક્તિની–યોગ્યતા અયોગ્યતાની ખબર પડે છે. તેજ રસ્તે ચાલવું કે ફેરફાર કરી અન્ય રસ્તો લેવો તે સમજાય છે. તેમને પડેલી અડચણોથી સાવચેત રહેવાની ચેતવણી મળે છે. ટુંકામાં કહીએ તો તેમના જીવનમાંથી એટલા બધા અનુભવો મળે છે કે પોતાનો માર્ગ ઘણી સહેલાઇથી સુગમ કરવાની કુંચીઓ પ્રાપ્ત થાય છે.

ઘણા વખતના અભ્યાસથી પોતાનું જીવન સારૂં બનાવવામાં અડચણરૂપ જણાતા કોઇ મોટા દુર્ગુણો ત્યાગી ન શકાતા હોય તેમ પોતાને જણાય તો, એક પછી એક અનુક્રમે ધીમે ધીમે ત્યાગ કરતા રહેવું, પ્રથમ કાયમનો ત્યાગ બની શકે નહિં તો એકાદ માસનો કે એકાદ દિવસ જેટલી ટુંકી મુદતથી તેનો ત્યાગ કરવાની ટેવ પાડવી. અથવા તેથી પણ ઓછી એકાદ પહોર કે કલાકથી શરૂઆત કરવી. અને તેમાં દૃઢતા પૂર્વક નિયમિત વધારો કરતા રહેવું.

જેમ દુર્ગુણો માટે આ ક્રમ નિયમિત રીતે ચાલુ રાખવો, તેમ એકાદ કે તેથી વધારે સદ્‌ગુણોમાં વધારો કરવા માટે પણ તેવાજ ક્રમથી વધવાની ટેવ રાખવી. ધીમો પણ કાયમનો વધારો થતાં સદ્‌ગુણમય જીવન થશે. અને દુર્ગુણો સદાને માટે ચાલ્યા જશે.

દુર્ગુણોનો ત્યાગ ન કરી શકાય તો પણ સદ્‌ગુણોનો વધારો કરતા રહેવું. એકંદર પરિણામ એ આવશે કે સદ્‌ગુણના ધકાથી દુર્ગુણોને પાછા હઠવું પડશે. અને તેની જગ્યાએ સદ્‌ગુણ ગોઠવાઇ જશે.

આ સર્વ સ્થિતિમાં સુધારો થવાનું મૂળ કારણ વિચાર શક્તિ છે. વિચાર શક્તિની મદદ વિના એધ સંજ્ઞાએ બાંડરીયા પ્રવાહ

અમુક ચાલતાં આગળ વધી શકાતું નથી. દુર્ગુણો ઘટતા નથી ને સદ્‌ગુણો વધતા નથી. આગળ વધવામાં વિચાર વિના બીજું એક કારણ યોગ્યતા ધરાવતું નથી. કર્ત્તવ્ય કે અકર્ત્તવ્ય તેનું ભાન વિચારથી થાય છે અને આજસુધી શું ફાયદો કે ગેર ફાયદો થયો તે પણ વિચારથીજ જાણી શકાય છે. કોઇપણ કામ કરતાં આ કામ શા માટે કરવું જોઇએ ? અને આટલા દિવસ પ્રયત્ન કર્યો તેનું પરિણામ શું આવ્યું તેનો વિચાર અવસ્ય કરવોજ જોઇએ.

પ્રયત્ન કર્યાં છતાં કાંઇ ફાયદો ન જણાય તો સમજવું જોઇએ કે આપણો પ્રયત્ન યોગ્ય દિશામાં થતો નથી. અથવા જેને માટે પ્રયત્ન કરીએ છીએ તેનું કારણ કોઇ બીજી જાતનો પ્રયત્ન હોવો જોઇએ. બીજ વાવીએ અને અમુક મુદ્દત સુધી અંકુરો પણ ન ફુટે (ફળની વાત દૂર રહી) તો સમજવું જોઇએ કે કાં તો જમીન ખારી હોવી જોઇએ અને કાંતો બીજ બળી ગયેલું હોવું જોઇએ નહિતર યોગ્ય પ્રયત્ન છતાં પરિણામ કેમ ન આવે ?

પ્રયત્ન યોગ્ય છે કે નહિ તેનો વિચાર બરોબર કરવો જોઇએ. કેટલીક વખત બીજ વાવીને તરતજ ફળની આશા રાખનારા નિરાશ થાય છે. તેમ પણ ન થવુંજ જોઇએ. અમુક મુદ્દતની હદતો જોઇએજ. ત્યારપછીજ ફળ આવે. છતાં પણ ફળ ન આવે તોપણ અંકુરો તો ફુટવોજ જોઇએ. નાના છોડવાનું રૂપ બીજે લેવુંજ જોઇએ. તોપણ તેનાથી અમુક કાળે ફળ આવશે તેમ ધારણા બાંધી ધીરજ ધારી શકાય છે. આવીજ રીતે જે કર્ત્તવ્ય કરો તેના ઉંચા ગુણો તત્કાળ ન પ્રાપ્ત થાય તોપણ હૃદયમાં શાંતિ, વિક્ષેપ ઓછા, આશા તૃષ્ણામાં સુધારો, કષાયની મંદ પરિણતિ, ઈત્યાદિ અંકુરાઓ તો દેખાવાજ જોઇએ.

આ પ્રમાણે ઉત્તમ વિચારોમાં કેટલોક વખત પસાર કરવો અને તેમાં પોતાનું જીવન તપાસી જઇ દુર્ગુણોને હઠાવવા અને સદ્‌-ગુણોને વધારવા માટે ચોક્સ નિર્ણય કરવો. અને આખો દિવસ તે પ્રમાણે વર્તન કરવું. સાંજે પાછી પોતાની પ્રવૃત્તિ તપાસી જવી.

ત્યાર પછી આવશ્યક કરવું. અવશ્ય કરવા યોગ્ય કર્મને

આવશ્યક.

આવશ્યક કહે છે. ચાલુ રૂઢીમાં લોકો પ્રતિક્રમણ કહે છે. પણ ખરી રીતે તો 'પ્રતિક્રમણ' એ ચોથો આવશ્યક છે. આવશ્યકના છ ભાગ છે તે માંહીલા ચોથા ભાગને પ્રતિક્રમણ કહે છે. પ્રતિક્રમણ એટલે પાછું હઠવું. કોનાથી પાછું હઠવું ? લીધેલ વ્રતો અને ગૃહસ્થને લાયક પાળવા યોગ્ય નિયમો પ્રમાણે વર્તન ન થયું હોય, લીધેલ વ્રતો કે નિયમોની હદ ઓલંઘી આગળ નીકળી ગયો હોય તેણે તે ભૂલોને સુધારી પાછું નિયમિત મર્યાદામાં આવવું. લાગેલા અતિચારો કે દોષો તેની તપાસ કરી તેનાથી પાછા હઠવું તેને પ્રતિક્રમણ કહેછે. પ્રતિક્રમણ કરવાની જરૂરીઆત પણ તેટલા માટેજ છે.

દરિયામાં ચાલુ વાહાણને છિદ્ર પડયું હોય તેને જો તરતમાંજ સુધારવામાં ન આવે, તે છિદ્ર તપાસ કરીને બુરી દેવામાં ન આવે તો તે વાહાણમાં પાણી ભરાઈ જઇ બુડી જવાનો સંભવ રહે છે. આજ પ્રમાણે વ્રત—નિયમોરૂપિ વાહાણમાં કોઇપણ જગ્યાએ દોષો લાગવા રૂપ છિદ્ર પડયું છે કે નહિ તેની સવાર સાંજ બે વખત તપાસ કરવી અને લાગેલા દોષરૂપ છિદ્રને ફરી ન કરવારૂપ કે પ્રાયશ્ચિત્ત લેવારૂપ ક્રિયાએ કરી તત્કાળ બુરી નાખવું. બંધ કરી દેવું. જેથી વ્રતરૂપ વાહાણ કાયમ ટકી રહે

છે નહિતર સંસાર સમુદ્રમાં આશ્રવરૂપ પાણી ભરાઇ ને દરેક રીતે ડુબી જવાનું. અર્થાત્ વ્રતનો નાશ થવાનો સંભવ રહે છે. દિવસમાં બે વખત આ પ્રતિક્રમણ કરવાનો હેતુ એ છે કે, ઘણું નાનું પડેલું છિદ્ર તત્કાળ ખબર પડવાથી તે સહેલાઇથી પુરી શકાય છે. પણ જ્યારે તે છિદ્ર ઘણું મોટું—અને લાંબા વખતનું પડેલું હોય છે ત્યારે તરતજ બંધ કરી દેવું મુસ્કેલીવાળું થઇ પડે છે, તેમ એક ભૂલ જે નિરંતર થયા કરે છે, તેની ખબર લેવામાં આવતી નથી; પણ તે નિરંતરની એક ટેવરૂપ થઇ જાય છે ત્યારે ઉંડી જડ ઘાલીને પડેલાં મૂળને દૂર કરવું જેટલું મુસ્કેલ થાય છે તેટલીજ મુસ્કેલી લાંબા વખતના દોષને દૂર કરવા માટે થાય છે, માટે કોઇપણ દોષ લાંબા વખતે ટેવરૂપ થઇ ન જાય તે પહેલાં તેનો પ્રતિકાર કરવો, કે જે સહેલાઇથી અસરકારક થઇ નાબુદ થઇ જાય.

આવસ્યકના છ ભાગમાં પ્રથમ **સામાયિક** આવે છે. એટલે બે ઘડી સુધી સમભાવમાં રહેવા માટે પ્રતિજ્ઞા કરવામાં આવે છે. અથવા તે આવસ્યક ક્રિયા જેટલા વખતમાં થઇ રહે તેટલા વખત માટે રાગદ્વેષ વિનાની સમભાવવાળી સ્થિતિમાં રહેવાની પ્રતિજ્ઞા કરાય છે. ઓછામાં ઓછો બે ઘડી જેટલો વખત ધર્મધ્યાનમાં રોકવો. આ હેતુથી બે ઘડી એવો સામાન્ય નિયમ છે. છતાં તેથી વધારે પણ વખત રોકવામાં અડચણ નથી, અને પ્રસંગે તેથી ઓછો પણ વખત રોકી શકાય છે છતાં નિયમિત રીવાજ બે ઘડીનો છે.

આ સામાયકમાં પાપવાળા વ્યાપારનો ત્યાગ કરવામાં આવે છે. મનથી. વચનથી. અને શરીરથી. એનો ઉદ્દેશ બરોબર સચવાય છે કે કેમ ? તે બાબતનું બરોબર ધ્યાન તે વખતમાં રાખવું જોઇએ. જ્યારે પાપના વ્યાપારનો ત્યાગ થાય છે ત્યારે મન શાંત થાય છે.

હૃદયમાં શાંતિની ઉર્મીઓ ઉઠે છે. વિવિધ વિચારજાળના બોજાથી મન હલકું થાય છે. જો એમ ન થતું હોય અને રાગદ્વેષનાં મોજાંઓ ઉછળતાં હોયતો સમભાવની પ્રતિજ્ઞાનો લોપ થાય છે એમ ધારી વિશેષ સાવચેતી રાખવી, અથવા શરૂઆતમાં બે ઘડીથી પણ ઓછા વખતનો નિયમ લઇ તેવો અભ્યાસ પાડવા માટે પ્રયત્ન ચાલુ રાખવો અને મનને નિર્દોષ વિચારોમાં જોડી દેવું કે જેથી રાગદ્વેષની વિષમતા ઉત્પન્ન થવાનો સંભવ રહેશે નહિ. આ ક્રિયા વખતે જે શબ્દોનું ઉચ્ચારણ કરાય તે શબ્દોના અર્થમાં બરોબર લક્ષ આપવાથી હલકા વિચારોને આવવાનો અવકાશ ઘણો ઓછો રહેછે.

સમભાવની પ્રતિજ્ઞાનો પહેલો આવશ્યક આવ્યા પછી, બીજો આવશ્યક **ચોવીશ તીર્થંકરોની તિ** કરવાનો આવે છે. આમાં ચોવીશે તીર્થંકરોને યાદ કરવાસાથે તેમને નમસ્કાર કરવાનું અને તેમની સ્તુતિ કરવાનું આવે છે. શરૂઆતમાં સમભાવની પ્રતિજ્ઞા કરી છે તેથી મન પવિત્રથાય છે તથા ચોવીશતીર્થંકરદેવ કે જે પોતાના ઇષ્ટદેવ છે તેમની સ્તુતિ—નમસ્કાર કરવાથી, હૃદય પહેલાંથી વધારે પવિત્ર બને છે. મનની સ્થિરતા ઘણી સારી થાય છે.

ત્યાર પછીના ત્રીજા આવશ્યકમાં ગુરૂવર્ગને નમસ્કાર કરવામાં-**વંદન** કરવામાં આવે છે. ગુરૂઓ અત્યારના ચાલુ વખતમાં પણ વધારે ઉપગારી છે. તેમને સુખશાંતિ પૂછવાસાથે નમસ્કાર કરી પોતાથી કોઇપણ રીતે અજાણતાં પણ કાંઇ આશાતના—અપરાધ થયો હોય તેની ક્ષમા યાચવી, પોતાના હૃદયથી પશ્ચાત્તાપ કરવો અને તેમના ગુણોની અનુમોદના કરવી, આ ગુરૂવંદન છે. આ ગુણાનુરાગથી, ગુરૂ ઉપરના પ્રેમથી હૃદય વધારે પવિત્ર બને છે.

ત્યાર પછી ચોથા આવશ્યકમાં **પ્રતિક્રમણ** આવે છે. ગૃહસ્થ-ધર્મને લાયક વ્રત, નિયમો જે જે લીધેલાં હોય તેમાં ક્યાં ક્યાં દોષ લાગ્યો છે તે દોષો સાંજના વખતે પ્રતિક્રમણ કરાતું હોય તો દિવસના ભાગમાં લાગેલ દોષો યાદ કરવા અને પ્રભાતે પ્રતિક્રમણ કરાતું હોય તો રાત્રિના ભાગમાં લાગેલા દોષોનો વિચાર કરી જવો. જો દોષ લાગ્યો હોય તો તેની માફી માંગવી, પશ્ચાત્તાપ કરવો, ફરી દોષ ન લાગે તે માટે નિશ્ચય કરવો, જેમણે ગૃહસ્થધર્મને લાયક બાર વ્રતાદિ લીધેલ ન હોય તેમણે પણ અભક્ષાદિ ભક્ષણ કર્યું હોય, વિતરાગ દેવની સામાન્ય આજ્ઞા પ્રમાણે શ્રદ્ધાન ન કર્યું હોય, અઢાર પાપસ્થાનકાદિ કર્યાં હોય તેને યાદ કરી તેની માફી માગવી. પશ્ચાત્તાપ કરવો. ફરી ન કરવા નિશ્ચય કરવો. આનું નામ **પ્રતિક્રમણ** છે.

પાંચમા આવશ્યકમાં **કાઉસગ્ગ** (કાયોત્સર્ગ) આવે છે. એટલે ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં, જે જે અપરાધો યાદ કર્યા, માફી માંગી છતાં તે દોષના નિવારણ કરવાને માટે માફી પણ પુરતી ન થતી હોય અર્થાત્ માફી માંગ્યાથી નિવારણ થઇ શકે તેથી વધારે દોષ લાગ્યો હોય તો તેના નિવારણ નિમિત્તે–પ્રાયશ્ચિત નિમિત્તે કાઉસગ્ગ કરવામાં આવે છે જેમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર સંબંધી અતિચારોનું–દોષોનું નિવારણ કરવાનું સામર્થ્ય છે એવા એકાગ્ર ધ્યાન કે સ્તુતિ કરવારૂપ કાઉસગ્ગ કરવા તે પાંચમું આવશ્યક છે.

છઠ્ઠા આવશ્યમાં પચ્ચખાણ કરવામાં આવે છે. પ્રાયશ્ચિત અધિક લાગ્યું હોય કે જે કાયોત્સર્ગથી પણ નિવારણ ન થઈ શકે તેવું હોય, તેને માટે–પ્રાયશ્ચિત નિમિત્તે ઉપવાસાદિકનું પચ્ચખાણ કરવું. અથવા તેટલું પ્રાયશ્ચિત નથી લાગ્યું તેમણે આગળ વધવા

માટે અધિક યોગ્ય નિયમો ગ્રહણ કરવા. શુભ કાર્યમાં વધારે પ્રવૃત્તિ કરવા માટે અમુક જાતનું પચ્ચખાણ–અભિગ્રહ કરવો. અથવા અમુક દોષો દૂર કરવાની પ્રતિજ્ઞા કરવી. અમુક ઇચ્છાઓ હઠાવવા માટે તેની મર્યાદા કરવી. ગમે તેવી રીતે પણ ત્યાં યોગ્ય ઉપયોગી નિયમ કરવો તે છઠો આવસ્યક છે.

આ છ આવસ્યકોને પ્રતિક્રમણ કહેવામાં આવે છે તે એક રીતે યોગ્ય છે કારણકે તેમાં મુખ્યતા પ્રતિક્રમણની છે. છતાં ખરૂં નામ આવસ્યક તે વધારે યોગ્ય છે.

આ પ્રતિક્રમણ જેમ દિવસમાં સવાર સાંજ બે વખને કરવામાં આવે છે તેમ પન્નર દિવસે, ચાર માસે અને બાર માસે એમ એક એકવાર કરવામાં આવે છે. તે વિશેષ વિશુદ્ધિ માટે છે જેમ ઘર દિવસમાં બે વાર સંજવારી કાઢી સાફસુફ કરવામાં આવે છે છતાં વાર–તહેવાર, દીવાળી ઉપર કે બીજા પ્રસંગે વિશેષ સાફસુફ સાથે સુધારો કરવામાં આવે છે તેમ બીજા પ્રતિક્રમણો માટે સમજવું. અથવા જેઓ નિરંતર બે વખત પ્રતિક્રમણ કરી ન શકતો હોય તેઓ પન્નર દિવસે, ચાર માસે અને બારમાસે કરે તોપણ કાંઇક ફાયદો થાય છે. અને જેઓ નિરંતર બે વખત પ્રતિક્રમણ કરે છે તેઓને તો પન્નર દિવસે ચારમાસે અને બારમાસે પ્રતિક્રમણ કરવાથી ઘણો ફાયદો થાય છે. કારણ કે જે નિત્ય ઘરને સાફસુફ રાખતો નથી અને કોઇ વખત વાર પરબે સુધારે છે તેના કરતાં નિત્ય સાફ સુફ કરનારને થોડી મહેનત પડે છે. અને પર્વ દિવસે થોડી મહેનતે તે ઘર સારી શોભા આપે છે ત્યારે કોઇક દિવસ સાફ કરનારને વધારે મહેનત પડે છે અને પર્વના દિવસે તે મહેનત કરતો નથી તો ઘર શુદ્ધ થતું નથી માટે નિત્ય સાફ કરનારનું ઘર શુદ્ધ રહેવા સાથે મજબુત રહે છે

ત્યારે બીજાને અશુદ્ધ રહેવા સાથે પડી જવાનો પણ ભય રહે છે. પડ્યા પછી મહેનત વધારે કરવી પડે છે ત્યારે તે પૂર્વની સ્થિતિમાં આવે છે.

પ્રતિક્રમણમાં જે બીજા બીજા પાઠો આવે છે તે આ વાતને મદદ કારક છે. આંહી તો ફકત પ્રતિક્રમણમાં શું આવે છે તે ભાવાર્થ દેખાડવામાં આવ્યો છે.

પ્રતિક્રમણની ઉમેદવારી.

જેને પ્રતિક્રમણ ન આવડતું હોય અને અત્યારે નવીન શીખી શકવાની અનુકુળતા પણ ન હોય અથવા શીખવા જેટલી બુદ્ધિ ન હોય તથા બીજું કોઇ સાધન પ્રતિક્રમણ કરવા માટે ન હોય તેણે આ નીચે બતાવેલા ભાવાર્થ પ્રમાણે કરવાનું ચાલુ રાખવાથી પણ ઘણો ફાયદો થવા સંભવે છે તે ભાવાર્થ આ પ્રમાણે છે. જેઓ વિધિ પૂર્વકપ્રતિક્રમણ કરે છે તેમણે આ ક્રિયાને પ્રતિક્રમણ રૂપે ન માનવી પણ જેઓ કોઈ રીતે ચાલુ પ્રતિક્રમણક્રિયા, વખતના અભાવે કે અનુકુળતાના અભાવે નથી કરી શકતા તેમણે તો પ્રતિક્રમણના ઉમેદવાર તરિકે આ પ્રમાણે ક્રિયા કરવી તે વિશેષ લાભદાયક છે. જેટલા વખતની પોતાને સ્થિરતા હોય તેટલા વખત માટે સમભાવે રહેવાની માનસીક પ્રતિજ્ઞા કરવી ૧ પછી ચોવીશ તીર્થંકર દેવની સ્તુતિ કરવી. ૨ પોતાના ગુરૂને નમસ્કાર કરવો. ૩ અઢાર પાપ સ્થાનક યાદ કરી તે માંહીલો આખા દિવસમાં કે રાત્રીમાં કોઇ પણ દોષ પોતાને લાગ્યો હોય તો તેની માફી માગવી. ૪ તેના પ્રાયશ્ચિત નિમિતે ઇષ્ટ દેવનું સ્મરણ કરવા રૂપ અમુક વખત કાઉસગ ધ્યાનમાં બેસવું. નવકાર મંત્રનો પાંચ, દશ કે વીશ લોગસનો કાઉસગ્ગ

કરવો કે જાપ કરવો. ૫. અને પછી તેવા દોષ ન લાગે તે માટે દઢ નિયમ લેવા અથવા પરમાર્થના, પરોપકારનાં કે સદ્ વર્તનના કોઇ પણ નિયમ પ્રમાણે વર્તવા પોતે નિશ્ચય કરવા રૂપ પચ્ચખાણ લેવું. ૬

આ ૭ બાબતોને કરવા રૂપ પ્રતિક્રમણની ઉમેદવારી કરતા રહેવું. જેથી તે ક્રિયાના પ્રમાણમાં અંતઃકરણ શુદ્ધ થતું રહેશે. આટલી પણ ક્રિયારૂચિ જાગૃત રહેશે તો આગળ પર તેમાં વધારો થઇ રહેશે. માટે કાંઇ ન કરતો હોય તેમણે આટલી ક્રિયા સાંજ સવાર બે વખત અવશ્ય કરવી.

મતલબ કે બે વખત અવશ્ય આ ક્રિયા કરવીજ જોઇએ. તેથી કર્મની નિરજરા થાય છે. જીવ શુદ્ધ થાય છે. જન્મ મરણ ઓછાં થાય છે. સારી ગતિ મળે છે.

બને ત્યાંસુધી આ પ્રતિક્રમણ, ધર્મ કરવાનાં સ્થાનરૂપ ઉપાશ્રય પોષધશાળા કે તેવાંજ નિવૃત્તિવાળાં અથવા શુદ્ધ–પવિત્ર વાતાવરણવાળાં ધર્મસ્થાનમાં જઇનેજ કરવી યોગ્ય છે. તેવી સગવડતાના અભાવે, અથવા ત્યાં જવાની શક્તિના અભાવે પોતાના ઘરના ભાગમાં જે પવિત્ર ભાગ હોય તે સ્થળે બેસી કરવું.

પ્રતિક્રમણ કર્યા પછી પવિત્ર પુરૂષોને સંભારવા. ગુણવાન્ મહાપુરૂષોનાં જીવન ચરિત્રો–તેમની ઉત્તમોત્તમ જીવનચર્યા, તેમના અલૌકિક આત્મગુણો, તેમનાં મહાન્ પવિત્ર બ્રહ્મચર્યાદિ વ્રતો, ઘોર તપશ્ચર્યા, ભીષ્મ ધ્યાન સ્થીતિ, મહાન્ પરોપકારી કાર્યો, જીવનના આરિસારૂપ હિતોપદેશ, વિગેરે ઉંચામાં ઉંચી કોટીના જે જે સદ્ગુણો હોય તેનું સ્મરણ કરવું, યાદ કરવાં, અનુમોદન કરવાં અને શક્તિઅનુસાર અનુકરણ કરવા માટે પ્રયત્ન કરવો. જેટલા તમે

ઉંચા ગુણોને યાદ કરશો તેટલાજ તમે ઉંચા આવશો. જેવું આલંબન લેશો તેવાજ તમે થશો. તત્કાળ તેવા થઇ નહિ શકો, તોપણ મનોભાવના થોડા વખત માટે પણ તત્કાળતો ઉન્નત થશેજ. અને તેટલાજ તમે પવિત્ર બનશો. નિર્મળ થશો.

દેવદર્શન વિધિ.

ત્યાર પછી દેરાસરજી જવું. ત્યાં જતાં રસ્તામાં સારા વિચારો કે પરમાત્માનું સ્મરણ કરતા જવું. એક વાર મંદિર જવાનો નિશ્ચય કર્યો કે રસ્તામાં બનતાં સુધી વ્યવહારીક પ્રસંગે રોકાવું નહિં, કેમકે તેથી આ દર્શનના કામને તે કામથી હલકું-અગર થોડું ઉપયોગી ગણવામાં આવ્યું હોય તેવું રૂપક અપાય છે. દેરાસરજીના મુખ્ય દરવાજામાં આવતાંજ સહેજ ઉભા રહી, ત્રણ વાર **નિસ્સિહિ**. શબ્દ કહેવો-અને તેના અર્થનો અમલ તત્કાળ કરવો. 'નિસ્સિહિ' નો અર્થ એ થાય છે કે હું મન, વચન, અને શરીરથી પ્રતિજ્ઞા કરૂં છું કે, વ્યવહારનાં કાંઇપણ કાર્ય કે જે રાગદ્વેષથી ભરપુર છે તેને જ્યાં સુધી હું આ મંદિરમાં રોકાઇશ ત્યાંસુધી મનમાં બીલકુલ યાદ નહિં કરૂં. તે સંબંધી બોલીશ પણ નહિં. અને શરીરદ્વારા પણ તેમાં કોઇ રીતે ભાગ નહિં લઉં.

આ પ્રમાણે મુખ્ય દરવાજા આગળજ પ્રતિજ્ઞા કરી પછી આગળ વધવું. આવાં ધાર્મિક સ્થાનો પવિત્ર શા માટે ગણાય છે? અને તેને પવિત્ર કોણ બનાવે છે? તેનો વિચાર કરનારને અવસ્ય સમજાશે કે, આવા પવિત્ર વિચારોથીજ તેનું વાતાવરણ બંધાયેલું હોય છે તેથીજ તે પવિત્ર છે અને તેને પવિત્ર બનાવનાર પણ તમેજ છો. મલીન વિચાર ત્યાં બીલકુલ થતો નજ હોય અને જેટલા

મનુષ્યો ત્યાં આવે તેટલાઓ પવિત્રમાં પવિત્ર વિચારોજ ત્યાં બેસી કરે, સ્તુતિ પણ પવિત્રજ ત્યાં થાય અને તે સર્વની ત્યાંના વાતાવરણ ઉપર થયેલી અસર ત્યાંનીત્યાંજ રહે. મલીન વિચારોથી બગડવા ન પામે, તો તે સ્થળ પવિત્ર બને છે અને તેને બનાવનાર પણ મનુષ્યોજ છે. તીર્થો પવિત્ર મનાય છે તેનું કારણ પણ ત્યાં રહેનાર મહા પુરૂષોના વિચારોજ છે.

આ પ્રમાણે કોઇપણ પાપનો વ્યાપાર ન કરવા રૂપ પ્રતિજ્ઞા દરવાજા ઉપર કર્યા પછીજ આગલ પ્રવેશ કરવો. દૂરથી ભગવાનની મૂર્તિને જોતાંજ સાક્ષાત્ પ્રભુનું સ્મરણ કરી, મસ્તક નમાવી નમસ્કાર કરવો. પછી દેરાસર ફરતી ત્રણ પ્રદક્ષિણાઓ ફરવી.

બહુ દૂર નહિં તેમ બહુ નજીક નહી તેવી રીતે ભગવાનની પ્રતિમાજીની જમણી બાજુ તરફ પુરૂષોએ ઉભા રહી, સ્ત્રીઓએ ડાબી બાજુ ઉભા રહી સ્તુતિ કરવી. ઘણુંજ વિશાળ દેરાસર હોય તો પ્રતિમાજીથી સાઠ હાથ દૂર ઉભા રહી સ્તુતિ કરવી અને જઘન્યથી સાત હાથ દૂર ઉભા રહેવું પણ નાનું દેરાસર હોય તો ઓછામાં ઓછું દોઢ હાથ તો દૂર ઉભા રહેવું તેથી નજીક જવું નહી.

સ્તુતિ સંસ્કૃતમાં હોય કે ચાલુ દેશભાષાની કવિતામાં હોય અથવા સાદિ સરલ ભાષામાં હોય તેનો કાંઇ બાધ કે નિયમ નથી પણ પોતે શું બોલે છે તેનું પોતાને ભાન હોવુંજ જોઇએ. નહિતર તેનું પરિણામ શુન્ય જેવું સમજવું. કારણકે પોતે જે બોલે છે તેનો ભાવાર્થ પોતાને સમજાયાવિના આનંદ આવતો નથી. સ્તુતિ આંહી જે કરવાની છે તે પોતાને માટેજ કરવાની છે. તમારી સ્તુતિ કઇ ભાષામાં છે તેની તે ઠેકાણે કીંમત કરાવવાની નથી કેમકે જેની તમે સ્તુતિ કરો છો તે તો સર્વ ભાષાના જાણનાર છે. તે ઠેકાણે

તો તમારી લાગણીની જરૂર છે. તમારા હૃદયની ઉંડી ઉર્મીઓની જરૂર છે. અને તમારી સ્તુતિની ખરી અસર તો તમારા પોતા ઉપરજ કરવાની છે. સ્તુતિ કરતાં રોમાંચ ઉલ્લસી આવે, હર્ષના આંસુ નીકળી આવે, દેહનું ભાન ભૂલાઇ જાય, અને એકરસ તે પ્રભુની સાથે થઇ જાઓ ત્યારે તે તમારી સ્તુતિ મહાપ્રભુના દ્વારે નોંધાઇ ચુકી છે એમ જરૂર સમજજો. પ્રભુને ઠગવા માટે સ્તુતિ કરશો નહિં, તે કયાં તમારા ઉપર ફરજ નાંખે છે. સ્તુતિમાં બોલો છો કે " પ્રભુ ! હું પાપી છું. મહા પાપી છું. ઘોર પાપી છું મારો ઉદ્ધાર કર વિગેરે ". પ્રભુ આગળ આવી સ્તુતિ કરો છો, અને બહાર નીકળ્યા બાદ કોઇ પ્રસંગમાં તમને કોઇએ પાપી કહ્યો હોય તો તેની સાથે લડવા-કજીયો કરવા બેસો છો. આનો અર્થ શું ? દેરાશરજીમાં પ્રભુને ઠગતાજ હતાને ? તમે આ વખતે ધારો છો કે હું પાપી નથી. સામાને તેની ખાત્રી કરી આપવા માટે લડો છો કે હું પાપી નથી. ત્યારે પ્રભુ આગળ શું બોલતા હતા ? તેને ઠગવા માટેજ બોલતા હતાને ? તમારા બોલવાથી તે પ્રભુ ઠગાવાનો નથી પણ તમેજ ઠગાઓ છો. જેવું બોલો તેવું વર્તન રાખો.

ઉભાં ઉભાં સ્તુતિ કરો. આ સ્તુતિ ઓછામાં ઓછાં એક કાવ્યથી તે એકસો આઠ કાવ્યસુધી વધારામાં વધારે કરો. ત્યાર પછી ભગવાનની સન્મુખ ચોખાનો સાથીઓ પ્રમુખ કરો. કાંઇપણ પ્રભુની સન્મુખ મૂકીને પછીજ વિસ્તારથી સ્તુતિ કરવી. આ કાંઇ પણ મૂકવાનું કારણ એ છે કે દેવ, ગુરૂ, રાજા અને નિમિત્તિઆ આગળ ખાલી હાથે જવું ન જોઇએ. ફલથી ફલની પ્રાપ્તિ થાય છે. આ ફલોનો કાંઇ પ્રભુને ઉપભોગ કરવાનો નથી પણ તે દ્વારા પોતાની લાગણીઓ તમારે પ્રગટ કરવાની છે. અને તે આ પ્રમાણે છે.

સાથીઓ અને અંતરની લાગણી.

શુદ્ધ-સ્વચ્છ ચોખાથી સાથીઓ એક પાટલા ઉપર આળેખવો. આ વખતે મનમાં એવી લાગણી ઉત્પન્ન કરવી કે હે કૃપાળુ પ્રભુ ! આ સાથીઓ કે જેની ચારે પાંખડીઓ ઘણીજ વાંકી છે તેની માફક આ સંસારની ચારે ગતિઓ ઘણીજ વિષમ છે, કારણ કે તેની અંદર વિવિધ પ્રકારની આધિ-વ્યાધિ અને ઉપાધિઓ રહેલી છે. જન્મ, મરણ દરેક ગતિમાં અનિવાર્ય છે. ત્રિવિધ તાપની અસહ્ય વેદનાનો અનુભવ કરવો પડે છે. તે આ ચાર ગતિરૂપ ચાર પાંખડીઓને તું છેદી નાખ. આ વિચારની લાગણી દર્શાવ્યા બાદ તે સાથીઆ ઉપર ત્રણ ચોખાની ઢગલી કરવી. તે કરતી વખતે એવી વિચારણા કરવી, કે, હે પ્રભુ ! આ ત્રણ ઢગલી કરવારૂપ ક્રિયાથી હું આપને એમ સૂચવું છું કે મને જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ અમૂલ્ય ત્રણ રત્ન આપ.

ત્યાર પછી સિદ્ધસિલા કે અષ્ટમીના ચંદ્ર જેવો આકાર ચોખાનો બનાવી તેના ઉપર ફળ મૂકવું અને તે મૂકતી વખતે મનમાં એવી લાગણી ઉત્પન્ન કરવી, અથવા આ ક્રિયાથી પોતાના હૃદયનો ભાવ એવો પ્રગટ કરવો કે, હે પરમદયાળુ ! જ્ઞાનાદિ ત્રણ રત્ન આપ્યા પછી તેના બળથી સર્વ કર્મનો નાશ થતાં આ સિદ્ધિ સ્થાનમાં અમારો નિવાસ થાય એ ફળની હું અંતિમ-છેવટની યાચના કરૂં છું. મતલબ કે હું જે જે ક્રિયાઓ કરૂં છું તેના પરિણામ તરિકે ચાર ગતિ દૂર કરી, જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ કરાવી સિદ્ધ સ્વરૂપમાં નિવાસ થવા રૂપ ફળની પ્રાપ્તિ સિવાય બીજી મારી કાંઇ પણ ઇચ્છા નથી.

આવા વિચારપૂર્વક સાથીઓ કરી, ફળ મૂકી, ત્રણ ખમાસણ આપી પછી ચૈત્યવંદન આદિ વિસ્તારથી પ્રભુની સ્તુતિ કરવી. ચૈત્યવંદન

કરતી વખતે **યોગમુદ્રા** કરવી. યોગમુદ્રા આ પ્રમાણે છે. પેટ ઉપર બન્ને હાથની કોણીઓ રાખી, બન્ને હાથને એકઠા કરી કોશને આકારે રાખવા. બન્ને હાથનાં આગળાં અન્યોઅન્ય મેળવીને રાખવાં અને ચૈત્યવંદન કરવાના આકારે બેસવું એટલે ડાબો ઢીંચણ ઉભો રાખવો જમણો ઢીંચણ ઢાળેલો રાખવો આ યોગમુદ્રા છે.

ઘણાજ મધુર સ્વરે ચૈત્યવંદન, નમુથ્થુણું કહી પછી સ્તવન બોલવું. આ સ્તવનોમાં પ્રભુની સ્તુતિ થતી હોય એવો ભાવાર્થ આવવો જોઇએ. પણ ઉપદેશ તરિકે વર્ણન હોવું ન જોઇએ. તેવાં સ્તવનો પ્રતિક્રમણ વખતે બોલવામાં અડચણ નથી. આંહીં તો પ્રભુના સન્મુખ બેઠા છીએ અને તેપણ તેની સ્તુતિ કરવા માટેજ. અત્યારે આપણે કોઇને કાંઇ ઉપદેશ દેવા બેઠા નથી. એ ખાસ ધ્યાનમાં રાખવું. તે સ્તુતિમાં પોતાના અવગુણ દેખાડવા, તેથી મુક્ત થવા પ્રભુની દયા ચાહવી અને મદદ માંગવી. અથવા તે મહા પ્રભુના જ્ઞાનાદિ ગુણની સ્તુતિ ગાવી. નહિં કે તેની આંગી વિગેરેનું વર્ણન ગાવું. કારણ કે આંગી આવી થઇ છે ને તેવી થઇ છે તે કાંઇ પ્રભુના ગુણો નથી અને આપણે તો પ્રભુના ગુણ ગાઇને આત્માને ઉજવલ કરવો છે. તેના ગુણોને યાદ કરી તેવા થવા પ્રયત્ન કરવાનો છે. જેમ જેમ તે મહા પ્રભુના અપૂર્વ ગુણો યાદ આવે તેમ તેમ આપણામાં અપૂર્વ આનંદ કે ઉત્સાહ વૃદ્ધિ પામે છે. વળી તેમાં પ્રતિમાજીની પણ સ્તુતિ આવવી ન જોઇએ. કારણ કે આપણે પ્રતિમાજીની સ્તુતિ કરતા નથી પણ પ્રતિમાજીદ્વારા તે પ્રતિમાજી જે મહાપ્રભુની છે તેના ગુણો આપણે ગાવાના છે અને આપણે પ્રતિમાજી જેવા થવાનું નથી પણ તે મહાપ્રભુના જેવા થવાનું છે. આપણે તે મહાપ્રભુને દૃષ્ટિથી પ્રત્યક્ષ જોઇ શકતા નથી એટલે આ આલંબનદ્વારા તે મહાપ્રભુને જોવાના

છે એ વાત ખાસ ધ્યાનમાં રાખી તે મહાપ્રભુનાજ ગુણ ગાવા જોઇએ, અને તેથીજ આપણે આત્માને નિર્મળ કરી શકીએ છીએ. જેવું સામું આલંબન તેવાજ આપણે થઇએ છીએ એટલે સામું આલંબન તે પરમાત્માનું હોવાથી આપણામાં તેવાજ ગુણો ખીલી નીકળે છે. વળી પ્રભુની સ્તુતિ કરતી વેળાએ ઘણીજ ધીમાસથી મીઠા—મધુર શબ્દે બોલવું જોઇએ. ઘણા ઉતાવળે કે તાણીને બોલીને બીજાઓની સ્તુતિમાં અંતરાય કે ઘુંચવાડો ઉભો ન કરવો જોઇએ બીજાઓના સ્તવનનો ભાવાર્થ ઉત્તમ હોય, ઘણાજ મીઠા મધુર શબ્દે તે બોલતા હોય તો આપણે એક ધ્યાન રાખી સાંભળવું. ઘણું બોલવા કરતાં હૃદયમાં વધારે ઉલ્લાસ કેમ પ્રગટ થાય તે તરફ વધારે ધ્યાન આપવું. આપણી સ્તુતિ મધુર અને ઉત્તમ ન હોય તો બીજા જે ઉત્તમ સ્તુતિ બોલતા હોય તેમાં ધ્યાન રાખી પ્રભુ તરફ આંતર્ લાગણી જોડવાથી વિશેષ લાભ થાય છે. પણ તે વખતે ઘણા ઘાંટા પાડી બીજાનું મન ડોળી નાખવું ન જોઇએ. તમારા લાંબા રાગડાઓથી પ્રભુ ખુશી થવાના નથી કે તેઓ કાંઇ થોડું સાંભળતા નથી. તમે મનમાં બોલો તોપણ તેઓ તો સાંભળે છેજ. મતલબ કે તમારી લાગણીનીજ ત્યાં અસર થાય છે, લાગણી વિનાના શબ્દોની ત્યાં કીંમતજ નથી.

આ વિધિ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવી. કર્યાબાદ ' આવસ્સહિ ' કહીને બાહાર નીકળવુ. તેનો અર્થ એ થાય છે કે અવસ્યના કાર્ય પ્રસંગે મારે બાહાર જવું પડે છે. એટલે પહેલાં દ્વાર આગળ જે પ્રતિજ્ઞા કરી હતી તેની હવે પૂર્ણતા થાય છે.

પછી ઘેર આવી અવશ્ય કરવા લાયક ગૃહસંબંધી કાર્ય કરે. ભોજનાદિની ચિંતા તથા ગૃહવ્યવહારની વિચારણા કરે. પોતાને

કરવા લાયક કાર્ય પોતે કરે. પોતાના બંધુઓને, પુત્રાદિકને, નોકર ચાકરાદિ સર્વને જે કામ બતાવવા યોગ્ય હોય તે યથાયોગ્ય બતાવીને તે કામમાં તેમને જોડી દઇ પછી વ્યાખ્યાન સાંભળવા માટે ગુરૂની પાસે ઉપાશ્રયમાં જવું. ગુરૂઓ હોય તો વ્યાખ્યાન શ્રવણ કરે. નહિ-તર યથાયોગ્ય કાર્ય કરે.

ઉપાશ્રય-વ્યાખ્યાન શ્રવણ વિધિ.

ઉપાશ્રયનો અર્થ એ થાય છે કે, જ્યાં જવાથી આત્માની નજી-કમાં જવારૂપ આશ્રય મળે, તે ઉત્તમ નિમિત્તથી આત્માની નજીકની ભૂમિમાં પહોચી શકાય તેવી પોતાની સ્થિતિ થઇ આવે તે ઉપાશ્રય છે-કારણ કે તે ધર્મનુંજ સ્થળ છે. ત્યાં જેટલાઓ આવે તે ધર્મ અર્થેજ આવે છે. ત્યાં રહેવાવાળા ગુર્વાદિકના ઉત્તમ વિચારો, ત્યાં થતી ધાર્મિક ચર્ચા, ધર્મકથા, ધર્મનાં વ્યાખ્યાનો અને તેવીજ બીજી અનેક ઉત્તમ વિચારણાઓ, બોલવાપણું અને ધાર્મિક ક્રિયાઓ વગેરે ત્યાં થતી હોવાથી ત્યાંનું વાતાવરણ ઘણુંજ શુદ્ધ-પવિત્ર થયેલું હોય છે. તેથી ત્યાં જનાર મનુષ્યના વિચારોમાં એકદમ સુધારો થાય છે. વ્યવહારની લાગણીઓ પલટાઈ જઇ આત્માની ઉચ્ચ ભાવનાઓ જાગૃત થાય છે, માટેજ તેનું ઉપાશ્રય નામ યથાયોગ્ય છે.

ઉપાશ્રયના દ્વાર આગળ પહોંચતાંજ ત્યાં પણ દેરાસરજીની મા-ફક 'નિસ્સિહિ' ત્રણવાર કહેવી-એટલે હું જ્યાં સુધી ઉપાશ્રયમાં છું ત્યાંસુધી મન, વચન, શરીર દ્વારા સંસાર વ્યવહારના પ્રપંચવાળું કોઇ પણ કાર્ય ચિંતવીશ નહિં. તેવી વાતો કરીશ નહિં અને તેવું વર્ત્તન પણ કરીશ નહિં આ પ્રમાણે પ્રતિજ્ઞા કર્યા પછીજ ઉપાશ્રયના દ્વારમાં પ્રવેશ કરવો, અને તે પ્રતિજ્ઞા બરોબર પળાય છે કે નહિં તે માટે ચોકશ ધ્યાન આપવું.

અફસોસ છે કે કેટલીક વાર આવાં પવિત્ર શાંતિનાં સ્થાનરૂપ દેરાસર અને ઉપાશ્રયો ક્લેશ, કજીયા અને અશાંતિનાં સ્થાનો થઇ પડે છે. તેનું મુખ્ય કારણ એજ છે કે જ્ઞાની પુરૂષોએ કરેલી આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે છે. નિસ્સિહિની પ્રતિજ્ઞા પાળવામાં નથી આવતી અને જે કાર્યો સાથે આત્મસ્વરૂપપ્રાપ્તિને કાંઇપણ લેવા દેવા નથી તેવા કાર્યોના ઝઘડાઓ–પંચાતો–દેરાસર–કે ઉપાશ્રયમાં કરવામાં આવતાં વીતરાગી મહાપુરૂષોની આજ્ઞા ઉપર પગ દેવામાં આવે છે તે સિવાય બીજું કાંઇ કારણ હોતું નથી.

જ્ઞાની પુરૂષો પોકારીને કહે છે કે તમે જે ઉદ્દેશથી જે કાર્ય કરવા માટે આ પવિત્ર સ્થાનમાં આવ્યા છો અથવા આ પવિત્ર સ્થાનમાં જે કાર્ય કરવાની-આજ્ઞાઓ કરવામાં આવી છે તે સિવાયનું કાંઇપણ કાર્ય આવાં પવિત્ર સ્થાનોમાં ન કરો. તેને માટે કોઇ અલાઇદું મુકામ હોય ત્યાં પધારો, નહિતર પરિણામે તમોનેજ હાની થવાની છે. જ્યાં બેસીને તમે તમારી આત્મ ઉન્નતિની આશાઓ રાખોછો–પરમશાંતિ મેળવવા ઇચ્છાઓ રાખોછો, તે તમારી આશા અને ઇચ્છાઓ નિરર્થક જશે. તમે પોતે અશાંતિ પામશો, અને બીજાને પમાડશો માટે તમારાં લેણાદેણાંની ભાંજફોડોને, ખાવાપીવાની પંચાતોને આ ધર્મસ્થાનોમાંથી દેશવટો આપો, તોજ તે ધર્મનાં સ્થાનો બન્યાં રહેશે. નહિતર કર્મ બંધનાં સ્થાનો ગણાશે.

ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા બાદ ગુરૂમહારાજને દૂરથી જોતાં બે હાથ જોડી મસ્તક નમાવી 'મથ્થયેણવંદામિ' બોલવું, ત્યાર પછી ગુરૂથી સાડાત્રણ હાથ ઓછામાં ઓછા દૂર ઉભા રહી પંચાગ પ્રણામે કરી વંદન કરવું. બે હાથ, બે પગ, અને મસ્તક, આ પાંચ જમીન ઉપર જોડી સાથે નમાવવાં તે પંચાગ પ્રણામ કહેવાય છે.

પ્રથમ મુખ્ય સાધુ–ગુરૂને નમસ્કાર કર્યા બાદ બીજા સાધુઓને નમસ્કાર કરીને ત્યાં તમારા પહેલાં કોઇ શ્રાવકો આવ્યા હોય તો તેને હાથ જોડી નમસ્કાર કરી પછી યોગ્ય સ્થાનકે વ્યાખ્યાન સાંભળવા માટે ગુરૂ સન્મુખ બેસવું. તમારા પહેલાં ધર્મસ્થાનમાં ધર્મ ક્રિયા માટે જે પુરૂષ આવ્યો હોય તે આજના દિવસ માટે તમારાથી મોટો છે કેમકે ધર્મ ક્રિયામાં વ્યવહારથી ફારગત થઇ તેણે આજે વહેલો પ્રવેશ કરેલો છે માટે તેને 'સર્વ શ્રાવક વંદું' આ પ્રમાણે કહી તેમના તરફ હાથ જોડી મસ્તક નમાવી પછી ધાર્મિક કાર્યમાં પ્રવૃત્તિ કરવી. આ સાધર્મિ વિનય કહેવાય છે. ગુરૂની કોઈ પણ પ્રસંગે આશાતના અવિનય ન થાય તેવી રીતે બેસવું જોઇએ.

બે પગ, લુગડાં કે હાથથી બાંધીને બેસવું, પગ લાંબા કરવા, પગ ઉપર પગ ચડાવવા, પાછળ બેસવું, મોઢા આગળ બેસવું, પડખે બેસવું, અથવા તે પ્રસંગે કોઇ માણસ આવ્યો હોય તો તેને ધાર્મિક જરૂરીયાત વિના બોલવવો, એ વિગેરે ગુરૂની અવજ્ઞા કે આશાતના ગણાય છે માટે તે આશાતનાનો ત્યાગ કરવો.

ગુરૂના સન્મુખ બેસી, ગુરૂના મુખ ઉપર દૃષ્ટિ રાખી, એકાગ્ર ચિત્તથી ધર્મનું વ્યાખ્યાન શ્રવણ કરવું.

સાંભળવા થકી ધર્મ સમજાય છે. સાંભળવાથીજ દુર્મતિનો ત્યાગ કરાય છે. જ્ઞાનની પ્રાપ્તિ અને વૈરાગ્યની સ્થિતિ આ સર્વ સાંભળવાથીજ પ્રાપ્ત થાય છે. ધર્મ સાંભળવાની ઉત્કંઠા–લાગણી ઘણીજ તીવ્ર હોયતો જ્ઞાન જલદી પરિણમે છે. કહેછે કે, એક જુવાનનો બ્રાહ્મણ હોય, અટવી ઉતરીને લાંબી મુસાફરી કરીને આવ્યો હોય, વળી તે અત્યંત ભુખ્યો હોય, તેવા બ્રાહ્મણને જેમ ઘેબર

પીરસવામાં આવ્યા હોય પછી તેની ઇચ્છા માટે પુછવુંજ શું ? આના કરતાં પણ ધર્મ શ્રવણ માટે અધિક ઇચ્છા રાખવી. અથવા યુવાન પુરૂષ હોય, ધનાદિકથી સુખી હોય, નિરોગી શરીર હોય, મહાન્ વિચિક્ષણ હોય, સ્ત્રીના પરિવારે પરિવર્યો હોય અને તેની આગળ દેવતાઈ ગીત અને નૃત્ય થઇ રહ્યું હોય આ જોવા કે સાંભળવામાં તેની જેવી પ્રીતિ હોય તેના કરતાં પણ અધિક પ્રીતિધર્મ સાંભળવામાં હોય તો તે ધર્મશ્રવણની પ્રીતિ ગણાય છે. તેજ ધર્મશ્રવણની ઇચ્છા કહેવાય છે.

ધર્મ સાંભળવાની ઇચ્છા કરવી ૧ ધર્મ શ્રવણ કરવો ૨ તે ધર્મ ગ્રહણ કરવો ૩ તેને ધારી રાખવો ટકાવી રાખવો ૪ તેમાં વિવિધ પ્રકારના તર્કો કરવા. ૫ વધારે નિર્ણય માટે વિપરિત તર્કો કરી જોવા ૬ તેનું સમાધાન કરવું ૭ અને છેવટે તેમાંથી તત્ત્વનો નિશ્ચય કરી તે પ્રકારે વર્તન કરવાનો નિર્ણય કરવો. તે પ્રમાણે વર્તન કરવું ૮ આ બુદ્ધિના આઠ લક્ષણો છે. આ આઠ ગુણવાળા મનુષ્યોજ ધર્મ શ્રવણ કરવાના અધિકારી છે, અને તેઓજ ધર્મ શ્રવણનો ફાયદો મેળવી શકે છે.

વ્યાખ્યાન પૂર્ણ થયા પછી જે કાંઇ સંદેહ હોય તે ગુરૂને પૂછીને ખુલાશો કરવો ચાલુ વ્યાખ્યાન ડોળાઇ જાય કે સંબંધ તુટી જાય તેમ હોય તો વ્યાખ્યાન પુરૂં થયા પછી શંકા સમાધાન કરી લેવાં અને તરતજ ખુલાસો થાય તેમ હોય તો ત્યાંજ પૂછી લેવું. વ્યાખ્યાન થયા પછી કોઇ અરિહંત, ગુરૂ, કે ધર્મના ગુણો બોલવાવાળા યાચક, ભોજકાદિ આવ્યા હોય તો શ્રદ્ધાળુ ગૃહસ્થોએ યથા શક્તિ યથા યોગ્ય દાન આપવું. ધર્મનો મહિમા વધારનાર યાચકોને દાન આપવું તે ગૃહસ્થોની ફરજ છે.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ, ધર્મશ્રવણનું ફળ વિરતિ છે. ત્યાગ છે. ઇચ્છાઓને કાબુમાં લેવી તેછે, એમ ધારી યથાશકિત વ્રત-પચ્ચખાણ-નિયમો કરવા. કોઇપણ દુર્ગુણનો સદાને માટે ત્યાગ બની ન શકે તો અમુક મુદત માટે પણ ત્યાગ કરવો. અથવા અમુક સદ્‌ગુણ ખીલવવા માટેનો પ્રયત્ન અત્યારથીજ ચાલુ કરવાનો નિયમ લેવો, પણ વ્યાખ્યાન શ્રવણ કર્યા બાદ નિયમ લીધા સિવાય રહેવું નહિં. કયો નિયમ લેવો તેનો કાંઇ નિયમ નથી પણ પોતાને ફાયદો કરનાર, આવતાં કર્મને રોકનાર કે સદ્‌ગુણમાં વધારો કરનાર કોઇપણ નિયમ લેવો. લોકમાં કહેવત છે કે ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય. એટલે નિરંતર થોડા થોડા દુર્ગુણો ઓછા કરીએ અને થોડા થોડા સદ્‌ગુણો વધારતા રહીએ, તો કાળાંતરે આપણે દુર્ગુણ વિનાના અને સદ્‌ગુણોથી ભરપુર જીવનવાળા થઇ શકીએ.

વળી ધર્મ સાંભળવાનો હેતુ પણ એજ છેકે દુર્ગુણી મટી સદ્‌ગુણી થવું. દુઃખી મટી સુખી થવું. આળસુ મટી ઉત્તમ ઉદ્યોગી થવું. સ્વાર્થી મટી પરમાર્થી થવું. દેહાદિની આસક્તિ મૂકી આત્મામાં પ્રેમ રાખતાં શીખવું. સત્કાર્યો કરી જન્મ મરણના ફેરાથી છુટા થવું. હલકી, ક્ષુદ્ર, સ્વાર્થી ઇચ્છાઓને રોકવી અને મન તથા ઇંદ્રિયો ઉપર કાબુ રાખવો. તપ પણ આનુંજ નામ છે. આવો તપ નિરંતર કરવાનો અભિગ્રહ લેવો એ આગળ વધવાની નિશાની છે.

ધર્મ શ્રવણના ફળરૂપ વિરતિ કરવાનું જે કહેવામાં આવ્યું છે, તે પ્રમાણે ગૃહસ્થોએ ગૃહસ્થ ધર્મનાભૂષણરૂપ અને સ્થુળથી પણ કર્મ રોકવાનાં કારણભૂત પોતાની શક્તિ અનુસારે બાર વ્રતો ગ્રહણ કરવાં જોઇએ.

ગૃહસ્થ ધર્મ. બારવ્રત.

રાગદ્વેષની પરિણુતિ ઘણીજ મંદ થવાથી, ઉપસમ થવાથી, કે ક્ષયોપશમ થવાથી જડ ચૈતન્યના વિવેકરૂપ સમ્યક્ આત્મ શ્રદ્ધાન પ્રાપ્ત થયા પછી, વિવિધ પ્રકારની ઇચ્છાઓનો સર્વથા નિરોધ કરવાનું ન બની શકે તેમણે નિયમિત રીતે કર્મ બંધના કારણરૂપ ઇચ્છાઓને મર્યાદામાં મૂકવા માટે દેશથી–અમુક અંશે ઇચ્છાના નિરોધરૂપ વિરતિ અંગિકાર કરવા માટે બારવ્રતો ગ્રહણ કરવાં. આ બાર વ્રતો ગૃહસ્થ ધર્મના અલંકાર રૂપે છે. સદ્ગતિના કારણરૂપ છે અને આવતાં નવીન કર્મને દેશથી–થોડે ભાગે પણ રોકી શકે છે.

બારવ્રતનાં નામો.

સ્થુળ પ્રાણાતિપાત વિરમણ. ૧ સ્થુળ મૃષાવાદ વિરમણ. ૨ સ્થુળ અદત્તાદાન વિરમણ ૩ સ્થુળ મૈથુન વિરમણ. ૪ સ્થુળ પરિગ્રહ વિરમણ. ૫ દિશા પરિમાણ. ૬ ભોગોપભોગ નિયમ. ૭ અનર્થ દંડ વિરમણ. ૮ સામાયિક કરણ. ૯ દિશાવકાશિક. ૧૦ પૌષધવ્રત. ૧૧ અતિથિ સંવિભાગ ૧૨. આ બાર વ્રતો છે. પહેલા પાંચને અણુવ્રતો કહે છે. પછીનાં ત્રણ ગુણ વ્રતો છે. અને છેલ્લાં ચાર શિક્ષાવ્રતો છે.

અણુ એટલે નાનાં વ્રતો. ત્યાગ માર્ગનાં મહાવ્રતો કરતાં આ વ્રતો નાનાં હોવાથી તેને અણુવ્રતો કહે છે. પાંચ અનુવ્રતોને પોષણ આપવા રૂપ ગુણ કરનાર ત્રણવ્રતો હોવાથી તેને ગુણવ્રતો કહે છે. છેલ્લાં ચાર વારંવાર આદરવા માટે શિક્ષારૂપ હોવાથી શિક્ષાવ્રતો કહેવાય છે, મન, વચન શરીરને નિયમમાં રાખવાની શીક્ષા રૂપ તે વ્રતો છે. તથા દ્રવ્યનો સન્માર્ગે વ્યય કરવા રૂપ પણ છેલ્લું વ્રત છે. મન, વચન, શરીર અને ધન આચારને કાબુમાં રાખવાં, નિયમમાં

રાખવાં, સારા કામમાં વાપરવાં, અશુભ કામમાંથી પાછાં હઠાવવાં, ઇચ્છાઓને રોકવી, નિયમમાં મૂકવી, સારી ઇચ્છાઓ વધારવી, બુરી ઇચ્છાઓ ન કરવી, કર્મની નિર્જરા કરવી, નવાં કર્મ ન બાંધવાં, બંધાય તો શુભ બાંધવાં ઇત્યાદિ કારણો આ વ્રતો લેવાનાં છે.

પ્રથમ સ્થુળ અહિંસા વ્રતની જરૂરીયાત.

ભગવાન્ મહાવીર દેવની આજ્ઞા છે કે **"नातिवाएज्जकंचनं"** કોઇપણ જીવને મારશો નહિ. શા માટે જીવોને ન મારવા ? ઉત્તર એ જે છે કે જેવું તમારૂં જીવિતવ્ય તમને વ્હાલું છે તેવુંજ સર્વનું જીવન સર્વને વ્હાલું છે. તમને દુઃખ વ્હાલું છે? ઉત્તરમાં, નહિંજ. તો બીજાને તે કેમ વ્હાલું લાગતું હશે? શરીરના કોઈપણ ભાગમાં તમને નાનો સરખો ઘા લાગવાથી કે એક માત્ર કાંટોજ લાગવાથી પણ તમને દુઃખ થાય છે તો તમારા જેવુંજ જીવન ધરાવનારા અન્ય જીવોને કેમ દુઃખ નહિં થતું હોય? તમારો જીવ બચાવવાને તમે ઇચ્છોછો તો બીજાના જીવનનો નાશ કરવાનો તમને અધિકાર શો છે? યાદ રાખજો કે, જ્યાં સુધી તમે અન્યજીવોને મારશો ત્યાં સુધી તમને મરવુંજ પડશે. દુઃખ આપશો તો દુઃખી થવુંજ પડશે. જેવું દાન તેવું ફળ. જીવોને નિર્ભયતા આપો. તમને પણ નિર્ભયતાજ મળશે. જે જીવોનું રક્ષણ કરે છે તેઓ પરમાર્થથી પોતાનુંજ રક્ષણ કરે છે. જે અન્યને મારે છે તે ખરી રીતે પોતેજ મરે છે. કારણ કે બચાવની લાગણીવાળા બીજમાંથી બચાવનાંજ ફળો મળે છે. મારવાની લાગણીવાળા કડવા બીજમાંથી મારનારાંજ ફળો પેદા થાય છે. ઘાતપ્રત્યાઘાતના નિયમ પ્રમાણે જેટલા જોરથી તમે દડો પછાડશો તેટલાજ જોરથી પછડાઇને તે પાછો ઉછાળશે. તેમ જે જાતના જેટલા જોરથી તમારૂં ભલું કે બુરૂં વર્ત્તન અન્ય તરફ થયું

હશે, લાગણીઓ ઉંચી હશે તે તેટલાજ જોરથી ઉછાળીને-પાછી ફરીને તમને લાભ કે હાની કરશે.

મનુષ્યોએ હાથ, પગ વિનાના થવું, પાંગળા થવું, કે શરીર વિનાના થવું તે પણ એક રીતે સારૂં છે. પણ પૂર્ણ શરીરવાળા થઇને જીવોની હિંસા કરવી તે યોગ્ય નથી. હિંસાનો ત્યાગ કર્યા સિવાયની ઇંદ્રિયનું દમન, દેવ-ગુરૂની સેવા, દાન, અધ્યયન અને તપ ચરણાદિ સર્વ ક્રિયાઓ નિષ્ફળ છે. અર્થાત્ સુખદાઇ થતી નથી.

વિઘ્નની શાંતિને માટે હિંસા કરવાની જરૂર નથી. જીવોની હિંસા કરવાથી વિઘ્નની શાંતિ થતી નથી પણ ઉલટી વિઘ્નની વૃદ્ધિ થાય છે. કુળાચારની બુદ્ધિથી કરાતી હિંસા કુળના નાશને માટે અર્થાત્ અધઃપતન માટે

સુખ, સૌભાગ્ય, બળ, પૂર્ણ આયુષ્ય, ધીરતા, નીરોગી શરીર, અપ્રતિહત આજ્ઞા, ઉત્તમ રૂપ, ઉજ્વળ કીર્તિ, ધન, અવચનતા, ઉત્તમ પરિવાર, સુંદર કાંતિ અને ચરાચર જગત્‌માં વિજય આ સર્વ જીવોના રક્ષણ કરવારૂપ અહિંસા વ્રતનાં ફળો છે.

પાંગળાપણું. કોઢીયાપણું, ઠુંઠાપણું, રોગ, શોક, વિયોગ, નિષ્ફળતા, અલ્પ આયુષ્ય, દુર્ભાગ્યતા, અપયશ, અને બીકણુ-પણું-ભયપ્રાપ્તિ ઇત્યાદિ અનિષ્ટ ફળની પ્રાપ્તિ જીવોની હિંસાથી થાય છે.

મનુષ્યો જીવીતવ્યના બચાવ માટે રાજ્યનો પણ ત્યાગ કરે છે, તો તે જીવના વધથી ઉત્પન્ન થતું પાપ આખી પૃથ્વીનું પણ દાન દીધાથી કેમ શાંત થાય ? અથાત્ નજ થાય અહિંસા, માતાની માફક સર્વ સ્થળે જીવોનું રક્ષણ કરે છે સંસારરૂપ મરૂધરની ભૂમિમાં અ-

મૃતની નહેર સમાન અહિંસા છે. દુ:ખરૂપ દાવાનળને બુઝાવવાને વર્ષાઋતુના મેઘની ધારા સમાન અહિંસા છે. ભવભ્રમણરૂપ રોગની શાંતિ માટે અહિંસા પરમ ઔષધી તુલ્ય છે.

સુભુમ, બ્રહ્મદત્ત, પર્શુરામ, શ્રેણીક, કોણીક, અને કાળશોક રીકાદિ અનેક જીવો આ હિંસાના આશ્રયથી અસહ્યયાતના અને નરકનિપાતાદિ દુ:ખ પામ્યા છે. ત્યારે સુલસ, દામ્નક, હરીબલ, યશોધરાદિ અનેક જીવો અહિંસાના આશ્રયથી સદ્‌ગતિ પામ્યા છે.

તીર્થંકરોએ અહિંસારૂપ એકજ વ્રત બતાવ્યું છે. આ વ્રતના રક્ષણને માટેજ વાડરૂપે બીજાં વ્રતો બતાવ્યાં છે. અર્થાત્ બીજાં વ્રતો અહિંસાના પોષણરૂપ છે. માટે દરેક જીવોએ પોતાની શક્તિ પ્રમાણે જીવોના રક્ષણને માટે પ્રયત્ન કરવો જોઇએ.

સર્વ જીવોનો બચાવ તો ત્યાગ માર્ગ ધારણ કરનાર મુનિઓ કરી શકે છે. ગૃહસ્થો ગૃહસ્થાશ્રમમાં રહીને કેટલે દરજ્જે જીવોનો બચાવ કરી શકે ત્યાંસુધી યોગ્ય ગણાય? તેની સમજ આ પ્રમાણે છે.

સર્વ જાતના જીવોની હિંસા ન કરવી તે વીશવસા (વીશભાગ) અહિંસા-દયા-ગણાય છે. તેમાંથી ગૃહસ્થાશ્રમમાં રહેનાર મનુષ્યે સવા ભાગની અહિંસા પાળવી જોઇએ. ત્રસ અને સ્થાવર આ બે વિભાગમાં સર્વ જીવો બચાવવા લાયક છે તેનો સમાવેશ થાય છે.

સર્વ જીવોનો બચાવ કરાય ત્યારે વીશવસા-પૂર્ણ અહિંસા-બને છે.

૨૦) ત્રસ અને સ્થાવર આ બેમાં સર્વ જીવોનો સમાવેશ થાય છે તેની અહિંસા તે વીશવસા અહિંસા કહેવાય છે.

૧૦) ગૃહસ્થો સ્થાવર જીવોનો બચાવ કરી ન શકે.

૫) ગૃહસ્થો અપરાધી ત્રસજીવોનો બચાવ ન કરી શકે.

૨॥) ગૃહસ્થો વ્યવહાર ઉપયોગી આરંભના કાર્યમાં ત્રસજીવોને બચાવી ન શકે.

૧।) ગૃહસ્થો સાપેક્ષપણે—સશંકપણે ત્રસજીવોનો બચાવ ન કરી શકે.

૧૦) ગૃહસ્થો ત્રસજીવોનો બચાવ કરી શકે.

૫) ગૃહસ્થો નિરપરાધી ત્રસજીવોનો બચાવ કરી શકે.

૨॥) ગૃહસ્થો અનારંભપણામાં ત્રસજીવોનો બચાવ કરી શકે.

૧।) ગૃહસ્થો નિર્પેક્ષપણે ત્રસજીવોનો બચાવ કરી શકે.

આ અહિંસાનો ભાવાર્થ આ પ્રમાણે છે (આંહીં બતાવેલા જીવો સંબંધી ખુલાસો નવતત્ત્વ સંબંધી પહેલા જીવતત્ત્વમાંથી જાણવો.) સ્થાવર જીવોનો બચાવ ગૃહસ્થો ન કરી શકે, કારણ કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આ પાંચ સ્થાવર છે તે સિવાય ખાવાપીવાદિનાં સાધનો મેળવી શકાતાં નથી. તેમ ખાધાપીધા સિવાય ચાલે પણ નહિં. એટલે ત્રસ અને સ્થાવર બન્નેનો બચાવ કરવો તે વીશભાગની અહિંસા છે તેમાંથી આ દશભાગ ગયા. કારણ કે જીવોના બે વિભાગમાંથી એકનો બચાવ મનુષ્યો ન કરી શકે. ત્રસનો બચાવ કરે. ત્રસ એટલે હાલે—ચાલે તેવા જીવો. તેથી દશભાગ બચાવ કરવાનું રહ્યું. ૧૦.

આ ત્રસ જીવોમાંથી અપરાધીનો બચાવ ગૃહસ્થોથી થઇ ન શકે. જો તેમ કરે તો વ્યવહારની હયાતિજ ન રહે. ગૃહસ્થાશ્રમજ નાશ પામે. અપરાધીને બદલો ન આપે તો, રાજા હોય તો રાજાનું રાજ્ય

ચાલ્યું જાય, ગૃહસ્થ-સામાન્ય મનુષ્ય હોય તો કોઇ ઘર લુંટી જાય, સ્ત્રી લઇ જાય, કારણ કે તે અપરાધીને બદલો આપતો નથી. તેથી જે બળીયો થઇને આવે તે તેનું લુંટી જાય. આમ થાય તો ગૃહસ્થધર્મનોજ નાશ થાય. આ માટે એટલો બચાવ કરવો કે નિરપરાધી જીવોને ન મારવા, અપરાધી હોય તો તેને શિક્ષા કરવાની છુટ છે. આ શિક્ષા અપરાધના પ્રમાણમાં દેહાંત સુધી થાય ત્યાંસુધી તેના ગૃહસ્થધર્મનો નાશ થતો નથી. એટલે દશભાગમાંથી પાંચ ભાગનો બચાવ તેનાથી થઇ શકે. ૫

નિરપરાધી જીવોનો બચાવ કરી શકે તેમાં પણ જે ખેતર ખેડવાં, ઘર બનાવવાં, કીલ્લા પ્રમુખ બંધાવવા, કુવા ખોદવા, ખાણો ખોદાવવી-ઇત્યાદિ અનેક આરંભના કામમાં કોઈ નિરપરાધી ત્રસજીવો મરી જાય તો તેનો બચાવ ગૃહસ્થથી થઇ ન શકે કેમકે તે આરંભના કાર્ય ન કરે તો તેનો વ્યવહાર અટકી પડે. માટે આરંભમાં જીવો મરી જાય તેની આ વ્રતમાં છુટી રહે છે. એટલે પાંચ ભાગની અહિંસામાંથી તેનાથી અઢીભાગની અહિંસા પળી શકે. ૨ા.

આરંભ સિવાયના જીવોનો બચાવ ગૃહસ્થ કરી શકે તેમાં પણ કોઇના ઉપર ચોર, જાર, કે વેરી-શત્રુ વિગેરેની શંકાથી તે જીવ તેવો નહિં છતાં તેવાં કામ તેણે કોઇ વખત કર્યાં હોય તેવા કારણથી તેના ઉપર શંકા થાય કે આ કામ તેણે કર્યું હશે અને તે કારણથી તેને શિક્ષા કરવી પડે. અથવા બળદ, ઘોડા, કે પાડા પ્રમુખને ગાડે કે રથે જોડવામાં આવે, કે ભણવા પ્રમુખમાં પ્રમાદ કરનાર પુત્રાદિકને નિરપરાધી છતાં સાપેક્ષણે (અપેક્ષાએ) મારફાડ કે બંધનાદિ કરવાં પડે તો તેના ગૃહસ્થ ધર્મના વ્રતમાં બાધ આ-

વર્તો નથી. આ કારણે અહીં ભાગમાંથી પણ સાપેક્ષપણે શિક્ષા કરવાનું ખુલ્લું રહેવાથી સવા ભાગની અહિંસા ગૃહસ્થથી બની શકે. એટલે નિરપરાધી, આરંભવિના, ત્રસ જીવોને નિરપેક્ષપણે સંકલ્પીને (મારવાની બુદ્ધિથી) મારવા નહિં "મારવાની બુદ્ધિથી" એ કહેવાનો હેતુ એ છે કે રસ્તે ચાલતાં શરીરની અથીરતાને લઇ તપાસીને ચાલવા છતાં પણ કોઇ જીવ મરી જાય તો તેથી વ્રત ખંડિત થતું નથી.

ગૃહસ્થ ધર્મનું પહેલું વ્રત–સ્થુળ પ્રાણાતિપાત વિરમણ. ૧

નિરપરાધી, ત્રસજીવોને આરંભના કાર્ય સિવાય નિરપેક્ષપણે સંકલ્પીને મારવો નહીં. અને બીજા જીવો તરફ નિષ્ધ્વંસ પરિણામ ન રાખતાં બને ત્યાંસુધી તેમનો પણ યથાશક્તિ બચાવ કરવો. ૧

આ પહેલા વ્રતમાં પાંચ અતિચાર–દૂષણ લાગવા સંભવ છે. તે ન લાગે તે માટે સાવચેતી રાખવી. અતિચાર એટલે લીધેલ નિયમ પ્રમાણે વ્રતનું ખંડન થયું ન હોય તોપણ વ્રતને મલીન કરે તેવા પરિણામ થઇ આવવા તે. આવા પરિણામથી પાછું હઠવામાં ન આવે અને નિરંતર તે મલીનતામાં વધારો થતો રહે તો લીધેલ વ્રત ભાંગવા સુધીમાં છેવટનું પરિણામ આવે છે. માટે સાંજ સવાર બે વખત પોતાનું જીવન–કર્ત્તવ્ય તપાસી જવું કે તેમાં આ દોષો ભૂલમાં–કે ઉતાવળમાં લાગ્યા ન હોય. અતિચાર લાગ્યા હોય તો તરતજ માફી માગી, પ્રાયશ્ચિત કરી, ફરી તેમ ન થાય તે માટે સાવચેતી રાખવી. આ માટેજ બે વખત પ્રતિક્રમણ કરવાનું જણાવવામાં આવે છે.

પહેલા વ્રતના પાંચ અતિચાર.

(૧) તીવ્ર ક્રોપથી, મરી જશે તેની પણ દરકાર કર્યા સિવાય મનુષ્ય તથા જનાવરને બાંધવાં તે.

(૨) વિના પ્રયોજને ક્રોધના આવેશથી ચામડી છેદવી. (રોગને કારણે તેના ભલાને માટે તેમ કરવું પડે તેમાં હરકત નથી).

(૩) જનાવરો કે મનુષ્યો ઉપર તેમની શક્તિ કરતાં વધારે ભાર ભરવો કે ઉપડાવવો.

(૪) મર્મ સ્થાનમાં પ્રહાર કરવો. (મરી જશે તેની દરકાર રાખ્યા વિના).

(૫) પોતાની નિશ્રાએ રહેલાં મનુષ્યોને તથા જાનવરોને ભુખ્યાં રાખવાં. પોતાની નિશ્રાએ રહેલા એમ કહેવાથી પોતાની ફરજ બરોબર બજાવવી એ સૂચના કરી છે.

આ પાંચ અતિચાર ન લાગે તે માટે સાવચેતી રાખવી

બીજું સત્યવ્રત-૨.

દરેક મનુષ્યોએ પ્રિય, પથ્ય, સત્ય અને અન્યને ઉપકાર થાય તેવાં વચનો બોલવાં જોઇએ. જો તેમ ન બની શકે તો બોલ્યા સિવાય મૌન રહેવું તે કલ્યાણકારી છે. કુપથ્ય ખાવાથી જેમ રોગની વૃદ્ધિ થાય છે તેમ અસત્ય વચનથી વેર, વિરોધ, અપ્રતિષ્ઠા, અવિશ્વાશ અને વચનીવનાદિ દોષો પ્રગટ થાય છે. કઠોર, મર્મભેદક અને કુવાક્યો જીવન પર્યંત મનુષ્યોને સાલ્યા કરે છે. દાવાનળમાં દગ્ધ થયેલાં વનો પણ પાછાં વર્ષા ઋતુમાં નવપલ્લવિત થાય છે. પણ આ જીવ્હા અનળથી બળેલાં મનુષ્યો પાછાં પૂર્વની સ્થિતિમાં

આવી શકતાં નથી. સર્વ લોકોને પ્રિય થાય તેવાં, સાચાં, પ્રસન્નતા ઉત્પન્ન કરનારાં, મીઠાશથી ભરેલાં, લાલીત્યતાવાળાં મધુર શબ્દોની આ દુનિયામાં કયાં ખોટ છે? કે તેનું બોલવામાં કયાં મહેનત પડે છે કે પૈસા ખરચવા પડે છે? કે જેથી તેવાં મર્મભેદક, સત્ય ઉત્પન્ન કરે તેવાં, અસ્થિરતા પેદા કરનારાં, વિરોધથી ભરપુર, નિર્દયતા સૂચવનારાં વચનો બોલી શસ્ત્ર વિના જીવોનો વધ કરવામાં પ્રવૃત્તિ કરવી પડે છે?

પૂર્ણસાધ્ય સિદ્ધ કરી શકાય તેવા મનુષ્યજન્મમા પણ જે નરાધમો સત્ય પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે, તેઓ પાછળથી કયા જન્મમાં કેવાં કર્મો કરી આત્માનો નિસ્તાર કરી શકશે? અસત્યતા ભરેલાં કે જીવોનો સંહાર થાય તેવાં વચનો બોલવાં તેનાં કરતાં મુંગા જીવો વધારે સારા છે કે જેઓ અન્ય જીવોને નુકશાન તો કરતા નથી. જેના મુખમાંથી અસત્ય ભાષણ રૂપ દુર્ગંધિત પ્રવાહ વહન થયા કરે છે, તેવા મનુષ્યોને શરીર શુદ્ધિને અર્થે સ્નાન કરતા દેખીને વિદ્વાન્ પુરૂષો તેઓની હાંસી કરે છે. ધન્ય છે તે મનુષ્યોને! કે જેમના કરૂણારસથી ભરપુર હૃદયને સ્પર્શીને નીકળતા વચન કલ્લોલોથી પ્રાણીઓને પરમશાંતિ મળે છે. ચંદ્ર, ચંદન, મણી અને માલતીનો સમુદાય તેવી શાંતિ નથી આપતો કે જેવી કાનને પ્રિય, મધુરવાણી શાંતિ આપે છે. સત્ય બોલનારા મનુષ્યો ચંદ્રની માફક જગત્માં આનંદની વૃદ્ધિ કરે છે. દેવો તેમની કીર્તિનું યશોગાન કરે છે.

તત્વજ્ઞાની, સત્યની સીમાનું અવલંબન કરનાર સત્પુરૂષોના ચરણ સ્પર્શ માત્રથી પણ પૃથ્વીતળ પવિત્ર બને છે. વ્રત, શ્રુત, વિદ્યા, વિનય, ચારિત્ર અને જ્ઞાનાદિ ઉત્તમ ગુણોનું બીજ સત્ય વ્રત છે. સત્ય

પ્રતિજ્ઞાવાળા અને પવિત્ર માર્ગનું અવલંબન કરનારા જીવોને દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત, સર્પ, સીંહ ઇત્યાદિ દુષ્ટ જીવો વિઘ્ન કરવા કે દુઃખ દેવાને સમર્થ થતા નથી.

મુંગા થવું, બુદ્ધિની વિકળતા, મૂર્ખતા, બેરાપણું, જીભ તથા મોઢાના રોગ ઇત્યાદિ અસત્ય વચન બોલવાનાં ફળો છે, એમ જાણીને અસત્ય બોલવાનો, કઠોર બોલવાનો, નિર્દયતાવાળાં વચનો બોલવાનો કે પરને કોઇપણ રીતે આઘાત થાય કે નુકશાન થાય તેવું બોલવાનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. થોડું પણ અસત્ય ન બોલવું છતાં જેઓ તેમ ન કરી શકે તેમણે પાંચ મોટાં અસત્યનો તો અવશ્ય ત્યાગ કરવોજ જોઇએ.

કન્યા સંબંધી ૧ ગાય સંબંધી. ૨ જમીન સંબંધી ૩ થાપણ ઓળવવી. ૪ જુઠી સાક્ષી ભરવી. ૫ આ પાંચ મોટાં જુઠાં કહેવાય છે. લોકમાં તે વધારે નિંદનીક ગણાય છે.

કન્યા સંબંધી અસત્ય-દ્વેષાદિક કારણથી વિષકન્યા ન હોય ને વિષકન્યા કહેવી. વિષકન્યા હોય ને અવિષકન્યા કહેવી. સુશીલા હોય છતાં દુશીલા કહેવી. દુશીલા હોય છતાં સુશીલા કહેવી. મોટી હોય ને નાની કહેવી. નાની હોય ને મોટી કહેવી. સારા કુળની હોય છતાં હલકા કુળની કહેવી. હલકા કુળનીહોય ને સારાકુળની કહેવી; જેમ કન્યાના સંબંધમાં તેમ વરના સંબંધીમાં પણ ખોટાને સારો. અને સારાને ખોટો કહેવો. ઇત્યાદિ અસત્ય બોલીને સામા મનુષ્યોને નુકશાનમાં ઉતારવો તે કન્યા સંબંધી અસત્ય કહેવાય છે. કન્યાની આંહી મુખ્યતા છે. પણ જેટલાં બે પગવાળાં મનુષ્યો છે તે તમામના સંબંધમાં અસત્ય ન બોલવું તે આ ઉપરથી સમજી લેવું જોઇએ.

અસત્ય બોલીને તેમનો વિવાહ જોડી આપવાથી જીંદગી પર્યં-તનું તે કજોડું દુઃખી નિવડે છે. આપસમાં અણગમાત, ક્લેશ અને કુસંપમાં દુઃખમય જીંદગી ગુજારે છે. અણસમજમાં, પરસ્પરની ઇચ્છા વિરૂદ્ધ, પ્રકૃતિ વિરૂદ્ધ. અસત્ય પ્રપંચથી લાકડે માકડું વળગાડાયેલાં અનેક કજોડાંઓ ક્લેશીત જીંદગી ગુજારતાં નજરે પડે છે. તેઓ ઉંડા નિઃશાસાપૂર્વક પોતાની આ કજોડાંથી દુખાયેલી કારી લાગણીને પ્ર-ગટ કરતાં તેમનો મેળાપ કરાવી આપનારાઓને કળકળતા શ્રાપ આપે છે. ગાય અને દીકરી જ્યાં દોરે ત્યાં જાય. આ હીંદની કહેવત પ્રમાણે નિર્દોષ બાળકીઓને ઉંડા ખાડામાં ઉતારનારાઓ મોટું પાપ બાંધે છે. દુઃખી કજોડાંઓના જીંદગી પર્યંતના ઉનાં આંશુઓ અને ગરમ નિશાસાઓથી તેમના વાહાલીઓનું કદીપણ ભલું થતું નથી. ૧

ગાય સંબંધી અસત્ય—જેમ કન્યાના સંબંધમાં તેમજ ગાયના સંબંધમાં, ઉમર, ગુણ, દોષ, દુધ વિગેરેમાં અસત્ય ન બોલવું. ગાય ગરી-બ પ્રાણી અને ઉપયોગી જાનવર હોવાથી તેની આંહી મુખ્યતા બતાવી છે, પણ તેથી સર્વજાતનાં જાનવરોના સંબંધમાં અસત્ય ન બોલવું તે આંહી પણ સમજી લેવું. વિરૂદ્ધ ગુણ દોષ બતાવી જાનવરો વેચવાથી આપ-સમાં ક્લેશ થવાનો, વેર વિરોધ વધવાનો અને જ્યારે આપનારને તે પહોંચી ન શકે ત્યારે તે જાનવરને દુઃખી કરવાનો. એમ અનેક દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે. ૨.

જમીનના સંબંધમાં અસત્ય—કોઈની જમીન દબાવી દેવી. પા-રકી હોયને પોતાની કહેવી. વેચવાના પ્રસંગે ખારવાળી જમીનને સારી-ખાર વિનાની કહેવી. જમીન એ શબ્દથી હાટ-ઘર-ખેતર, ગામ શહેર-દેશ-ઇત્યાદિ સમજી લેવાં. તે સર્વ અન્યનાં હોયને પોતાનાં કરી પચાવી પાડવાં. આ અસત્યનો ત્યાગ કરવાથી અનેક જાતના

વેર, વિરોધ, લડાઈ, બખેડા વિગેરે થતા અટકે છે. શાંતિ જળવાઇ રહે છે ધર્મ ધ્યાનાદિ શાંતિમાં જીવન પસાર કરી શકાય છે. ૩.

જુઠી સાક્ષી સંબંધી અસત્ય. સ્વાર્થને ખાતર, દાક્ષીણતાને લીધે, લાંચ રૂશવતાદિના લોભથી, જીવિતવ્ય કે દ્રવ્યાદિ નાશના ભયથી, કોઇના આગ્રહથી કે પ્રાર્થનાથી જુઠી સાક્ષી ન ભરવી. કોરટમાં જઇને સાક્ષી ભરવી તેનું નામ સાક્ષી છે. એટલુંજ નહિંપણ હરકોઇ સ્થળે અને કોઇપણ માણસે તમને પૂછ્યું કે આ માણસે આ પ્રમાણે કર્યું છે તેમાં તમે શું જાણો છો? તે વખતે જે જાણતા હો તેજ કહો તેમાં હરકત નથી. પણ જુઠી સાક્ષી ન ભરવી. તમારે તે સંબંધમાં બોલવાની મરજી ન હોય તો, જવાબ ન આપો. મૌન રહો. પણ જુઠી સાક્ષી તો નજ ભરો. ૪

થાપણ ઓળવવા સંબંધી અસત્ય. ભરોંસાદાર કે યોગ્ય—લાયક માણસ જાણી તમારી પાસે કોઇપણ માણસ, કોઇની સાક્ષી રાખ્યા સિવાય, કે દસ્તાવેજ કરાવ્યા સિવાય થાપણ મૂકી ગયો હોય, તે જ્યારે પાછી લેવા આવે ત્યારે તેને કહેવું કે તું કયાં મારે ત્યાં મૂકી ગયો છે? સાક્ષી કોણ છે? લખત ક્યાં છે? વિગેરે જવાબો આપી થાપણ પાછી ન આપવી તે થાપણ ઓળવી કહેવાય છે. થાપણ મૂકનાર મરી ગયો હોય અને તેના વારસદારો લેવા આવે અને પાછી ન આપવી તેપણ થાપણ ઓળવી કહેવાય છે. વારસદાર ન હોય તો પંચની સાક્ષીએ સારે માર્ગે ખરચી દેવી પણ તે થાપણ હરામનું દ્રવ્ય ઘરમાં નજ રાખવું અને વારસદાર હોય તો તેને સોંપવું. આ પંચ મોટાં અસત્યનો ત્યાગ કરવો અને બીજાંપણ નાનાં નાનાં અસત્યનો યથાશક્તિ ત્યાગ કરવો. આ ગૃહસ્થોનું બીજું વ્રત છે. જે બોલવાથી અન્યને કલેશ થાય કે અન્યનો ઘાત થાય તેનો

ત્યાગ કરવો તે આ વ્રત લેવાનો હેતુ છે. આ વ્રતથી લોકોનો વિશ્વાશ, યશની પ્રાપ્તિ, સર્વ અર્થની સિદ્ધિ, લોક પ્રિયતા, ગ્રાહ્ય વચન અને અમોઘ વચન-વચન સિદ્ધિ વિગેરે આ લોકમાં ફાયદાઓ થાય છે. ધર્મની પ્રાપ્તિ થવા સાથે આગામી જન્મ સુખરૂપ થાય છે. પાપનો નાશ, આવતાં કર્મનો નિરોધ, પુન્યની વૃદ્ધિ અને કર્મનિર્જરા ઇત્યાદિ અનેક ફળ આ વ્રતનાં છે. ૫

બીજું વ્રત. ૨

કન્યા સંબંધી, ગાય સંબંધી, જમીન સંબંધી જુઠું ન બોલવું, જુઠી સાક્ષી ન ભરવી, થાપણ ઓળવવી નહિં, આ ગૃહસ્થ ધર્મનું બીજું વ્રત છે. ૨

તેમાં પાંચ અતિચાર લાગવા સંભવ છે તે માટે સાવચેતી રાખી ન લગાડવા. વિશેષ હકીકત પહેલા વ્રતના અતિ ચાર સાથે કહેવામાં આવી છે ત્યાંથી સર્વ વ્રત માટે જાણી લેવી.

પાંચ અતિચાર.

૧. સહસાત્કારે. વગર વિચાર્યે કોઇને આળ આપવું જેમકે કોઇ માણસો એકાંતમાં વાત ચિત્ત કરતો હોય તે દેખી એમ કહેવું કે આ રાજવિરૂદ્ધ કે અમુક વિરૂદ્ધ વિચાર કરે છે. તેઓ પોતાના સંબંધમાં કાં વિચાર ન કરતા હોય? નિશ્ચય કર્યા વિના અકસ્માતું બોલી નાખવાથી, પોતાના અને અન્યના સબંધમાં મોટું નુકશાન થવાનો સંભવ છે. માટે વિચારીને બોલવું. ૧

૨. વિશ્વાશુ જાણી કોઇએ ગુપ્ત વાત કહી હોય, તે ખુલ્લી કરવી, આ અતિચાર છે. તેમ કરવાથી સામા માણસને મોટા જોખમમાં ઉતરવું પડે છે. તે સાથે વિરોધ થવા પણ સંભવ છે. ૨

૩. પોતાની સ્ત્રીના સંબંધની ગુપ્ત વાતો કોઇ મિત્રાદિ આગળ કહેવી. તે અતિચાર છે તેમ થતાં સ્ત્રીને શરમાવા જેવું થાય છે. અવિશ્વાશ વધે છે. અને તે ગુપ્ત રહસ્ય મિત્રાદિના જાણવામાં આવ્યાથી આપણી ગેરહાજરીમાં તે મિત્રાદિ તરફથી તેનો ગેરઉપયોગ કરવાનો પણ સંભવ બનવા યોગ્ય છે. અને કલેશ ઉત્પન્ન થવાનો પણ સંભવ રહે છે. ૩.

૪. કોઇને દુઃખમાં પાડવા ખોટી સલાહ આપવી. અથવા પાપનો ઉપદેશ આપવો. ૪.

૫. જુઠા દસ્તાવેજ કે ખત વિગેરે કરવા. મનમાં એમ ધારીને જુઠું ખત વિગેરે કરેકે આપણે તો જુઠું બોલવાનો નિયમ છે પણ લખવાનો ક્યાં છે ? પણ આ ગુન્હો ઓછી બુદ્ધિવાળાએ ગેરસમજથી કર્યો હોય તો તો ચલાવી લેવાય, પણ બુદ્ધિમાન્ થઇ આપણ અસત્યનોજ ભેદ છે એમ સમજતાં છતાં કરનારને તો વ્રતના ભંગનો દંડ મળે છે. ૫.

આ પાંચ અતિચાર ન લાગે તેવી રીતે બરોબર કાળજીપૂર્વક બીજું વ્રત પાળવું.

ત્રીજું વ્રત. અદત્તાદાનવિરમણ. ૩.

નિર્ધનતા, કામધંધાનો અભાવ, આવકથી ખરચ વધારે અને તેવા ચોરી કરનારાઓની સોબત–ઇત્યાદિ કારણે આ ચોરી કરવાની ટેવ પડે છે. નાના પ્રકારના હુન્નર, ઉદ્યોગ, નોકરી, ખેતી કે વેપારાદિ કાર્યમાં જોડાઇ જવાથી, ખરચથી પણ આવક વધારે થવાથી, અને સારી સોબતમાં રહેવાથી આ દુર્ગુણ દૂર કરી શકાય છે.

તાળું તોડવું, ખાતર પાડવું, ગાંઠ કાપવી, વાટ લુંટવી, લુંટ ચલાવવી, નબળાઓને મારીને માલ પડાવી લેવો ઇત્યાદિ ચોરી ગણાય છે. તેમજ કોઇનું પડી ગયેલું, મૂકેલું, ઘરમાં રહેલું અને દાટેલું ઇત્યાદિ વસ્તુઓ લેવી તે પણ ચોરી ગણાય છે. ટુંકામાં કહીએ તો વસ્તુના માલીકે રાજી ખુશીથી આપ્યા સિવાય કોઇ પણ લેવું તે ચોરી કહેવાય છે. આત્મહિત ઇચ્છનારાં જીવોએ ચોરીનો ત્યાગ કરવો જોઇએ ચોરી કરનારનું કદી પણ સારૂં થતું નથી. ધન મનુષ્યોનાં બાહ્ય પ્રાણ છે. તે લઇ લેવાથી તેના અંતર્ પ્રાણનો પણ નાશ થવાનો સંભવ છે. કોઇ મનુષ્યને મારવામાં આવે છે તો તે મરનારને ક્ષણવાર દુઃખ થાય છે પણ ધનાદિ હરણ કરવાથી તો તેના આખા કુટુંબને જીંદગીપર્યંત દુઃખ થાય છે. પરન્તુ ધન ચોરનાર મનુષ્ય તેનું ધન લુંટે છે એમ નથી પણ ધનની સાથે તેના આ ભવ અને પરભવ બન્નેનો નાશ કરે છે-બગાડે છે. ધન જવાથી ધર્મ, ધૈર્ય, ધૃતિ, બુદ્ધિ વિગેરેનો નાશ થાય છે. ધન કે જેના ઉપર તેના સર્વ કુટુંબનો આધાર હતો તે જવાથી તેની ગમગમીમાં કેટલાક મનુષ્યો ગાંડા થઇ જાય છે કેટલાક મરણ પામે છે બુદ્ધિભ્રમિત થાય છે. ધીરજ રહેતી નથી. શાંતિમાં ભંગ થાય છે. અને નિશ્ચિંતતાને અભાવે ધર્મ કાર્યમાં પ્રવૃત્તિ કરી શક્તા નથી.

ચોરી પવિત્ર કુળને કલંકિત કરે છે. મહાન્ અપયશ ફેલાવે છે સગાં સંબંધીજનો પણ ચોરી કરનારનો વિશ્વાશ કરતાં નથી. ચોરી કરનાર પોતે તે ધનનો ઉપયોગ કરેકે ન કરે પણ દુઃખમાં સપડાવાનો તેને ચોકશ સંભવ રહે છે. વેર વિરોધ વધારે થાય છે અને દેહાંત દંડ સુધીની પણ શિક્ષા આ ભવમાં કોઇ કોઇ અનુભવે છે.

ચોરી કરનારના ગુણ ગૌણતાને પામે છે. વિદ્યા, વિડંબના પમા-

ડનારી થાય છે. અપકીર્ત્તિ તેના માથા પર પગ દઇને ઉભી રહે છે. શિકારીના હાથમાં સપડાવાની શંકાવાળા મૃગની માફક ચોરનું મન જનસમુહમાં કે જંગલમાં શાંત કે સ્વસ્થ હોતું નથી. આત્મરક્ષા, દાક્ષિણતા, પરોપકાર, ધર્મનું કે ઉત્તમ શિક્ષણનું ગ્રહણ કરવાપણું વિગેરે સ્વપ્નમાં પણ ચોર જાણી કે કરી શકતો નથી. ચોરી રૂપ પાપવૃક્ષનાં ફળ આભવમાં વધ, બંધન, કારાગૃહનિવાસ, આબરૂનો નાશ, અવિશ્વાશ, લોકનિંદા. વિગેરે આંહીજ પ્રયત્યક્ષ દેખાય છે. અન્ય જન્મમાં નરકાદિકની અસહ્ય વેદના ભોગવવી પડે છે. તથા ધનક્ષય, દુર્ભાગ્ય, દાસત્વ, અંગચ્છેદ, દારિદ્ર, નિંદા, ધિક્કાર અને વારંવાર મૃત્યુ ઇત્યાદિ અન્ય જન્મમાં પણ દુઃખોનો અનુભવ કરવો પડે છે. કારણ કે અન્યને રડાવ્યાં છે. દુઃખી કર્યાં છે. નિરાશ કર્યાં છે. ભીખ મંગાવી છે તો, તેને પણ આ વાવેલા પાપ વૃક્ષનાં ફળ તરીકે રડવાનું દુઃખી થવાનું, નિરાશ થવાનું અને ભિક્ષા માંગવાનુ પ્રાપ્ત થવુંજ જોઇએ.

આ ત્રીજા વ્રતનું ફળ સર્વનો વિશ્વાશ, સાધુવાદ (શાબાસી અગર પ્રશંસા) સમૃદ્ધિની વૃદ્ધિ, સ્થિરતા, ઐશ્વર્ય અને સ્વર્ગાદિની પ્રાપ્તિ. ઇત્યાદિ પ્રાપ્ત થાય છે.

ત્રીજું વ્રત.

ગૃહસ્થોએ ત્રીજા વ્રતમાં સજીવ નિર્જીવ, નાની મોટી ચોરીનો ત્યાગ કરવો. જંગલનું માલકી વિનાનું ઘાસ, કુવા, તળાવ, નદી વિગેરેનું પાણી ઇત્યાદિ સામાન્ય વસ્તુઓ કે જેના ઉપર કોઇની માલીકી નથી. માલીકી હોય તથાપિ તે લેવાની કોઇને મના નથી. જેને લેવાથી ચોરી ગણવામાં આવતી નથી, તે સિવાયની કોઇપણ

વસ્તુ માલીકની રજા સિવાય ન લેવી. જેના ઉપર મમતા ભાવ મનુષ્યોને કે જીવોને હોય છે તે વસ્તુ, રાજી ખુશીથી આપ્યા સિવાય ન લેવી. એટલે તાળું તોડવું નહિં. ખાતર પાડવું નહિ. વાટ લુંટવી નહિં. ગાંઠ કાપવી નહિં, ધાડ પાડવી નહિં, દાણચોરી કરવી નહી. ખીસ્સો કાપવો નહિં. પડેલી કીંમતી ચીજ લેવી નહિં. બળાત્કારે જોરજુલમથી લેવું નહિં. ધણીની ગેરહાજરીમાં વસ્તુ લેવી નહિ. હાજરીમાં ઇચ્છા વિરૂદ્ધ લેવી નહિં. આ ગૃહસ્થોનું ત્રીજું વ્રત છે.

ત્રીજા વ્રતમાં લાગતા અતિચારો.

(૧) ચોરને ચોરી કરવા પ્રેરણા કરવી. ખાવા પીવાની મદદ આપવી. આ સાક્ષાત્ ચોરી નથી પણ પરિણામ તો ચોરીના જેવુંજ આવે છે. લીધેલ વ્રતને મલીન કરનાર છે.

(૨) ચોરીનો માલ વેચાતો રાખવો. આનું પરિણામ રાજદંડાદિ ભોગવવાં પડે છે.

(૩) રાજ્ય વિરૂદ્ધ કામ કરવું. મના કરેલા શત્રુ આદિના દેશમાં વેપારાદિ નિમિત્તે જવું. ઇત્યાદિ. આમ કરવાથી ધનાદિકનો નાશ અને રાજાની આજ્ઞા વિરૂદ્ધ વર્તન કરવાથી દેહાંત દંડાગ્ થવા સંભવ છે.

૪) માલમાં ભેળ સંભેળ કરવો. સારામાલમાં નબળો માલ ભેળવી વેચવો. ખોટી વસ્તુને ખરીના જેવી બનાવી, ખરી કહીને વેચવી. ઈત્યાદિ આથી પોતાની શાહ–આબરૂ જવા સાથે અવિશ્વાશ વધે છે; કલેશ થવાનો પણ સંભવ છે.

૫) ખોટા તોલ માપ રાખવાં. લેવાનાં વધારે. દેવાનાં ઓછાં રાખવાં. આથી પણ લોકોનો અવિશ્વાસ વધવા સાથે રાજ દંડાદિ ગુન્હો બને છે.

આ પાંચ અતિચાર ન લાગે તેની સાવચેતી રાખી ત્રીજું વ્રત બરાબર પાળવું. દરેક અધિકારીઓએ પોતાના અધિકારના પ્રમાણમાં આ અતિચારો સમજી લેવા જોઇએ.

શીયળવ્રત-સ્વદારા સંતોષ-ચોથું વ્રત. ૪

સર્વથા મૈથુન કર્મનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય કહેવાય છે. અને પરસ્ત્રીનો ત્યાગ કરી પોતાની પરણિત સ્ત્રીમાંજ સંતોષ માનવો તે પુરૂષોનું શીયળવ્રત છે. આજ રીતે સ્ત્રીઓએ પોતાના વિવાહિત પતિમાંજ સંતોષ રાખી અન્ય પુરૂષો તરફ મનથી પણ અભિલાષા ન કરવી તે સ્ત્રીઓનું શીયળવ્રત છે.

બ્રહ્મચર્યનું અવલંબન કરીને યોગીઓ આત્મસ્વરૂપને જાણી શકે છે. આ બ્રહ્મચર્યનું અવલંબન વીર પુરૂષોજ કરી શકે છે. બ્રહ્મચર્ય ત્રણ જગતમાં પ્રશંસનીય અને પૂજનીય ગણાય છે. તેનાથી વિશુદ્ધિ પામેલા આત્માઓ દેવોને પણ પૂજનીય થાય છે. ઉત્તમ ચારિત્રનું જીવન બ્રહ્મચર્ય છે. તે ન હોય તો બીજા ગુણો વિદ્યમાન હોય તો પણ નહિં સરખા થાય છે. અલ્પ સત્ત્વવાળા, નિઃશીળ, ઇંદ્રિયોથી પરાજીત મનુષ્યો આ શીયળ પાળી શકે તે વાત સ્વપ્નમાં પણ માનવા યોગ્ય નથી.

સંકલ્પ અને સંસર્ગથી વિષય વાસનાની ઉત્પત્તિ થાય છે. બ્રહ્મચર્ય દૃઢ પાલવાની ઇચ્છાવાળા મનુષ્યોએ વિષય સંબંધી જરા

પણુ સંકલ્પ મનમાં ઉઠવા દેવો ન જોઇએ. મનમાંથી સંકલ્પને કાઢી નાખતાં ગમે તેવા વિષમ પ્રસંગમાં પણ કામની ઉત્પત્તિ થવાનો સંભવ નથી. આ સંકલ્પોની ઉત્પત્તિ પૂર્વે દેખેલ, સાંભળેલ, અનુભવેલ વિષયોની સ્મૃતિ કરવાથી થાય છે. તેમજ વર્તમાનકાળમાં તેવા સ્ત્રી પુરૂષોના સંસર્ગથી–સહવાસથી પણ થાય છે બ્રહ્મચારી સ્ત્રીઓએ પુરૂષોનાં સંસર્ગમાં અને પુરૂષોએ સ્ત્રીઓના સંસર્ગમાં ન આવવું અને વિશેષ પ્રકારે એકાંત સહવાસમાં તો નજ આવવું. આથી તેવા નિમિત્તના અભાવે સંકલ્પોની ઉત્પત્તિ થતી અટકે છે, અને બ્રહ્મચર્ય બરાબર ટકાવી રખાય છે.

જેઓ બ્રહ્મચર્યમાં શ્રેષ્ટ છે તેઓ મેરૂ પર્વતથી પણ મહાન્ ગુરૂ છે–મોટાછે. બ્રહ્મચર્યમાં સ્ખલના પામેલા મહાન્ પુરૂષો પણ બુઝાઇ ગયેલા અગ્નિની માફક તત્કાળ અપમાન પામે છે. અગ્નિથી બધાં દૂર રહે છે, પણ તે બુઝાઇ જવા પછી તો તેની રાખ ઉપર મનુષ્યો પગ દઇને ચાલે છે. તેમ બ્રહ્મચર્ય વિનાનો ત્યાગી, કે શીયળવિનાનો ગૃહસ્થ પગલે પગલે અપમાન પામે છે.

મૈથુનક્રીડા કીંપાકના ફળની માફક થોડા વખત માટેજ રમણિક જણાય છે તથાપિ તેનું પરિણામ ભયંકર આવે છે. વિષયમાં વિશેષ આશક્ત મનુષ્યો કંપ, સ્વેદ, પરિશ્રમ, મૂર્ચ્છા, ભ્રામી (ચકરી આવવી) ગ્લાનતા, નિર્મળતા ગરમી, ક્ષય અને ભગંદરાદિ મહાન્ રોગોના ભોગ થઇ પડે છે.

યોનીયંત્રમાં અનેક સુક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે તેઓ અલ્પ શક્તિવાળા હોવાથી મૈથુન ક્રિયામાં તત્કાળ નાશ પામે છે. વિષય સેવન કરીને જે મનુષ્યો કામ જ્વરની શાંતિ ઇચ્છે છે તે બળતા

અગ્નિમાં ઘી હોમિ, અગ્નિને શાંત કરવાની ઈચ્છા કરવા બરાબર કરે છે. અર્થાત્ અગ્નિ જેમ ઘી હોમવાથી શાંત થતો નથી તેમ મૈથુનથી કામની શાંતિ થતી નથી. ઘી ન નાંખવાથીજ અગ્નિ શાંત પડે છે તેમ સંકલ્પ મૂકી દેવાથીજ કામની શાંતિ થાય છે. પોતાના પ્રિય પતિનો ત્યાગ કરીને, નિર્લજ થઇ જે સ્ત્રી અન્ય પુરૂષમાં આશક્ત થાય છે તેવા ક્ષણિક સ્નેહવાળી અન્ય સ્ત્રીનો વિશ્વાશ ક્યો ડાહ્યો મનુષ્ય કરશે?

પ્રાણનો સંદેહ, વેરનું પરમ કારણ, બન્ને લોક વિરૂદ્ધ. સર્વસ્વ અપહરણ, બંધનની પ્રાપ્તિ, શીરચ્છેદ, ઇત્યાદિ દુઃખ પરસ્ત્રી ગમનથી પ્રાપ્ત થવા સંભવ છે અને મરણ પામ્યા પછી નરકાદિ દુઃખો ભોગવવાં પડવાનાં. આ સર્વ પરસ્ત્રી ગમનનાં ફળો છે.

અન્ય પુરૂષોથી પોતાની સ્ત્રીનું રક્ષણ કરનાર અને પોતાની સ્ત્રીના ખરાબ આચરણથી દુઃખી થનાર મનુષ્યો! તમે પરસ્ત્રીમાં આશક્તિ શા માટે રાખો છો? જેવું તમને દુઃખ થાય છે તેવું તે સ્ત્રીના પતિને કે તેના વ્હાલીઓને દુઃખ કેમ નહિં લાગતું હોય? તેનો વિચાર તમે જાતેજ કરીને પરસ્ત્રી ગમનનો ત્યાગ કરો.

વેશ્યાગમન ત્યાગ.

ગૃહસ્થાશ્રમીઓએ અને વિશેષ પ્રકારે ધર્મના માર્ગમાં ચાલનાર ભગવાનના ભક્તોએ પોતાની સ્ત્રી પણ વિશેષ આશક્તિ પૂર્વક સેવવી ન જોઇએ તો સર્વ દુર્ગુણોના કારણરૂપ વેશ્યા અને પરસ્ત્રીનો તો અવશ્ય ત્યાગ કરવોજ જોઇએ.

નદીના પાણીની માફક સર્વ સાધારણ રીતે ઉપયોગમાં લઇ શકાય તેવી વેશ્યા સ્ત્રીઓનાં ગમનમાં શું દોષ હશે? આ શંકા કર-

-પારાઓએ યાદ રાખવું જોઇએ, કે, પરસ્ત્રીગમનના જીવના જોખમ જેવા દોષો આમાં નથી જણાતા, તોપણુ એક રીતે તેનાથી પણુ અધિક બીજા દુર્ગુણો પ્રગટ થવાનો મોટો સંભવ છે. વેસ્યાના સહવાસથી ઘણા ખરા દુર્ગુણોમાં વધારો થાય છે. જુઠું બોલવું, જુગાર રમવો, ચોરી કરવી, અભક્ષ ખાવું પીવું, વિશ્વાશઘાત કરવો, નિર્દયતા વાપરવી, છળ પ્રપંચ કરવા, પરસ્ત્રી ગમન કરવું, પોતાની સ્ત્રીમાં સ્નેહ રહિત થવું ઈત્યાદિ અનેક દુર્ગુણો સ્વભાવીક ટેવ રૂપ થઈ જવાનો સંભવ છે.

મીઠાં મધુર વચનો બોલવાવાળી અને ચંદ્ર સમાન સૌમ્યમુખવાળી હોય છતાં સ્નેહ વિનાની વેસ્યાનો વિશ્વાશ કરવા યોગ્ય નથી. મનમાં જુદું, વચનમાં જુદું અને શરીરમાં તેનાથી પણ જુદું. આ પ્રમાણે આચરણુ કરનાર વેસ્યા કેમ સુખરૂપ થઇ શકે? ચોરી, જુગાર, દારૂ. માંસાદિ અનેક દુર્ગુણો આનિમિત્તથી પ્રગટ થાય છે. વેસ્યાને લાખો ગમે દ્રવ્ય આપ્યું હોય છતાં જ્યારે કામી પુરૂષ દ્રવ્ય રહિત નિર્ધન થાય છે ત્યારે ગમે તેવા તેના વિષમ વખતમાં પણ ધક્કો મારી તેને ત્યજી દે છે. કાઢી મૂકે છે. વેસ્યાની સોબતમાં વસેલો મનુષ્ય માતા, પિતા, પત્ની, મિત્ર કે બંધુ વિગેરેથી નિઃસ્નેહી બને છે. દેવ, ગુરૂ, ધર્મ, દયા, દાનાદિને જલાંજલી આપે છે.

મહાન્ સૌંદર્યતાથી ખીલી રહેલા આવળનાં પુષ્પોની માફક વેસ્યાનો દેખાવ ઘણો સુંદર હોય છે પણ તેમાં અંતરંગ સ્નેહરૂપ સુગંધ જરાપણુ હોતી નથી. પ્રસંગેજ તેનો નિર્ણય થાય છે. મન્મન મધુરતા ભરેલા ઉલ્લાપોવાળું વેસ્યાનું હૃદય તમને કોમળ લાગતું હશે પરંતુ. તે હૃદય સેવાળથી વીંટાયેલા પથ્થરની માફક અંદરથી

અત્યંત કઠીણ છે તેનો ખરો અનુભવ તે સેવાળવાળા પથ્થર ઉપર પગ દેવા પછી પછાડી ખાતાંજ જમીનપર નીચા પટકાતાંજ જણાય છે. તેમ વેશ્યાના હૃદયની કોમળતા તેની સાથે પ્રસંગ પડયા પછી-થીજ સમજાય છે.

ખરૂં કહોતો સ્ત્રીપણું કે પુરૂષપણું નિંદા કે પ્રશંસાનું કારણ નથી પણ તેમનામાં રહેલું સુશીળપણું કે દુઃશીળપણું તેજ પ્રશંસા કે નિંદાનું કારણ છે. શીયળ ગુણવાળા પુરૂષો હોય કે સ્ત્રીઓ હોય તેમને ગુણાનુરાગથી નમસ્કાર કરો અને ગુણથી ભ્રષ્ટ હોય તો તેના સંસર્ગનો અવસ્ય ત્યાગ કરો.

અન્ય સ્ત્રી, કે પુરૂષોમાં આશક્ત પુરૂષો કે સ્ત્રીઓ અનેક ભ-વામાં નપુંશકપણું, જનાવર પણું અને દુર્ભાગ્યપણું પ્રાપ્ત કરે છે ત્યારે બ્રહ્મચર્ય કે શીયળ પાળનાર પુરૂષ તથા સ્ત્રીઓ લાંબુ આયુ-ષ્ય, મનુષ્ય કે દેવપણું, મજબુત શરીર, અખંડ સૌભાગ્યપણું, મહાન્ બળ, તેજસ્વી શરીર, અને મહાન્ વીર્યવાન્ સમર્થ પ્રતાપી થાય છે.

ચોથું શીયળવ્રત. ૪

પુરૂષોએ અને સ્ત્રીઓએ દેવ સંબંધી, મનુષ્ય સબંધી, અને તિર્યંચ (જનાવર) સંબંધી સ્ત્રીકે પુરૂષનો ત્યાગ કરવો જોઇએ. અને પોતાની સ્ત્રીકે પતિમાંજ સંતોષ માનવો. આથી એ કૃતીતાર્થ થયો કે પરસ્ત્રી તરિકે વિધવા, વેશ્યા, કુમારી અને અન્યની પરણેલી ઇત્યાદિ સવનો ત્યાગ કરવો. અને સ્ત્રીઓએ પણ તેજ પ્રમાણે નિયમ પાળવો. બને ત્યાં સુધી આશક્તિ ઓછી કરવી અને તિથિ કે પર્વના દિવસોએ બ્રહ્મચર્ય પાળવું આ ગૃહસ્થોનું શીયળવ્રત છે.

શીયળવ્રતમાં પાંચ અતિચાર ન લગાડવા.

૧ કોઇપણ સ્ત્રીને થોડા વખત માટે પૈસા આપી, પોતાની સ્ત્રી તરિકે રાખી તેની સાથે સંસાર વ્યવહાર રાખવો. આ કાર્યમાં તેના પરિણામ એવાં હોય છે કે "પૈસા આપીને રાખેલી હોવાથી તે પોતાનીજ સ્ત્રી છે માટે તે સાથે વ્યવહાર રાખવામાં વ્રત ખંડિત થતું નથી." આત્મ કલ્યાણના ઇચ્છક મનુષ્યો આવી બારીઓ કદી શોધતા નથી છતાં તેના મનના પરિણામના પ્રમાણમાં વ્રત ખંડિત થતું નથી પણ અતિચાર લાગવા રૂપ વ્રત મલીન તો થાય છે. આ અતિચારથી બચવું જોઇએ.

૨ વેસ્યા, વિધવા અનાથ, કુમારી ઇત્યાદિ સાથે વ્યવહાર ચલાવવો. આ સ્ત્રીઓ સાથે ગમન કરવા માટે વ્રત લેનારનો એવો આશય હોય છે કે આપણે તો પરસ્ત્રીનો ત્યાગ કર્યો છે. અને આતો કોઇની સ્ત્રી નથી. પતિ વિનાની છે. માટે તેમાં વ્રતને બાધ નહિ આવે. પરસ્ત્રી ત્યાગ કરનારનો આવી રીતે બચાવ થવા સંભવ છે, પણ તે અજાણપણામાંજ. અથવા આવી છુટ વ્રત લેતી વખતે રાખનારનેજ. તથાપિ તે ત્યાગ કરવા યોગ્ય છે. આ પ્રવૃત્તિથી અતિચાર લાગે છે. વ્રત મલીન થાય છે.

૩ પોતાના પુત્ર પુત્રી અને પોતાની નિશ્રાએ રહેલ કુટુંબી, દાસ, દાસી વર્ગ વિગેરે તે સિવાય અન્યના વિવાહ જોડી આપવા, લગ્ન કરાવી દેવાં તે વ્રતમાં અતિચાર છે. અતિચાર લાગવાનું કારણ એ છે કે તેથી વિષયના પોષણને અનુમોદન આપવાનું બને છે. ઘરના માણસોના વિવાહાદિ કર્યા શિવાય તો ચાલેજ નહિ તેમ ન કરે તો ખોટે રસ્તે ચાલી પરિવાર અધર્મનું આચરણ કરે તેની

જવાબદારી ઘરના માલીકના ઉપર છે એટલે પોતાની નિશ્રાએ રહે- લાના વિવાહ કરી આપવામાં હરકત નથી.

૫ કોઇ સ્ત્રી પ્રમુખની હાંસી, મશ્કરી કરવી, કામને ઉત્તેજન મળે તેવા ચાળાચેષ્ટા કરવા, વિષયની તીવ્ર અભિલાષા રાખવી, કામને વિશેષ ઉત્તેજન આપવા નિમિત્તે મોજશોખને માટે વાજીકરણ, સ્થંભનાદિ પ્રયોગો કરવા. ઇત્યાદિ અતિચાર છે. ધર્માર્થી મનુષ્યોએ આવી પ્રવૃત્તિ કરવી ન જોઇએ. સામાન્ય પ્રકારે ઇચ્છાને આધિન થવું પડે તે વાતને મૂકીને વિષયને વિશેષ ઉત્તેજન આપવાની ધર્માર્થી મનુષ્યને જરાપણ જરૂર નથી.

પાંચમું પરિગ્રહ વિરમણ વૃત.

गेही गेहि मणंतं परिहरिय परिग्गहे नवविहंमि ।
पंचमवए पमाणं करिज्जइच्छाणु माणेणं ॥ १ ॥

ગૃહસ્થોએ અનંત વસ્તુઓ સંબંધી આશક્તિનો ત્યાગ કરીને, પાંચમા વ્રતમાં નવ પ્રકારના પરિગ્રહના સંબંધમાં ઇચ્છાનુસાર નિ- યમ કરવો. ધન, ધાન્યાદિ સંપત્તિ ઉપર ગૃહસ્થ ધર્મનો આધાર રહેલો છે. એક સામાન્ય નજીવી બાબતમાં પણ ગૃહસ્થને પૈસાની જરૂર પડે છે. તેનાથી કોઇ પ્રકારે ભિક્ષા માંગી પેટ ભરાતુ નથી. તેમ છતી શક્તિએ કોઇના ઉપર આધાર રાખી બેસી રહેવાનું નથી. પણ પુરૂષાર્થ (પ્રયત્ન) કરીને પોતાનું તથા પોતાના આશ્રિતોનું ભરણપોષણ કરવાનું હોય છે. વળી ત્યાગ માર્ગનો આધાર પણ આ ગૃહસ્થાશ્રમ ઉપરજ રહેલો છે એટલે વધારામાં સાધુ સંતોનું પણ ભરણપોષણ તેમનેજ શીરે રહેલું છે. વળી કોઇ ગરીબ, અ-

નાથ, રોગી, વૃદ્ધ, અજ્ઞાન, નિરાધાર, ઇત્યાદિને પણ આશ્રય આપવો પડે છે. તે સિવાય પ્રસંગે ધર્મ અને વ્યવહારના અનેક પ્રસંગોમાં પણ ધનનો વ્યય કરવો પડે છે. આ ઉપરથી એમ સમજાય છે કે ધનના ગૃહસ્થને ડગલે ને પગલે જરૂર પડે છે.

જેની આગળ ધન નથી તે માણસ ગૃહસ્થાવસ્થામાં ઘણીજ હલકી પાયરી ભોગવે છે. અને " વસુ વિનાના નર પશુ '' આ કહેવત તેને લાગુ પડે છે.

ધનથી તિર્થસ્થાનોનો ઉદ્ધાર, રક્ષણ, સ્વધર્મી બંધુઓનો આદર અને તેમનું વાત્સલ્ય, દેવાદિનું પૂજન, ગુર્વાદિનો સત્કાર, નિરાધારોનો ઉદ્ધાર, દેશની સેવા અને તેવાં બીજાં અનેક સત્કાર્યો થઇ શકે છે.

ધનની એ પ્રકારની ગતિ છે. ઉપર બતાવેલ તે ધનની ઉજળી બાજુ છે, પણ બીજી રીતે વિચાર કરીએ તો જેટલા ધનમાં ગુણ રહેલા છે તેટલાજ બલ્કે પ્રસંગે તેથી પણ અધિક દોષો પણ રહેલા છે. અર્થાત્ તેની કાળી બાજુ પણ છે અને વિચારવાનોએ તેની બન્ને બાજુ તપાસી તેમાંથી ઉત્પન્ન થતા ગુણ દોષનો વિચાર કરી ધનને કેટલે દરજ્જે ઉચ્ચસ્થાન આપવા યોગ્ય છે તેના નિશ્ચય ઉપર પહોંચી આવવું.

ધનની કાળી બાજુ.

ધનથી કામાદિની અનુકુળતા થાય છે. કામાદિથી ક્રોધાદિની ઉત્પત્તિ છે. અનુકુળતાથી અભિમાન, લોભાદિ વધે છે. પ્રતિકુળતાથી ક્રોધાદિમાં વધારો થાય છે. ક્રોધાદિમાંથી હિંસાના પરિણામો થાય છે.

અશુભ પરિણામોનું પોષણ વૃદ્ધિ પામે છે. તેથી મલીન વાસનામાં વધારો થાય છે. તેના દૃઢ સંસ્કારોથી ટેવ પડે છે અને તે ટેવ કાળાંતરે સ્વભાવનું રૂપ ધારણ કર છે. આ સ્વભાવ જેવા થયેલા સંસ્કારોની મલીનતાને કાઢવા માટે ઘણો પ્રયાસ કરવો પડે છે.

સઘળા અનર્થોનું મૂળ આ ધનનો પરિગ્રહ (આશક્તિ) છે. તેનાથી રાગદ્વેષાદિ શત્રુઓ પ્રગટ થાય છે. સગાભાઇઓ પૈસા માટે આપસમાં લડે છે. શત્રુઓની માફક પૈસા માટે એક બીજાનો પ્રાણ લેવા પણ તત્પર થાય છે. ધનવાનને પુત્ર, સ્વજન, બંધુ, રાજા, ચોર, મિત્ર અને સ્ત્રી આદિથી પણ નિરંતર સશંક (શંકા સહિત) રહેવું પડે છે. ધનના રક્ષણની ચિંતામાં ધનવાનને રાત્રીએ શાંતિથી નિદ્રાદેવી પણ પાસે આવી રહેતી નથી. તેના ઉપાર્જન કરવામાં, રક્ષણ કરવામાં, અને તેનો નાશ થતાં સર્વત્ર દુઃખનોજ અનુભવ કરવો પડે છે.

ભારના બોજાથી વહાણ જેમ સમુદ્રમાં ડુબે છે તેમ પરિગ્રહ ઉપરના મમત્વને લઇ આ જીવ સંસારના વિષયોમાં ડુબે છે. વિષયના કિચડમાં ખુંચી જાય છે. થોડા વખતના એશ આરામ સિવાય વિશેષ ગુણ તેમાં દેખાતો નથી. પરિણામે તો તેનો આંહીજ ઇચ્છાથી કે અનિચ્છાથી પણ ત્યાગ કરીને છેટે ખાલી હાથે આવ્યો તેમ ખાલી હાથે જવાનું છે. આ દુનિયાં ઉપર અનેક રાજા મહારાજાઓ, ધનાઢયો થઇ ગયા છે. પૃથ્વીના અનેક માલિકો થયા છે, પણ થઇને તેતો ગયાજ અને પૃથ્વી તથા ધન તો આંહી કાયમનું કાયમજ રહેલું છે. સોનાની ડુંગરીઓ બનાવનાર નંદરાજા ચાલ્યો ગયો. હજારો મનુષ્યોના મસ્તકથી અને લોહીથી પોતાની તલવારોને તૃપ્ત

કરનારા રાજાઓ સ્મશાન ભૂમીમાં ભસ્મીભૂત થયા છે અને માટી સાથે માટીમાં એક રૂપ થઇ ગયા છે. લાકડાંઓથી અગ્નિ કદી તૃપ્તિ થતો નથી તેમ આ રાજ્ય, વૈભવ, ધનાદિથી આ જીવની તૃષ્ણા કદી શાંત થતી નથી.

ઇત્યાદિ પરીગ્રહના ગુણદોષ ઉપરથી સમજાશે કે ગુણ કરતાં દોષ વધારે છે છતાં વ્યવહારનું એક સાધન હોઇ ધનાદિ ઉપયોગી છે વિશેષ એ છે કે જે હથીયાર પોતાનો બચાવ કરનાર છે તેજ હથીયાર, સાવચેતીથી ઉપયોગ પૂર્વક વાપરવામાં ન આવે તો નાશ પણ કરનાર તેજ છે. માટે વિવેકી મનુષ્યોએ આ પરિગ્રહાદિનો ઘણીજ સાવચેતીયાને વિવેકવાળી જાગૃતિથી સંચય અને વ્યય કરવો અને વધારે લાંબી ઇચ્છાઓને કાબુમાં લઇ પોતાની જરૂરીયાતોના પ્રમાણમાં પોતાની ઇચ્છાનુસાર તેનું પ્રમાણ કરવું અર્થાત્ પરિગ્રહને નિયમમાં નિયંત્રિત (જોડી) રાખવો.

હીરા, માણેક, મોતી, લીલમ, પ્રવાળ, આદિ સર્વ પ્રકારનું ધન, તથા રોકડ શિકકા. રૂપાના કે સોનાના. ૧. સર્વ જાતનાં ધાન્યાદિ. ૨ અલંકાર અને તે સિવાયનું વગર ઘાટનું સોનું. ૩ અલંકાર અને વગર ઘાટનું રૂપું. ૪. જમીન. ગામ. શહેર. દેશ, ટાપુ, નદી-ખાડી-દરિયો. ખેતર આદિ. ૫. મહેલ, હવેલી, ઘર, હાટ, વખાર આદિ ઇમારતો ૬ નોકર, ચાકર, દાસ, દાસી લશ્કર આદિ ૭. ગાય, ભેંસ, હાથી ઘોડા, ઉંટ, ખચ્ચર, આદિ તમામ પશુ વર્ગ. ૮ ઘર વ્યવહાર આદિમાં ઉપયોગી તમામ વસ્તુઓ ઘરની ઘર વખરી. ૯ આ નવ પ્રકારનો પરિગ્રહ કહેવામાં આવે છે.

જ્યાંસુધી શુદ્ધ આત્માને આ જીવ ઓળખતો નથી, અને તેના અનુભવના આનંદનો સ્વાદ જ્યાં સુધી તેણે ચાખ્યો નથી ત્યાં સુધી

તેને આ ધનાદિ નવ પ્રકારના પરિગ્રહમાં આશક્તિ રહે છે, પણ જ્યારે તેને સત્ય સમજાય છે. પદાર્થોની અનિત્યતા અનુભવાય છે. તેના ગુણ દોષોનો વિવેક હૃદયમાં પ્રગટ થાય છે, ત્યારે આ દુનિયાના પદાર્થોમાંથી તેની આશક્તિ ઓછી થાય છે, તે સત્ય તરફ દોરાય છે, સત્યને મેળવવાનો પ્રયત્ન કરે છે, આ પ્રસંગે તે પરિગ્રહની મર્યાદા ઉપર કાબુ મેળવવાને લાયક બને છે. પોતાની જરૂરીયાતોથી અધિક વસ્તુ મેળવવા તે પ્રયત્ન કરતો નથી કારણ કે તેના પ્રાપ્તવ્યનું લક્ષ બિન્દુ, આ વ્યવહારના વિષયો મટીને સત્ય આત્માજ થયેલ છે. એટલે તેને મદદગાર ઉપયોગી વસ્તુ તરફજ તેનું ધ્યાન ખેંચાયેલું રહે છે. તેવા પ્રસંગે તે વિના જરૂરીયાતવાળાં અને અવશ્ય ત્યાગ કરવા યોગ્ય વિયોગશીળ વસ્તુનો સંચય કરતાં અટકશે એટલુંજ નહિં પણ તે ઉપરની આશક્તિ—લાગણીનો પણ ત્યાગ કરશે. આવી સ્થીતિનાં મનુષ્યો આ વ્રત લેવા કે પાળવા માટે ઘણાજ યોગ્ય હોય છે. તેઓ આ નવ પ્રકારના પરિગ્રહને વિશેષ પ્રકારે નિયમમાં લાવે છે. અથવા સામાન્ય રીતે પોતાને ઉપયોગી વસ્તુના સંગ્રહની મર્યાદા કરી લે છે, અને પોતાનું મન વ્યવહાર કાળે વ્યવહાર ઉપયોગી રાખી બાકીના પ્રસંગે સત્ય—નિશ્ચય તરફ દોરવે છે.

નવ પ્રકારના પરિગ્રહનો નિયમ.

૧) સર્વ જાતનાં રોકડા દ્રવ્યની સંખ્યા કાયમ માટે. તથા સર્વ ધાતુઓ.

૨) ધાન્ય, અનાજ આદિના મણાદિની સંખ્યા વર્ષાદિ માટે.

૩) સોનાના. મણાદિની સંખ્યા

૪ રૂપાના. મણુાદિ તોલની સંખ્યા.

૫ શહેર, ગામ, કિલ્લા, દેશ, ટાપુ, બંદરાદિની તથા છુટક જમીન આદિની સંખ્યા.

૬ મહેલ, હવેલી, ઘર, દુકાન, વખારો, બાંધકામવાળી ઇમારતોની ગણુતરી તથા માપવાળી સંખ્યા.

૭ દાસ. નોકર, લશ્કર, દાસી પ્રમુખની, કાયમ માટેની સંખ્યા

૮ હાથી, ઘોડા, ઉંટ, ખચ્ચર, ગાય, ભેંસ, બળદ, બકરાં, ઘેટાં, પ્રમુખ જાનવરોની કાયમની સંખ્યા.

૯ ઘર ઉપયોગી તમામ જાતના સરસામાન, ધાતુ ઉપધાતુ વાસણુકુસણુ આદિની કીંમતવાળી સંખ્યા.

અથવા સર્વની કીંમત ઉચક ગણી તેનું માપ–નિયમ રાખવો. આ ગૃહસ્થનું પાંચમું વ્રત છે.

પાંચમા વ્રતના પાંચ અતિચાર.

(૧). ધન, ધાન્ય સંબંધી જે પ્રમાણુ રાખેલું છે તેથી કાળાંતરે અધિક થતાં તે દ્રવ્યનો સન્માર્ગે વ્યય કરવો જોઇએ. તે ન કરતાં લોભના વશથી, જેની આગળ લેણું હોય તેને કહે કે હમણાં તારે ત્યાં રાખી મુકજે, ખપ હશે ત્યારે માંગીશ. અથવા પોતા થકી તે દ્રવ્યને અન્યને ઘેર જમા કરાવી રાખે, અને કોઇ ખરચના પ્રસંગે કે ખોટના પ્રસંગે લઇને પોતાના કામમાં વાપરે એ પહેલો અતિચાર છે. ધર્માર્થી જીવોએ તેમ કરવું ન જોઇએ. પ્રમાણુથી અધિક થતાં વરતજ સારે માર્ગે તે ખરચી નાખવું. ૧

(૨). ક્ષેત્ર વાસ્તુ પ્રમાણુ અતિચાર. કુવાના પાણીથી કે આકાશના–વરસાદના પાણીથી પાકતા ધાન્યાદિવાળી જમીન, તથા શહેર, ગામ, ઘર પ્રમુખવાળી જમીન તેનું જે માપ, પ્રમાણુ તથા ગણુતરીદ્વારા રાખ્યું હોય તો તેથી અધિક વસ્તુ ગામ કે જમીન આદિ પ્રાપ્ત થતાં, નાનાં ગામો એકઠાં કરી મોટું એક બનાવવું નાના દેશને મોટો બનાવવો, નાનાં ખેતરને વાડાદિ કાઢી નાખી મોટાં મોટાં બનાવવાં, નાનાં ઘરો સાથે બીજાં ભેળવી મોટાં ઘરો બનાવવાં એ અતિચાર એટલે વ્રતમાં દૂષણુ છે.

(૩). રૂપા તથા સોનાનું જે પ્રમાણુ રાખ્યું હોય તેનાથી અધિક વધારો થાય ત્યારે લોભને વશ થઈ તે દ્રવ્ય સ્ત્રી, પુત્રાદિકને આપે. તે ત્રીજો રૂપ્ય સુવર્ણ અતિક્રમણુરૂપ અતિચાર છે.

(૪). કુપ્ય તે સોના તથા રૂપા વિના બાકીની શેષ, તાંબા પિતળ આદિ ધાતુ, તેનાં વાસણો, કાષ્ટનાં હળ, ગાડાં, વાહાણાદિ, પલંગ, કપટાદિ અનેક પ્રકારનાં ઘર વખરીનાં ઉપકરણો તેની જે સંખ્યા પહેલાં રાખી હોય તે સંખ્યા કાયમ રાખવા માટે નાનામાંથી મોટાં બનાવે, પાતળામાંથી જાડાં બનાવે તે કુપ્ય પરિમાણુ અતિક્રમણુ અતિચાર છે.

(૫). ચતુષ્પદ પ્રમાણુાતિક્રમણુ અતિચાર. સ્ત્રી, દાસ, દાસી, નોકર પ્રમુખ મનુષ્યો, પક્ષીઓ અને હાથી, ઘોડા, ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓનું જે પ્રમાણુ કરેલું હોય તેમાં નાનાં વાછરડાં, બચ્ચાં, બાળકાદિ ગણુતરીમાં ન ગણે અને સંખ્યાનું અતિક્રમણુ કરે તે તે પાંચમો અતિચાર છે.

આ અતિચારોથી વ્રતને મલીન ન થવા દેવા માટે દિવસમાં સવારે તથા સાંજે બે વખત વ્રતોને તપાસી જવાં અને થયેલી ભૂલોને સુધારવા માટે સાવચેતી રાખવી.

દિશા પરિમાણુ છઠું વ્રત.

भुवण क्रमण समथ्थे लोभ समुद्दे विसप्प माणंसि ।
कुणइ दिसा परिमाणं सुसावओ सेउबंधंव. ॥ १ ॥

ત્રણ ભુવનને આક્રમણ કરવાને (દબાવવાને-પલાળવાને-કે ડુબાડવાને) સમર્થ, લોભ સમુદ્ર દુનિયાં ઉપર પ્રસરી રહ્યો છે તેનાથી બચવા માટે સેતુબંધ (પાળ-કે પુલની માફક ઉત્તમ શ્રાવકોએ દિશાનું પરિમાણુ (નિયમન) કરવું જોઇએ.

ઉપર જણાવેલાં પાંચ મૂળ વ્રતો છે. અને હવે ત્રણ ગુણ વ્રતો કહે છે પહેલાના અહિંસાદિ મૂળ વ્રતને ગુણ કરનાર-પોષણ આપનાર હોવાથી આ વ્રતોને ગુણવ્રતો કહે છે.

આ વ્રત અહિંસા અને પરિગ્રહ પ્રમાણુ વ્રતને વિશેષ પ્રકારે પોષણ આપે છે. મનુષ્યોના લોભનો પાર નથી. લોભ સમુદ્ર એટલો બધો ગંભીર યાને ઉંડો અને પોહોળાઇવાળો છે કે જેની અંદર આ ત્રણ જગત્ સહજવારમાં ગરકાવ-ગેબ થઇ જાય છે. ડુબી જાય છે. અર્થાત્ આ ત્રણ જગત્માં રહેલા સુંદર પદાર્થોની આ જીવને પ્રાપ્તિ થાય તોપણ તેનો અગાધ લોભ સમુદ્ર તૃપ્ત થતો નથી.

અસંતોષી મનુષ્યો અનેક દિશાઓમાં દ્રવ્ય સંચય કરવા નિમિત્તે અનિયમિત રીતે પરિભ્રમણ કરે છે. અનુકૂળ દેશ અને ઉદ્યમ

ધર્મિષ્ટ મનુષ્યોના સહવાસ સિવાય ધર્મનું પાલન થઇ શકતું નથી. વિદેશમાં જ્યાં ધર્મનું નામ નિશાન હોતું નથી, જ્યાંના આહાર વિહારાદિ ધાર્મિક વૃત્તિઓને પ્રતિકુળ હોય છે, જ્યાં સ્વધર્મીઓનો સહવાસ નથી એવા દેશોમાં પોતાની ધર્મશ્રદ્ધા કેટલેક દરજ્જે શીથીળ થવાનો સંભવ રહે છે કેટલાક પ્રસંગોમાં ધર્મથી ભ્રષ્ટ થવાનાં પણ કારણો ઉપસ્થિત થાય છે. કેટલાક દેશો એવા હોય છે કે મનુષ્યોને અનિચ્છાએ પણ દેહના નિર્વાહ અર્થે જેમાં વિશેષ જીવોની હિંસા થાય છે તેવાં ખાન, પાન લેવાની જરૂર કે ફરજ પડે છે. આમ વખત જતાં તે ખાન, પાનાદિથી એવા ટેવાઇ જવાના કેટલાક દાખલાઓ હાલ નજરે દેખાય પણ છે કે આ દેશમાં આવ્યા પછી પણ તે ખાનપાન તેમનાથી છુટી શકતાં નથી.

ધન કમાવા નિમિત્તે પરદેશ જવામાં ધર્મ તરફની અગવડ ન નડતી હોય, પોતાનો ધર્મ સારી રીતે સચવાતો હોય, પોતાના સહવાસીઓ જાગૃતી આપનાર હોય અથવા પોતે દૃઢ શ્રદ્ધાળુ હોયતો વિદેશમાં જવાની હરકત નથી.

પોતાના દેશમાં ધન કમાવાનાં સાધનો ઓછાં હોય, તો પરદેશથી પણ વ્યાપારાદિ દ્વારા ધન પોતાના દેશમાં ખેંચી લાવવું તેમાં જરાપણ હરકત જેવું નથી.

જેઓની દૃષ્ટિ સત્ય આત્મા તરફ વળેલી છે. દેહનિર્વાહના સાધનો આ દેશમાં જરૂરીયાત જેટલાં જેને મળી રહે છે. કુટુંબાદિનો નિર્વાહ ઘણી સહેલાઇથી થઇ શકે છે તેવા ધર્માત્મા જીવોએ તો લોભને કાબુમાં લાવવા નિમિત્તે, તથા લાંબા પ્રવાસ કે હિંસાવાળા વ્યાપારથી થતી હિંસા અટકાવવા નિમિત્તે આ વ્રતનું પરિમાણ કરવાની ખાસ જરૂર છે.

જેમ વિંછી કે સર્પાદિકનું ઝેર મંત્રાદિના બળે, આખા શરીરમાં ફેલાયેલું હોય ત્યાંથી ડંખવાળી મર્યાદામાં (સ્થાને) લાવી મૂકાય છે. તેમ વિવિધ પ્રકારની ઇચ્છાઓ જે આ દુનિયાનાં સર્વ સાધનો મેળવી લેવા માટે મન મારફતે આ દુનિયામાં ફેલાયેલી છે. તેને આ વ્રત દ્વારા નિયમિત પ્રમાણમાં લાવી મૂકવામાં આવે છે તેનું નામ દિશાવ્રત છે. બાહ્ય દિશાના નિયમ સાથે મન પણ તેટલીજ મર્યાદામાં રહીને વિચારો કરે છે. મતલબ કે મનને અમુક પ્રમાણવાળી મર્યાદામાંથીજ પોતાને જોઇતી જરૂરીયાતો પુરી પાડવાની ટેવ પાડવામાં આવે છે.

આ બાહ્ય દિશા પ્રમાણના રૂપકથી મનને આખી દુનિયાના વિષયોમાં ફરતું અટકાવી છેવટે પોતાના સ્વરૂપમાં લાવી મૂકવાની આંતર્ સૂચના કરવામાં આવી છે એ આ વ્રતનું ગુપ્ત રહસ્ય છે.

ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, ઉંચે, અને નીચે, એમ ૭ દિશાઓમાં જવા આવવાનો અમુક ગામની મર્યાદાથી નિયમ રાખવો.

જેમકે આ શહેર કે ગામથી વ્યાપારાદિના પ્રસંગે આ દિશામાં આટલા યોજન. માઇલ. કે ગાઉ જઇશ. તેથી આગળ નહિ જાઉં. આમ છએ દિશામાં જવાનો નિયમ ઇચ્છાનુ સાર રાખવો.

આ નિયમથી શરીર તે દિશા તરફ જતું અટકે છે. મનને પણ તે દિશાથી આગળની હદમાંથી વસ્તુ મેળવવાના વિચારો કરતાં અટકાવવું જોઇએ. તેમાં ધર્મ પ્રાપ્તિ આદિ આત્મ કલ્યાણનો માર્ગ તે નિયમિત દિશાની બાહારથી પ્રાપ્ત થતો હોય તો તેને માટે છુટ રાખવી. કારણ કે આપણું લક્ષ બિન્દુ અમુક દિશામાં જવું કે ન

જવું તે નથી પણ તે દિશાઓ તરફથી થતા—પોતાથી કરાતા—નુકશાનથી અટકવું તે છે. તે સાથે એમ પણ યાદમાં રાખવાનું છે કે તે નિયમ આત્મ કલ્યાણમાં મદદગાર થાય તે માટે લીધેલ છે પણ ઉલટો તે નિયમ આત્મ કલ્યાણમાં વિઘ્નભૂત થાય તે માટે લીધેલ નથી તે વાત ખાશ ધ્યાનમાં રાખવી.

છઠા વ્રતના પાંચ અતિચાર.

૧–૨–૩–૪ છઠા વ્રતના પાંચ અતિચારો આ પ્રમાણે છે. ઉર્ધ્વ દિશામાં, અધો દિશામાં અને તિર્યિછ (ઉંચી, નીચી અને સપાટ) દિશામાં જવાનો જે નિયમ લીધેલ છે. પરિમાણ કરેલ છે. તેનું અનાઉપયોગે (જાગૃતિ વિના) અતિક્રમણ (ગમન) કરેલું હોય તે પ્રમાણાતિક્રમણ અતિચાર છે.

૪ ક્ષેત્રવૃદ્ધિ—સર્વ દિશાઓમાં માનો કે સો યોજન જવાનું પ્રમાણ કર્યું છે, તેથી અધિક. અમુક દિશામાં જવાની જરૂર પડે ત્યારે બીજી દિશાના કેટલાએક યોજન પ્રમાણમાં ઓછાશ કરીને, ઇષ્ટ દિશામાં (પોતાને જરૂરીયાતવાળી દિશામાં તેનો વધારો કરી તે તરફ) જવું તે દિશા વૃદ્ધિ અતિચાર છે. અતિચાર એટલા માટે કે યોજનનું માપ સરખું રાખ્યું આ બાહ્ય દૃષ્ટિએ અતિચાર છે. નિયમિત દિશામાં પ્રમાણથી અધિક ગમન કરતાં વ્રતનો ભંગ થાય છે છતાં ઉપરની અપેક્ષા ધ્યાનમાં લેતાં તે અતિચાર રૂપ ગણેલ છે.

૫ સ્મૃતિનો નાશ—જવાની ઉતાવળને લીધે, પ્રમાદથી અથવા મતિના વિભ્રમથી સ્મરણમાં રહે નહિ કે, મેં સો કે પચાસ યોજનનો નિયમ રાખેલ છે. અથવા આગળ જતાં સંદેહ પડે અને પચાશ

યોજન સ્મૃતિમાં હોય તેથી અધિક ગમન કરતાં અતિચાર લાગે અને અનિશ્ચિત સો યોજન જે મનમાં–સ્મૃતિમાં હતા તેથી અધિક ગમન કરતાં વ્રત ભંગ થાય.

પાંચમો અતિચાર સર્વ વ્રતોને વિષે સાધારણ છે, છતાં પણ આંહી પાંચની સંખ્યાની પૂર્તિ અર્થે લખેલ છે. લીધેલ વ્રતોમાં ભૂલ થાપ ન થાય માટે વારંવાર તેનું સ્મરણ કરવું (યાદ રાખવાં) સ્મૃતિના નાશથી વ્રતનો નાશ થવાનો પ્રસંગ આવે છે.

સાતમું ભોગોપભોગ વ્રત.

उवभोगो विगईओ तंबोलाहार पुष्फ फलमाइं
परिभोग वथ्थुसुवन्न माइयं इथ्थिगेहाइं ॥ १ ॥

એક વસ્તુ એક વાર ભોગવાય–ઉપયોગમાં લેવાય તે વિકૃતિ આદિ (ઘી, દુધ, દહીં, તેલ, ગોળ, અને પકાવેલ–તળેલ વસ્તુ) તથા તંબોલ, આહાર. (ભોજન પાણી) પુષ્પ ફલાદિ તે ભોગ વસ્તુ કહેવાય છે. અને એકની એક વસ્તુ—તેની તે વસ્તુ–વારંવાર ભોગવાય તે ઉપભોગ કહેવાય છે, વસ્ત્ર, સોનું, સ્ત્રી, ઘર–ઇત્યાદિ. ૧

આ વ્રતના બે ભેદ છે એક ભોગ અને બીજો કર્મ. તેમાં ભોગના બે ભેદ છે. એક ભોગ તથા બીજો ઉપભોગ. એકજ-વાર ભોગવવામાં આવે તે ભોગ. અને જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે છે તે ઉપભોગ કહેવાય છે.

વ્રત ધારણ કરનાર ગૃહસ્થોએ સાવદ્ય–સપાપ–યાને સચિત્ત આહાર ભોજનનો ત્યાગ કરવો જોઇએ. અને વિશેષ પ્રકારે માદક

ખોરાકને વર્જવો જોઇએ. દારૂ, માંસ, મધ, માખણ, કંદ ઇત્યાદિ અભક્ષ વસ્તુ છે તેનો ત્યાગ કરી સાત્વિક ભોજનથી દેહનો નિર્વાહ કરવો.

મદ્ય, માંસાદિ તામસીક આહાર છે તેનું ભોજન કરવાથી માનસીક વિકાર અને ક્રુરતામાં વધારો થાય છે. ર પરિણામવાળાં મનુષ્યો ધાર્મિક ક્રિયાને લાયક થતા નથી.

આ વ્રત લેવાનો હેતુ માનસીક અને શારીરિક પ્રકૃતિને સુધારવાનો છે. ખોરાકમાં ઉપયોગ તરિકે લેવાતા કેટલાક પદાર્થો માનસિકવૃત્તિઓમાં વિકાર ઉત્પન્ન કરનાર છે. કેટલાએક શારીરિક રોગ ઉત્પન્ન કરનારા, જઠરાગ્નિ મંદ કરનારા અને વિકાર ઉત્પન્ન કરનારા છે. કેટલાએક પદાર્થો જીવોની હિંસાવાળા છે. આ વ્રત, અહિંસાવ્રતને વધારે મદદ કરનાર છે તે સાથે અસત્ય, ચોરી, મૈથુન એ દુર્ગુણોથી બચાવનાર પણ છે.

મદિરા.

દારૂથી મનોવૃત્તિ મંદ થાય છે. બુદ્ધિ વિકળ થાય છે. સ્મૃતિ નષ્ટ થાય છે. વિવેક દૃષ્ટિ ચાલી જાય છે. લજ્જા નાશ પામે છે. ગમ્યાગમ્યનો વિવેક રહેતો નથી. ગુપ્ત વાતો મદિરાના ઘેનમાં પ્રગટ કરી દે છે. મદિરાથી કીર્ત્તિ, કાંતિ, બુદ્ધિ અને લક્ષ્મી નાશ પામે છે. તે મનુષ્ય મદિરાના ઘેનમાં નાચે છે. રડે છે. જમીનપર આળોટે છે. તેનું શરીર શીથિળ થાય છે. ઇંદ્રિયો નિર્બળ થાય છે. દયા, ક્ષમા, જ્ઞાન, વિવેક સર્વનો નાશ થાય છે. દેવ ભૂમિ જેવી સુંદર દ્વારિકા નગરીનો નાશ થયો અને કરોડોની સંખ્યાવાળા ત્રણ ખંડના અ-

ધિપતિ યાદવોના વંશનો સંહાર થયો તેનું મૂળ કારણ મદિરાનું દુર્વ્યસનજ છે. આત્મહિત ચિંતકોએ મદિરાનો ત્યાગ કરવો.

માંસ.

પ્રાણિઓનો નાશ કર્યા સિવાય માંસ ઉત્પન્ન થતું નથી. આ માંસ દુર્ગંધિત અશુચિથી ભરપુર અને બીભિત્સ છે. જઠરાગ્નિને મંદ કરનાર છે. અજીર્ણને વધારનાર છે. ક્રુરતા પ્રગટ કરાવનાર છે. દયા અને કોમળતાનો નાશ કરનાર છે. રોગોનું ઘર છે. સાત્વિક વૃત્તિનો નાશ કરનાર છે. તામસીવૃત્તિનું પોષક છે. જડતા વધારનાર છે. આ માંસ ભક્ષણ કરનારાઓ જઠરાની મંદતાથી રોગોના ભોગ થઇ અનેક જીવો મરણને શરણ થયા છે. વળી તે સિવાય ચાલી શકે એવો ખોરાક આ દુનિયાં ઉપર કાંઇ થોડો નથી, કે બીજા જીવોને મારીને પોતે સુખી થવું? બીજા જીવોના પ્રાણનો નાશ કરીને પોતાના પ્રાણનું પોષણ કરવું?

મધ તથા માંખણ.

છાશમાંથી બાહાર કાઢયા બાદ અંતર્ મુહુર્ત્તમાં (બે ઘડીની અંદરના વખતમાં) માંખણની અંદર ઘણા સુક્ષમ જંતુઓ પેદા થાય છે. માટે વિવેકી મનુષ્યોએ માખણ છાશની બાહર રાખવું નહિં. તેમજ ખાવું પણ નહિં. એક એક પુષ્પમાંથી રસ પીઇને માખીયો બીજે ઠેકાણે તે રસને વમે છે તેથી પેદા થયેલો મીઠાશવાળો રસ તે મધ કહેવાય છે. આ માખીઓનું ઉચ્છિષ્ટ—એઠું—થુંક તે મધને બુદ્ધિમાન્ માણસો ખાતા નથી. ખરેખર આ મધ તે

માખીઓએ ઉલટી કરેલી તેની લાળ હોવાથી મહાન્ જુગુપ્સા ઉત્પન્ન થાય તેવુંજ છે.

અનંત કાયાદિ.

કૃમીઓના સમુહથી ભરપુર ઉંબરાના, વડના, પીંપરના, કાલુંબર અને પીંપળાના ટેટાઓ ખાવા યોગ્ય નથી. તથા લીલા કંદ, ઉગતાં કુપળીયાં, અજાણ્યાં ફળ, કાચા-ઉના ગરમ નહિં કરેલા-છાશ સાથે દ્વીદળ-કઠોળ. (જેની બે ફાડો સરખી થાય છે તે તેલ વિનાના પદાર્થો.) જેનોરસ તથા ગંધ બદલાઇ ગયો હોય તે ચલીતરસવાળાં ફળો, કોહાઇ ગયેલું વાસી અનાજ, બે દિવસ ઉપરાંતનું દહીં, અને રાત્રિ ભોજન. ઇત્યાદિનો ત્યાગ કરવો.

રાત્રી ભોજન.-

રાત્રે અંધકારથી નેત્રની પ્રકાશ શક્તિ રૂંધાઇ જાય છે. દીવાનો પ્રકાશ હોવા છતાં પણ ઝીણા જંતુઓ જોઇ શકાતા નથી. અને તે ભોજનમાં પડવાથી તે જંતુઓનો નાશ થાય છે સાથે તેવા જંતુઓ પેટમાં જવાથી અનેક રોગો ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે ઘી પ્રમુખમાં ચડી ગયેલ કીડી ખાવામાં આવતાં બુદ્ધિનો નાશ થાય છે. માખી વમન કરાવે છે. કરોળીયાની લાળથી કોઢ થાય છે. વાળથી સ્વરનો ભંગ થાય છે. દિવસનો મોટો ભાગ આપણે સ્વાધિન હોવાથી રાત્રે ભોજન કરવું મનુષ્યોને ઉચિત નથી. દિવસે ભોજન કરવાથી જંતુઓના બચાવ સાથે પોતાના શરીરનું રક્ષણ થાય છે.

આ પ્રમાણે ભોગ—એકવાર ઉપયોગમાં આવતા શરીરના પોષક પદાર્થોનો-વિવેક પૂર્વક ઉપયોગ કરવો એ બુદ્ધિમાનોને હિતકારી છે.

ઉપભોગ.

ઘરની આજુબાજુના ભાગો તથા આગળ પાછળના ભાગોને સ્વચ્છ રાખવા. ઘરની અંદર સુઘડતાથી સાફ સુફ રાખવું. મેલાં અને ગંદા પાણી કે કચરો ઘર આગળ એકઠો થવા ન દેવો કારણ કે તેથી તે સ્થાનની હવા બગડી જાય છે. અને રોગની ઉત્પત્તિ થાય છે. બહારની માફક ઘરની અંદર પણ બેસતાં ઉઠતાં મન આલ્હાદ પામે તેવી સ્વચ્છતા રાખવી,

વસ્ત્રો ઘણાં સાદાં પણ સ્વચ્છ,- ઉજવળ રાખવાં. ગંદાં વસ્ત્રો અને શરીર ઉપરના મેલથી શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. અતિસેં ઉદ્ભટ વસ્ત્રાલંકાર ન પહેરવાં. તેમ પોતાની સંપત્તિથી હલકી જાતનાં ફાટેલ તુટેલ વસ્ત્રાદિ પણ ન પહેરવાં.

પહેરવા ઓઢવાનાં વસ્ત્રો, તથા સુવા પાથરવાનાં ઉપકરણો સાફસુફ રાખવાં. તેમાં જીવજંતુઓ ભરાઇ રહી એકઠા ન થાય માટે દિવસમાં એકાદ બે વાર તપાસી જવાં, આગળથી તે વસ્ત્રાદિની સંભાળ રાખવામાં નથી આવતી તો તેમાં જુ, માકડ વિગેરે જંતુઓ ઘર કરી રહે છે પછી તેને કાઢવામાં મુસીબતો વેઠવી પડે છે. માટે પહેલેથીજ સાવચેતી રાખવી.

ગૃહસ્થોએ પોતાના મનપરકાબુ રાખી વિષયના સંબંધમાં બહુજ નિયમિત રહેવું, જેથી શરીર મજબુત રહી લાંબો વખત ટકી રહે અને ક્ષયાદિ રોગો ઉત્પન્ન ન થાય. વળી તીર્થસ્થાન પર્વ, કલ્યાણિક, અને મહાન્ ઓચ્છવાદિ પ્રસંગે તો મજબુત રીતે બ્રહ્મચર્ય પાળવું.

આ પ્રમાણે ભોગ-ઉપભોગનો વિવેક પૂર્વક અનુભવ કરવો.

હવે કર્મ આશ્રીને આ વ્રત કહે છે.

પન્નર પ્રકારનાં કર્માદાન. (કર્મને આવવાના, કે લેવાના માર્ગ) તેનો વ્રત ધારણ કરવા ઇચ્છનાર ગૃહસ્થે ત્યાગ કરવો. પન્નર કર્માદાન તે ભોગોપભોગ નથી, પણ તે ઉદ્યોગદ્વારા ઉત્પન્ન કરાતું ધન, તે ભોગોપભોગનું કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને કર્માદાનને ભોગોપભોગ માનવમાં આવેલ છે.

સુખે નિર્વાહ થઇ શકતો હોય તો ગૃહસ્થોએ આરંભ કે જેમાં જીવોનો ઉપઘાત વિશેષ થાય છે તે વિનાના વ્યાપારોથી પોતાનું જીવન ગુજારવું જોઇએ. તેમ ન બની શકે તેમ હોય તો થોડા આરંભવાળા વ્યાપારોથી નિર્વાહ ચલાવવો. તેમ છતાં કર્માદાન જે આગળ બતાવવામાં આવે છે તે સિવાય નિર્વાહ ન થઈ શકે તેમ હોય તો યથા શક્તિ ઇચ્છાનુસાર થોડાં ઘણાં કર્માદાન ત્યાગ કરવા માટે તો ભુલવું નહિં. મતલબ કે, ઉત્સર્ગ માર્ગથી કાર્ય સિદ્ધ ન થાય તો અનિચ્છાએ અપવાદ રૂપ માર્ગનો વિવેક પુર્વક આશ્રય કરવો.

પન્નર કર્માદાન

૧ ઇંગાલકર્મ—ચુનો, ઇંટ, નળીયાં, કોલસા, લોઢાં, વિગેરેની ભઠીઓ કરી-પકાવી-તેનો વ્યાપાર કરવો તે.

૨ વનકર્મ—વન કપાવી, લાકડાંનો વ્યાપાર કરવો તે.

૩ સાડીકર્મ—ગાડાં, હળ, હથીયાર, યંત્રો, તોપો, બંદુકો, ગોળા વિગેરે તૈયાર કરાવી તેનો વ્યાપાર કરવો તે.

૪ ભાડીકર્મ—ગાડી, ઘોડા, પાડા, બળદ વિગેરે ભાડે આપવાનો ધંધો કરવો.

૫ ફોડીકર્મ-જમીન ફોડવાનો, ખાણો ખોદવાનો, અનાજ તથા કઠોળ વિગેરે દળાવવા ભરડાવવાનો, હળ ખેડવાનો, પાષાણ ફોડવા વિગેરેનો વ્યાપાર કરવો તે.

૬ દાંતનોવ્યાપાર-હાથીદાંતનો, નખનો, કેશનો, ચામડાનો, તથા હાડકાનો વ્યાપાર કરવો તે. આ વ્યાપારનો એવી રીતે અથવા એવા કારણથી નિષેધ કરેલ છે કે જે સ્થળે હાથીઓને દાંત માટે મારવામાં આવે છે તે, તથા જાનવરોને મારીને નખ કાઢવામાં આવે છે તે, પુંછડાંઓ કાપીને વાળ કે પીછાં લેવામાં આવે છે તે, જીવતાં પ્રાણીઓને મારીને ચામડાં લેવામાં આવે છે તે, તથા જાનવરોને કે જીવોને મારીને તેનાં હાડકાં, છીપો, શીંગડાં અને કસ્તુરી વિગેરે લેવામાં આવે છે તે અપેક્ષાએ, અર્થાત્ આવી પદ્ધતિથી તેનો વ્યાપર ન કરવો પણ સ્વાભાવિક મરણ પામેલા જીવોનાં અંગોમાંથી મળતા પદાર્થોનો નિષેધ નથી.

૭ લાખનોવેપાર-લાખ, ધાવડી, ગળી, મણસીલ, હડતાલ, ખાર સાબુ, ઇત્યાદિનો વેપાર આ સર્વમાં સામાન્ય રીતે જીવહિંસા રહેલી છે.

૮ રસનોવેપાર-મદિરાં, મધ, માંસ, માખણ આ સર્વ રસનો વ્યાપાર જીવહિંસાથી ભરપુર છે.

૯ વિષનોવ્યાપાર-અફીણ, વછનાગ, સોમલ, શસ્ત્ર, લોઢાનાં યંત્રાદિક, હથીયારો આ વ્યાપાર અનેક જીવોના ઘાતનો હેતુ છે.

૧૧ યંત્ર પીલણ કર્મ–તલ, અળશી, એરંડા, કપાસ, વિગેરે પીલવાનાં યંત્રોથી તે વસ્તુ પીલવાનો વ્યાપાર કરવો.

૧૨ નિર્લાંછન કર્મ–બળદ, ઘોડા, પાડા ને ખાસી કરવા, નાક વિંધવાં, કાન, કંબલ, શીંગડાં, પૂછડાં છેદવાં, આંકવા, ઉંટની પીઠ ગાળવી, ઇત્યાદિનો વ્યાપાર કરવો તે.

૧૩ દવકર્મ–વનમાં, જંગલમાં, ખેતરમાં. દાવ લગાડવા તે દવકર્મ.

૧૪ શોષણકર્મ–કુવા, તળાવ, સરોવર, નદી ઇત્યાદિ સુકાવીનાખવાં તે.

૧૫ અસતિપોષણકર્મ—ધનકમાવા નિમિત્તે દુરાચારી દાસી, સ્ત્રીઓ વિગેરેનું પોષણ કરી તે સંબંધી વ્યભિચારનું ભાડું લેવું. તથા પોપટ, મેના, મયુર, બીલાડાં કુકડાં, શ્વાન, ભુંડ, ઈત્યાદિનું પોષણ કરવું. પોતાના ખાશ વ્યાપાર, કે કમાવા નિમિત્તે પોષણ કરવું તે અસતિ પોષણ કહેવાય છે.

આ પન્નર વિશેષકર્મ આગમનના માર્ગોનો બનતા પ્રયત્ને શક્તિ અનુસાર દેશ, કાળ તપાસીને ત્યાગ કરવો.

ધાર્મિક જીવન ગાળનારા ઉત્તમ શ્રાવકોએ આ ઉપર બનાવ્યા પ્રમાણે કર્માદાનના વ્યાપારનો ત્યાગ કરવાનો છે. આ સ્થળે એટલું ખાશ ધ્યાનમાં રાખવું કે જે દેશમાં વ્યાપારની હરીફાઇને લઇને બીજા વ્યાપારોનો અભાવ જેવું હોય, આજીવિકાની મુસ્કેલી પડતી હોય તે સ્થળે શ્રાવકોએ ઉપરના વ્યાપારોથી પણ આજીવિકા ચલાવીને ચાલુ જમાનાના લોકોની સાથે જીવતા રહેવું અને આગળ વધવું. જે કોમ ચાલુ જમાનાના વ્યાપાર ઉદ્યોગમાં પાછળ પડી નિર્ધન થઇ જાય છે તે કોમનો ધીમે ધીમે નાશ થાય છે. અને તેનો ધર્મ પણ તેની કોમની સાથેજ મરણ પામે છે.

જ્યાં વિવિધ પ્રકારના છળ, પ્રપંચ, જુઠથી પણ દેખીતા નિર્દોષ વ્યાપાર દ્વારા આજીવિકા ચલાવવામાં આવે છે ત્યાં ઉપર જણાવેલ કર્માદાનના પણ નીતિપૂર્વક, પ્રમાણિકતાથી વિવેકપૂર્વક વ્યાપારો કરવામાં ઓછું પાપ રહેલું છે તે બુદ્ધિમાનોએ પોતેજ વિચારી લેવા જેવું છે.

સાતમા વ્રતના અતિચારો.

સચિત્ત આહાર. ૧ અચિત્ત (અજીવ) સાથે જોડાયેલ સચિત્ત આહાર, ૨ સચિત્તઅચિત્ત મિશ્રિત આહાર. ૩. અનેક દ્રવ્ય સંયોગથી બનેલ સુરા. સૌવીરાદિ પાન. ૪ સેજસાજ પાકેલ આહાર. ૫.

સચિત્ત વસ્તુના ત્યાગ કરનાર ગૃહસ્થને અજાણપણામાં અનાઉપયોગે ખાવાથી અતિચાર લાગે છે. જાણીને ખાવાથી વ્રત ભંગ થાય છે. આ ભોજન આશ્રીને પાંચ અતિચાર લાગે છે.

કર્મ આશ્રીને પન્નર અતિચાર લાગે છે. જે પૂર્વે બતાવેલા છે. આંહી એ શંકા થવાનો પ્રસંગ છે કે કર્માદાન પોતેજ પાપરૂપ છે. અર્થાત્ પાપનું નિમિત્ત છે તો તેને અતિચાર રૂપે શા માટે ગણવા ?

ઉત્તર એ છે કે પોતે જે અર્થ દંડમાં. અર્થાત્ પોતાના નિર્વાહાદિ પ્રયોજન અર્થે જે નિયમ નિયમિત કરેલ છે, તે સિવાયના વ્યાપરો કદાચ વિસ્મૃતિએ–અનાઉપયોગે થઇ જાય તો તે અતિચાર છે પણ જાણીને તેમ કરે તો વ્રત ભંગ થાય છે.

પન્નર અતિચાર આ પ્રમાણે છે. અંગારાનો વ્યાપાર. ૧. વન કાપવાનો. ૨. યંત્રો-વાહનો બનાવવાનો. ૩ ભાડાં કરવાનો. ૪ જમીન

ફોડવાનો. ૫. દાંતનો ૬ લાખનો. ૭ રસનો. ૮ કેશનો. ૯ વિષનો. ૧૦ યંત્રોથી વસ્તુ પીલવાનો. ૧૧ બળદ ઘોડા પ્રમુખને નપુંસક બનાવવાનો ૧૨ તળાવાદિ સુકાવવાનો. ૧૩ દાવ-અગ્નિ મુકવાનો. ૧૪ અસતિ પોષણનો ૧૫. આ પન્નર વ્યાપારો સાતમા વ્રતમાં અતિચાર રૂપે છે.

આઠમું અનર્થ દંડ વિરમણ વ્રત.

अवज्झाण पावउवएस, हिंसदाणप्पमाय चरिएहिं
जं चउहासो मुच्चइ, गुणव्वयं तं भवे तइअं ॥ १ ॥

ખરાબ—આર્તરૌદ્ર ધ્યાન. ૧ પાપનો ઉપદેશ ૨ હિંસાનું દાન. ૩. અને પ્રમાદવાળું આચરણ આચાર પ્રકારના ત્યાગ કરવા રૂપ ત્રીજું ગુણવ્રત થાય છે. ૧

શરીર, કુટુંબાદિ અર્થે જે ફરજ બજાવવા માટે જે કાર્યો કરવામાં આવે તે અર્થદંડ—પ્રયોજનવાળી પ્રવૃત્તિ-કહેવાય છે. તે સિવાય દંડાય-કર્મ બંધિત થવાય-તેવી પ્રવૃત્તિ કરવી તે અનર્થ દંડ કહેવાય છે. એ અનર્થ દંડનો ત્યાગ કરવા યોગ્ય અનર્થ દંડના ચાર પ્રકાર છે.

દુર્ધ્યાન. ૧

સંસારી જીવોને અને તેમાં પ્રાયે ધર્મિષ્ટ મનુષ્યોને પણ આંતરે આંતરે આર્ત્ત, રૌદ્ર અપધ્યાન થઇ આવે છે પણ તેઓ ઉન્માર્ગે જતા મનને જ્ઞાનબળથી સંયમીને પાછું ધર્મ ધ્યાનાદિમાં જોડી દે છે. જેઓ નિરંતર આર્ત્તરૌદ્ર ધ્યાનમાં પ્રવૃત્તિ કર્યા કરે છે. વિચારો કરે છે તેઓને અપધ્યાન-દુર્ધ્યાન અનર્થદંડ દુઃખરૂપ થાય છે.

જેમાં પોતાનો સ્વાર્થ સિધ્ધ થવાનો કે લાભ થવાનો કોઈપણ રીતે સંભવ નથી તેવા પણ વિચારો માણુસો કર્યા કરે છે. જેમકે, અમુકનો નાશ કરૂં, આખા દેશનું રાજ્ય મને મળી આવે, અમુક સ્થળે અગ્નિ સળગાવું. અમુક શેહેર કે માલ બળે તો જોવાની મજા આવે, અમુક રાજાનો નાશ થાય તો ઠીક, મારો ભાગીદાર મરણ પામે તો બધી મીલ્કત મારે હાથ આવે, આ સ્ત્રી સારી નથી તે મરણુ પામે તો મને બીજી સારી સ્ત્રી મળે. ઇત્યાદિ વિચારો આર્ત્ત-રૌદ્ર દુર્ધ્યાનવાળા કહેવાય છે. ધર્માર્થિ જીવોએ આવા વિચારો કે કર્ત્તવ્યોથી અલગ રહેવું જોઇએ. ૧

પાપોપદેશ. ૨

દાક્ષીણ્યતા, અથવા જ્યાં પોતાની ફરજ ન હોય તેવા સ્થળે પાપનો ઉપદેશ આપવો તે પાપ ઉપદેશ આર્ત્તધ્યાન છે. જ્યાં પોતાની આગેવાની હોય તેવા કુટુંબ, ગામ, શહેર, કે દેશના રક્ષણ કે પોષણના કાર્ય સિવાય, અથવા જ્યાં ઉપદેશ કે સલાહ આપ્યા વિના ચાલે તેમ ન હોય તેવા સ્થળો સિવાય વિના પ્રયોજને બુદ્ધિનું ડાહાપણુ વાપરવા માટે વ્રત ધારી ગૃહસ્થોએ (જેમાં પાપ થતું હોય તેવો) ઉપદેશ ન આપવો. જેમકે, બળદોને દમન કરો, ક્ષેત્રો ને ખેડો, ઘોડાઓને નપુંશક-ખાસી કરો, જંગલમાં-કે ખેત્રમાં આગ મૂકો. શત્રુને મારો. યંત્રો ફેરવો, શસ્ત્રોસજ્જ કરો, ખાણો ખોદો, આ અને તેવા બીજા સર્વ પાપોપદેશનો ત્યાગ કરવો. પોતાના કે પોતાના આશ્રિતોના બચાવ કે રક્ષણ અર્થે તેવો ઉપદેશ કરતાં તેના વ્રતને દોષ આવતો નથી.

હિંસાપ્રદાન.

પૂર્વની માફક પોતાના, પોતાના આશ્રિતોના અને પ્રસંગે એક

બીજાઓને મદદ કરતા કે લેવડ દેવડ કરતા હોય તેવાઓની દાક્ષીણ્યતા જ્યાં પહોંચતી હોય તેઓ સિવાય, જેનાથી હિંસા થાય-જીવોનો સંહાર થાય તેવાં શસ્ત્રો, હળ, અગ્નિ, હથીયાર વિગેરે માગ્યાં ન આપવાં. તથા ઝેરી ઔષધો, વિષો, નાગદમની આદિ બુટીઓ, ગર્ભપાત કરનારી વનસ્પતિઓ, અને ઉચ્ચાટન, મોહન, સ્થંભનાદિ કરનાર મંત્રો. ઇત્યાદિ આપવાં નહિં. દયાળુ ધર્માત્મા જીવોએ કોઇપણ જીવોને પોતાથી ઉપદ્રવ કે દુઃખ ન થાય તેવું યોગ્ય જીવન ગુજારવું જોઇએ.

પ્રમાદ આચરણ.

મદ, વિષય, કષાય, નિંદા, અને વિકથાદિ પ્રમાદથી જીવોની હિંસા થાય તેમ વર્ત્તન કરવું તે પ્રમાદાચરણ કહેવાય છે. કુકડા, શ્વાન, પાડા, હાથી, ઘેટાંઆદિનાં યુદ્ધ કરાવવાં, તે જોવા જવું. કામશાસ્ત્રમાં આશક્તિ રાખવી, મદિરાનું પાન કરવું, જુગાર રમવો, ઘણી નીદ્રા કરવી, સ્ત્રીની, દેશની, રાજની, ભોજનની સારી કે નઠારી કથાઓ-વાતો કરવી. ઘી, ગોળ, તેલ આદિ રસનાં ભાજનો ઉઘાડાં રાત્રે કે દિવસે મૂકવાં. ગીત નૃત્ય, નાટકાદિ જોવાં ઇત્યાદિ પ્રમાદ આચરણ કહેવાય છે. આમાં જીવની હિંસા અસત્યનું પોષણ, વિષયને ઉત્તેજન, પ્રમાદ-આળશને પુષ્ટિ અને વખતનો દુરૂપયોગ. ઇત્યાદિ અનેક દૂષણો રહેલાં છે. વિવેકી મનુષ્યોએ યથાશક્તિ આ અનર્થ દંડનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો.

આઠમા વ્રતના પાંચ અતિચાર.

૧ કંદર્પ—કામ વિકાર ઉત્પન્ન થાય, રાગાદિને પોષણ મળે એવાં હાસ્યાદિવાળાં વચનો બોલવાં તે આ વ્રતનો અતિચાર (દૂષણ) છે.

૨ કૌકુચ્ય—સ્વ-પરને મોહ ઉત્પન્ન થાય તેવી ભ્રકુટી, નેત્ર, ઓષ્ટ, નાસિકા, હાથ, પગ, મુખની ચેષ્ટાઓ કરવી તે અતિચાર છે.

૩ મોખર્ય—વાચાળપણું, સબંધ વિનાનું યદ્વાતદ્વા બોલવું એક બીજાની વાતો એક બીજા આગળ કરી વિના પ્રયોજને એક બીજાને લડાવી મારવા તે અતિચાર છે. ધર્માર્થિ મનુષ્યોએ બહુ વિચાર કરી જરૂર જેટલાજ શબ્દો બોલવા.

૪ અધિકરણ—જીવોની હિંસા જેનાથી થઇ શકે તેવાં અધિકરણો. ઉપકરણો એક બીજા સાથે સંયોજી—જોડીને તૈયાર રાખવાં. જેમકે ધનુષ્ય સાથે બાણ, બંદુક સાથે ગોળી ઉખલ સાથે મુસલ, કુહાડા જોડે હાથો, ઇત્યાદિ પોતાને જરૂરીયાત ન હોય તેવા પ્રસંગે તૈયાર રાખવાં. પોતાના રક્ષણ અર્થે તૈયાર હોય તેમાં હરકત નથી.

૫ ઉપભોગાતિરિક્ત—વસ્તુઓ જ્યારે જોઇએ ત્યારે મળી રહે તેમ છે છતાં પોતાના ઉપભોગથી અધિક વસ્તુઓનો સંગ્રહ કરી રાખવો તે બીજાઓને તે વસ્તુના ઉપભોગનો અંતરાય કરવા બરોબર છે. અર્થાત્ તે વસ્તુના ઉપભોગથી બીજાઓ બેનસીબ રહે છે. વળી તેવાં પુલ, ફળ, શાક, પત્રાદિમાં કુંથુંઆ આદિ જીવો ઉત્પન્ન થાય છે. અનાજ આદિ સડી જાય છે. ઘી, તેલાદિ ખોરાં થઇ જાય છે. વસ્ત્રાદિ સડી જાય છે. પોતાના વૈભવ અને ખરચના પ્રમાણમાં રાખવામાં હરકત નથી. અથવા આગામી

કાળના ભય, સંકટ, કે દુષ્કાળાદિથી બચવા સંગ્રહ કરવામાં હરકત નથી.

આ પ્રમાણે આઠમાવ્રતના પાંચ અતિચારો (દુષણો) પ્રમાદ. કે સ્મૃતિભ્રંશથી લાગે છે તેને જાગૃતિ પૂર્વક અટકાવવા.

નવમું સામાયિક વ્રત.

सामाइयमिह पढमं, सावज्जे जथ्थ वज्जिय जोगे.
समणाणं होइ समो, दसेण देस विरओवि. ॥१॥

જેમાં સાવદ્ય—પાપવાળા વ્યાપારનો ત્યાગ કરાય છે તે સામાયિક નામનું પ્રથમ શિક્ષા વ્રત છે. આ સામાયિકમાં રહેલો ગૃહસ્થ પણ અમુક ભાગે સાધુ સરખો ગણાય છે. ૧

ત્રણ ગુણવ્રત કહેવાયાં હવે ચાર શિક્ષાવ્રતો કહે છે. પૂર્વે બતાવેલ મૂલવ્રતોને વધારે પોષણ મળે તે માટે આત્મ જાગૃતિ સાથે આત્મ સ્થિરતાનું શિક્ષણ વારંવાર જેમાં અથવા જેનાથી મળે છે તે શિક્ષાવ્રત કહેવાય છે.

સામાયિકનો વખત ઓછામાં ઓછો બે ઘડી—અડતાલીશ મીનિટ સુધીનો છે. તેટલા વખતમાં મનથી, વચનથી અને શરીરથી. પાપવાળું સદોષ આચરણ, વચન, અને વિચાર તે કરવા, કરાવવા, અને કરનારને સંમત્તિ આપવાનું બંધ કરવામાં આવે છે.

સમ—આય—ક—સમપરિણામે રાગદ્વેષની ગૌણુતા વાળી સ્થિતિમાં રહીને જ્ઞાનાદિકનો લાભ થાય અથવા કર્મનું નિર્જરણ થાય તે સામાયિકનો અર્થ છે.

કોઇપણ પ્રકારની ગડબડકે ધાંધલ વિનાના નિરાકુળ, શાંત અને સ્વચ્છ સ્થળે સામાયિક કરવા બેસવું. ઘણે ભાગે ગુરૂની સમીપે, નિવૃત્તિવાળા ઉપાશ્રયમાં કે ડાંસ, મચ્છર વિનાના, હવા અને અજવાળા વાળા તથા એકાંતવાળા પોતાના ઘરના એક ભાગમાં, અથવા જ્યાં વિશેષ શાંતિ મળે તેવે સ્થળે સામાયિક કરવી.

સામાયિકમાં ઘણે ભાગે બોલવાનું બંધ કરવું. બે ઘડી જેટલા ટુંક વખતમાં તો ધર્મ ધ્યાનમાંજ મગ્ન રહેવું. પરિણામની વિશુદ્ધિ અને ઉપયોગની જાગૃતિ બહુજ રાખવી. ગૃહ સંબંધી કે વ્યવહાર સબંધી કોઈ પણ વિચારો મનમાં લાવવા નહિં. કેવળ ધર્મ ધ્યાનમાં, સ્વાધ્યાયમાં કે ધર્મશ્રવણમાં તેટલો કાળ વ્યતિત કરવો. જો એકાગ્રતા સાથે નિરંજન પરમાત્માનું ધ્યાન કરવામાં આવે, મનને તે સ્વરૂપમાં લીન કરી દેવામાં આવે, તો તે ઉત્તમોત્તમ સામાયિક છે. આવી સ્થીતિ માટે પ્રયત્ન કરવો. મનની ચંચળતાથી તેમાં સ્થિરતા ન થાય, વિક્ષેપ આવે, તો પછી એકાગ્રચિત્તે જાપ–પરમેષ્ટિ મંત્રનું સ્મરણ–કરવું. અથવા ગુર્વાદિ સમીપે કર્મ બંધનથી છુટવાના ઉપાયો સંબંધી ધર્મ કથા સાંભળવી, અથવા મહાન્ પુરૂષોનાં જીવન ચરિત્રો સંભારવાં કે આત્મ સ્વરૂપની જાગૃતિ આપે તેવાં ધાર્મિક પુસ્તકો વાંચવાં. કે તેવાં બીજાં ધર્મ સબંધી ઉત્તમ પદોનું ચિંતન કરવું. ગમે તેવી રીતે પણ તેટલા વખતમાં સર્વ જીવો ઉપર સમભાવ રહે, સંયમ માર્ગમાં ભાવની વૃદ્ધિ થાય, આત્મ સ્વરૂપનું ભાન થાય કે સ્મરણ બન્યું રહે આર્ત્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ થાય અને ધર્મ ધ્યાન કે શુક્લ ધ્યાનને પોષણ મળે તેવી રીતે સામાયિકનો વખત પુરો કરવો.

દિવસમાં એકકે તેથી વધારે વખત સામાયિક કરવાથી આત્મ

જાગૃતિમાં ઘણો સારો વધારો થાય છે. ગૃહસ્થોને સ્વરૂપ સ્થીરતા માટે આ કર્ત્તવ્ય ઘણુંજ ઉપયોગી અને જરૂર કરવાનું છે.

સામાયિકના પાંચ અતિચાર.

૧ મનદુ:પ્રણિધાન—મનની એકાગ્રતા જે પ્રકારની જોઇએ તેના કરતાં વિપરિત એકાગ્રતા—જેમકે સામાયિક કરીને વ્યવહાર—ગૃહાદિ—સંબંધી ચિંતન કરે. કોઈપણ સાવદ્ય વ્યાપારમાં મનને એકાગ્ર કરી દે. આ પ્રમાણે અજાણતાં—અનિચ્છાએ તેમ થઈ જતું હોવાથી અતિચાર કહેવાય છે. જાણીને તેમ થાય તો વ્રત ભંગ થાય છે.

૨ વચન દુ:પ્રણિધાન—અનાઉપયોગે અકસ્માત્ કોઇને સામાયિકમાં પાપવાળાં, કઠિણ કર્કષ વચન કહેવાં તે સામાયિકમાં દૂષણ છે.

૩ કાયદુ:પ્રણિધાન—કાયાનો સ્થિરતાનો ભંગ કરી હાથ, પગ હલાવે, લાંબા પહોળા કરે અને તેમ કરતાં દ્રષ્ટિથી જોયા સિવાય કોઇ જંતુનો ઉપઘાત થવાનો પણ પ્રસંગ આવે. તે અતિચાર છે.

૪ અનવસ્થા—સામાયિકનું પ્રમાણ—વખતનું માન ન રાખે. ઓછા વખતમાં સામાયિક પારે. અનાદરપણે સામાયિક કરે. અવસરે સામાયિક ન કરે. બધા કામથી પરવારે નવરો હોય ત્યારે સામાયિક કરે. મતલબ કે સામાયિક કરતાં તેને વધુ અગત્યતા આપી પ્રથમ વ્યવહારનું કામ કરે. અને નકામો હોય તે વેળા નવરાની નિશાની તરીકે સામાયિક કરે તે અતચિાર છે.

૫ સ્મૃતિ રહિત—સામાયિક લઇને નિદ્રામાં પડે, વ્યવહારની

વ્યગ્રતામાં સામાયિક કરવું ભૂલી જાય, શૂન્ય મને સામાયિક કરે, સામાયિક કર્યું કે નથી કર્યું? સામાયિકનો વખત પુરો થયો કે નહિં? ઇત્યાદિ સાંભરે નહિં તે પાંચમો અતિચાર છે.

પ્રમાદની અધિકતાથી, ઉપયોગની શૂન્યતાએ આ અતિચારો લાગે છે. તેમ કરવાની તેની લાગણીઓ ન હોવાથી વ્રતનો ભંગ થતો નથી.

દશમું દેશાવકાશિક વ્રત.

पुव्व गहियस्स दिसा, वयस्स सव्ववयाण वाणुदिणं
जं संखेवो देसा, वगासिअं तं वयं बिइयं !! १ ॥

પૂર્વે છઠા વ્રતમાં ગ્રહણ કરેલ દિશાવ્રતનો, અથવા સર્વ વ્રતોનો નિરંતર જે સંક્ષેપ કરવો તે બીજું દેશાવકાશિક શિક્ષાવ્રત કહેવાય છે.

છઠા વ્રતમાં અમુક ગામકે શહેરથી સર્વ દિશામાં જવા આવવા માટે કાયમનું જે પ્રમાણ ઇચ્છાનુસાર રાખવામાં આવેલ છે, તેટલું જવાનો કાંઇ નિરંતર પ્રસંગ પડતો નથી; અને તેથી કેટલીક આરંભની પ્રવૃત્તિ ખુલ્લી રહેલી છે તે પ્રવૃત્તિનો આ વ્રતમાં સંક્ષેપ કરવામાં આવે છે. એટલે સો. પાંચસો યોજનમાંથી, ગાઉ, બેચાર ગાઉ, કે તેથી પણ ઓછું, અમુક મર્યાદિત સ્થળ. કે ધર્મ સ્થાનથી બહાર ન જતાં તે સ્થળમાં રહી ધર્મ ધ્યાન કરવું. ઇત્યાદિ નિયમો આ વ્રતમાં કરાય છે.

અથવા બીજાં સર્વ વ્રતોનો આ વ્રતમાં સંક્ષેપ કરવામાં આવે છે. દાખલા તરીકે જે સવાવસો અહિંસા પાળવાનું પહેલા વ્રતમાં ખુલ્લું રાખેલ છે તેમાંથી અમુક પ્રમાણમાં પૃથ્વી, પાણી, વનસ્પતિ,

ઇત્યાદિનો ઉપયોગ કરવો, સર્વથા બ્રહ્મચર્ય પાળવું, સત્ય બોલવું. વિગેરેની અમુક ઘડી, પહોર, દિવસ, કે પખવાડીઆ સુધી નિયમ કરવો તેને પણ દિશાવકાશિક વ્રત કહે છે.

આ વ્રતનું ઓછામાં ઓછું પ્રમાણ બે ઘડીનું છે. મધ્યમ પ્રમાણ બાર કલાકનું છે અને ઉત્કૃષ્ટ પ્રમાણ ઇચ્છાનુસાર પખવાડીયા સુધી પણ છે.

આ વ્રતમાં ચૌદ નિયમો ધારવામાં આવે છે અને તેની અંદર એકંદર બીજાં વ્રતોનો ટુંકામાં સમાવેશ કરવામાં આવે

ચૌદ નિયમ.

सचित्त दव्वविगइ, वाहण तंबोलवथ्थ कुसुमेसु.
वाहण सयण विलेवण, बंभ दिसि न्हाणभत्तेसु ॥१॥

સજીવ, ૧ દ્રવ્ય ૨ વિગય ૩ ઉપાનહ ૪ તંબોલ, ૫ વસ્ત્ર ૬ કુસુમ ૭ વાહન ૮ શયન ૯ વિલેપન ૧૦ બ્રહ્મચર્ય ૧૧ દિશિ ૧૨ સ્નાન ૧૩ ભોજન ૧૪ આ ચૌદ નિયમો છે.

૧ સજીવ પૃથ્વી, માટી, મીઠું વિગેરે અમુક પ્રમાણ જેટલી આપે તેનો નિયમ રાખવો.

સચિત્તપાણી પીવા તથા સ્નાન કરવામાં આવે તેનું પ્રમાણ.

સચિત્ત અગ્નિ ચુલા. સગડી વિગેરેનો નિયમ.

સચિત્તવાયુ-પંખાદિનો નિયમ.

સચિત્ત વનસ્પતિ-અમુક અને તોલમાં આટલી ખાવી તેનો નિયમ.

૨. દ્રવ્ય—ખાવાપીવાના પદાર્થો—દશ, વીશ કે ઇચ્છાનુસાર તેની ગણતરી રાખવી.

૩. વિગય—ઘી, તેલ, દુધ, દહિં, ગોળ અને કડાવિગય (તળેલ પદાર્થ) એ છવિગય કહેવાય છે તેમાંથી એક, બે, કે ચારનો ઇચ્છાનુસાર ત્યાગ કરવો. ખાવામાં ન લેવી. તેનો નિયમ રાખવો.

૪. ઉપાનહ—પગરખાં, મોજાં વિગેરે પગમાં પહેરવાની જોડનો નિયમ રાખવો. તે ઉપરાંત તે દિવસે પહેરાય નહિં. કોઇના પગરખામાં પગનાખેકે પહેરે તો તે પણ ગણતીમાં ગણાય.

તંબોલ—પાન, સોપરી, એલાયચી ઇત્યાદિ મુખવાસનું તોલથી માપ રાખવું.

૬. વસ્ત્ર—દિવસમાં પેહેરવામાં કેટલાં વસ્ત્રો ઉપયોગમાં લેવાં તેની અમુક સંખ્યા—ગણુતરી રાખવી.

૭. કુસુમ—આમાં સુંઘવાની તમામ વસ્તુના માપનું પ્રમાણ રાખવું.

૮. વાહાન—ગાડી, ઘોડા, બળદગાડી—મોટર, વાહાણ—સ્ટીમર—ઇત્યાદિની મુસાફરી વખતે નિત્યને માટે ગણુતી રાખવી.

૯. શયન—શય્યા, પલંગ, ખાટ, ખાટલા, પથારી, ગાદલાં, ગોદડાંદિ સુવાનાં સાધનો તેની આગળથી ગણુતરી રાખવી અને તેટલાં વાપરવાં.

૧૦. વિલેપન—ચંદન, તેલાદિ શરીરે અભ્યંગન કરવાની—ચોળવાની વસ્તુનું તે દિવસને માટે માપ રાખવું.

૧૧. બ્રહ્મચર્ય—પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો તેમાં પણ તે દિવસે

બ્રહ્મચર્ય પાળવું કે તે દિવસે ન પાળવું તેનો નિયમ સવારમાંથી ધારી રાખવો.

૧૨. દિશિ—તેજ દિવસ માટે સર્વ દિશાઓ તરફ જવા માટે અમુક ગાઉનું પ્રમાણ રાખવું.

૧૩. સ્નાન—દિવસમાં કેટલા વખત સ્નાન કરવું તેની મર્યાદા–નિયમ રાખવો

૧૪. ભોજન—ખાવાનો ખોરાક કેટલા પ્રમાણમાં લેવો તેનું માપ તોલથી રાખવું.

આ પ્રમાણે સવારે તથા સાંજે દિવસમાં બે વખત નિયમ ધારવા અને બીજીવાર ધારતી વખતે પ્રથમના નિયમો તરફ દૃષ્ટિ ફેરવી જવી તે બરાબર પાળ્યા છે કે કેમ ? તેની તપાસ કરી લેવી. જેથી વિસ્મૃતિથી ભૂલ થવા ન પામે અને ભૂલ થઈ હોય તો તેમાં સુધારો કરી શકાય.

એક દિવસમાં અમુક સ્થળે બેસી દશ સામાયિક કરવાં તેને હાલ રૂઢિમાં દેશાવકાશિક કહે છે. અપેક્ષાએ તેપણ ઠીક છે. છતાં કાયમ માટે ચૌદ નિયમો ધારવાં તે વધારે ઉત્તમ છે. કેમ કે તેમાં ઉપયોગની જાગૃતિ વિશેષ રાખવી પડે છે અને તેથી આશ્રવનો નિરોધ પણ થાય છે.

દશમા વ્રતના અતિચારો.

૧. પોતાના ઘરમાં અથવા અમુક મર્યાદાવાળા સ્થળમાં દેશાવકાશિક વ્રત કરેલું હોય, તે નિયમિત જગ્યાની બાહાર કોઇ ઉપયોગી વસ્તુ હોય તેની જરૂરીયાત જણાતાં ચાકર પ્રમુખને મોકલીને તે વસ્તુ મંગાવવી. તે આણવણ પ્રયોગ નામનો પહેલો અતિચાર છે. પોતે ગયો નથી એ અપેક્ષાએ વ્રત ભંગ કર્યું નથી, પણ અન્યને તે નિય-

મિત મર્યાદાની બાહાર મોકલ્યો તે અપેક્ષાએ દૂષણ લાગ્યું તેથી અતિ-ચાર એમ સર્વત્ર સમજી લેવું.

૨. પોતાની પાસેની વસ્તુ કોઈ (ચાકરાદિની) મારફતે નિયમિત જગ્યાથી બહાર મોકલવી તે પેસવણ પ્રયોગ નામનો બીજો અતિચાર છે.

૩. પોતાની નિયમિત મર્યાદાથી બાહાર કોઈ માણસ રહેલો છે તેની જરૂરીયાત જણાતાં વ્રતભંગના ભયથી તેને તેડવા તો જતો નથી પણ છીંક, બગાસું, ઉધરસ, ખોંખારો—કે શબ્દ કરી બોલાવવો—સામાને ચેતાવવો. તે શબ્દાનુપાતિ અતિચાર છે.

૪. જાળી, ગોખકે અગાશીમાં ઉભા રહી જરૂના પ્રસંગે નિય-મિત જગ્યાની બાહારના મનુષ્યની દૃષ્ટિએ પડી તે પોતાની પાસે આવે તેમ ઈચ્છવું તે રૂપાનુપાતિ અતિચાર છે.

૫. કોઇને મળવાની જરૂરીયાત હોય તે પોતાની પાસે—નજીક થઇને જતો હોય છતાં તે જગ્યા નિયમિત સ્થળની બાહારની હોય તે પ્રસંગે પોતાપણું (પોતે આ સ્થળે રહેલ છે તે) જણાવવા અર્થે કાંકરો—કે લાકડાદિનો કટકો ફેંકી સામાનું ધ્યાન પોતા તરફ ખેંચવું તે પુદ્ગલ પ્રક્ષેપ અતિચાર છે.

ધર્મધ્યાનમાં સ્થીર રહી ચંચળ મનોવ્રત્તિઓને કાબુમાં રાખવી. એ આ વ્રતનું રહસ્ય છે.

અગીયારમું પૌષધ વ્રત.

आहार देहसक्कार, गेहवावार विरइबंभेहिं.
पव्वदिणाणु ठाणं, तइयं पोसहवयंचउहा. ॥१५॥

આહાર, શરીરસત્કાર, ગૃહવ્યાપાર અને અબ્રહ્મચર્ય એ ચારથી વિરમવા—પાછા હઠવા ૩૫ પર્વને દિવસે કરવાયોગ્ય અનુષ્ઠાન—ક્રિયા—તે ત્રીજું ગુણવ્રત—પૌષધ—ચાર પ્રકારે છે.

આત્મગુણને પોષણ આપે તે ક્રિયાને પૌષધ કહે છે. અથવા આત્મગુણનું રક્ષણ કરનાર ઔષધ તે પૌષધ છે.

ભોજન, શરીરની શુશ્રુષા, ગૃહાદિના વ્યાપાર અને અબ્રહ્મચર્ય આચાર માર્ગે વ્યય થતા પોતાના મન, વચન, શરીરના સામર્થ્યને રોકીને તે શક્તિનો તથા વખતનો સદ્‌ઉપયોગ આત્મપોષણમાં કરવો તે પૌષધનો મુખ્ય હેતુ છે.

ગૃહસ્થો કાંઇ નિરંતર આવી રીતે પોતાના મન, વચન, શરીર બળનો કાયમ માટે સદ્‌ઉપયોગ કરી શકતા નથી, એટલે તેને માટે આ ક્રિયાઓ ઘણે ભાગે તિથિને દિવસે કરવામાં આવે છે. જુઓ કે નિરંતર કે ગમે તે દિવસે આ ક્રિયા કરવાથી ગેરફાયદો તો નથીજ. છતાં નિરંતર આ ક્રિયાઓમાં રહેતાં ગૃહસ્થાશ્રમ ચલાવવામાં હરકત પડે છે. નિરંતર આત્મભાવમાં રહેવાનું કામ તો ત્યાગમાર્ગમાં રહેલા મહાત્માઓનું છે, છતાં કોઇ સંપૂર્ણ સગવડતાની સામગ્રીવાળો તથા વ્યવહાર માર્ગથી પારગત થયેલો માણસ ઘણા લાંબા વખત સુધી આ ક્રિયામાં રહે તો તે બનવા યોગ્ય છે. આ વ્રત દેશથી અને સર્વથી એમ બે પ્રકારે થાય છે. ચારે પ્રકારના આહારપાણીનો તે દિવસ માટે ત્યાગ કરવો તે આહાર ત્યાગ સર્વથી વ્રત છે પણ તેવી શક્તિ જેનામાં ન હોય તેમણે એક વખત ખાઇને એટલે આંબેલ, નિવી, એકાસણું કરીને પણ પૌષધવ્રત કરવું. આવીજ રીતે શરીર શુશ્રુષા ગૃહવ્યાપાર અને અબ્રહ્મચર્યનો દિવસના અમુક ભાગમાં ત્યાગ અને સર્વથા ત્યાગ એમ બની શકે છે.

આંહી એટલું ખાશ ધ્યાન રાખવા જેવું છે કે, આહારનો, વ્યાપારનો, કે શરીર શુશ્રુષાનો ત્યાગ કરવો એટલાથીજ સંપૂર્ણ કાય થયું એમ માની લેવા જેવું નથી અથવા એજ કર્ત્તવ્ય છે એથી સંતોષ પકડવાનો નથી પણ આ સવ ભોજનાદિ ક્રિયાઓમાંથી બચેલા વખતનો ઉપયોગ આત્માને પોષણ માટે તેવે માર્ગે પ્રવૃત્તિ કરવામાં રોકવાનો છે. મનનો ધર્મજ એવો છે કે તેને કાંઇ કામ જોઇએજ. નવરૂં એઠું નખોદ વાળે. આ ન્યાયે વ્યવહારના અને શરીરના કાર્ય માત્રથી પાછા હઠાવેલા મનને પણ કોઇ સારા માર્ગમાં વાળવું જોઇએ. જો તેમ કરવામાં નહિં આવે તો ખરાબ વિચાર કરી ઉલટા તમને કર્મબંધથી બંધિત કરશે. આ માટે તે દિવસ પરમાત્માના સ્મરણમાં, આત્મગુણના મનનમાં, કે આત્મ સ્વરૂપમાં લીન થવામાં અર્થાત્ જ્ઞાન, ધ્યાનમાં પસાર કરવો જોઇએ, અને તે સાથે વિચાર કે સરખામણી કરવી કે આજની મારી આ ક્રિયાથી મારા વર્ત્તન ઉપર કે મન ઉપર કેવી અસર થઇ છે? પૌષધનું ફળ આત્મગુણને પોષણ મળવું જોઇએ તે મળ્યું છે કે નહિ? અને જો તેવી અસર કાંઇ ન થઇ હોય તો તેનું કારણ શોધી કાઢવું. દરેક ક્રિયા ફળવાળી છે. જમીનમાં બીજ વાવ્યું હોય તો તેનો પણ અંકુરો પાંચ સાત દિવસે બાહાર આવ્યા સિવાય રહેતો નથી અને જો તે બાહાર ન આવે તો માનવું કે કાંતો જમીન ખારી છે અને કાંતો બીજ બળી ગયેલું છે. તેમ કાંતો પોતાની હ્રદય ભૂમી લાયક નથી કે કાંતો તે કર્મમાં શક્તિ નથી. આમ વિચાર કરી ભૂલો શોધી કાઢી પાછી જાગૃતિ પૂર્વક આત્મ પોષણમાં પ્રવૃતિ કરવી. બનતાં સુધી તે દિવસે મૌન રહેવું. પ્રમાદન કરવો. વિવિધ પ્રકારનાં આલંબનો લઇ ધ્યાનમાંજ તે દિવસ પસાર કરવો. તે સિવાય આત્માને પોષણ મળી શકવાનું કામ મુશ્કેલ છે.

આ ચારે પ્રકારના પૌષધ સાથે સામાયિક ઉચરવાથી પૌષધ વ્રત કહેવાય છે. ચાર પહોર કે આઠ પહોરની સામાયિક સાથે ઉચરવામાં આવે છે. જેને ધ્યાનાદિ કરવાની શક્તિ ન હોય તેમણે પવિત્ર મંત્રનો જાપ કરવો. નવીન જ્ઞાન ભણવું, ગુર્વાદિ પાસે સિદ્ધાંત સાંભળવાં, આત્મ સ્થીરતાની પ્રાપ્તિનાં રહસ્યો પૂછવાં, મહાન્ પુરૂષોનાં અનુકરણીય પવિત્ર ચરિત્રો વાંચવાં. મનન કરવાં અને તેમના ઉત્તમ ગુણોનું સ્મરણ કે અનુકરણ કરવામાં તે દિવસ પૂરો કરવો.

પૌષધ મુખ્યતાએ ગુરૂ પાસે કરવો. તેના અભાવે પૌષધશાળામાં અથવા જ્યાં આત્મ શાંતિ મળે તેવાં શાંત પવિત્ર સ્થળમાં પૌષધ કરવો.

પૌષધ વ્રતના પાંચ અતીચાર.

૧ જીવ જંતુ કે પાણી, વનસ્પતિ આદિ વિનાની ભૂમી દૃષ્ટિથી તપાસ્યા વિના મળ, મૂત્ર શ્લેષ્મ, કફાદિનો ત્યાગ કરવો તે પૌષધમાં અતિચાર–દૂષણ છે. તેનો ત્યાગ કરવો.

૨ જરૂરીયાતની વસ્તુ જોયા કે પ્રમાર્જન કર્યા વિના વાપરવી કે લેવી તે અતિચાર છે.

૩ જોયા કે પ્રમાર્જ્યા વિના સંથારો કરવો તે અતિચાર છે.

૪ પૌષધમાં અનાદર. હૃદયના પ્રેમકે લાગણી વિના તે ક્રિયા કરવી તે અતિચાર છે.

૫ પૌષધ કર્યો કે નહિં તેની વિસ્મૃતિ થવી.

દરેક અતિચાર ન લગાડવા માટે કોઇ જીવને દુઃખ ન થાય, તેની લાગણી ન દુખાય તેની સાવચેતી રાખેલી છે. પાછલા બે અતિચારોથી

અચવામાં પોતના લક્ષ બિન્દુરૂપ કર્ત્તવ્યમાં પ્રેમ, ઉત્સાહ, પરમ આદર અને ઉપયોગની તીવ્ર લાગણી સૂચવી છે.

બારમું અતિથિ સંવિભાગ વ્રત.

जंचगिही सुविसुद्धं, मुणिणो असणाइ देइपारणए.
परम विणएण एयं, तुरिय मतिहिसंविभागवयं. ॥१॥

ગૃહસ્થીઓ પરમવિનયપૂર્વક પૌષધને પારણે મુનિઓને જે અત્યંત વિશુદ્ધ આહારાદિ આપે છે તેને અતિથિ સંવિભાગ નામનું ચોથું શિક્ષા વ્રત કહે છે.

તિથિ પર્વાદિ લોક વ્યવહારથી જેઓ અલગ થયેલા છે. અર્થાત્ આત્મસ્વરૂપ પ્રાપ્તિ એ જેઓનું લક્ષબિન્દુ હોવાથી વ્યવહાર માર્ગનીપાર જે પરમાર્થ નિશ્ચય આત્મમાર્ગ છે તેમાં જેઓ અહોનિશ પ્રવૃત્તિ કરી રહેલા છે તે અતિથિ, શ્રામણ, ત્યાગી, મુનિ, સાધુ, ભિક્ષુ ઇત્યાદિ નામોથી વ્યવહારાય છે. બોલાવાય છે તેવા અતિથિઓને નિર્દોષ આહાર, પાણી આદિ આપવાં તે અતિથિ સંવિભાગવ્રત કહેવાય છે.

तिथिपर्वोत्सवाःसर्वे, त्यक्तायेन महात्मना;
अतिथिंतं विजानीया, च्छेषमभ्यागतंविदुः ॥१॥

આજે તિથિ છે માટે અમુક ખાવું અમુક ન ખાવું. ઉપવાસ, વ્રત કરવાં. તથા આજે આ પર્વ છે, ઉત્સવના દિવસો છે, માટે સારૂં ખાવું, સારા વસ્ત્રો પહેરવાં, ઇત્યાદિ સર્વે લોક વ્યવહાર જે મહાત્મા એ ત્યાગ કરેલા છે. અર્થાત્ આત્મસ્વરૂપમાં રમણતા હોવાથી સર્વ વસ્તુ જેને મન બાલ અને ત્યાગ કરવા યોગ્ય છે. એવા માહાત્માઓને

તિથિ પર્વાદિના કર્તવ્યનો કાંઇ નિયમ નથી. તેવી સ્થીતિવાળાને તમે અતિથિ જાણો. તે સિવાયનાને અભ્યાગત કહે છે ॥ ૧ ॥ તેવા અતિથિઓને નિર્દોષ અને ન્યાયથી ઉપાર્જન કરેલ દ્રવ્યથી બનાવેલા, શ્રદ્ધા અને બહુમાન પૂર્વક આહાર પાણી આદિ આપવાં. તે આહાર પાણી આદિ લઇને તેઓ જ્ઞાન ધ્યાનમાં પ્રવૃતિ કરે છે. અન્યજનોનો તેઓ ધર્મોપદેશદ્વારા ઉદ્ધાર કરે છે. આહારાદિની સહાય આપનારને તેમાંથી અમુક હિસ્સો મળે છે. તે મહાત્માઓને આહારાદિ દેહના આધારભૂત સાધનો સિવાય બીજી જરૂરીયાત ન હોવાથી નિસ્પૃહ રહે છે અને તે નિસ્પૃહતાના ગુણથી ખુલ્લા હૃદયએ નિડરપણે સત્ય વસ્તુનો બોધ આપી શકે છે.

આ અતિથિ સંવિભાગ વ્રત પ્રાયે પૌષધને પારણે કરવામાં આવે છે. પારણે તેમને આપ્યા–વ્હોરાવ્યા પછી પારણું કરવું એમ રીવાજ છે. કેટલાક તો જે વસ્તુ આપી–હોય વહોરાવી હોય તેજ તે દિવસે જમે છે. આ વ્યવહારો ઠીક છે. છતાં સામાન્ય રીતે ગૃહસ્થોએ આવા મહાત્માઓને દાન આપવું તે પણ અતિથિ સંવિભાગવ્રત છે, કેમકે તેવા ઉત્તમ પુરૂષોનો સમાગમ નિરંતરને માટે મળવો દુર્લભ છે.

પૌષધને પારણે આ વ્રત કરનારને ગુર્વાદિનો યોગ ન મળે તો તેમણે એક બાર વ્રત ધારણ કરનાર ઉત્તમ શ્રાવકને જમાડવો. અથવા જમવાનો વખત પૂર્ણ થયા સુધી તેવા શ્રમણ–મુનિના આવવાની રાહ જોઇને પછી તે સંબંધી ઉત્તમ પાત્રે દાન કરવાની પ્રબળ ભાવના સાથે જમી લેવું. આ પ્રમાણે પણ આ વ્રતનો નિર્વાહ કરવામાં આવે છે.

અતિથિ સંવિભાગ વ્રતમાં લાગતા પાંચ અતિચાર.

૧. મુનિઓને આપવા લાયક પદાર્થો અનાઉપયોગે–સહસાત્કારે

સચિત્ત માટી, પાણી, અનાજ કે તેવી વસ્તુ ઉપર મૂકીદે. આ કારણથી મુનિ તેનું દાન લઇ શકતા નથી અને પોતે આપી શકતો નથી. આથી બન્નેને અનુક્રમે એકને લાભનો અને બીજાને દાનનો અંતરાય થાય છે. અને તેમાં ઉપયોગની અજાગૃતિ—શૂન્યતા એ મુખ્ય કારણ છે. તે સચિત્તનિક્ષેપન અતિચાર છે.

૨. મુનિને આપવા લાયક પ્રાશુક—નિર્દોષ અન્નને અનાઉપયોગે કે સહસા સચિત્ત વસ્તુ વડે ઢાંકે. તે સચિત્ત પિધાન નામનો બીજો અતિચાર.

૩. પારકી વસ્તુને પોતાની કરીને આપે. આમાં સાધુની જરૂરીયાત પૂરી પાડવા માટે દેવાની બુદ્ધિની મુખ્યતા છે. એટલે પાછળથી બન્ને ધણી આપસમાં અદલાબદલો કરી સમજી લે. સાધુને માટે આ એક નિયમ છે કે જેની વસ્તુ હોય તેના માલીકની ઇચ્છા વિના બીજો કોઇ માણસ તે વસ્તુ આપે છતાં પણ તે લે નહિં. કેમકે તેથી આપસમાં કલેશ અને સામાને અપ્રીતિ થવાનો સંભવ છે.

૪. ઇર્ષા કરીને દાન આપે. અમુક માણસ ગરીબ છતાં આપે છે તો હું કયાં નબળો કે તેથી ઓછો છું? આમાં સુપાત્ર બુદ્ધિ, પૂર્ણશ્રદ્ધા, હૃદયપ્રેમ એ સર્વની ખામી છે. તેથી દેનાર તેનાં ખરાં ફળથી બેનસીબ રહે છે.

૫. ભિક્ષા—ગોચરીનો વખત વીતિ જવા પછી ભોજન તૈયાર કરે. આમાં કાંઇક પ્રમાદ, કાંઇક કૃપણતા, કાંઇક ઓછી લાગણી, અને બહુમાન કે પ્રેમની સાધુ પ્રત્યે મંદતા સૂચન થાય છે.

આ પાંચ અતિચારો ત્યાગ કરવા યોગ્ય છે.

આ પ્રમાણે બાર વ્રતો—ગૃહસ્થને પાળવા લાયક નિયમો—સમાપ્ત થયા.

દેવપૂજન કરવાની વિધિ—અને હેતુ.

સ્નાન કર્યા સિવાય દેવપૂજન કરાતું નથી. જે જગ્યાએ કિડી પ્રમુખનાં દરો ન હોય તેવી જંતુ વિનાની જગ્યાએ સ્નાન કરવું જોઇએ. એકને એક સ્થળે સ્નાન કરવાથી તે જગ્યાએ કીચડ થવા સાથે લીલ ફુલ વિગેરે થવાનો સંભવ રહે છે. વધારે ગંદકી થવાથી બીજા પણ ઝીણા ઝેરી જંતુઓ, ચાંચડ વિગેરે થવાથી શરીરની સુખાકારીને—આરોગ્યતાને બાધ પહોંચાડે છે, માટે છુટી છુટી જગ્યાએ સ્નાન કરવું જોઇએ. અથવા સ્નાન કરવા માટે પ્રનાળવાળો બાજોઠ—કે ચોકડી હોવી જોઇએ કે જે પ્રનાળદ્વારા સ્નાન કરાયેલું પાણી બીજા વાસણમાં ઝીલી લઇને ફરી ખુલી જગ્યામાં છુટું છુટું ફેંકી દેવાય. આમ પાણી સુકાઇ જવાથી આરોગ્યતા સચવાવા સાથે જંતુઓની ઉત્પત્તિ થવાનો સંભવ રહેતો નથી.

પૂર્વદિશા સન્મુખ મુખ રાખી સ્નાન કરવું તે વધારે યોગ્ય છે. રજસ્વલાનો સ્પર્શ, સૂતક કે કોઇ મૃતકને અડકાણું હોય તો સંપૂર્ણ સ્નાન પૂજન વખતે કરવું, વહિંતર મસ્તકનો ભાગ ન પલાળાય તો પણ હરકત જેવું નથી. સ્નાન માટે સહજ ઉનું પાણી લેવું અને તે પણ જરૂરીયાતથી વધારે વિના પ્રયોજને ઢોળવું ન જોઇએ. સ્નાન કરતી વખતથી બને ત્યાંસુધી મનમાં પરમાત્માના નામનો જાપ શરૂ રાખવો જોઇએ. પણ વાતોના તડાકામાં પોતાના મનને મલીન કરી પોતાનું લક્ષ ભૂલવું ન જોઇએ. આ બાહ્યસ્નાન વખતે અંતર્ સ્નાન તરિકે ઉત્તમ વિચારો અથવા પરમાત્માના નામનો જાપ અને પોતાનું લક્ષ, એ વધારે જાગૃત રાખવું જોઇએ. બાહ્ય સ્નાનથી શરીર શુદ્ધ થાય છે પણ

મનને શુદ્ધ કરવા માટે તો સર્વ મલીન ઇચ્છાઓનો ત્યાગ કરવો અને પરમાત્મનું સ્મરણ કરવાની તે વખતે ખાસ જરૂર છે. મનની પવિત્રતા વિના પૂજાનો લાભ મળી શકતો નથી. માટે સ્નાન કરતી વખતે આવી રીતે મનને પણ સ્નાન કરાવી શુદ્ધ કરવાનું ભૂલવું નહિં.

સ્નાન કર્યા પછી જ્યાંસુધી પગ લીલા હોય ત્યાંસુધી ત્યાં ઉભા રહેવું. નહિંતર પગે ધુડ કે અશુચિ ચોંટવાનો સંભવ છે, અથવા લીલા પગ સાથે કીડા પ્રમુખ જંતુ ચોટી જવાથી તેનું મરણ થવાનો સંભવ છે. જે માણસ ઘેર સ્નાન કરી આવેલ હોય તેણે મંદિર આગળ આવ્યા પછી પગને શુદ્ધ કરવા જોઇએ.

વસ્ત્ર પવિત્ર પહેરવાં ૧ મંદિરની અંદરની શુદ્ધિ કરવી—પોતાને હાથે ભૂમિનું સંમાર્જન (સાફસુફ) કરવું. ૨. સ્નાન કરવાવડે શરીર શુદ્ધ કરવું. ૩. પરમાત્માના જાપથી વચન અને મનને શુદ્ધ કરવાં. ૪—૫. પૂજાનાં ઉપકરણો શુદ્ધ અને સ્વચ્છ રાખવાં. ૬. જીવ જંતુ વીનાની જમીન જોઇને ઉભા રહેવું કે શુદ્ધ આસનપર બેસવું. ૭ આ સાત શુદ્ધિ પૂજા વખતે રાખવી જોઇએ. સ્ત્રીઓએ પુરૂષોનાં વસ્ત્રો પૂજામાં પહેરવાં ન જોઇએ. તેમજ પુરૂષોએ સ્ત્રીનાં વસ્ત્રો પૂજાના કામમાં લેવાં ન જોઇએ. કેમકે કામ—રાગને વૃદ્ધિ કરનાર આ નિમિત્ત છે. અન્યોઅન્ય સ્ત્રી પુરૂષોનાં પહેરેલાં વસ્ત્રોમાં વિરૂદ્ધ આકર્ષણવાળા પરમાણુઓ હોવાથી વખતે વિપરિત ભાવના થવાનો સંભવ જાણી, તે ઉપયોગમાં ન લેવાં એ વધારે હિતકારી છે.

ઉત્તરાસણ ખભે નાખી, મોઢે મુખકોશ પૂજા વખતે બાંધવો જોઇએ. અને પછી શાંતિથી અષ્ટપ્રકારી પૂજા કરવી.

અષ્ટ પ્રકારી પુજા—અને તેનું રહસ્ય.

જળ પુજા—૧.

સન્મુખ વીતરાગ દેવની પ્રતિમાજી છે છતાં તે દ્વારા સાક્ષાત્પ્રભુને સ્મરણમાં લાવી, પોતાના અંતઃકરણને વિશુદ્ધ કરવા નિમિત્તે તેમનું પૂજન કરતાં શરૂઆતમાં નિર્મળ પાણીથી તેમને અભિષેક કરવો. ચાલુ શબ્દોમાં કહીએ તો પાણીથી સ્નાન કરાવવું.

આ સ્થળે એટલું ધ્યાન રાખવું જોઇએ કે જે પ્રભુને ઉદ્દેશીને સ્નાન કરાવાય છે તે તો સદા પવિત્ર છે. આત્મ સ્વરૂપની અગાધ નિર્મળતામાં ઝીલી રહ્યા છે. તેને આપણા પાણીથી સ્નાન કરવાની જરાપણ અપેક્ષા નથી. એટલે આપણે પ્રભુને સ્નાન કરાવીએ તેનો હેતુ પ્રભુને રાજી કરવાનો હોય એમ ધારવાનું નથી, પણ આપણને પોતાને શુદ્ધ અને પવિત્ર થવું છે તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી આ નિમિત્ત દ્વારા તે કાર્ય સિદ્ધ કરવાનું છે એ આશયથી આ સ્નાત્ર કરવાનું શરૂ કરવું.

સ્નાત્ર કરવામાં ઉત્તમ તીર્થનાં પાણી, કુવા, વાવ, સરોવર, કે નદી, યા સમુદ્રનાં પાણીનો ઉપયોગ કરવો. આપણી ભાવનાની વિશુદ્ધમાં વધારો કરવા નિમિત્તે ઉત્તમ, પવિત્ર, નિર્મળ પાણીનો ઉપયોગ કરવો.

આ સ્નાન કરાવતી વખતે આપણા હૃદયની ભાવનાઓ ચાલુ રાખવી જોઇએ એટલે સ્નાન કરાવતી વખતે મનમાં એવો વિચાર કરવો કે, હે પ્રભુ ! તમે પોતે તો સ્વભાવથી વિશુદ્ધજ છો તમને મારા

તરફથી કરાતા આ સ્નાનની કાંઇપણ અપેક્ષા નથી પણ આ સ્નાન કરવામાં મારો પોતાનોજ સ્વાર્થ છે અને તે સ્વાર્થ આ નિર્મળ પાણી દ્વારા હું પ્રગટ કરૂં છું કે હે નાથ ! આ પાણી પવિત્ર હોઇ મળને દુર કરનાર છે. તેને પીવાથી તૃષા દૂર થાય છે. સ્નાન કરવાથી ગરમીનો તાપ શાંત થાય છે. આ પાણી જગતનું જીવન છે. અનંત જીવોનો આધાર આ પાણી ઉપર છે. અને આ પાણીને લઇનેજ આ દુનિયાના જીવોની હૈયાતિ ટકી રહે છે તે પાણીનો આપના શરીર ઉપર અભિષેક કરતાં હું મારી અંતઃકરણની ભાવના એ પ્રગટ કરૂં છું કે, આ પાણી

જગતનું જીવન છે તેમ આત્માનું શુદ્ધ સ્વરૂપ એજ અમારૂં જીવન છે. અમારૂં શુદ્ધ સ્વરૂપ તેજ અમારી હૈયાતિ છે. એ શુદ્ધ સ્વરૂપ તેજ અમારો આધાર છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તેજ અમારી તૃષ્નાને શાંત કરનાર છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તેજ મનને પવિત્ર કરનાર છે. અને તે શુદ્ધ સ્વરૂપજ અમારા જન્મ મરણના તાપને શાંત કરી પૂર્ણ શાંતિ આપનાર છે. તેના વિના આ દુનિયાના ત્રિવિધ તાપથી એટલે આધિ, વ્યાધિ અને ઉપાધીથી અને વિવિધ પ્રકારની યાતનાઓ—પીડાઓ સહન કરી છે અને હજી સહન કરીએ છીએ. માટે હે કૃપાળુ ! અમારા ઉપર કૃપા કરી અમારૂં અંતઃકરણ જેમ નિર્મળ થાય તેવી લાગણીઓ અમારામાં ઉત્પન્ન કર. અથવા આ આપના અભિષેક રૂપે કરાતી ક્રિયા થી અમારૂં અંતઃકરણ નિર્મળ—નિષ્પાપ થાઓ. આવી ઉત્કટ લાગણી ઉત્પન્ન કરી, શાંત મને તે જળનો અભિષેક તે પરમાત્માની પુન્ય મૂર્ત્તિ ઉપર કરવો.

અભિષેક કર્યા પછી ઉત્તમ ધોળા વસ્ત્ર વડે પરમાત્માની મૂર્ત્તિ ઉપર પાણીની ભીનાશ રહેલી હોય તે લુઇ નાખી શરીર તદ્દન કોરૂં કરવું. આ અંગ લુણાં કરતી વખતે પણ પોતાની ઉત્તમ ભાવના ચાલુ રાખવી,

જેમકે આ પાણીનો લેપ વસ્ત્ર વડે દૂર કરી શકાય છે તેમ ઉત્તમ વિચાર વડે કર્મ લેપ દૂર કરી શકાય છે. અથવા રાગ દ્વેષ વિના કાર્ય માં પ્રવૃત્તિ કરવાથી કર્મ લેપ લાગતો નથી. ઇત્યાદિ વિચારો કરવા પૂર્વક જલ પૂજા પૂર્ણ કરવી. ૧

બીજી ચંદન પુજા.

સુગંધીદાર ઉત્તમ ચંદન ઘસી પરમાત્માની પ્રતિમાના નવ અંગે તિલક કરવાં, તથા શરીરના બીજા ભાગો ઉપર પણ તે ચંદનથી વિલેપ નકરવું. આ ચંદનથી વિલેપન કરતાં તે પરમાત્મા પ્રત્યે પોતાની આંતર્ ભાવના પ્રગટ કરવી કે હે પ્રભુ! આ ચંદન કે જેને લોકો બાળે છે, કાપે છે, ઘસે છે છતાં પણ તે પોતાનો સુગંધીવાળો સ્વભાવ આવા વિપત્તિના પ્રસંગમાં પણ મુકતું નથી. દરેક સુખ દુઃખના કે શાંતિ અશાંતિના પ્રસંગમાં પોતાનો મૂળ સ્વભાવ તે જાળવી રાખે છે. હે નાથ! આવીજ રીતે આ દુનિયામાં રહેતાં મારે માથે આવી પડતી વિવિધ પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિ કે હર્ષ, શોક, સુખ, દુઃખ, આનંદ ઇત્યાદિ પ્રસંગોમાં પણ મારી એક સ્થીતિ બની રહે, આત્માનો આનંદ બન્યો રહે, આત્મ જાગૃતિ કાયમ ટકી રહે, રાગ દ્વેષ કે હર્ષ શોક ન થતાં તે સર્વ સમભાવે સહન કરવાનું બળ આવે તેવી આપ કૃપા કરો. તેવી અમને શક્તિ આપો. અથવા આ આપની પૂજાથી અમારામાં તેવું દ્રઢ બળ કે શક્તિ પ્રગટ થાય એવી અમારી પ્રાર્થના છે.

આ ચંદન! આવી મહાન્ સહન શક્તિથી, સુખદુઃખમાં એકરસ એક સ્થીતિમાં સ્થીત થવાના કારણથી પરમાત્માના શરીર ઉપર આ-રૂઢ થવાને–ચડવાને–સમર્થ થયું છે. તેના આ ઉત્તમ શીતળ–સમ પરિણામવાળા ગુણથી મનુષ્યો પણ પોતાના કપાળ ઉપર તેનું તિલક

કરે છે. શોભા અને શાંતિ માટે કપાળ ઉપર આડ કરવા રૂપે પોતાના મસ્તક પર ચડાવે છે તો હે પ્રભુ ! અમે મનુષ્યો, પ્રગટ વિચાર કરવાની કે યોગ્ય પ્રવૃત્તિ, નિવૃત્તિ કરવાની શક્તિ ધરાવનારાઓ આ ચંદન પ્રમાણે સમભાવની શાંતિવાળી શીતળવૃત્તિ ધારણ કરવાથી આ દુનિયાના લોકોને માનનીય, પૂજનીય, અનુકરણીય થઇએ તેમાં આશ્ચર્ય શું?

હે કૃપાળુ ! અમારી આજ પ્રાર્થના છે કે અમારામાં ચંદનના જેવી સહનશીળતા, શાંતિ, શીતળતા અને સદ્ગુણની સુગંધતા પ્રગટ થાય. ૨.

ત્યાર પછી ત્રીજી પુષ્પ પૂજા કરવી.

પુષ્પ પુજા. ૩.

જાઇ, જુઇ, ચંપક, ગુલાબ, મોગરો, કેતકી, પારીજાત, અને વિવિધ પ્રકારનાં કમળો. ઇત્યાદિનાં પુષ્પો લઇ તે પ્રભુજીના શરીર ઉપર —પ્રતિમાજી ઉપર ચડાવવાં. તેના હાર કરી ગળામાં પહેરાવવો. ઇત્યાદિ વિધિએ પુષ્પ પુજા કરવી. આ પુષ્પો કીડાએ ખાધેલાં ન હોય, જમીન ઉપર પડેલાં ન હોય, મલીન વસ્ત્રમાં લાવેલાં નહોય, કાચી કળીઓ નહોય, રજસ્વળા કે મલીન મનુષ્યોને અડકાયેલાં ન હોય, તેવાં પુષ્પો પ્રભુને ચડાવવાં. પુષ્પના કકડાઓ ન કરવા. તેમ તેને વિંધવાં પણ નહિં. હાર કરવા માટે દોરાઓથી ગુંથીને હાર કરવો—ઇત્યાદિ વિવેકપૂર્વક પુષ્પો ચડાવવાં.

આ પુષ્પો ચડાવતી વખતે મનમાં ઉત્તમ ભાવના ચાલુ રાખવી. પ્રભુ ઉપાસનાથી વિશુદ્ધ થયેલા હૃદયમાંથી નીકળતી, પવિત્ર રસથી ભીંજાયેલી આંતરભાવના તે મહાપ્રભુ આગળ પ્રગટ કરવી.

પ્રભુ ! આ પુષ્પમાં જેમ સુગંધ રહેલી છે તેમ આમારા દેહમાં આત્મા રહેલો છે. વસ્તુને જેમ પોતામાં રહેલી ઉત્તમ સુવાસ—સુગંધ દુનિયામાં ફેલાવે છે તેમ અમે અમારા ઉત્તમ વર્ત્તનથી આત્માના ઉત્તમ ગુણોની કીર્તિ દુનિયામાં ફેલાવી શકીએ તેવું અમને બળ આપો.

હે નાથ ! આ કમળો જેમ કાદવમાં ઉગે છે, પાણીથી વૃદ્ધિ પામે છે અને કાદવ તથા પાણીથી નિર્લેપ રહી—પાણીની ઉપર આવી પોતાનું સાચું સાંદર્ય કેવું પ્રકાશીત કરે છે ? હે દયાળુ ! એવી રીતે અમારૂં શરીર આ કર્મ કાદવથી ઉત્પન્ન થયું છે, વિવિધ પ્રકારના વિષય પાણીથી પોષણ પામ્યું છે. આ કર્મ અને વિષયથી નિર્લેપ રહી અમે અમારૂં સાચું સૌંદર્ય—ખરૂં આત્મ સ્વરૂપ પ્રગટ કરી શકીએ તેવું આત્મબળ આપો.

પુષ્પોએ પોતાની સુંદરતા અને સુગંધતાને લઇ દેવોને પણ મસ્તકે ચડવાની શક્તિ પ્રાપ્ત કરી છે તેમ અમે અમારા સત્યસ્વરૂપની સુંદરતા અને ઉત્તમ વર્ત્તનની સુગંધતાને લઇ આ લોકના અગ્રભાગ ઉપર સિદ્ધ જીવોની સમીપમાં નિવાસ કરી શકીએ તેવી અમારામાં આત્મ શક્તિ પ્રગટ થાય તેવી વિશુદ્ધિ આપો.

આ પ્રમાણે પુષ્પ પુજા થયા પછી ધુપ પુજા કરવી.

ધુપ પુજા. ૪

પોતાના દુષ્કૃત્યનો નાશ કરવા નિમિત્તે દશાંગ ધુપ તે પ્રભુની આગળ ઉખેવવો—સળગાવવો તે રૂપ ધુપ પુજા કરવી. આ ધુપ પુજા કરતી વખતે પોતાની ઉત્તમ હૃદયગત ભાવના તે મહાપ્રભુની આગળ પ્રગટ કરવી. હૃદયના ઉંડા વિશુદ્ધ ભાગમાંથી નીકળેલી ભાવના મનને વિશુદ્ધ બનાવે છે, કર્મનો ક્ષય કરાવે છે.

પ્રભુ ! આ ધુપ પોતે બળે છે છતાં વાતાવરણને સુધારે છે. મનને શાંતિ આલ્હાદ ઉત્પન્ન કરે છે. અને ધુમાડો ઉંચો જાય છે. લોકો તે સુવાસ વાળા ધુમાડાને પ્રભુની નજીક હડસેલે છે. આ ધુમાડો પણ પોતાની સુગંધ સાથે તે પ્રભુના નજીકમાં જઇને વિરામ પામે છે.

આ ધુપને આપની પાસે ઉખેવીને હે કૃપાળુ દેવ ! અમે એમ કહેવાને ઇચ્છીએ છીએ કે, આ ધુપ પોતે બળવા છતાં વાતાવરણને સુધારવાને સમર્થ થાય છે તેમ અમે પુર્વ કર્મ સંયોગે વિવિધ તાપથી બળવા છતાં આત્મજાગૃતિથી આજુબાજુના લોકોનું અને અમારૂં પોતાનું મન રૂપ વાતાવરણ તેને શુદ્ધ કરી શકીએ તેવું આત્મબળ આપો. અવલશ્ય કે આ ધુપની માફક અમે જે જે સ્થળે બેસીએ, વસીએ, રહીએ ત્યાં ત્યાં ઉત્તમોત્તમ વિચારોનું વાતાવરણ ફેલાવી શકીએ. અમે પોતે સુધરીએ અને અમારી સોબતમાં આવનારને પણ સારા વિચારો આપી તેના ખરાબ વિચારો દૂર કરાવી શકીએ એવી વિશુદ્ધિ પ્રાપ્ત થાઓ.

ધુપ મનને શાંતિ અને આલ્હાદ ઉત્પન્ન છે. તેમ હે પ્રભુ! અમારૂં વર્ત્તન એવું શુદ્ધ થવું જોઇએ કે અમને પોતાને તથા અમારા આશ્રિતો અગર સમાગમમાં આવનારાઓને શાંતિ અને આલ્હાદ ઉત્પન્ન થવો જોઇએ. હે દયાળુ ! તારી આ પુજાથી અમારામાં એવી વિશુદ્ધિ ઉત્પન્ન થાઓ કે જેથી સર્વને અમે શાંતિ તથા આલ્હાદ ઉત્પન્ન કરાવી શકીએ. અને અમે પણ તે ભોગવી શકીએ.

ધુપનો ધુમાડો જેમ ઉંચો જાય છે તેમ અમે ત્રિવિધ તાપથી બળવા છતાં અમારી ઇચ્છા કે ભાવનાઓ ઉચ્ચ ગામીજ થાઓ. અ-

મારા હૃદયમાં ઉન્નત ભાવનાઓજ પ્રેરાઓ તેને લઇ અમારૂં જીવન ઉચ્ચ બનો, અને અમારી ગતિ પણ ઉંચીજ પ્રાપ્ત થાઓ.

લોકો જેમ સુગંધી ધુપના ધુમાડાને પ્રભુની તરફ પ્રેરે છે, તેમ અમારૂં સુગંધી જીવન–સદ્ગુણી જીવન પ્રભુના માર્ગ તરફજ પ્રેરાઓ. ધુપના ધુમ્રની માફક અમે પોતે અમારા આત્મિક જીવનથી શુદ્ધ સ્વરૂપ આત્માનેજ પ્રાપ્ત થઇએ. પોતાનાજ શુદ્ધ સ્વરૂપ રૂપ પરમાત્માને પામીને તે સ્વરૂપમાંજ ધુપની માફક વિરામ પામીએ. હે નાથ ! આવું ઉત્તમ બળ આપ. આવી નિર્દોષ વિશુદ્ધિ આપ. એવી અગાધ શક્તિ અમારામાં પ્રગટ થાય એજ અમારી હૃદયની લાગણી છે.

આ પ્રમાણે યથાયોગ્ય વિચાર કરવા પૂર્વક ધુપપૂજા સમાપ્ત કરી દીપપૂજા કરવી.

દીપક પૂજા ૫.

ઘીનો દીવો પ્રભુની પાસે કરવો, પાંચ દીવાની આરતી કરવી, એક દીવાવાળો મંગળદીવો ચેતાવવો, આ સર્વ દીપકપુજા છે. આ દીપકપુજા કરતી વખતે માનસીક લાગણીઓ તે પરમાત્મા પાસે જાહેર કરવી. હૃદયનો ખરો આવેશ આ દીપકના બાહાના નીચે વ્યક્ત કરવો. હે દેવાધિદેવ ! આ દીપક પ્રકાશરૂપ છે. અંધકારનો નાશ કરનાર છે. વાંતાવરણ શુદ્ધ કરનાર છે. અનેક દીવાઓને ચેતવનાર છે. આ દીપક આપની પાસે વ્યક્ત કરવાનો માહારો આશય એવો છે કે હે પ્રભુ ! જેમ આ દીપક પ્રકાશક છે તેમ તમે જ્ઞાનવડે લોકાલોકના પ્રકાશક છો. દીપક અંધકાર નાશક છે. આપ અજ્ઞાન અંધકારનો નાશ કરનાર છો. દીપક વાતાવરણ શુદ્ધ કરનાર છે. આપ મલીન વાસનાને

સુધારનાર છો. આ દીવાથી અનેક દીવાઓ ચેતાવાય છે. તેમ આપના કેવળજ્ઞાનરૂપ નહિં બુઝાય તેવા દીપકથી અનેક યોગ્ય જીવોના આત્મદીપક ચેતાવાય છે. સદાને માટે પ્રકાશતા થાય છે. હે શરણાગત વત્સલ! મારામાં આવો જ્ઞાનદીપક પ્રકાશીત થાઓ. અજ્ઞાન અંધકાર દૂર થાઓ. મલીન વાસનાઓ નાશ પામો. સદાને માટે મારો આત્મદીપક પ્રકાશીત રહો. એવી માહરી અંતઃકરણની ઇચ્છા છે.

આ આરતીમાં પાંચ દીવા છે. ચાર નીચા છે અને એક સર્વથી ઉપર છે. તેમ આ પાંચ દીપક તે પાંચ જ્ઞાન છે. ચાર જ્ઞાન ક્ષયોપશમજન્ય છે. આ સર્વથી ઉંચું તે કેવળજ્ઞાન છે જે આત્માના સ્વભાવભૂત છે. તેમ મંગલદીપકમાં આ એકજ મ્હોટો દીપક પ્રકાશીત થઇ રહ્યો છે—તે એમ સુચવે છે કે આ સર્વથી મ્હોટું કેવલજ્ઞાન તે એકજ છે. સર્વનો પ્રકાશક છે અને તે શુદ્ધ આત્મા જ છે. હે દીનાનાથ! આ શુદ્ધ સ્વપર પ્રકાશક એક કેવલજ્ઞાન કે જે મારૂં આત્મ સ્વરૂપ છે તેનીજ મને પ્રાપ્તિ થાઓ. આ એક દીપકથી હું એમ સુચવું છું કે આ એક આત્મ સ્વરૂપનીજ મને જરૂરીયાત છે. બીજા કશાની મને જરૂર નથી.

હે નાથ! એવી ઉન્નત લાગણી મારામાં ઉત્પન્ન કરો કે તે મારૂં સ્વરૂપ મને પ્રગટ થાય.

આ પ્રમાણે દીપક પૂજા કરી છઠ્ઠી અક્ષત પુજા કરવી.

અક્ષતપૂજા. ૬

ઉજ્વળ, અખંડ, ફોતરાં વિનાના ઉત્તમ ચોખાનો સાથીઓ કરવારૂપ તે મહા પ્રભુની અક્ષતપૂજા કરવી.

આ પુજા કરતી વખતે પોતાની માનસીક લાગણીઓ તે દયાળુ પ્રભુ પાસે પ્રગટ કરવી. પોતાની લાગણીઓ જેમ જેમ વ્યક્ત થાય છે તેમ તેમ ભાવ વૃદ્ધિ સાથે તન્મય—એકાકરવૃત્તિ પૂજામાં બની રહે છે. માટે જેમ બને તેમ લાગણીઓ પ્રગટ કરવા પ્રયત્ન કરવો.

હે આત્મદેવ ! આ અક્ષત એટલે (ચોખાનો) સાથીઓ આપની પાસે કરવારૂપ નિમિત્તથી મારી આંતર્ લાગણીઓ હું આપની પાસે એવી રીતે વ્યક્ત કરૂં છું કે, આ ચોખા ઉજ્વળ છે તેમ તમારૂં આ. ત્મસ્વરૂપ ઉજ્વળ છે. ચોખા અખંડ (આખા) છે. તેમ તમારૂં સ્વરૂપ અખંડ છે. આ અક્ષતમાંથી અંકુરો ઉગે તેવી શક્તિ નાશ પામેલી છે તેમ આપના સ્વરૂપમાંથી કર્મઅંકુરાઓ ઉત્પન્ન થાય તેવી શક્તિ નાબુદ થઇ છે. અર્થાત્ તમે કર્મબીજથી રહિત થયા છો. આ ચોખા ફોતરાં વિનાના છે. તેમ તમે કર્મરૂપ—કે દેહરૂપ ફોતરાં રહિત કેવળ શુદ્ધ સ્વ-રૂપ થયેલા છો.

હે કૃપાનિધિ ! આપની સેવાથી મારૂં ઉજ્વળ, અખંડ આત્મ સ્વરૂપ પ્રગટ થાઓ. કર્મશક્તિ નાશ પામો અને દેહરૂપ પરાળ—ફોતરાં વિનાની શુદ્ધ સ્થતિ પ્રાપ્ત થાઓ. આથી વધારે મને કાંઇ જરૂર નથી. મારૂં સ્વરૂપ મને સમજાય તે સિવાય હું કાંઇ ઇચ્છા કરતો નથી. સા-થીઓ કરતી વખતે એ મનોરથો ક . કે, હે દયાળુ પ્રભુ ! આ ચાર પાંખડી સમાન ચાર ગતિ ઘણી વાંકી છે તેમાં વારંવાર જન્મ મરણુ કરવાં પડે છે તેને તું છેદી નાખ. અથવા તેને અમે છેદી શ-કીએ તેવી વિશુદ્ધિ આપ. અગર યોગ્ય માર્ગ બતાવ.

ત્યાર પછી તે સાથીઆ ઉપર ત્રણ ઢગલી કરતાં એવી લાગણી પ્રદ-ર્શીત કરવી કે, આ જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ ત્રણ રત્નની પ્રાપ્તિ

અમને થાઓ. એટલે આત્માનું સમ્યક્જ્ઞાન સમ્યક્ શ્રદ્ધાન અને તે શુદ્ધ સ્વરૂપમાં સ્થીરતારૂપ ચારિત્ર અમને પ્રાપ્ત થાઓ. છેવટે તે ત્રણ ઢગલીના ઉપરના ભાગમાં અષ્ટમીના ચંદ્ર સરખી સિદ્ધ સિલ્લા કરી તેના ઉપર ફળ મૂક્તી વખતે એ લાગણી પ્રગટ કરવી કે આ લોકના અગ્રભાગ ઉપર રહેલ સિદ્ધ પરમાત્માઓ તે સ્થળે અમારો નિવાસ થવા રૂપ ફળ અમને પ્રાપ્ત થાઓ.

મતલબ કે આ પ્રભુરૂપ શુદ્ધ આત્મા તેની સેવાનું છેવટનું ફળ જન્મ મરણ વિનાની આત્મસ્થીતિ છે તે અમને પ્રાપ્ત થાઓ. આ પ્રમાણે પોતાની લાગણીઓને આ પ્રભુની પૂજાદ્વારા ઉત્તેજીત કરી, સ્મરણ કરી તે મેળવવા ઉત્સાહીત થવું એમ છઠી પૂજા થઇ.

અક્ષતપૂજા કર્યાબાદ સાતમી નૈવેદ્યપૂજા કરવી.

નૈવેદ્યપૂજા. ૭.

લાડુ, બરફી, ઘેબર, ખાજાં, ભાત, દાળ આદિ ઉત્તમ પ્રકારનાં વિવિધ જાતિનાં નિવેદ લાવી પ્રભુના નજીકના ભાગમાં સુંદર રકેબી કે થાળમાં ધરાવવાં. આ પ્રકારનાં નિવેદ પ્રભુ આગળ ધરી પોતાની ભક્તિ પ્રદર્શીત કરવી. આ નિવેદ ધરાવતી વખતે પોતાની અંતરંગ લાગણીઓ પોતાના મન દ્વારા તે મહાપ્રભુ આગળ નિવેદિત કરવી. હૃદયના ઉંડાણમાંથી નીકળતી પોતાની ઉર્મીઓ સરલ આશયથી જણાવવી. પ્રભુ ! આપ તો ક્ષુધા, તૃષા આદિથી રહિત છો. આ વસ્તુઓ કાંઇ આપને ખવરાવવાને માટે મેં આપની આગળ ધરી નથી. તેમ આ વસ્તુઓ આપને દેખાડવાના આશયથી મેં આપની આગળ ધરાવી નથી. નાથ ! આપતો સર્વજ્ઞ છો. સર્વભાવને-વસ્તુના ગુણદોષને-કે

સ્વભાવને જાણનાર છો. આ નિવેદ ધરાવવાના કારણ-બ્હાના નીચે કેવળ હું મારી લાગણી આપની આગળ નિવેદિત કરૂંછું.

દયાળુ પ્રભુ ! આ જે વસ્તુઓ મેં આપની સમક્ષ ધરી છે તે અને તેવી બીજી અનેક વસ્તુઓ મેં અનેકવાર ખાધી છે. આ શરીર અને બીજા અનેક ભવમાં ધારણ કરેલાં અનેક શરીરોદ્વારા અનેકવાર અનેક વસ્તુઓનો ઉપભોગ થયો છે-કર્યો છે પણ તેથી આ મનની તૃપ્તિ કોઇ દિવસ થઇ નથી. માટે હવે તો કૃપા કરો. અમને સદ્‌બુદ્ધિ આપો. યોગ્ય માર્ગ બતાવો અને અમારૂં નિરાહારી પદ-અણુહારી શરીર વિનાની સ્થીતિ-પ્રાપ્ત કરાવો.

આ આહાર શરીરનું પોષણ કરનાર છે, તે સિવાય શરીર ટકી શકતું નથી. અમને જે સદાનું પ્રિય છે તે અમે આપની સેવામાં હાજર કરીએ છીએ. તે આપ ગ્રહણ કરો. કહેવાનો આશય એવો છે કે, શરીરનું પોષણ તો પ્રારબ્ધદ્વારા અમને મળી રહે છે. તે માટે અમારી ઇચ્છા કે માગણી નથી, પણ અમને સ્વરૂપની પ્રાપ્તિ થવામાં પોષણ આપનાર ઉત્તમ સાધનોની પ્રાપ્તિ થઈ આવે અને છેવટે અમારૂં જે નિરાહારી પદ-શુદ્ધ આત્મસ્વરૂપ-તેમાં અમે લીન થઇએ તેવું બળ આપો. હે નાથ ! આ ભોજન તો શરીરનું પોષણ કરનાર છે. અમે કાંઈ શરીર નથી. અમે જે સ્વરૂપે છીએ તે સ્વરૂપે સ્થિર થઇએ, તેમાં વિક્ષેપ ન આવે, તે સ્વરૂપે કાયમ બન્યા રહીએ, અમારૂં તે ભાન કોઈ દિવસ ન ભૂલાય, તેવી સ્થીતિને માટે જે જે સદ્‌ વિચારોનું, વિશુદ્ધ ભાવનાનું, અને ઉત્તમ જ્ઞાનનું પોષણ જોઇએ, તેતે પોષણ અમને મળે, તેવી સ્થીતિને માટે અમે લાયક થઇએ, તેવું આશીર્વાદ

બળ અમારામાં પ્રગટ થાઓ. એજ અમારી આપની પાસે નમ્ર પ્રાર્થના છે.

આ ભાવનાપૂર્વક સાતમી નિવેદપૂજા પૂર્ણ કરી આઠમી ફળ-પૂજા કરવી.

ફળપૂજા. ૮

ફળપૂજા કરતી વખતે નાળીયેર, પનસ, આમલાં, બીજોરાં, જં-બીર, નારંગી, લીંબુ, સોપારી, આમ્રફળ, ઇત્યાદિ ઉત્તમ ફળો પ્રભુની પાસે મૂકી પોતાની અંતરગત ભાવના પ્રગટ કરવી.

પ્રભુ ! આ ફળ છે. ફળ મૂકી ફળની ઇચ્છા કરૂંછું. એટલે આ દુનિયામાં પરિભ્રમણ અને પ્રયત્નો કરતાં આજ સુધીમાં મને કરેલ કાર્ય કે પ્રયત્નને છેડે જે ફળો મળ્યાં છે તે બધાં નિરસ છે. વિયોગ-શીળ છે. સંતાપ કરનાર છે. અશાંતિ ઉત્પન્ન કરનારાં છે. અસંતોષ-વાળાં છે. નિરાશા ઉત્પન્ન કરનારાં છે. એકાંતિક કે આત્યંતિક સુખ તેમાંથી કોઈ વખત મળ્યું નથી અને મળવાની આશા પણ નથી.

આ કારણથી તે લોકીક ફળને સુચવનાર આ ફળ આપની આગળ ધરાવ્યું છે—મેં મુકયું છે. તે મૂકીને હું આપને એમ સૂચવું છું કે આવાં લોકીક ફળ તો મારા મન, વચન, શરીરના શુભાશુભ પ્રયત્નથી મને અનેકવાર મળ્યાં છે તેની મને ઇચ્છા નથી. તેથી તો ઉલટો હું હેરાન થયો છું, મારા સ્વરૂપનું ભાનભૂલી ગયો છું. આ ફળોથી તો ઉલટું આવરણ ગાઢું—મજબુત થયું છે. હું તે ફળોનો ત્યાગ કરૂંછું, અને આપની પાસે એ યાચના કરૂંછું કે મને એવું ફળ આપો—અગર તેવો

માર્ગ બતાવો—અથવા મારા હૃદયમાં એવી વિશુદ્ધિ ઉત્પન્ન કરો કે જન્મ, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ વિનાની શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ ફળની પ્રાપ્તિ થાય. જે ફળ મળ્યા પછી બીજા ફળની ફરી કોઇ પણ દિવસ ઇચ્છા ઉત્પન્ન ન થાય. જે ફળનો આનંદ અખંડિત-પણે રહ્યા કરે.

આ પ્રમાણે અષ્ટપ્રકારી પૂજા, દ્રવ્ય તથા ભાવપૂર્વક કરવી. દ્રવ્યપૂજા આ શરીરદ્વારા સ્નાન, ચંદન, પુષ્પ, ધુપ, દીપક, અક્ષત, નિવેદ અને ફળ મુકવા પ્રમુખથી કરવી, ભાવપુજા, આ ઉપર બતાવ્યા પ્રમાણે પોતાના મનની વિશુદ્ધ વિચારવાળી ભાવના—લાગણી અને જાગૃતિપૂર્વક કરવી. જેમ પોતાનો ભાવ ઉલ્લાસ પામે, પોતાનું સાધ્ય લક્ષમાં રહે, પોતાનું લક્ષ ન ભૂલાય અને પોતાના લક્ષરૂપ સાધ્યનેજ પોષણ મળે તેમ અખંડ ઉપયોગની જાગૃતિપૂર્વક આ અષ્ટ-પ્રકારી પુજા કરવી.

પુજા પૂર્ણ થયા બાદ પુર્વે કહી ગયા છીએ તે વિધિએ ચૈત્યવંદન પ્રભુ ગુણની સ્તુતિ કરવી. દેરાસરજીમાંથી નીકળી ઘર તરફ જવાના પ્રસંગે દેરાસરજીના મૂળ પ્રવેશ દ્વાર પાસે આવી ત્રણ વાર આવસહિ કહેવી એટલે પહેલાં દેરાસરજીમાં પ્રવેશ કરવાના વખતે જે ગૃહવ્યાપારાદિનો નિષેધ કરવા, તે સંબંધમાં કાંઇ પણ ન બોલવા કરવા, કે વિચાર ન કરવારૂપ પ્રતિજ્ઞા કરી હતી તેની હવે સમાપ્તિ કરવી. અને અવશ્યનાં વ્યવહારિક કાર્ય પ્રસંગે હવે તે પ્રતિજ્ઞામાંથી મુક્ત થાઉંછું, તેમ મનથી યાદ કરી પછી દેરાસરજીમાંથી બાહાર નીકળવું.

ભાવ પૂજા સંબંધે શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજીના વિચારો.

પૂજા વિધિમાંહી ભાવીઇંજી, અંતરંગ જેહ ભાવ;
તે સવી તુજ આગળ કહુંજી, સાહેબ સરળ સ્વભાવ.
સુહંકર અવધારો પ્રભુ પાસ. ૧
દાતણ કરવાં ભાવીઈજી, પ્રભુ ગુણજળ મુખ શુદ્ધિ.
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો મુજ નિર્મલ બુદ્ધિ.
સુહંકર અવધારો પ્રભુપાસ. ૨
યતનાઈ સ્નાને કરીજી, કાઢો મયલ મિથ્યાત.
અંગુછે અંગ શોષવીજી, જાણું હુવો અવદાત. સુ. અ. ૩
ક્ષીરોદકનાં ધોતીયાંજી, ચિંતવું ચિત્ત સંતોષ;
અષ્ટ કરમ સંવર ભલોજી, આઠપડો મુખકોશ. સુ. ૪
ઓરસીઓ એકાગ્રતાજી, કેસર ભગતિ કલ્લોલ;
શ્રદ્ધાચંદન ચિંતવ્યુંજી, ધ્યાન ઘોલ રંગરોલ. સુ. ૫
ભાલિવહો આણા ભલોજી, તિલકતણો તેહ ભાવ;
જે નિરમાલી ઉતારીઇજી, તે ઉતાર્યા વિભાવ. સુ. ૬
જે આભરણ ઉતારિઇજી, તે તો ચિત્ત ઉપાધિ.
પખાલ કરંતાં ચિંતવેજી, નિરમલ ચિત્ત સમાધિ. સુ. ૭
અંગલુણાં બે ધર્મનાંજી, આતમ સ્વભાવ તે અંગ;
જે આભરણ પહેરાવીઇંજી, તે સ્વભાવ નિજચંગ સુ. ૮

જે નવવાડી વિશુદ્ધતાજી, તે પૂજન નવઅંગ,
પંચાચાર વિશુદ્ધતાજી, તેહ ફુલ પંચ રંગ. સુ. ૯
દીવો કરવાં ચિંતવોજી, જ્ઞાન દીપક સુખ ખાસ.
નય ચિંતા ઘૃતપુરીઇંજી, તત્વ પાત્ર સુ વિલાસ. ૧૦
ધૂપ રૂપ ઇતિકાયતાજી બણુ ગુરૂ તનુ યોગ.
શુદ્ધ વાસના મહમહેજી, તે તો અનુભવ યોગ. સુ. ૧૧
મદ થાનક અડ છાંડવાજી, તેહ અષ્ટ મંગલીક.
જે નૈવેદ્ય નિવેદીઇંજી, મન નિશ્ચલ ટેક. સુ. ૧૨
લવણ ઉતારી ભાવિઇંજી, કત્રિમ ધર્મનો ત્યાગ.
મંગલ દીવો અતી ભલોજી, શુદ્ધ ધરમ પરભાગ. ૧૩
ગીત નૃત્ય વાજીંત્રનોજી, નાદ અનાહદ સાર.
સમરાત રમણિ જે કરેજી, તે સાચો થેથેકાર. સુ. ૧૪
ભાવ પૂજા એમ સાચવીજી સત્ય વજાવોરે ઘંટ.
ત્રીભુવન માંહી તે વિસ્તરેજી, ટાળી કરમનો ફંદ. સુ. ૧૫
ઇણિપરે ભાવના ભાવતાંજી, સાહિબ સુજસ પ્રસન્ન.
જનમ સફળ જગ તેહનોજી, તેહ પુરૂષ ધન ધન્ન. સુ. ૧૬
પરમ પુરૂષ પ્રભુ શામળાજી, માનો એ મુજ સેવ.
દુર કરો ભવ આમળાજી, વાચક જશ કહે દેવ.

સુહંકર—અવધારો પ્રભુપાસ—૧૭

શ્રીમાન્ યશોવિજયના કરેલાં આ સ્તવનનો ટુંકામાં અક્ષરાર્થ જેટલો ભાવાર્થ આ પ્રમાણે છે.

પૂજાની વિધિની અંદર જે અંતરંગ ભાવ છે તેની ભાવના કરવી. તે સર્વ હે પ્રભુ ! સુખકારી ! સાહેબ ! સરલ સ્વભાવે તારી આગળ કહુંછું. પ્રભુ પાર્શ્વ ! તે આપ અવધારો. સાંભળો. તેના તરફ આપ ધ્યાન આપો. મતલબ કે તે મારૂં કહેવું બરોબર છે કે કેમ ? તે આપ અવધારો. ૧. ગૃહસ્થોએ દાતણ કરતાં એમ ભાવના કરવાની છે કે પ્રભુના ગુણરૂપ જળવડે મુખ શુદ્ધિ કરવી, અને પ્રમાદ દશા રૂપ ઉલ-જીભનો મેલ-ઉતારી નાખવો અને તેમ કરી પ્રભુ આગળ એ પ્રાથના કરવાની છે કે પ્રભુ ! તેથી મારી બુદ્ધિ નર્મળ થાઓ. ૨.

કોઈ જીવજંતુને નુકશાન ન થાય તે રૂપ યતના, એ યતનાવડે સ્નાન કરીને મિથ્યાત્વરૂપ મેલને કાઢી નાંખો, અને પછી અંગલુંછણું-જે ટુવાલ-કે રૂમાલ લઈ જે શરીર સ્નાન કરવાથી ભિનું થયેલું છે તેને લુછી નાખવું. અને તેમ કરતાં એમ માનવું કે હું કૃતાર્થ થયોછું. ૩.

સ્નાન કર્યા પછી ક્ષીર તથા પાણીનાં જેવાં ઉજવળ ધોતીયાં અથવા ક્ષીરોદક જાતિનાં ઉત્તમ-સ્વચ્છ-નિર્મળ ધોતીયાં પહેરવાં. આ ધોતીયાં તે મનમાં સંતોષ રાખવા રૂપ સમજવાં-પહેરવાં. અને પછી મુખકોશ, જે મોઢા ઉપર નાસીકાથી મસ્તક પર્યંત સુંદર વસ્ત્ર બાંધવામાં આવે છે તે પ્રભુ પૂજા વખતે પોતાની નાસીકા કે મુખનો શ્વાશ-અશુદ્ધ શ્વાસોશ્વાશ પ્રભુ ઉપર-પ્રભુ તરફ ન જાય તે માટે અઠ-પડો-આઠ પડવાળો-મુખકોશ બાંધવામાં આવે છે તેને સ્થાને આઠ કર્મને સંવરવાં-સંવરવાં એટલે પોતામાં આઠ કર્મ ન આવે તેવો ઉત્તમ આત્મઉપયોગ જાગૃત કરવો. તે રૂપ આઠપડો મુખકોશ બાંધવો. ધારણ કરવો. ૪

એકાગ્રતા રૂપ ઓરસીયા ઉપર, ભક્તિના કલ્લોલ પરંપરા–સ્ફુરણાઓના તરંગો–ઉચ્ચ ભાવનાનાં આંદોલનો–તે રૂપ કેસર કાઢીને–તે ઓરસીયા ઉપર મૂકીને, શ્રદ્ધા, યા આત્મશ્રદ્ધા, પ્રભુ ઉપર શ્રદ્ધા, ધર્મ ઉપર શ્રદ્ધા તે શ્રદ્ધારૂપ ચંદનથી કેસર ઓરસીયા ઉપર ઘસવું. પછી ધ્યાનરૂપ વિવિધ રંગવાળું ઘોળ–કેશર ચંદન મિશ્રિત દ્રવ, પ્રવાહી–ઘટ્ટ પદાર્થ તૈયાર કરવો.

તે કેશર ચંદન મિશ્રિત ઘોળવડે પોતાના કપાળ ઉપર–પ્રભુની આજ્ઞા મારા મસ્તક ઉપર ધારણ કરૂંછું–આ ભાવના પૂર્વક તિલક કરવું. પછી પ્રભુની મૂર્તિ આગળ જઇ આગલા દિવસનું જે પુષ્પાદિ ચડેલું હોય તેને નિર્માલ્ય કહે છે તે વિભાવ આત્મસ્વભાવથી પર હોવાથી વિભાવરૂપ નિર્માલ્ય ઉતારી નાખવાં. પોતામાં વિભાવ દશામાં આનંદ માનવારૂપ જે નિર્માલ્ય રહેલ હોય તે કાઢી નાખવાં. ૬

ત્યારપછી પ્રભુની પ્રતિમાજી ઉપર જે આભરણો રહેલાં છે તે આભરણોને ઠેકાણે ચિત્તમાં રહેલી ઉપાધિ–વિવિધ પ્રકારના વિક્ષેપ પમાડી હેરાન કરનાર લાગણીઓ–તે ઉતારી નાખવી, અને પછી પ્રભુના શરીર ઉપર પખાળ કરવી. પાણીથી સ્નાન કરાવવું. આ સ્નાન કરાવતાં એમ વિચાર કરવો કે મારા મનને હું નિર્મળ–સમાધિવાળું બનાવું છું. આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત–રહીત–કરૂં છું. ૭

પછી ભગવાનના અંગ ઉપર બે અંગલુંણાં કરી આભરણ પહેરાવવાં. આ અંગલુંણાં તે બે પ્રકારનો ધર્મ છે. ગૃહસ્થ ધર્મ તથા ત્યાગધર્મ. પહેલું અંગલુંણું ગૃહસ્થ ધર્મ–દ્વાદશવ્રતરૂપ. અને બીજું અંગલુણું તે પાંચ મહાવ્રતરૂપ ત્યાગધર્મ ગ્રહણ કરવા રૂપ છે. આ બે અંગલુણાં, અંગ ઉપર–શરીર ઉપર કરવાં. આત્માનો શુદ્ધ સ્વભાવ તેજ

અંગ છે અને તેના ઉપર બે ધર્મરૂપ અંગલુણાં ફેરવવાં. તથા પોતાનો પવિત્ર સ્વભાવ—જ્ઞાન દર્શન આનંદરૂપ આત્મ સ્વભાવ—તે રૂપ આભરણ એ શુદ્ધાત્મારૂપ અંગ ઉપર પહેરાવવાં. ૮

પછી નવ અંગે પૂજન કરવું—અને પંચરંગી પુષ્પો ચડાવવાં. આ નવ અંગે પૂજન તે વિશુદ્ધ નવવાડો પાળવી. નવવાડ પૂર્વક પવિત્ર બ્રહ્મચર્ય પાળવું તે છે. અને પાંચ રંગનાં પુષ્પો તે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચરિત્રાચાર, વીર્યાચાર અને તપાચાર. આ પાંચ પ્રકારના આચારમાં પોતાની શક્તિ ફેરવવી. વિશુદ્ધ પાંચ આચાર પાળવા તે પાંચ પ્રકારનાં પુષ્પો પ્રભુને ચડાવવા બરોબરછે. ૯

પછી પ્રભુની આગળ દીપક કરવો. આ દીપક કરતાં એમ વિચાર કરવો કે, તત્ત્વરૂપ પાત્રની અંદર વિવિધ પ્રકારના નયના—અપેક્ષાના ચિંતન કરવા રૂપ ઘી પુરીને, જ્ઞાનરૂપ દીપક પ્રગટ કરવો. મતલબ કે આત્મા એજ તત્ત્વરૂપ છે તેને વિવિધ પ્રકારના નયોએ ચિંતવવો. સાતે નયે આત્માનું સ્વરૂપ જુદી જુદી રીતે ચિંતવી, એવંભૂતનયમાં સ્થીરતા કરવી. અને આ તત્ત્વરૂપ પાત્રમાં નયની વિચારણા કરવા વડે આત્મજ્ઞાનરૂપ દીપક પ્રગટ કરવો. ૧૦

પછી કૃષ્ણાગુરૂ નામનો મઘમઘાટ કરતો સુગંધી ધુપ કરવો. આ કૃષ્ણાગુરૂ તે શરીર યોગ. તેમાં શુદ્ધ વાસના—લાગણી—કે ભાવના તે રૂપ મઘમઘાટ કરતો—સુગંધવાળો અનુભવ યોગરૂપ ધુપ કરવો.

પછી અષ્ટમંગલિક આલેખીને પ્રભુ આગળ નિવેદ્ય ધરાવવું. આ અષ્ટમંગલિક તે મદના આઠ સ્થાન—આઠ પ્રકારનો મદ—અહંકાર જે ઉત્પન્ન થાય છે તેનો ત્યાગ કરવો, તે અષ્ટમંગલીક સમજવાં. અને

મનની જે નિશ્ચલ ટેક. મનના ચોકરા વિચારો—ઉત્તમ કાર્યમાં પ્રવૃત્તિ કરવા દૃઢ કરેલા વિચારો—તે રૂપ નિવેદ પ્રભુની આગળ ધરવું. ૧૨

પછી લવણ ઉતારી મંગલ દીવો કરવો—ઉતારવો. આ લવણ ઉતારવુ એટલે જે કર્ત્રિમ—અનાવટી—મનની કલ્પનાથી ઉપજાવી કાઢેલા ધર્મનો ત્યાગ કરવો તે છે. અને મહાન્ ઉત્તમ શુધ્ધધર્મ તે રૂપ મંગલ દીવો ઘણો સારો પ્રગટ કરવો. ૧૩

પછી ગીત, નૃત્ય અને વાજીંત્ર વગાડવાં. આ ગીત અને વાજીંત્ર તે વિવિધ પ્રકારના અનાહદ નાદ જે મસ્તકમાં થાય છે તે સમજવાં. સ્થીર આસને બેસી સાંભવીમુદ્રા પૂર્વક જમણા કાનની અંદર લક્ષ રાખતાં જે શબ્દ સંભળાય છે તેને અનાહત નાદ કહે છે. કારણ કે અના—હત એટલે કોઇના વગાડયા સિવાય વાગનાર નાદ. તે અનાહત રીતે વાગે છે. અને શમરતિ સમભાવમાં પ્રીતિરૂપ સ્ત્રી, જે નાચે છે. શમભાવમાં જે આનંદ થાય છે તે રૂપનાદ તે સાચો થૈથૈકાર છે.—નાચ છે. ૧૪.

આ પ્રમાણે ભાવપૂજાને સાચવીને સત્યનો ઘંટ વજાવો. વગાડો હે પ્રભુ ! તુંજ જગતમાં એક સત્ય છે. અથવા પવિત્ર આત્મા—શુદ્ધ સ્વરૂપ—એજ સત્ય છે. એ સત્યને સૂચવનાર ઘંટ વગાડવો. અને તે એટલા જોરથી વગાડવો કે તેનો નાદ—શબ્દ—પ્રતિધ્વની ત્રણ ભુવનમાં વિસ્તાર પામે. અથવા કર્મના ૯ંદ—કર્મનું ધાંધલ ટાળીને અથવા ટાળવારૂપ સત્યનો ઘંટ વજાડવો. કે જેના ગુણોની ત્રણ ભુવનના લોકોને ખબર પડે, કે સત્ય તો દુનિયામાં આજ છે કે કર્મનો નાશ કરવો. અને આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું.

આ પ્રમાણે ભાવના ભાવતાં ઉત્તમ યશવાન્ સાહિબ પ્રભુ પ્રસન્ન થાય. આ પ્રમાણે પૂજા કરનાર મનુષ્યનો દુનિયામાં જન્મ થાય તેપણ સફલ છે. અને તે પુરૂષને ધન્ય છે! ધન્ય છે! ૧૬

હે પરમ પુરૂષ પ્રભુ! શામળા પાર્શ્વનાથ! આ મારી સેવા માન્ય કરો. હું આવી રીતે ભાવથી આત્મ પ્રભુની-આપની સેવા કરૂં છું! મારો ભવનો આમળો-વળ-વિષમતા દૂર કરો. હે દેવ! વાચક-ઉપાધ્યાય યશોવિજય આ પ્રમાણે આપની સેવા કરે છે. વિનંતિ કરે છે. સુખકર પાર્શ્વપ્રભુ! મારી સેવા અવધારો.

ઇતિશ્રી ભાવપૂજા વિષયે શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજય કૃત સ્તવનં સમાપ્તં.

માનસીક પૂજન.

દરેક મનુષ્યોએ નિરંતર પરમાત્માનું પૂજન કરવું જોઇએ. દેવપૂજન કર્યા સિવાય ભોજન નહિં કરવું. પૂર્વે કહી આવ્યા તેવી પૂજા કરવાની સામગ્રી ન હોય તેમણે માનસીક પૂજા કરવી. એટલે કોઇ જરૂરી પ્રસંગને લઇ વખત ન હોય, અથવા દેવમંદિરની જોગવાઇ ન હોય, અથવા પૂજનની સામગ્રી ન હોય, શરીર અશક્ત હોય, અથવા અથવા જન્મ, મરણનું સુતક હોય, અથવા શરીર શુદ્ધિ ન હોય. ઇત્યાદિ હરકોઇ કારણે પૂર્વે કહેલી દેવપૂજા ન બની શકે તેમ હોય તેઓએ આ આગળ બતાવવામાં આવે છે તેવી રીતે માનસીક પૂજાતો અવસ્ય કરવી. કેમકે પૂજન કર્યાથી સમ્યક્ત્વ નિર્મલ થાય છે. મન વિશુદ્ધતાને પામે છે. પુન્યબળ વધે છે. ચિત્તની એકાગ્રતા થાય છે. અને જીવો ધ્યાન કરવા લાયકની યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે. વળી આ પૂજન કરવું તે ઘણુંજ સહેલું છે. આ બાળ, યુવાન, સ્ત્રી, વૃદ્ધ, સધવા કે વિધવા સ્ત્રી ઇત્યાદિ સર્વ કોઇથી પણ બની શકે તેમ છે. છેવટની સ્થીતિમાં આવેલા રોગીઓ—અશક્તો સુતાં સુતાં પણ ઘણી સહેલાઇથી આ માનસીક પૂજા કરી શકે છે. તેની વિધિ આ પ્રમાણે છે.

જ્યારે અનુકુળતા હોય ત્યારે પાછલી રાત્રીએ કે પ્રભાતે, કોઇ એક સ્થળે શાંતપણે પૂર્વ કે ઉત્તરના સન્મુખ પદ્માસન કરીને અથવા પલોંઠી વાળીને બેસવું. રોગીએ સુતાં સુતાં પણ આ પૂજા કરવી. મનમાંથી બધા હલકા વિચારોને કાઢી નાખી, બે ચાર મિનિટ સુધી નવકાર મંત્રનું સ્મરણ કરવું ત્યાર પછી જેવી રીતે નિરંતર સ્નાન કરી શુદ્ધિ થાઓ છો તેમ મનથી સ્નાન કરી શુદ્ધ થવું, ત્યાર પછી એક દેરાસરની કલ્પના કરવી. તેમાં તમે ઉભા છો. સન્મુખ એક સુંદર

પ્રભુની મૂર્ત્તિ રહેલી છે તે તમારા મનથી તમે જુવો. જે મૂર્ત્તિ કે દેરાસર તમને વધારે પરિચિત હશે તે તમારા મનમાં વહેલું દેખાવ આપશે તે પ્રભુની પ્રતિમાજી તમે આંખો બંધ કરી ધારી ધારીને દેખો, તેનો ભાસ તમારા મનમાં પડે ત્યારપછી તે પ્રતિમાજીને દુધનું નવણુ કરી, નિર્મળ પાણીથીં સ્નાન કરાવો. પછી અંગુલુણાથી અંગ લુછી નાખી, માનસીક કલ્પનાથી ચંદન આદિ સામગ્રીથી નવ અંગે તિલક કરો, શરીરે ચંદનનો લેપ કરો, ધૂપ ઉખેવો, દીપક કરો, પુષ્પ ચડાવો, સાથીઆ કરો, નિવેદ ધરાવો, ફળ મૂકો. આ પ્રમાણે પૂર્વે કહી આવ્યા છીએ તેવી ઉત્તમ ભાવના સાથે, ઉત્સાહિત માનસીક લાગણીઓ પૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરો.

ત્યારબાદ ત્રણુ ખમાસણાં આપી, જો આવડતું હોયતો ચૈત્યવંદન, સ્તવન વિગેરે મનથી બોલો—કહો.

જેવી રીતે દ્રવ્યપુજા કરો છો તેવી સર્વ રીતે મનથી તે પરમાત્માની પુજા કરવી, ત્યારબાદ જેટલી તમને સ્થીરતા હોય તે પ્રમાણે મનથી, આંતરૂદ્દષ્ટિથી તમારા સન્મુખ મનમાં દેખાતી તે મહાપ્રભુની શાંત મૂર્ત્તિ સન્મુખ એક દૃષ્ટિથી જોયા કરો. તેમાં એટલા બધા સ્થીર થઇ જાઓ, કે તમારા દેહ સુદ્ધાનું ભાન તેટલા વખત માટે ભૂલાઇ જાય, સામેની મૂર્ત્તિ પણુ તમારા મનમાંથી અદૃશ થઇજાય, તે પ્રભુના શુદ્ધ સ્વરૂપ સાથે એકરસ થઇ જાઓ, ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણેનો વિલય થઇ એક ધ્યેયરૂપ થઇ રહેવાય. આત્મામાં મન ગળી જઇ તદાકાર થઇ રહે. આવી રીતે જો આ માનસીક પુજા બની શકે તો બાહારની દ્રવ્યપુજા કરવાં પણુ વિશેષ લાભ મેળવી શકો.

શરૂઆત નિરંતર ધીમાશથી થાય છે. એકાદ કે વધારે દિવસ સુધી કદાચ આ પ્રતિમાજી મનમાં સ્થિર નહિં થાય, પણ નિરંતરના અભ્યાસથી તેમ બની શકશે. અને આલંબનદ્વારા મનની મલીનતાનો નાશ કરી, ચિત્ત એકાગ્ર કરી શકશો. મહાન્ આનંદ મેળવી શકશો. પરમાત્માનું ઉત્તમ ધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત થશે. ધીમે ધીમે કર્મનો ક્ષય થતાં પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન આલંબન દ્વારા થશે; આ માનસીક પૂજામાં મનને એક પછી એક એમ અનેક કાર્ય કરવાનાં હોવાથી, મનની આકૃતિઓ વારંવાર જુદા જુદા કાર્યોમાં જુદી જુદી રીતે બદલાવવાની હોવાથી, ચંચળ મનવાળાઓનું મન પણ બીજી ચંચળતા મૂકી દઇને રાજી ખુશીથી આ નવીન દેખાવો કે વિચારોમાં જોડાશે. એટલે એકંદર મનની ચંચળતાવાળાને પણ આ માનસીક પૂજા વિશેષ ઉપયોગી થઈ પડશે.

એકાદ આલંબનમાં મનને સ્થિર થવાની ટેવ પડ્યા પછી કદાચ તે આલંબનમાં રસ ન પડે તો તેમણે નવીન તીર્થસ્થળો કે પાહાડો, વનો, જે પોતે અનુભવેલાં-જોયેલાં હોય તેવો એકાદ દેખાવ પોતાના મનથી કલ્પીને મનમાં ખડો કરવો અને તે સ્થળે પ્રભુની પ્રતિમાજીને કલ્પીને ત્યાં બેઠા બેઠા પૂજાદિ કરવાનું ચાલુ રાખવું.

શત્રુંજય, ગીરનાર, આબુ, તારિંગા, સમેતશીખરાદિ તીર્થસ્થળોનાં જેમણે દર્શન કર્યા હોય તેમણે તે સ્થળોનું સ્મરણ કરી, જાણે તેજ પાહાડ ઉપરના મંદિરમાં પ્રભુની આગળ પોતે ઉભો છે, અને પ્રભુની સેવા-પૂજા કરે છે. તેવી માનસીક કલ્પના કરી ત્યાં પણ આ પ્રમાણે ધ્યાન-પૂજન કરવું. સાક્ષાત્ પ્રભુની-જીવનમૂર્ત્તિ પ્રભુના સ્વરૂપની કલ્પના જો મનથી થઇ શકે તો તેમ કરી તેમને વંદન, નમન, પૂજન કરવું.

અથવા જેમને પોતાના ગુરૂ ઉપર વિશેષ લાગણી હોય તેમણે તે ગુરૂની મનથી કલ્પના કરી તેનું સ્વરૂપ મનમાં ખડું કરવું અને તેમને વંદન, નમન કરવું. ગમે તે પ્રકારે પણ આ પૂજનનો ઉદ્દેશ મનની એકાગ્રતા, વિશુદ્ધિ, વિચારાંતરૂનો અભાવ, ઉત્તમ આલંબનમાં મનનો લય, અને વખતનો સદુપયોગ વિગેરે કરી સફળ કરવો.

આ સર્વ પોતાના ભલા માટે કરવાનું છે. આમજ કરવું, અને આમ નજ થાય, આવા બંધનમાં તમે બંધાયા નથી, અને કોઇ બાંધી પણ શકે નહિં. જે પૂજનમાં તમારો ઉત્સાહ વૃદ્ધિ પામે અને મન નિર્મળ થાય તે કામ કરી આત્મસ્વરૂપપ્રાપ્તિ માટે આગળ વધવું. એજ પોતાનો ઉત્તમ ઉદ્દેશ રાખવો અને તે પાર પાડવા પ્રબળ પ્રનત્ન કરવો.

ભોજન કરવાના પ્રસંગે ઘેર આવી પોતાના કુટુંબીજનોની સાથે બેસી શાંતિથી ભોજન કરવું.

સાત્વિક ભોજન-ભક્ષાભક્ષનો વિવેક.

ભોજન ત્રણ પ્રકારનું છે. રાક્ષસી ભોજન, ૧ માનુષી ભોજન. ૨ અને દેવ ભોજન. ૩ પેટ ભરવું, ભુખ ભાંગવી એતો સર્વ જીવને સાધારણ વાત છે છતાં ભોજનમાં આવા વિભાગો પાડવામાં આવે છે તે પોતાની સાત્વિક, રાજસીક અને તામસીક પ્રકૃતિને લઇનેજ છે. વસ્તુ એકની એક હોય છે તથાપિ પોતાની પ્રકૃતિ અને પ્રવૃત્તિના પ્રમાણમાં તેના ફળનો ભેદ પડે છે. ભોજનમાં પણ તેમજ છે.

રાક્ષસી ભોજન.

હાથ પગ ધોયા વિના, ક્રોધથી અંધ બની, દુર્વચન બોલતાં, દક્ષિણ દિશાના સન્મુખ બેસી ભોજન કરવું તે સી ભોજન છે.

મલીન, ગંધાતા, અશુચીવાળા પ્રદેશોમાં જો ઉઘાડે પગે ફરવામાં આવ્યું હોય અથવા હાથથી તેવી કાંઇ લેવડદેવડ કે લે-મૂક કરવામાં આવી હોય તો તે હલકા રજકણો હાથે તથા પગે ચોટવાનો સંભવ રહે છે. આ હલકાં રજકણો પેટમાં જવાથી તેની ખરાબ અસર શરીર અને મન ઉપર થાય છે. અથવા કોઇ ચેપી રોગાદિકનાં ક્ષુદ્ર જંતુઓ હાથે પગે લાગેલાં હોય અને તેને ધોઇને કે સ્નાન કરીને દૂર કર્યાં સિવાય ભોજન કરવામાં આવે અને કદાચ તે ઝેરી કે ચેપી જંતુઓની અસર શરીર ઉપર થાય તો તેથી તે તે જાતના રોગના ભોગ થઇ

પડવાનો સંભવ મોટે ભાગે રહે છે. આ હેતુથી તેવાં હલકાં ખરાબ રજકણોની કે ચેપી રોગ કે જંતુઓની અસર પોતા ઉપર ન થાય તેથી બચવા માટે સ્નાન કરવાની કે હાથ પગ ધોવાની ભોજન કરતી વખતે અગત્ય જણાવવામાં આવી છે. આ સિવાય આમાં બીજો કોઇ હેતુ જાણવામાં આવતો નથી.

જે વખતે પોતાને ક્રોધ ઉત્પન્ન થયો હોય, ક્રોધથી હૃદય ધમધમ તું હોય, લોહી તપી ગયું હોય, કે પુરજોસમાં ઉછળતું હોય તેવે વખતે મનુષ્યોએ કદી પણ ભોજન કરવા બેસવું નહિં. આવે વખતે ભોજન કરવાથી લોહી તથા સ્નાયુની ગતિ અવ્યવસ્થિત હોવાથી શરીરમાં એક પ્રકારનું વિષમ ઝેર ઉત્પન્ન થાય છે તેથી ખાધેલો ખોરાક વિષરૂપે પરિણમે છે. લોહીની ગતિ સ્વાભાવિક થયા સિવાય ખોરાક પાચન થતો નથી. આવે વખતે ભોજન કરવાથી વિવિધ પ્રકારના રોગો થવાનો ચોકસ સંભવ છે. આ ઉપરથી એમ સમજવાનું છે કે જ્યારે પોતાનો ક્રોધ શાંત થઇ જાય, લોહી સ્વભાવિક ગતિમાં ચાલતું હોય, મન પ્રફુલ્લિત હોય ત્યારેજ ભોજન કરવા બેસવું.

તેમજ ભોજન કરતાં કરતાં પણ કોઇ જાતનાં કોઇને દુર્વચનો કહેવાં નહિં. એક બીજાના મનને ખેદ કે ક્લેશ થાય, ક્રોધ થઇ આવે,

લોહી તપી આવે, તેવાં વચનો કે તેવી વાતો ભોજન કરતી વખતે બીલકુલ કાઢવી નહિં, પણ આનંદની વાતો કરવી.

ઘણી વખતે કેટલીક અજ્ઞાન બાઇઓ, કે કેટલાક અજ્ઞાન ભાઇઓ જમતી વખત અનેક પ્રકારના વ્યહારના ક્લેશ, કંકાસ કે કુથળીની વાતો કરી શાંત પ્રકૃતિવાળાના મનને પણ ઉસ્કેરી મૂકે છે. આમ કરવાથી તેમની તંદુરસ્તી ઉપર ઘણી માઠી અસર થાય છે. ગુપ્ત રીતે તેના ભોજનમાંજ વિષ રેડાય છે. પાચનશક્તિ મંદ થાય છે. શરીર અવ્યવસ્થિત થાય છે. આ પ્રયોગ વધારે દિવસ ચાલુ રહે છે તો છેવટે તે મનુષ્ય રોગનો ભોગ થઈ પડે છે.

ઘણા મોટા લોકોમાં આવા ભોજનના પ્રસંગે આનંદની, કે હસાહસવાળી રમુજી વાતો કરવામાં આવે છે. એક બીજાના મનો પ્રફુલ્લિત રહે તેવો પ્રસંગ જાણીજોઇને લાવવામાં આવે છે. મતલબ કે ભોજન કરતી વખતે ખેદ કે ક્લેશ થાય તેવા કોઇપણ પ્રસંગો જાણી જોઇને લાવવા દેવામાં આવતા નથી.

ભોજન કરતી વખતે દક્ષિણ કે પશ્ચિમ દિશા તરફ મુખ કરી બેસવું નહિં પણ ઉત્તર કે પૂર્વ સન્મુખ મુખ રાખી ભોજન કરવું.

એ ઉપર બતાવ્યાથી વિપરીત રીતે એટલે હાથ પગ ધોયા વિના, ક્રોધથી ધમધમતાં અને દુર્વાક્ય બોલતાં દક્ષિણ દિશામાં બેસી ભોજન કરવામાં આવે છે તો તેને રાક્ષસભોજન કહેવામાં આવે છે. આવી રીતે ભોજન કરવામાં પોતાના મન તથા શરીરનેજ નુકશાન થાય છે અને તેમ નહિં કરીને પોતાનોજ બચાવ કરવાનો છે.

માનવ ભોજન.

શરીરને પવિત્ર કરી, સારા સ્થાને બેસી, નિશ્ચલ આસને બેસી દેવગુરૂનું સ્મરણ કરી પછી ભોજન કરવું તે માનવ ભોજન કહેવાય છે. ખરાબ હવાવાળા સ્થાનોમાં પોતે ન ગયેલ હોય તથા અપવિત્ર કે અશુચિ પદાર્થોનો સ્પર્શ પોતાના શરીરને ન થયો હોય તો હાથ પગ ધોઈ પવિત્ર થવું, નહિંતર સ્નાન કરી શુધ્ધ થવું, ત્યારપછી ભોજન કરવું. ભોજન કરવા માટે સારા ઠેકાણે બેસવું. અશુચિ વિષ્ટાદિ પડયાં હોય,

જ્યાં લોકો પેસાબાદિ કરતા હોય, માખી આદિ જંતુઓ જ્યાં બણુ-બણાટ કરી રહ્યાં હોય, જ્યાં અંધારૂં હોય, મતલબ કે મનને ઉદ્વેગ ઉત્પન્ન થાય તેવાં સ્થાનોએ જમવા ન બેસવું. પણ સ્વચ્છ સ્થળ હોય, પ્રકાશ હોય, ખુલ્લી હવા હોય અને મનને ઉલ્લાસ થાય તેમ હોય તેવા સ્થાને ભોજન કરવા બેસવું.

નિશ્ચળ બેસવું. મતલબ કે હાલતાં ચાલતાં, ઉભાં કે ઉભડક પગે બેસી જમવું નહિં, પણ નિશ્ચળ આસને શાંતપણે બેસી ભોજન કરવું. કોઇ વિષમ કે વિપત્તિના પ્રસંગની વાત જુદી છે, પણ શાંતિના વખતમાં તો આવી રીતે બેસીને ભોજન કરવું.

ભોજન કરવા બેસતા પહેલાં, કે બેસતી વખતે દેવ, ગુરૂનું સ્મરણ કરવું. તેમનું પવિત્ર નામ લેવું. ત્યારપછી જમવું. દેવ, ગુરૂનું નામ પવિત્ર છે. મનને આનંદ આપનાર છે. મંગલમય છે. શુધ્ધ મને સ્મરણ કરી દરેક કાર્ય કરવાથી વિપત્તિઓ દૂર થાય છે અને દરેક પ્રમાણિક કાર્યમાં તેનો વિજય થાય છે.

આ પ્રમાણે પવિત્ર શરીર કરી, કે હાથ પગ ધોઇને, સારા સ્થળે બેસી, નિશ્ચળ આસન રાખી, દેવ, ગુરૂનું સ્મરણ કરી પછી ભોજન કરવું. આ મનુષ્યપણાને લાયક હોવાથી મનુષ્યભોજન કહેવાય છે.

ઉત્તમ દૈવી ભોજન.

સ્નાન કરી, દેવનું પૂજન કરી, પોતાના પૂજ્ય ગુરૂ, માતા પિતાદિને નમન કરી, સુપાત્રમાં દાન આપી પછી ભોજન કરવું તે ઉત્તમ ભોજન કહેવાય છે. આ દૈવી પ્રકૃતિવાળાનું ભોજન હોવાથી તેને દૈવી ભોજન પણ કહે છે.

શરીર ઉપરનો મેલ આદિ અશુચિ દૂર કરવા માટે સ્નાન કરવું. સ્નાન કર્યાથી અશુચિ દૂર થાય છે. મન પ્રસન્ન રહે છે. વળી અશુચિવાળા દેહથી દેવ પૂજન થતું નથી, એટલે આ સ્નાન કરવાની સાથે તગતજ દેવનું પૂજન કરવું. દેવ પૂજનથી પોતાની સાત્વિક વૃત્તિમાં વધારો થાય છે. પુન્ય પ્રકૃતિ વધે છે. મન શરીર આદિ પણ ઉલ્લાસમાં આવે છે. અશુભ પ્રકૃતિ હઠી જાય છે. દેવ પૂજન પછી પોતાનો પૂજ્ય વર્ગ કે જેમણે દેહનો જન્મ આપી, વિવિધ પ્રકારે પાલન કરી, યોગ્ય શિક્ષણ આપી, વ્યવહારના દરેક કાર્યમાં સુગમતા કરી આપનાર પરમ ઉપગારી માતા પિતાને નમસ્કાર કરવો. તેમની આજ્ઞા માનવી, પોતાથી બને તેટલી યોગ્ય સુગમતા કે સગવડતા તેમના કાર્યમાં કે જરૂરીયાતિમાં કરી આપવી. ઈત્યાદિ પ્રકારે તેમને નમન કરવું. નમનનો અર્થ પગે લાગવું અને તેમનું કોઇ પણ કાર્ય ન કરવું, કે તેમની આજ્ઞા ન માનવી એવો અર્થ ન કરવો. પણ તેમની દરેક પ્રકારે સેવા બજાવવી.

ત્યારબાદ પોતાના બન્ને લોકના પરમ ઉપગારી, સત્ય માર્ગ બતાવનાર, જ્ઞાનનેત્ર દાતા ગુરૂને નમસ્કાર કરવો. નમસ્કાર કર્યા-

બાદ કોઈ પણ સત્પાત્ર મહાત્મા, ત્યાગી ગુરૂને યોગ્ય દાન આપવું. ગૃહસ્થોએ બને ત્યાં સુધી સત્પાત્રને દાન આપ્યા પછી જમવું. આંહી સત્પાત્ર કહેવાથી, અનુકંપા બુદ્ધિથી ગરીબ, અનાથ, નિરાધારને દાન આપવાનું તો દરેક પ્રસંગે ચાલુ હોય છેજ. તેથી ભોજન કર્યા પહેલાં સુપાત્રને પણ દાન આપવું એમ જણાવ્યું છે. ત્યાગ આશ્રમ ગૃહસ્થાશ્રમને આધારે રહેલો છે. તેથી ગૃહસ્થોએ તેનું સારી રીતે પોષણ કરવું. તેમ કરવાથી ઉત્તમ ગુરૂઓ પોતાનું જ્ઞાન ધ્યાન નિર્વિઘ્નપણે આગળ વધારી શકે છે. અને તેઓ તરફથી ગૃહસ્થોને ઉત્તમ પ્રકારનો બોધ સહેલાઈથી મળી શકે છે. ત્યાર પછી ભોજન કરવું.

આ કહેવાથી એમ કહેવાયું કે, ગૃહસ્થોએ સ્નાન કરી દેવ પૂજન કરવું. માતા, પિતા, ગુરૂ આદિને વંદન કરવું, અને સુપાત્રમાં દાન કરવું. ત્યાર પછી ઉત્તમ સ્થાને અને સ્થીર આસને બેસી, શાંતપણે આનંદપૂર્વક ભોજન કરવું. આ ઉત્તમ ભોજન છે.

આથી પુન્ય પ્રકૃતિ વધે છે. પાપ પ્રકૃતિ હઠે છે. શરીર નિરોગી રહે છે. મન આનંદિત રહે છે. આવીજ રીતે કોઈપણ વ્યવહારીક કાર્યમાં પ્રવૃત્તિ કરવાની હોય તે પ્રસંગે આત્મ જાગૃતિ બની રહે અને મનની વિશુદ્ધિ થાય તેવી પ્રવૃત્તિ રાખતા જવી.

ભોજન જમતી વખતે પાળવા યોગ્ય સૂચના,

ભોજન કરતી વખતે ઘણી બોલવાની ટેવ ન રાખવી. ભોજનમાં કાંઇ ફેરફાર થયો હોય કે પોતાની રૂચિથી વિરૂદ્ધ આ

સ્વાદવાળું ભોજન બન્યું હોય તો તે વખતે શાંતપણે ભોજન કરવું. ત્યારબાદ ધીમાશથી મીઠા શબ્દે રાંધનારને કે ભોજન લાવનારને યોગ્ય સૂચના આપવી, અને ફરી તેવી ભૂલ ન થાય તે માટે સાવચેતી રાખવા સૂચવવું, પણ જમતી વખતે ન કહેવું. તેમ કરવાથી ક્રોધ, કષાય, કલેશ વિગેરે કદાચ ઉત્પન્ન થાય તો ભોજન—જમેલું ભોજન વિષમય થાય છે. વળી મીઠા શબ્દોથી જે કાર્ય ઘણી વખત સહેલાઇથી સિદ્ધ થાય છે તેવું તપી જવાથી કે કલેશ કરવાથી થતું નથી.

સંધ્યા વેળાએ, ગ્રહણ વખતે, અને સગાં સંબંધીનું મૃત કલેવર જ્યાં સુધી ઘરમાં પડેલું હોય ત્યાં સુધી ભોજન ન કરવું. મતલબકે તે વખત વિત્યા પછી અને મૃતને બાહાર લઇ જવા બાદ ભોજન કરવું.

પોતાના ઘરમાં ધન સંપત્તિ સારી હોય તો ખાવામાં કૃપણતા ન કરવી. મતલબકે અનાજ, ઘી, ફળાદિ હલકાં સડી ગયેલાં, ગંધાઇ કે બગડી ગયેલાં હોય તે ખાવાના ઉપયોગમાં ન લેવાં. તેમજ પોતાના ધનની આવકના પ્રમાણમાં ભોજન ખરચ રાખવું. ઉત્તમ ખોરાકથી શરીર બળવૃદ્ધિ પામે છે. શરીરની કાંતિ દેદીપ્યમાન થાય છે. દૂધ વીર્યને વૃદ્ધિ પમાડનાર છે. ઘીથી શરીર મજબુત થવા સાથે કાંતિ વધે છે. મીઠાશથી લોહી વધે છે અનાજથી શરીર બળવાન થાય છે.

અજાણ્યું ભોજન કે અજાણ્યાં ફળો ખાવાં નહિ. ધર્મથી ભ્રષ્ટ થયેલા બાળ, સ્ત્રી, પશુ, આદિની ઘાત કરનારા અને ઉત્તમ આચારને લોપનારાઓને ઘેર કે સાથે બેસી ભોજન ન કરવું. તેમ

કરવાથી લોકમાં નિંદા પાત્ર થવાય છે અને તેના મલીન વિચાર કે અણુઓની અસરથી નિષ્ઠુરતા કે નિર્દયતા પોતામાં આવવાનો સંભવ રહે છે.

મદિરા, માંસ આદિનું ભોજન કે પાન કદી પણ ન કરવું. તે તામસીક ખોરાક છે તેથી મનુષ્યમાં ભયંકર ક્રુરતાનો વધારો થાય છે.

તેમજ વધારે વખત છાશ બહાર રહેલું માખણ, તથા મહુડાં, મધ, તદ્દન કુંણાં ફળ કે પાંદડાં, સડી ગયેલ પાદડાં કે ફળ, કુથિત અન્ન, વાસી રાંધેલું અનાજ, કાચા દહીં દુધ કે છાશ સાથે કઠોળ, બે દિવસ પછીનું દહીં, જીવોની ઉત્પત્તિવાળું બોળ અથાણું. જમી કંદ વિગેરે. તથા ઘણા તીખા તમતમતા, સ્વાદો વિગેરેનો બને ત્યાં સુધી ખાવામાં ઉપયોગ ન કરવો. આ રાજસીક ખોરાક છે તેમજ અનેક જંતુઓથી મિશ્રિત છે, તેથી શરીરમાં વિવિધ પ્રકારના વિકારો કે રોગો થવાનો સંભવ છે.

ઘઉં, ચોખા, ઘી, સાકર, દૂધ વિગેરે સાત્ત્વિક ખોરાક છે. તે લોહીને નિયમિત ગતિમાં રાખે છે. મલિન વિકારોને હઠાવનાર છે. સાત્ત્વિક વૃત્તિને ઉત્તેજીત કરનાર છે.

ભોજનની શરૂયાત કરતી વખતે પ્રથમ પાણી ન પીવું. તેમ જમ્યા પછી વધારે પાણી ન પીવું. ભોજનની વચમાં પાણી મધ્યમસર પીવું. ભોજનની આદિમાં પાણી વિષ સમાન ગણાય છે. અંતમાં પથ્થર સમાન ગણાય છે. અને વચમાં પીધેલું પાણી અમૃત સમાન લેખાય છે. રોગી શરીરવાળાએ આ વાતપર વિશેષ

ધ્યાન આપવું. અજીર્ણ થતાં ભોજનનો એકાદ વખત કે દિવસ માટે ત્યાગ કરી દેવો, તેથી અજીર્ણ મટી જાય છે પણ પાણી પુરતી જરૂરીયાતીના પ્રમાણમાં પીવું, તેથી વધારાનું ભોજન પાચન થઇ જાય છે. તેમજ પ્રકૃતિને અનુકુળ ભોજન બનતાં સુધી નિત્યના વખતસર જમી લેવું.

પુત્રાદિકને શિખામણ.

ભોજન કર્યા બાદ બે ઘડી લગભગ શાંતિ લેવી આ શાંતિનો વખત પોતાના પુત્રાદિ કુટુંબ વર્ગને સારી શિખામણો આપી સદ્‌ગુણી બનાવવાના પ્રયત્નમાં વ્યતિત કરવો.

ઘર કે કુટુંબમાં આગેવાન ગણાતા પુરૂષો કે સ્ત્રીઓની ફરજ છે કે પોતે સદ્‌ગુણી—સદાચારી થવું અને તેની છાપ કુટુંબનાં માણસો ઉપર પાડવી. જો ઘરનો આગેવાન માણસ સદ્‌ગુણી નથી હોતો તો તે વિરૂદ્ધ માર્ગે વર્ત્તન કરનાર કુટુંબને સુધારી શકતો નથી. એટલુંજ નહિ પણ તેનાં આચરણો જોઇને ઘરનાં માણસો તેનું અનુકરણ કરે છે અને તેમ થતાં પોતે તથા પોતાના આશ્રયતળે વસનાર કુટુંબને તે દુર્ગતિના માર્ગમાં હડસેલે છે. માટે ઘર કે કુટુંબના આગેવાન માણસોએ પોતે સદાચારી થવું અને કુટુંબને તેવા બનાવવા માટે પ્રયત્ન કરવો.

ભાઇઓ ! ધનવાન્ થવું તે દૈવ (પૂર્વકર્મ)ને આધિન છે. પ્રયત્નની પૂર્ણ જરૂર છે છતાં જ્યારે બધા પ્રયત્નો નિષ્ફળ નિવડે છે,

અથવા વિપરિત થાય છે, વસ્તુ મળવા છતાં રૂપાંતરે નાશ પામે છે, અને એમ સર્વ રીતે નિષ્ફળ નિવડાય છે ત્યારે સમજાય છે કે ધનાદિ સંપત્તિની પ્રાપ્તિમાં પૂર્વ કર્મનો હાથ છે. આવા પ્રસંગે પણ સદ્ગુણ મેળવવા—સદ્ગુણી થવું તે તો પોતાને આધિન છે. એ વાત ચોકશ ધ્યાનમાં રાખવી. જેમ જેમ સત્ય તત્ત્વ સમજવામાં પ્રયત્ન કરાય છે, તેમ તેમ સદ્ગુણો આત્મા તરફ આકર્ષાય છે. સદ્ગુણ મેળવવા માટે પૂર્ણ પ્રયત્નની જરૂર છે અને આ પ્રયત્નમાં પ્રયત્નના પ્રમાણમાં મનુષ્યો વિજયિ નિવડે છે. કારણ આત્મા સ્વભાવથીજ પૂર્ણ છે. સત્ય એજ તેનું સ્વરૂપ છે ત્રાંબાના વાસણ પર ચડેલા કાટને જો પ્રયત્નથી દૂર કરી તેનું ખરૂં સ્વરૂપ પ્રગટ કરી શકાય છે તો પછી આત્મા પર ચડેલા ઉપાધી રૂપ મળને કેમ પ્રયત્નથી દૂર કરી ન શકાય ? ગુણોથીજ મનુષ્યો ઉત્તમત્તાને પામે છે. શાસ્ત્રમાં અને પ્રત્યક્ષ એવા અનેક દાખલાઓ છે કે નીચકુલ કે વંશમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો પોતાના ગુણો વડે ઉત્તમતાને અથવા જગતમાં પૂજ્યતાને પ્રાપ્ત થયેલા છે. કમળ કાદવવાળા પાણીમાંથી ઉત્પન્ન થાય છે છતાં તેમાં સુંદરતા અને સુગંધતા અથવા કોમળતા હોવાથી દેવોના પણ મસ્તકપર તે ચડે છે, ત્યારે તેજ કમળને ઉત્પન્ન કરનાર કાદવ પગથી કચરાય છે. લોકો પણ મહાવીર, રામ, કૃષ્ણ ઇત્યાદિનાં પ્રાતઃકાળમાં નામોનું સ્મરણ કરે છે, પણ સિદ્ધાર્થ, દશરથ કે વાસુદેવ ઇત્યાદિને કોઇ સંભારતું નથી, આનું કારણ દુનિયામાં સદ્ગુણીઓનીજ કીંમત છે. આવા ઉત્તમ પુરૂષોને ઉત્પન્ન થવાની કોઇ ખાણ નથી અથવા એવું કોઈ કુળ નથી કે તેમાંજ સર્વ ઉત્તમ પુરૂષો પાકે છે કે ઉત્પન્ન થાય છે, પણ સ્વભાવિક

રીતે પોતાના સદ્દગુણો વડેજ મનુષ્યો જગતને નમન કરવા કે માન્ય કરવો યોગ્ય થાય છે.

મહાત્મા હરીકેશી નામના એક પવિત્ર સાધુ પુરૂષ પહેલાં થઈ ગયા હતા. આ મહાત્મા ચંડાળના કુળમાં ઉત્પન્ન થયેલા હતા. તેઓ પોતાની બાલ્યાવસ્થામાં ઘણાજ તોફાની હતા. એક દિવસ ચંડાળોની ઉજાણી હતી, તેમાં વિશેષ તોફાન કરનાર હરિકેશીને તે સમુદાયમાંથી બાતલ કરવામાં આવ્યો એ પ્રસંગે એક સર્પ ત્યાંથી નીકળ્યો, આ ઝેરી જાનવર બીજાના પ્રાણ લેનાર છે એમ કહી ચંડાળોએ તે સાપને મારી નાખ્યો. થોડીવાર પછી એક અળસીઉ મોટું નીકળ્યું તેને દેખી તે લોકોએ કહ્યું કે આ ઝેરી જાનવર નથી, માટે તેને જવાદ્યો. તેને જીવતું મૂકી દીધું. આ બન્ને પ્રસંગો ભોજનના વાડાની બાહાર ઉભેલા હરિકેશીએ દીઠા. અને સાથે પોતાના મિત્રો ઉજાણીનું ભોજન આનંદથી કરી રહ્યા હતા તે પણ જોયું. આ સર્પ જોઈ તેને વિચાર આવ્યો કે સાપ ઝેરી હતો, બીજાને નુકશાન કરનાર હતો તેથી તે પોતાના દોષથી મરાયો. અળશીયું નિર્દોષ હતું તે છુટી ગયું જીવતું રહ્યું. તેમ હું પણ કલેશ કરનાર, બીજાને મારનાર, અપરાધી હોવાથી-જ જ્ઞાતીની પંક્તિમાંથી બાહાર થયો છું. મારા મિત્રો ગુણવાન છે, કલેશી નથી, તેથી આનંદમાં પ્રીતિ ભોજન કરે છે. ત્યારે શું દુનિયામાં સર્વ જીવો પોતાનાજ ગુણ અવગુણથી માનાપમાન કે સુખ દુઃખ પામે છે? હા! પ્રત્યક્ષ એમજ જણાય છે, એ નિશ્ચય તેને એટલો બધો દ્દઢ થયો કે તરતજ તેણે તે પ્રમાણે વર્તન કરવાની દ્દઢ પ્રતિજ્ઞા કરી, વિચારની વિશુદ્ધિ અને મનની એકા-

ગ્રતાને લીધે તેને પૂર્વજન્મનું જ્ઞાન સ્મરણમાં આવ્યું. તેજ દિવસથી તે એક ત્યાગી જૈન મહાત્મા થયો. આગળ જતાં તે પોતાના પ્રબળ પ્રયત્ને અનેક દેવોને પણ પૂજનીક થયો. તેની આત્મશ્રદ્ધા, હૃદયની વિશુદ્ધિ, મનની એકાગ્રતા, ઉપયોગની તીવ્રતા, સ્વરૂપ સ્થિરતા, અને પરોપકાર પરાયણતા એટલી બધી ઉત્તમ હતી કે પોતે જે વનમાં રહી ધ્યાન કરતો હતો તે વનનો અધિષ્ઠાતા યક્ષ તેનો પૂર્ણ ભક્ત થયો. એટલુંજ નહિં પણ પોતાના મોજ શોખનાં સાધનોને એક બાજુ રહેવા દઇ નિરંતર તેની સેવામાંજ તે હાજર રહેતો હતો. તેણે વિવિધ રૂપે મુનિના ઉપદેશથી અનેક જીવોને તારવામાં મદદ કરી. મુનિના ગુણોથી અનેક જીવોને માહીતગાર કરી ગુણાનુરાગતા પ્રગટ કરી, ગુણની અધિકતા છે પણ જાતિ, કે કુળની નથી એ વાત તે મહાત્માની સેવા કરી તેણે દુનિયામાં પ્રસિદ્ધ કરી.

આવાં અનેક દૃષ્ટાંતોથી આ વાત સિદ્ધ થાય છે કે કુળની કે જાતિની મોટાઇ કરતાં ગુણની મોટાઇજ દુનિયામાં અધિક છે. અત્યારે પણ જાતિ કે કુળમાં હલકા છતાં ગુણમાં અધિક હોવાથી મોટા અનેક હોદ્દા અને પદવીઓ ઉપર અમલ ચલાવતા માણસો નજરે પડે છે.

કુટુંબના આગેવાનોએ પોતાના આશ્રિતોને ગુણોની અધિકતા પ્રગટ કરવા ઉત્સાહિત કરવા.

વિવિધ સદ્ગુણો.

ઘરના વડિલ પુરૂષે પોતાના આશ્રિત મનુષ્યવર્ગને પોતાની પાસે બોલાવી લાગણીપૂર્વક શીખામણ આપવી કે,—ભાઇઓ ! સત્ત્વાદિ સંપૂર્ણ ગુણવાન્ મનુષ્ય જેમ રાજ્યને યોગ્ય થાય છે તેમ વિવિધ પ્રકારના ગુણવાળા મનુષ્ય આત્મધર્મને લાયક થાય છે. ધર્મ એ આત્મનો સ્વભાવ છે. મનની મલીનતા એ આવરણ સરખી છે, સૂર્યની આડેથી વાદળો દૂર થતાં સૂર્યનો પ્રકાશ પૃથ્વીતળપર પડે છે તેમ કર્મ આવરણો દૂર થતાં, અથવા મનની મલીનતા દૂર થતાં આત્માનો પ્રકાશ બહાર આવે છે. મનની મલીનતા દૂર કરવા કહો કે આત્મપ્રકાશ બાહાર લાવવા કહો પણ ઉત્તમ સદ્ગુણો ખીલવવાની જરૂર છે. મનને સદ્ગુણોથી વાસીત કરતાં મલીનતા દૂર થાય છે. શરૂઆતમાં અશુભ દૂર કરવાની ઘણી જરૂર છે. શુભમાં—શુભ સદ્ગુણોની અધિકતામાં—એવો સ્વભાવ રહેલો છે કે તે અશુભને હઠાવી દે છે અને પછી નિર્મળ આત્મ સ્વભાવના જ્ઞાનની મદદથી તે શુભ પણ ખશી જઇ સ્ફાટિકની માફક શુદ્ધ સ્વરૂપ બાકી પ્રકાશી રહે છે.

ગંભીરતા.

છોકરાંઓ ! ગંભીરતા એટલે મન મોટું રાખવું. ઉછાંછળી બુદ્ધિ ન રાખવી. પૃથ્વી વિશાળ છે. અનંત જંતુઓથી ભરપુર છે. જીવો કર્માધિન છે. કર્મોદયને લઇ, જીવો ન કરવાનાં કર્ત્તવ્યો અનિચ્છાએ પણ કરે છે. જીવોની આવી વિષમ અથવા વિપરીત

પ્રવૃત્તિને દેખીને કાંઇપણુ આશ્ચર્ય પામવા જેવું નથી. તેવી પ્રવૃત્તિ વાળા મનુષ્યને જોઇ પોતાની ગંભીરતાનો ત્યાગ ન કરવો. તેઓની ગુપ્ત વાતો, યા આચરણો ઉઘાડાં ન પાડવાં. પોતાથી બની શકે તો તેઓને સન્માર્ગે દોરવવા. બીજા પાસે સુધરાવવા પ્રયત્ન કરવો પણ તુચ્છબુદ્ધિ રાખી પોતાથી વિરૂદ્ધ થતાં તેનાં ખાનગી કર્ત્તવ્યો ઉઘાડાં ન પાડવાં. એકની વાતો સાંભળી બીજા આગળ કહેવી અને બીજાની વાતો સાંભળી પહેલા આગળ કહી આપસમાં બન્નેને લડાવી ન મારવા. પણ જે કાંઇ એક બીજાની વિરૂદ્ધનું સાંભળો તે સર્વ ગંભીરતાથી હૃદયમાં રાખી મૂકો. અથવા તે ઉપર લક્ષ ન આપો. તે વાતોથી કોઇને પણ નુકશાન પહોંચે તેવું હોય તો મૌન ધારી રહો.

આ દુનિયાં પ્રપંચની ભરેલી છે. વ્યવહાર અને રાજ્ય ખટપટો હદપારના ધુંધવાડાથી ભરપુર હોય છે. આ પ્રપંચજાળમાં એક બીજાઓ. એક બીજાનાં છિદ્રો શોધતાજ હોય છે. તેવા પ્રસંગે ગંભીરતા ન જાળવનાર માણસ મહોટું નુકશાન કરી બેસે છે. તેમ છતાં ગંભીરતાના સ્થળે ગંભીરતા ઉપયોગી છે. જે કર્ત્તવ્યથી હજારો મનુષ્યોને નુકશાન થતું હોય કે સંહાર થવાનો પ્રસંગ પ્રાપ્ત થતો હોય તેવા પ્રસંગમાં મૌન ધારણ કરવું કે ગંભીરતા રાખવી, તે મહાન્ જોખમ ભરેલું કામ છે. માટે લાભાલાભનો વિચાર કરી તમે બધાંઓ ગંભીરતાનો સદ્દગુણ વધારજો. તમે ગંભીરતાવાળા થજો.

શાંત પ્રકૃતિ.

વ્હાલા સજ્જનો ! સ્વભાવથીજ શાંત પ્રકૃતિવાળો મનુષ્ય વિશ્વાશ કરવા યોગ્ય હોય છે. તેની આગળ ગમે તેવી ગુપ્ત વાત કરવામ આવી હશે તોપણુ તેની પાસેથી તે વાત જ્યાં તેનો દુરૂપયોગ થાય ત્યાં જશેજ નહિ કારણુ કે સ્વભાવ શાંતિમય ત્યારેજ થઇ શકે છે કે જ્યારે ક્રોધાદિ કષાયોની મંદતા, મનની સ્થિરતા, અને આત્માની ઉજવળતા થયેલી હોય છે, સંસારની વિષમતાવાળી વિવિધતા અનુભવવામાં આવી હોય છે, દુનિયામાંથી આશ્ચર્ય લાગવા જેવું જેને કાંઇ હોતું નથી, જેનુ જીવન પરોપકારી થયેલું હોય છે, આવા મનુષ્યોના હૃદયમાંજ શાંતિ હોવાથી તેની પ્રભા બાહાર મુખ ઉપર આવી રહેલી હોય છે. જે વૃક્ષના મૂળમાં અગ્નિ લાગેલો હોય છે તેનો બાહારનો દેખાવ પત્ર પુષ્પ ફલાદિ વિનાના બળી ગયેલા કે શુકાઇ ગયેલા વૃક્ષના જેવોજ હોય છે પણુ જે વૃક્ષના મૂળમાં વિશેષ ખાતર અને પાણી હોય છે તે વૃક્ષ પત્ર, ફળાદિથી નવ પલ્લવિત અને સુંદર ઘટાવાળું સુશોભિત હોય છે, તેમ જેના હૃદયમાં શાંતિ નથી તેનો ઉપરનો શાંતિવાળો દેખાવ નકામો છે. ઢોંગ છે. દંભ ભરેલો છે પણ જેના અંતરમાં શાંતિ છે તેજ ખરી શાંતિ છે તેના બાહ્ય અંતર બન્ને દેખાવો, ગમે તેવા પ્રસંગે પણુ શાંતિમય સૌમ્યતા વાળાજ હોય છે. અનેક મનુષ્યો આવા મનુષ્યોનો આશ્રય કરીને રહે છે. તેનો શાંતિમય દેખાવજ બીજાને પોતા તરફ આકર્ષે છે. તેની પાસેથી જ્ઞાન, ધ્યાન, સદ્ઉપદેશ કે ઉત્તમ શિક્ષણુ ગમે તે માણુસ ઘણી સહેલાઇથી લઇ શકે છે. તેવા મનુષ્યને

ઘણે ભાગે કોઇ સાથે વેર વિરોધ હોતો નથી. અને તેનું જીવન પરોપકાર મય હોય છે. આવા મનુષ્યો ઘણી સહેલાઇથી ધર્મનું આરાધન કરી શકે છે. પિત્ત પ્રકૃતિવાળા મનુષ્યની પ્રકૃતિ કદી શાંત થઇ શકતી નથી. સહેજ નિમિત્ત મળતાં તેનામાં ક્રોધ કે અશાંતિ પ્રગટ થઇ આવે છે. આવી પ્રકૃતિવાળાએ પિત્તને ઉત્તેજન મળે તેવો ખોરાક ન ખાવો પણ સાત્વિક ખોરાક લેવો અને ઉત્તમ શાંત સ્વભાવવાળાના સહવાસમાં રહેવું.

અક્રુરતા. ૩

ભાઇઓ ! ક્રુરતા—એટલે ક્લિષ્ટ પરિણામ, મત્સર આદિથી દૂષિત પરિણામ, આક્રુરતા જેમાં ન હોય તે અક્રુર કહેવાય છે. સુખી મનુષ્યને જોતાં તેના સુખની ઇર્ષા કરવાના પરિણામો અથવા બીજાને દુઃખમાં પાડવાનાં પરિણામો તે ક્લિષ્ટ પરિણામ કહેવાય છે. માર ફાડના વિચારો, અન્યના સુખનો નાશ કરવાના વિચારો, કોઇની ચડતી નહિં જોઇ શકવાના વિચારો, આ સર્વ ક્લિષ્ટ પરિણામનો અગ્નિ હૃદયમાં બળતો હોય ત્યાં ધર્મ—શુદ્ધ સ્વભાવ—સમપરિણામની સ્થિતિ ક્યાંથી હોય ? તાવ અને ટાઢ ગરમી અને શિતળતાને જેટલું આંતરૂં છે તેટલુંજ આંતરૂં ક્લિષ્ટ પરિણામ અને સમભાવ રૂપ ધર્મ વચ્ચે છે.

આ ક્લિષ્ટ પરિણામ હોય ત્યાં સુધી નિર્દોષ ધર્મ આરાધવાકે સાધવાને મનુષ્ય સમર્થ થતો નથી, માટે ધર્મ પામવાને

ઇચ્છતા મનુષ્યોએ અન્યનું બુરૂં કરવાના વિચારોનો ત્યાગ કરી, પોતાના મનના પરિણામોને ઉત્તમ બનાવવા.

લોકપ્રિય થવું. ૪

ભાઇઓ ! આ લોક તથા પરલોકથી વિરૂદ્ધ કામ નહિં કરનારુ, તથા આ લોકમાં ઉત્તમ કાર્યો, તથા પરમાર્થનાં કાર્યો, સ્વાર્થ વિના કરનાર માણસ લોક પ્રિય થાય છે.

અન્યની નિંદા કરવી, વિશેષ પ્રકારે ગુણવાનની નિંદા કરવી, ભોળાભાવે ધર્મ કરનારની હાંસી કરવી, લોક માન્ય પુરૂષોનું અપમાન કરવું, ઘણા મનુષ્યો જેનાથી વિરૂદ્ધ હોય તેવાની સોબત કરવી, દેશાચાર, કુળાચાર, જાતિના આચાર જેઓ હિતકારી હોય તેનું ઉલ્લંઘન કરવું, ઉદ્ભટ વેશ પહેરવો, હોંશા તોંશથી—દેખાદેખીઓ—ચડશા ચડશીથી પરમાર્થની બુદ્ધિ વિના દાન કરવું, સારા માણસને કષ્ટ પડતાં રાજી થવું, છતી શક્તિએ ઉત્તમ માણસને પડતા કષ્ટનું નિવારણ ન કરવું, ઇત્યાદિ કાર્યો લોક વિરૂદ્ધ જાણવાં. જે કામ કરવામાં વિના પ્રયોજને નિર્દયતા વાપરવી પડે, તે સર્વ પરલોક વિરૂદ્ધ કાર્યો જાણવાં.

આ લોક તથા પરલોક ઉભય વિરૂદ્ધ કાર્ય સાત વ્યસનો છે. જુગાર રમવો, ૧ માંસ ભક્ષણ કરવું. ૨ દારૂ, માદક પદાર્થો ખાવા—માદક પીણાં પીવાં. ૩ વેશ્યાગમન કરવું. ૪ શિકાર કરી નિર્દોષ પશુ પંખીઓનો સંહાર કરવો. ૫ ચોરી કરવી. ૬ પરસ્ત્રી ગમન કરવું ૭

આ કર્મો આપણા તરફ પ્રીતિ ધરાવનારા લોકોને આપણાથી વિમુખ રાખનાર છે. અપ્રીતિ ઉત્પન્ન કરવનાર છે તેનો ત્યાગ કરનાર મનુષ્યજ ધર્મનો અધિકારી થાય છે.

તેમજ દાન દેવું, યોગ્ય સ્થળે સખાવતો કરવી, યોગ્ય ગુણવાન્ મનુષ્યોનો વિનય—સત્કાર—કરવો, સદાચારી થવું ઇત્યાદિ સારાં કામોથી લોકોને પ્રિય થવાય છે. આવો લોકપ્રિય માણસ પોતે ધર્મ માર્ગે ચાલે છે અને બીજાઓને પણ ધર્મ અંગિકાર કરવામાં આંતર પ્રીતિ ઉત્પન્ન કરે છે.

ભીરૂ.

છોકરાંઓ ! પોતાનાં દુષ્ટ કર્મોથી આ લોકમાં તેમજ પરલોકમાં ઉત્પન્ન થતા દુઃખોનો વિચાર કરી પાપમાં પ્રવૃત્તિ નહિં કરનાર મનુષ્ય પાપ ભીરૂ કહેવાય છે. અથવા જન્મ, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધીથી ઉત્પન્ન થતા ભવનાં—સંસારનાં દુઃખોનો વિચાર કરી, તે દુઃખો ઉત્પન્ન ન થાય તેવી ઉત્તમ પ્રવૃત્તિ કરનાર મનુષ્ય ભવ ભીરૂ કહેવાય છે. આવા મનુષ્યોજ ધર્મને યોગ્ય ગણાય છે.

ભીરૂનો અર્થ ગમે તે માણસ કે જાનવરથી ભય પામી નાશી જાય તેવો આંહી નથી. શુરાતનની તો દરેક પ્રાણિઓમાં જરૂરીયાત છે. શુરાતન વિનાનો માણસ ડગલે ને ડગલે દુનિયામાં પરાભવ પામે છે. ગમે તેવા મનુષ્યો તેના ઉપર દાબ ચલાવે છે. હુકમત ચલાવે છે અને પગતળે છુંદી નાખે છે. પુરૂષાર્થ એ પણ શુરાતનજ છે. વ્યવહાર અને પરમાર્થ બન્નેમાં શુરાતનની—પુરૂષાર્થની જરૂરીયાત છે. નિર્માલ્ય, બાયલા જેવાઓ મોહનો—કર્મનો

નાશ કેમ કરી શકશે ? એટલેજ આંહી ભીરૂનો અર્થ પોતાના કુલને કલંક લાગે તેવાં ઘોર કર્મમાં પ્રવૃત્તિ કરવા માટે ભીરૂ, આ લોકનાં કષ્ટો જે કોઇપણ જાતના સ્વાર્થ કે પરમાર્થ માટે વહોરી લેવાથી ભીરૂ, પોતાના ધર્મથી ભ્રષ્ટ થવાનો ભીરૂ, પર લોકમાં અધોગતિ પ્રાપ્ત થાય તે માટે ભીરૂ, અપયશનો ભીરૂ, ઇત્યાદિ કાર્યોમાં ભીરૂપણું ધારણ કરનાર મનુષ્ય ધર્મને યોગ્ય ગણાય છે.

અશઠતા.

વ્હાલાં બાળકો ! શઠ એટલે માયાવી, કપટી કહેવાય છે. તેનાથી તમારે વિપરીત વર્ત્તન કરવું. અર્થાત્ નિષ્કપટી થવું. આ ગુણથી મનુષ્ય અન્યને વિશ્વાસપાત્ર થાય છે. તે કોઇને ઠગતો નથી. જેવું ચિત્તમાં તેવુંજ વાણીમાં અને તેવુંજ કર્ત્તવ્યમાં હોય છે. માયાવી માણુસ કોઇને ઠગતો ન હોય તથાપિ તેનો કોઇ વિશ્વાસ કરતું નથી. ધર્મને બહાને કપટી લોકો અન્યને ઠગે છે પણ ખરી રીતે તેજ ઠગાય છે. પવિત્ર ધર્મ અને ઉત્તમ મનુષ્ય જીવનનો તે દુરૂપયોગ કરે છે. તેના બનાવટી આડંબરથી લોકો ખુશી થાય છે અર્થાત્ લોકોને તે રાજી કરી શકે છે પણ તે પોતાના આત્માને કદી પણ સંતોષ આપી શકતો નથી. તેનું મલીન હૃદય તેનેજ ડંખ્યા કરે છે અને કર્મનો કે કુદરતનો અનિવાર્ય બદલો તેને ભોગવવોજ પડે છે સરલ સ્વભાવિ મનુષ્યો જ ધર્મને યોગ્ય હોય છે.

દાક્ષિણ્યતા–પ્રાર્થના ભંગ નહિં કરનાર.

વ્હાલાં સંબંધીઓ ! તમારી આગળ કોઇએ આવીને પ્રાર્થના કે માંગણી કરી કે, આ કામ તમે કરી આપો તો તે અવસરે તમારામાં તે કાર્ય કરવાની શક્તિ હોય તો છતી શક્તિએ તેને નિરાશ ન કરવો. એ દાક્ષીણ્યતા ગુણ કહેવાય છે. આજ પ્રમાણે કોઈ માણસ તમારી પાસેની કોઇ વસ્તુની માંગણી કરે અને તેનાથી સામાને વિશેષ ફાયદો થતો હોય તેમ જણાતું હોય તેમજ તે આપવાથી પોતાને કે પોતાના કુટુંબને એવું નુકશાનકારક કાંઈપણ ન થતું હોય તો તે વસ્તુ આપીને સામાને સંતોષ આપવો. યા પરોપકારના આભાર તળે લાવીને તેને પરોપકારી થવાનો પાઠ શીખવવો. છતાં અહીં એક વિચાર મુખ્ય કરવાનો એ છે કે તે દાક્ષીણતા ધર્મનો કે પોતાના કર્ત્તવ્યનો નાશ કરનારી ન હોય, ઉન્માર્ગે દોરવનારી ન હોય અથવા એકના ભોગે અનેકનો સંહાર કરનારી ન હોય, જેમ ઉપાધ્યાયની સ્ત્રીએ વસુ રાજા ઉપર લાગવગ ચલાવીને નારદ સંબંધી જુઠી સાક્ષી ભરાવી સત્યનો નાશ કર્યો તેવી દાક્ષીણ્યતા ન હોય એ ખાસ ધ્યાનમાં રાખવું.

દાક્ષીણતાવાળા માણસ પોતાનું કામ અધુરૂં મૂકીને પણ પરોપકાર કરે છે. તેના વચન ઉપર લોકોને વિશ્વાશ પડે છે અને તેના કહ્યા મુજબ લોકો વર્ત્તન કરે છે. કારણ કે પરોપકાર કરકરનારનું હૃદય પવિત્ર હોય છે અને તે પવિત્રતાને લીધે પોતે ધર્મ તરફ વળે છે અને બીજાઓને પણ ધર્મના પવિત્ર માર્ગ તરફ તે ખેંચે છે. તમે પણ દાક્ષિણતાવાળા થજો.

લજ્જાવાન્—અકાર્યનો ત્યાગ કરનાર.

છોકરાંઓ ! લજ્જાવાન્ માણસ અકાર્યનો ત્યાગ કરે છે. તેને નાનામાં નાના ખરાબ વર્ત્તન કરવામાં પણ શરમ આવે છે.

લજ્જાવાન્ માણસ અંગિકાર કરેલી પ્રતિજ્ઞા—વ્રત, નિયમ, ટેક વિગેરેનો નિર્વાહ કરે છે. તેનો પાર પામે છે. સ્નેહ કે કોઇના બળાત્કારથી પણ પોતાની તે કરેલી પ્રતિજ્ઞાનો ભંગ કરતો નથી. આરંભેલા કાર્યનો ત્યાગ કરવો તે તેને મન મરવા જેવું લાગે છે. છતાં આ લજ્જાળુ ગુણમાં એટલી સાવધાનતા રાખવાની છે કે કોઇ ખોટી પ્રતિજ્ઞા, બીજાને નુકશાનકારક પ્રતિજ્ઞા, અજ્ઞાન કે ક્રોધાદિ પરિણતિવાળી સ્થિતિમાં બીજાને નુકશાનકારક કરાયેલી પ્રતિજ્ઞાને વળગી રહેવાનો કદાગ્રહ આ લજ્જાળુ ગુણને અંગે ન હોવો જોઇએ.

જ્યાં લજ્જાની જરૂરીયાત હોય ત્યાં લજ્જાવાન્ થવું અને જ્યાં સત્ય કહેવાની જરૂરીયાત હોય ત્યાં સામાને છાતીમાં વાગે તેવું હોય પણ પરિણામે સુખકારી હોય તો હિમ્મતથી તે સત્યનો આશ્રય કરી સાચેસાચું જણાવી દેવું. ખોટી લજ્જા સ્વપર બન્નેને નુકશાનકારક છે.

લજ્જાળુ માણસ સદાચારી હોય છે. અકાર્યનો ત્યાગ કરનાર હોય છે. સદાચાર માટે જરાપણ તેને શરમ હોતી નથી. અને તેથીજ હૃદયની પવિત્રતા વધતાં નિર્મળ ધર્મનો પણ તે અધિકારી થાય છે. માટે તમે પણ લજ્જાવાન્ થજો.

દયાળુ

પ્રાણિઓની અનુકંપાવાળા થવું.

વ્હાલાં બાળકો ! દયા એટલે પ્રાણીઓનું રક્ષણ કરવું. દુઃખીઓને મદદ કરવી. તેનાં દુઃખો ઓછાં કરવાં. નિરાશ થયેલાઓને સારી આશા આપવી. દુઃખમાં ડુબેલાંઓને સારી સલાહ આપવી. સંકટમાં સપડાયેલાને તેમાંથી બાહાર નીકળવાનો રસ્તો બતાવવો.

ગમે તેવા ભગીરથ પ્રયત્ને પણ દીન, અનાથ, નિરાધાર, રોગી, વૃદ્ધ, વિપત્તિમાં સપડાયેલાંઓને શક્તિ અનુસાર તન, મન, ધનાદિથી મદદ કરવી.

ધર્મથી વિમુખ થયેલાઓને તેમનો ધર્મ બતાવવો, સમજાવવો, સત્યને માર્ગે ચડાવવો આ સર્વ દયા છે.

આ દયા કરનારે એટલું ધ્યાન રાખવાનું છે કે દયાનો જ્યાં દુરૂપયોગ થાય ત્યાં દયાનો ઝરો વહેવરાવવો બંધ કરવો. ભાવી પરિણામોનો પણ દયા કરતી વખતે વિચાર કરવો. જેમાંથી મહાન્ અનર્થ થવાનો સંભવ હોય તેવી દયાને બાદ કરવી જોઇએ. અર્થાત્ દયા કરતી વખતે ભાવી પરિણામ પણ વિચારવાનું છે. દેખીતી દયા ન થતી હોય તો પણ તેથી પરિણામ ઉત્તમ જણાતું હોય તો તેપણ દયાજ છે. કારણ પરિણામો અન્યનું ભલું કરવાનાંજ છે.

દયા ધર્મનું મૂળ છે. દયાના રક્ષણ કરવા માટેજ વ્રતાદિ

છે. અહિંસાજ મોક્ષ આપનારી છે. જ્યાં દયા નથી ત્યાં દાન, તપ, જ્ઞાન કે ધ્યાન પણ નથી. દયાળુ મનુષ્યજ ધર્મને લાયક છે. બાળકો ! તમે પણ દયાળુ થજો.

મધ્યસ્થ.

વ્હાલાં બાળકો ! તમારે મધ્યસ્થ એટલે પક્ષપાત વિનાની દૃષ્ટિ રાખવાની બહુ જરૂર છે. રાગદ્વેષવાળી યા, પક્ષપાતવાળી દૃષ્ટિથી જ્યાં દોષ હોય ત્યાં પણ રાગને લીધે દોષ જણાતા નથી ઉલટા દોષને ગુણરૂપે સમજવામાં આવે છે. અને દ્વેષને લીધે જ્યાં ગુણ હોય ત્યાં પણ દ્વેષને લીધે દોષ દેખાય છે આ પક્ષપાતની લાગણીથી સત્યનો નિશ્ચય કરી શકાતો નથી. બીજાના સત્ય વિચારો સાંભળવા જેટલી પણ ઉદારતા, કે સભ્યતા સાચવી શકાતી નથી. મધ્યસ્થદૃષ્ટિથી જ્ઞાની પુરૂષોના સમાગમમાં આપણે આવી શકીએ છીએ, તેમનાં પવિત્ર વચનોનું પાન કરી શકીએ છીએ અને તેમના અનુગ્રહને લાયક થઈ શકીએ છીએ. તેમનાં વચનો ઉપર વિચાર કરવાનો પ્રસંગ મળે છે. આપણને મધ્યસ્થ જાણીને તેઓ પણ ઉત્તમ લાગણીથી સત્ય સમજાવે છે. કદાગ્રહીને કોઇપણ માણસ લાગણીથી સારી શીખામણ પણ આપતો નથી. વ્યવહારમાં પણ મધ્યસ્થ મનુષ્યનું મોટું માન હોય છે. કોઇ ન્યાય કરાવવાનો હોય તોપણ તેઓ તેનેજ મધ્યસ્થ નીમી કામ લેછે. તેનાં વચનો ઉપર સર્વને શ્રદ્ધા હોય છે. અને ધર્મ સમજવા કે ગ્રહણ કરવાને પણ તેજ લાયક થાય છે. તમે પણ મધ્યસ્થ થજો.

ગુણાનુરાગ.

ગુણનો પક્ષપાત.

સદ્‌ગુણી બાળકો ! તમારે ગુણવાન્ મનુષ્યોના ઉપર પ્રીતિ રાખવી, તેમના ગુણો બોલવા, તેમના કોઇ અછતા અવગુણ બોલતો હોય તો તેને સત્ય સમજાવવું યા અટકાવવો.

જેમ એક પાણીની ટાંકીમાંથી નળવડે પાણી બાહાર બીજા વાસણમાં લેવામાં આવે છે તેમ ગુણનો પક્ષપાત કરનાર પોતાના ગુણાનુરાગી નળવડે ગુણવાન્ મનુષ્ય રૂપ ટાંકીમાંથી ગુણો પોતામાં ખેંચે છે. અર્થાત્ ગુણાનુરાગી માણસ પોતે તે તે ગુણવાન્ બને છે. ખુબી એ છે કે નળવાટે પાણી લેતાં મૂળ ટાંકીમાંથી તે ખાલી યા ઓછું થાય છે. ગુણાનુરાગ કરનાર તો સામામાં તે ગુણ ભરેલા રહેવા દેછે અને પોતે પણ ગુણવાન્ બની જાય છે.

મનુષ્યને જે જે જાતની પ્રીતિ થાય છે તે તે વસ્તુ તરફ તેના મન, વચન, શરીરાદિ આકર્ષાય છે. અહોનિશ તેનુંજ ચિંતન, મનન કરે છે અને છેવટે તે વસ્તુ મેળવે છે. તેમ જે જે ગુણ કે દોષ તરફ પ્રીતિ કે અપ્રીતિ હોય છે, તે તે વસ્તુનું ગ્રહણ કે ત્યાગ તે પોતાની પ્રબળ કે નિર્બળ ભાવના પ્રમાણમાં થોડે કે ઝાઝે ભાગે કરે છે.

ગુણાનુરાગી મનુષ્ય ગુણીજનોનું બહુ માન કરે છે. નિર્ગુણીની ઉપેક્ષા કરે છે. છતા કે અણછતા અન્યના દોષો બોલવા કે સાંભળવામાં કોઇ ગુણ તો થતો નથી પણ તે બતાવતાં વૈરની વૃદ્ધિ થાય છે અને દુર્બુદ્ધિ યા દ્વેષ ઉત્પન્ન થાય છે.

અનાદિકાળથી જીવો દોષોથી ભરપુર છે તે દોષો જોવા તેમાં કાંઇ અધિકતા નથી પણ ગુણ પેદા કરવા કે અન્યમાંથી ગુણ જોવા તેજ ઉત્તમ અને કર્ત્તવ્ય છે. ગુણાનુરાગી મનુષ્ય ધર્મને લાયક થાય છે. ભાઇઓ ! તમે પણ ગુણાનુરાગી થજો.

શુદ્ધકથા.

વિનયવાન્ બાળકો ! તમારે વ્યવહારના પ્રસંગોમાંથી મળેલી ફુરસદનો વખત તત્ત્વજ્ઞાનનો, આત્મ કર્ત્તવ્યનો અને પ્રાપ્તવ્યનો વિચાર કરી સફળ કરવાનો છે. મનુષ્ય જન્મની એક ક્ષણપણ ઘણીજ કીંમતિ છે. છેલ્લી મરણ પથારીએ પડેલા મનુષ્યનેજ તેની અમૂલ્યતાની ખરી ખબર પડે છે. એવું દુર્લભ અને પવિત્ર જીવન અસત્ કથાઓ, નિંદા અને કુથળીઓ કરી વ્યતિત કરવામાં આવે તો તેના જેવું બીજું શોચનીય શું ગણાય ?

સ્ત્રીની કથા, દેશની કથા, રાજ્યની કથા અને ભોજન સંસંધી સારા, નઠારા ગુણ અવગુણવાળી કથાને વિકથા કહે છે, આત્મભાન ખોઇને, રાગદ્વેષ ની કે અજ્ઞાનતાની પરિણુતિમાં પરિણુમીને જે આવિ કથામાં પ્રવૃત્ત થાય છે તે યુક્ત અયુક્તનો વિવેક કરી શકતો નથી. તે અણુછતા અપવાદ બોલી વેર વિરોધને વધારે છે. અને પરિણામમાં લાભ કાંઇ થતો નથી. આ અશુભ કથાઓથી કલુષિત (મલીન) થએલા મનવાળો મનુષ્ય પોતાના વિવેક રત્નનો નાશ કરે છે.

એકાંત વખત મળતાં શાંત ચિત્તે બેસી મનુષ્યોએ તીર્થંકર,

ગણધર દેવ અને મહર્ષિઓનાં જીવનચરિત્રો યાદ કરવાં. તે રસ્તે ચાલવાનો નિશ્ચય કરવો. પોતાના પૂર્વજો જે ઉત્તમ રસ્તે ચાલેલા હોય તેનું અનુકરણ કરવા તત્પર રહેવું, અથવા તત્ત્વજ્ઞાનનો નિશ્ચય કરવો, સત્ય સમજવું, અન્યને સમજાવવું, પરોપકારી જીવન ગુજારવાનો નિશ્ચય કરવો, અન્યને સારા રસ્તાપર દોરવવા, અનુકુળ વખતનો આ અને તેવાજ બીજા ઉત્તમ રસ્તે તેનો સદ્ઉપયોગ કરવો.

આવી સત્કથા, ધર્મ કથા કરનાર, અને તેમાં પ્રીતિ રાખનાર મનુષ્ય સત્ય સમજે છે અને તેને મેળવવાને માટે પૂર્ણ લાયક થાય છે. માટે વિચારવાનોને યોગ્ય છે કે તેમણે નિરંતર શુભ કથાઓમાં જીવન વ્યતિત કરવું. બાળકો ! તમે પણ આ રસ્તે ચાલજો.

ઉત્તમ પરિવાર.

મારાં વ્હાલાં કુટુંબીઓ ! તમારે તમારો પરિવાર, કુટુંબ, પુત્ર, સ્ત્રી, પાત્ર, ભાઇ પ્રમુખને અનુકુળ અને સદાચારી બનાવવા.

જે ઘરનો માલિક પોતાના આશ્રિત પરિવારને આત્મજ્ઞાન, ઉત્તમ વિચાર, વ્યવહારિક કેળવણી અને સમય ઉચિતવર્ત્તન કરવામાં પ્રવિણ બનાવતો નથી તેનું પોતાનું જીવન સુખરૂપ નિવડતું નથી, અને આશ્રિતોનું હિત બગડે છે.

પરિવાર અનુકુળ ન હોય તો તે ધર્મ કાર્યમાં વિઘ્નરૂપ

આડે આવે છે. અનુકુળ પરિવાર ધર્માદિ કાર્યમાં ઉત્સાહ વધારનાર અને ખરે પ્રસંગે મદદગાર થાય છે.

ધર્મશીળ પરિવાર ધર્મ કાર્યમાં રોકાતા પોતાના વખતને અનુમોદન આપનાર થાય છે અને તે સિવાયનો પરિવાર ધર્મની નિંદા કરે છે, વિઘ્ન કરે છે, ઉત્સાહ તોડી નાખે છે, પોતે પતિત થઇ બીજાને પતિત કરે છે.

સદ્ આચરણવાળો પરિવાર સન્માર્ગે ચાલી લોક વિરૂદ્ધ, રાજ વિરૂદ્ધ ઇત્યાદિ અકાર્યનો ત્યાગ કરતો હોવાથી ધર્મ, વ્યવહાર, લાજ, આબરૂ, મોટાઇ ઇત્યાદિમાં વધારો કરે છે.

કેળવણી પામેલો પરિવાર વ્યવહાર કુશળ થઇ પોતાની આજીવિકા અને કુટુંબની આજીવિકા ચલાવવાને સમર્થ થાય છે, તેથી ઘરનો માલિક નિશ્ચિંત થઇ સ્વ–પર–ઉપકાર અને આત્મ સાધન શાંતિથી કરી શકે છે. ઉત્તમ વિચારવાન પરિવાર ઘરમાં થતા કજીયા, કલેશ, કંકાશને દૂર કરી, સહનશીલતા વધારી કુટુંબની લાજ આબરૂમાં વધારો કરી વડિલનું ગૌરવ વધારે છે.

સમય ઉચિત વર્ત્તન કરનાર પરિવાર કોઇપણ પ્રસંગે અણધારી વિપત્તિમાં સપડાતો નથી. અને આવી પડેલા વિષમ પ્રસંગોને સહેલાઇથી તરી પાર પામે છે. ઇત્યાદિ અનેક સદ્ગુણો પોતાના પરિવારને ઉત્તમ બનાવવાથી પ્રગટ થાય છે અને ધર્મનું આરાધન પણ તે સહેલાઇથી કરી શકે છે. માટે પોતાના પરિવારને વિચાર શીળ, વ્યવહાર કુશળ, સમય ઉચિત વર્ત્તન કરનાર, અનુકુળ, ધર્મશીળ અને સદાચારી બનાવવા પ્રયત્ન કરજો.

વૃદ્ધ પુરૂષોની સેવા કરવી.

છોકરાંઓ ! વૃદ્ધ પરિપક્વ બુદ્ધિવાળા મનુષ્યોની તમારે સેવા કરવી, તેમનો વિનય કરવો, તેમના હિત ભરેલાં અનુભવી વચનો સાંભળવાં. તેઓ તમારા કરતાં આ દુનિયામાં વહેલા આવેલા હોવાથી, તેમણે અનેક અનુભવી પુરૂષોની સેવા કરી કીમતિ અનુભવો લીધેલા હોવાથી, તથા પોતાની જાતને વિવિધ પ્રસંગોમાંથી પસાર કરેલી હોવાથી તેમની પાસે બુદ્ધિનો ખજાનો એકઠો થયેલો હોય છે તે તમને મળે છે. તેવા વૃદ્ધોની સેવા—આજ્ઞા માન્ય કરવાથી વિપત્તિના ખરાબે ચડેલું આપણું જીવન વાહાણુ મૂળ સુખના માર્ગ ઉપર પાછું સહી સલામત આવી પહોંચે છે.

એટલું ધ્યાન રાખવું કે તે વૃદ્ધ પુરૂષ ઉમરમાં વૃદ્ધ, ધોળા વાળ અને ખડખડી ગયેલ શરીર વાળોજ હોય એમ માનવાનું નથી. પણ પાકી બુદ્ધિવાળો, સુંદર પરિણામવાળી મતિવાળો, વિવેકાદિ ગુણ યુક્ત, શ્રુત જ્ઞાનનો અનુભવી, મહાન્ ધીરજવાળો, સંયમ—ઇંદ્રિય મનાદિના નિગ્રહ—વાળો વિવિધ પ્રકારના અનુભવોની કસોટીથી પાર ઉતરેલ, ત્યાગ, ગ્રહણના જ્ઞાનમાં પરિપક્વ અનુભવવાળો. ઇત્યાદિ ગુણવાન્ વૃદ્ધ કહેવાય છે.

ઉમરમાં યુવાન્ છતાં જેની બુદ્ધિ પ્રબળ તિક્ષ્ણ અને વિપત્તિનો પાર પામે તેવી હોય છે તે વૃદ્ધ છે, પણ ઉમરમાં વૃદ્ધ હોવા છતાં બુદ્ધિમાં મંદ હોય તો તે ખરી રીતે વૃદ્ધ નથી. જેની બુદ્ધિ ઠરી ગઈ છે-સ્થીર થયેલી છે—ઉછાંછળાપણું કરતી નથી તે વૃદ્ધ છે. આવા વૃદ્ધ મનુષ્યો પાપાચારમાં પ્રવૃત્તિ કરતા નથી પ્રવૃત્તિ કરનારને ભાવી વિપત્તિનું ભાન કરાવી તેવાં કર્તવ્યોથી

પાછા વાળે છે. એમની સેવાથી મનુષ્ય જન્મ સાર્થક થાય છે. ધર્મને માટે અધિકારી થવાય છે. વ્યવહાર સુખરૂપ વિપત્તિના કંટક વિનાનો થાય છે.

આ પ્રમાણે ઘરનો આગેવાન ગૃહસ્થ પોતાના મિત્ર, બંધુ-વર્ગ, અને વાત્સલ્યતાવાળા કુટુંબ વર્ગની સાથે બેસી આપસમાં ધર્મ કથા કરે, ઉત્તમ શિખામણ આપી પરિવારના મનુષ્યોને સન્માર્ગે ચડાવે અને પોતે પણ યોગ્ય સુંદર આચરણ રાખે.

આ પ્રમાણે કરવાથી પોતાનો પરિવાર દૈવી જીવન ગુજારનારો થાય છે અને તેથી પરસ્પર સર્વનાં જીવનો આત્મ માર્ગમાં ગગન વિહારી થાય છે.

વ્યવહારિક શિક્ષા.

નિત્ય ન બની શકે તો પર્વના અને વિશ્રાંતિના દિવસે પુત્ર, પુત્ર્યાદિ કુટુંબ વર્ગને પોતાની પાસે બેસારી વ્યવહાર સંબંધી પણ ઉત્તમ શિક્ષા કુટુંબના આગેવાને આપવી જેમકે,

૧ છોકરાંઓ ! જે મનુષ્યની સોબતથી તમારામાં પાપની બુદ્ધિ પ્રગટ થાય તેવાઓની સોબત તમારે ન કરવી.

૨ મન, વચન અને કાયા વડે કોઇપણ દિવસ ન્યાયનો માર્ગ મૂકી અન્યાયને માર્ગ ચાલવું નહિ.

૩ કોઇનો પણ અવર્ણવાદ—અપવાદ—તમારે ન બોલવો, તેમાં વિશેષ પ્રકારે માતા, પિતા, ગુરૂ, સ્વામી, અને રાજા પ્રમુખની તો જરાપણ નિંદા ન કરવી.

૪ મૂર્ખ, દુષ્ટ, દુરાચારી, મલીન, ધર્મ નિંદક, દુઃશીલ, લોભી, અને ચોરની સોબતનો અવશ્ય ત્યાગ કરવો.

૫ કીર્ત્તિ મેળવવા માટે અજાણ્યા માણસના સાક્ષી ન થવું.

૬ અજાણ્યા માણસને પોતાના ઘરમાં રહેવા સ્થાન ન આપવું. દયા-કે પરોપકારની લાગણીથી સ્થાન આપવું હોય તો ઘર સિવાય અન્ય સ્થળે આશ્રય આપવો.

૭ અજાણ્યા કુળની સાથે વિવાહનો સંબંધ ન કરવો.

૮ અજાણ્યા માણસને જ્યાં સુધી તેની ખાત્રી ન થાય ત્યાં સુધી નોકર ન રાખવો.

૯ પોતાથી અધિક શક્તિવાળા સાથે કોપ ન કરવો.

૧૦ પોતાથી મહાન્ બળવાન શત્રુ સાથે યુદ્ધ ન કરવું, કેમકે તેથી સમૂળગો પોતાનો નાશ થાય છે.

૧૧ પોતાથી અધિક ગુણવાન સાથે ગર્વ ન કરવો. ગુણ વિનાના ગર્વથી પોતાનુંજ અપમાન થાય છે.

૧૨ પોતાથી અધિક શક્તિવાળા અર્થાત્ પોતા ઉપર જેનો પ્રભાવ પડે તેવા નોકરોનો સંગ્રહ ન કરવો કેમકે જાને દિવસે ગૃહનો માલિક તેજ થઇ પડે છે અથવા તેના કહ્યા મુજબ—નચાવ્યા પ્રમાણે નાચવું પડે છે.

૧૩ દેણામાંથી મુક્ત થવા માટે ઉધારે લાવવું નહિ. કેમકે તેનું પરિણામ પહેલાથી પણ વિશેષ વિપરીત આવે છે.

૧૪ નોકરોને દંડીને તે દંડનો ઉપભોગ પોતે ન કરવો પણ કોઇ સારા પ્રસંગે ઈનામ તરિકે તેને પાછો આપવો.

૧૫ દારિદ્ર અવસ્થામાં પૂર્વે ઉપાર્જન કરેલી પ્રશંસા કે કીર્ત્તિ ગાવી, વારંવાર સંભારવી, અથવા પોતાના પૂર્વજોએ આવાં મહાન્ કાર્ય કર્યાં છે એ સંભારી બેસી રહેવું તે મૂર્ખાઈ ભરેલું છે. પોતાનો ઉત્સાહ જાગૃત કરવામાં તે ઉપયોગી છે, પણ તેથી પેટ ભરાતું નથી.

૧૬ પોતે પોતાના ગુણનું વર્ણન ન કરવું, કેમકે પોતાને માટે તે હિતકારી નથી. તેથી તો ઉલટું અભિમાન વધે છે અને ગુણથી પાછું પડાય છે. બીજા મનુષ્યો તે ગુણોનું પોતાને આગળ વધવા માટે ગ્રહણ કરે તો તે યોગ્યજ છે.

૧૭ દેણું કરી ધર્માદાના માર્ગમાં પૈસો ખરચવો નહિં. તેમજ કીર્ત્તિ ફેલાવવા માટે પણ ઋણ કરવું નહિં. પૈસાથીજ ધર્મ થાય છે તેમ કાંઇ નથી, તેવી શક્તિ ન હોય તો શરીર, મન, વચનદ્વારા પણ અનેક ધર્માદાનાં કાર્યો કરી શકાય છે.

૧૮ ધર્મના કાર્યોમાં પૈસો ખરચવા માટે પાપમાં પ્રવૃત્તિ ન કરવી. મતલબકે પાપથી પૈસો પેદા કરી ધર્મનાં કાર્યોમાં ખરચવાની ઇચ્છા ન કરવી. લુગડું લોહીમાં બરડી ધોવા બેસવું તેનાં કરતાં લોહીમાં ન બગાડવું તેજ ઉત્તમ છે.

૧૯ સ્વજનોની સાથે વિરોધ ન કરવો કારણ કે ખરી જરૂરીયાતના પ્રસંગે તેઓજ મદદગાર થાય છે. અને વિરોધ કરવાથી પોતાનું બળ તુટી જાય છે. તેને નિર્બળ—મદદ વિનાનો—ધારીને નિર્બળ પણ તેનો પરાભવ કરે છે.

૨૦ સગાં, સંબંધીને મૂકીને પરની સાથે સ્નેહ ન કરવો. મત-

લબકે પ્રથમ સ્વજન સંબંધી અને પછી બીજાં, પણ
થમ પર અને પછી સંબંધી એમ ન કરવું. એક લોહીવા-
ળાને જેટલું તેનું દાઝશે તેટલું બીજાને ઓછુંજ લાગશે.

૨૧ પોતે બોલીને પોતે હસવું નહિં, એ મૂર્ખાઇમા લેખાય છે. અને તે બોલનારની કિંમત ઓછી થાય છે.

૨૨ ગમે તે ખાવું કે ગમે તે બોલવું નહિં પણ અભક્ષનો ત્યાગ કરવો અને સભ્યતા પૂર્વક જરૂરીયાત જેટલુંજ પ્રસંગે બોલવું.

૨૩ આ લોક તથા પરલોક વિરૂદ્ધ કાર્ય કરવું નહિં. તેથી આ લોકનો વ્યવહાર બગડે છે અને પરલોકમાં દુઃખમય સ્થિતિ પ્રાપ્ત થાય છે. આ સર્વ હિત શિક્ષાઓથી વિરૂદ્ધ વર્તન કરવું તે સર્વ મૂર્ખ માણસનાં લક્ષણો છે.

૨૪ ઘણો લાભ છતાં પણ ચોરીનો માલ ગ્રહણ કરવો નહિ કેમકે તેથી કેટલીક વખત મૂળ ધનનો પણ નાશ થાય છે.

૨૫ સોનું અને રત્નાદિકની પરિક્ષા કર્યા સિવાય લેવાં નહિ કેમકે તેવા બનાવટી માલથી ઠગાવાનો પ્રસંગ પ્રાપ્ત થાયછે.

૨૬ વ્યાપાર કરતાં અસત્ય ન બોલવું પ્રતિજ્ઞાનો ભંગ ન કરવો. વસ્તુ જોયા તપાસ્યા વિના સાટું કરવું નહિં. રાજાને પ-રાધીન ન થવાય તેમ રાજાનો આશ્રય લેવો.

૨૭ તપસ્વી, કવિ, વૈદ્ય, મર્મને જાણનાર, રસાયો, મંત્રવાદી અને પોતાના પૂજ્ય વર્ગને કદી વિદ્વાનોએ કોપીત કરવા નહિ.

૨૮ તપસ્વીનું હૃદય દુખાવવાથી તેના નિશ્વાસો ઉંડા શ્રાપ તુ-લ્ય ફળે છે.

૨૯ કવીનું મન દુઃખાવવાથી તે આખા દેશમાં ફજેત મેળવે છે. અને તેને લઈ ચાલુ વ્યવહારને મોટો ધક્કો પહોંચે છે.

૩૦ વૈદ્યને કોપ ઉત્પન્ન થાય તેવું તેના તરફ વર્ત્તન કરવાથી ખરી વખતે ઉપયોગી દવા ન આપે અથવા વિપરીત દવા આપે તો તેથી મરણ સુધીનો ભય ઉત્પન્ન થાય છે.

૩૧ મર્મને જાણનાર માણસ આપણાપર ગુસ્સે થયેલ હોવાથી આપણી વિરૂદ્ધતાવાળા માણસો આગળ આપણાં મર્મ-છિદ્રો—ગુપ્ત રહસ્યો, અને સંકેતો પ્રગટ કરી આપે તો તેથી દેહાંત દંડ સુધીનો ભય ઉત્પન્ન થાય છે. અથવા આબરૂને ધક્કો પહોંચે છે.

૩૨ રસોયાને કોપ ઉત્પન્ન થાય તેવું તેના તરફ વર્ત્તન કરવાથી તે કોઈ વિરોધી સાથે મળી જાય, અથવા કોઈ વિરોધી તેને ઉશ્કેરે તો તેની શીખવણીથી ભોજનમાં ઝેર આદિ આપે, અથવા રસોયાની વિરૂદ્ધતાનો લાભ લઇ તે રસોયા દ્વારા ભોજનમાં કોઇપણ જાતના ઝેરી પદાર્થનો ભેગ કરાવવાનો તેના શત્રુઓ લાભ લે અને તેથી મરણાંત કષ્ટ થવાનો સંભવ છે.

૩૩ મંત્રવાદીને પણ કોપ ઉત્પન્ન થાય તેવી રીતે તેના તરફ વર્ત્તન કરવાથી તે પણ પોતાની શક્તિનો ઉપયોગ સામાનું બુરૂં કરવા માટે કરે, અને ભાવિ પરિણામ દુઃખરૂપ આવે.

૩૪ પોતાના પૂજ્ય વર્ગના—એટલે માતા, પિતા, ગુરૂ અને વૃદ્ધ આશ્રય આપનાર આ સર્વના—કોપને ઉત્તેજન મળે તેવું તેમના તરફ વર્ત્તન કરવાથી પવિત્ર પ્રેમ, હિતકારી શિક્ષા,

ધાર્મિક મર્મતાનું જ્ઞાન અને વિવધ અનુભવોથી બે નસી-
બ રહેવાય છે. એટલુંજ નહિં પણ તેઓની કકળતી આં-
તરડીની કદુવા નિરંતર આપણને સુખથી વિમુખ રાખે છે.

૩૫ ધન ઉપાર્જન કરવા નિમિત્તે કોઈ સાથે અતિસે કૃલેશ
કરવો નહિં, ધર્મનું ઉલ્લંઘન કરવું નહિં, નીચ માણુસની
સેવા કરવી નહિ અને વિશ્વાશઘાત કરવો નહિં.

૩૬ લેવડ દેવડ કરવામાં બોલેલા વચનનો લોપ ન કરવો. જે
માણુસ પોતાના બોલેલા વચનમાં સ્થિર—નિશ્ચય હોય છે
તેની પ્રતિષ્ટા લોકોમાં ઘણી સારી જામે છે.

૩૭ સંધ્યાકાળે, ભોજન, નિદ્રા, મૈથુન અને સ્વાધ્યાય આચાર
કરવાં નહિં. ભોજન કરવાથી વ્યાધિ થાય છે. મૈથુન સેવ-
વાથી ગર્ભ દુષ્ટ થાય છે. નિદ્રા કરવાથી ભૂતથી પીડા થવા-
નો સંભવ છે અને સ્વાધ્યાય (ભણેલું યાદ કરવું તે) કરવાથી
બુદ્ધિની હીનતા—હાની થાય છે.

ગૃહસ્થે ધન કમાવાનો પ્રયત્ન કરવો.

ગૃહસ્થોએ ધન ઉપાર્જન કરવા માટે પ્રયત્ન કરવો, પણ
દૈવના ઉપર આધાર રાખીને બેસી ન રહેવું. કેમકે પ્રયત્ન કર્યા
સિવાય ભાગ્ય પણ કોઇ દિવસ ફળતું નથી. ભાગ્યનો નિશ્ચય પણ
પ્રયત્ન દ્વારાજ થઇ શકે છે.

ધન ઉપાર્જન કરવાનો વ્યવહાર ન્યાયપૂર્વક થવો જોઇએ.

કૃષિકર્મ—ખેતિવાડીમાં જીવહિંસા થવાનો પ્રસંગ છે તથાપિ જે દેશનો મોટો આધાર ખેતીવાડી ઉપર હોય છે તે દેશમાં તે કર્મ નિંદનીક ગણાતું નથી. થોડી બુદ્ધિવાળા પણ મહેનતુ વર્ગ આ કૃષિ કર્મથી સુખે નિર્વાહ ચલાવી શકે છે. ખેતીવાડીમાં પાપમાની જો બધાઓ તેનો ત્યાગ કરે તો કાંતો મરવાનો પ્રસંગ આવે અને કાંતો તેથી વધારે પાપવાળી માંસાહારાદિ કાર્યમાં પ્રવૃત્તિ કરવી પડે.

વ્યવહારમાં વિવિધ પ્રકારના છળ, પ્રપંચો, ઓછું દેવું, વધારે લેવું વસ્તુઓનાં સેળસંભેળ, જુઠું બોલાવું, અન્ય બતાવી અન્ય આપવું, ખોટા લેખ, કુડાં તોલ માપ, વિગેરે પ્રપંચો વ્યાપારમાં કરવાં પડે તેનાં કરતાં તો, અંગત જાત મહેનતથી—ખરા પરસેવાવાળી મહેનતથી—કરાતી ખેતીવાડી હજાર દરજ્જે સારી છે.

વળી વિવિધ પ્રકારનાં યંત્રો, મીલો, પીલવાના કે લોઢવાના સંચાઓ વિગેરેમાં જે પાપ કર્મ થાય છે તેના કરતાં ખેતીવાડીમાં વધારે પાપ હોવાનો સંભવ નથી.

તથા જેમ ખેતીવાડીમાં આરંભ છે તેમ સેંકડો પંખાઆદિ, નાનાં પ્રાણિઓ, ગરીબ, યાચકો ઈત્યાદિને મદદ પણ ખેતીમાંથી આવતા અનાજ આદિ દ્વારા મળે છે. મતલબકે જે દેશનો આધાર સેંકડે નેવું ટકા જેટલો ખેતીવાડીના ઉપર છે તે દેશમાં, તીક્ષ્ણ બુદ્ધિવાળા સુધરેલ અને દયાની લાગણીવાળા મનુષ્યો ખેતીના ધંધામાં જોડાય તો થોડી મહેનતે પણ સુક્ષ્મ બુદ્ધિવડે તેઓ ઘણી સારી પેદાશ કરી શકે, ને સાથે સંતોષવૃત્તિય જીવન ગુજારતાં ધર્મ કાર્યો પણ નિવૃત્તિના વખતમાં સારી રીતે કરી શકે.

વ્યાપાર પ્રસંગમાં બેઠેલ મૂલ્યથી વધારે લાભ મળતો હોય તો સંતોષવૃત્તિ રાખી તે માલ વેચી નાખવો. પણ અધિક અધિક લાભની ઇચ્છા રાખી, ન વેચતાં કોઈ પ્રસંગે મૂળ ધનનો પણ નાશ થવા સંભવ છે.

લાભ વધારે મળતો હોય તો પણ ચિંતા અને ઉપાધીવિનાનું શાંતિવાળું જીવન ઇચ્છનાર મનુષ્યોએ ઉધારે માલ ન આપવો. તેમજ ઘરેણાં કે જમીન પ્રમુખ રાખ્યા સિવાય વ્યાજે પૈસા પણ ન આપવા. તેમ કરવાથી ઉલટી હાથે કરી ઉપાધી વહોરી લેવા જેવું થાય છે. કાકો ટળી ભત્રીજા થવા જેવું થાય છે અને ચિંતા તથા આર્ત્તધ્યાનને આમંત્રણ કર્યા જેવું બને છે.

બુદ્ધિમાન્ મનુષ્યોએ રાજ્યવહિવટ આદિ કાર્યમાં પણ બનતા પ્રયત્ને ભાગ લેવા ચુકવું નહિં. રાજ્યસેવાની અને તેમાં પણ ઉંચા પ્રકારના હોદ્દા ભોગવવા કે મેળવવા પ્રયત્ન કરવાની જરૂર છે. કારણ કે તેથી અનેક મનુષ્યોને તે ઉપકાર કરી શકવા સાથે આ જીવિકા મેળવાવી આપવામાં મદદગાર થાય છે. મોટી વિપત્તિઓ રાજ્યની મદદ વિના ભાંગી શકાતી નથી. પરોપકારી કાર્યો હકુમત વિના જોઇએ તેવાં ચોક્કસ થઇ શકતાં નથી. ધર્મનો ઉદ્ધાર પણ રાજ્યધર્મ વિના થઈ શકતો નથી. રાજ્યની મદદ વિના એકલા ઉપદેશથી લોકોને સન્માર્ગે ચડાવી શકાતાં નથી. લોકોની દરિદ્રતાનો અંત રાજ્યની મદદ વિના થઇ શકતો નથી. અજ્ઞાનતાનો નાશ કરવામાં રાજ્યની હકુમત ઘણી ઉપયોગી થઇ પડે છે. અનેક પ્રકારના સુધારા વધારા કરવા તે હકુમતના અંગે કરવા સહેલા થઇ પડે છે. ભાંગી પડેલા હુન્નર

ઉદ્યોગો, નવી નવી શોધખોળો, અને દેશની આબાદી એ સર્વ રાજ્યના અંગેજ દૃઢ થઈ શકે છે.

પોતાની બુદ્ધિના પ્રમાણમાં યોગ્યતાનુસાર રાજ પ્રકરણીય કામમાં ભાગ લેવા ચુકવું નહિં, તેના ખરા ફાયદાઓ તો તેવા અણિના પ્રસંગેજ ઉપયોગી થઇ પડે છે, અથવા જણાય છે.

પૈસાપાત્ર, બુદ્ધિમાન, હિમ્મતવાન, અને સાહસી મનુષ્યોએ દેશના મોટા મોટા ગણાતા વ્યાપારમાં જોડાવું જોઇએ. બુદ્ધિ, પૈસો અને સાહસ એ, લક્ષ્મીને આવવાનાં દ્વારો છે.

જે મનુષ્યમાં જે જાતની શક્તિઓ ખીલેલી હોય છે તે મનુષ્યને તે તે જાતના વ્યાપાર, હુન્નર, ઉદ્યોગ, નોકરી વિગેરે કરવાની ઇચ્છા થાય છે. અને તેની ઇચ્છાને વિશેષ પોષણ મળે તેવી મદદ આપી તે તે કામમાં તે માણુસને યોજવામાં આવે તો અવશ્ય તે મનુષ્ય તે તે કામમાં વિજય મેળવ્યા સિવાય રહેજ નહિં, તે સિવાય ઇચ્છા વિરૂદ્ધ કોઇ કામમાં તેને યોજવામાં આવે તો જરૂર તેમાં તે નિરાશ થવાનોજ.

થોડી મીલ્કત ધરાવનારા પણ અનેક મનુષ્યો સાથે જોડાઇને કંપની-ભાગીદાર તરિકે તેઓ પોતાના ભાગ્યની અજમાયેશ કરે તો તેઓ મોટા મોટા સાહસ કરવાને પણ સમર્થ થઇ શકે. પૈસાદારોની હરીફાઇમાં પણ ઉતરી શકે. અને પોતાના દેશનો ભાંગી ગયેલ વ્યાપાર પણ ખીલવી દેશનો ઉદય કરવા સાથે પોતાનો તથા પોતાં આશ્રિતોનો ઉદ્ધાર કરી શકે.

સંધ્યા વખતની ગૃહસ્થની ક્રિયા.

દિવસનો આઠમો ભાગ બાકી રહે તે વખતે ગૃહસ્થોએ ભોજન કરી લેવું, રાત્રિએ બુદ્ધિમાનોએ ભોજન ન કરવું. રાત્રે ભોજન કરતાં ચોમાસાના વખતમાં ઘણાં એવાં ઝીણાં જંતુઓ થાય છે કે ઉડી ઉડીને ભાણામાં પડે છે. તે જીવોનો નાશ તો થાય છે, સાથે તેમાં કોઇ ઝેરી જંતુ ભોજનમાં આવી જાય તો શરિરને પણ મોટું નુકશાન થાય છે. કીડી ભોજનમાં આવી જાય તો બુદ્ધિનો નાશ થાય છે. જુથી જળોદર થાય છે. કરોળીયાની લાળથી કોઢ થાય છે. ખડમાકડી જેવું પ્રાણિ શરીરપર મુતરી જતાં દાઝયાની માફક મોટા ફોલ્લા ઉત્પન્ન કરી મનુષ્યોને ત્રાસ પોકરાવે છે તો પછી ભોજનમાં રાત્રે તે ઉડતાં પ્રાણિના મૂત્રનો ભાગ આવી જાય તો ભયંકર દાહ કે પેટમાં રોગ થાય તેમાં આશ્ચર્ય શું છે ? આ બન્નેથી બચવા માટે રાત્રીએ ન જમવું પણ દિવસે જમવું તે વધારે ડાહાપણ ભરેલુ છે.

વળી વહેલું ભોજન કર્યું હોય તો રાત્રીએ પ્રભુની પ્રાર્થના કે ધર્મધ્યાનાદિમાં બેસતાં વધારે આળસ કે પ્રમાદ થતો નથી. ઉંઘ ઓછી આવે છે. કારણ કે ખાધેલો ખોરાક બે ત્રણ કલાક જવા પછી પાચન થઇ જાય છે. સાંજે જમવાની જરૂર પડે તો ઘણો સાદો જલદી પાચન થાય તેવો અને થોડો આહાર જમવો તે વધારે યોગ્ય છે. ઘણો આહાર જમવાથી નિદ્રા તથા આળસ વધે છે. અજીર્ણાદિ થતાં રોગોની વૃદ્ધિ થાય છે.

થોડા પાણીથી હાથ, પગ અને મોઢું ધોઇને સાંજરે ધુપ અને દીપવડે વીતરાગ દેવની પુજા ગૃહસ્થોએ કરવી. અને તે પુજા

વખતે પૂર્વે કહી આવ્યા તેવી ભાવના પ્રબળ લાગણી સાથે ભાવવી.

ત્યાર પછી પ્રતિક્રમણ કરવું. કેમકે ક્રિયા સહિત જ્ઞાન મોક્ષનું સાધક છે. એકલું જ્ઞાન કે એકલી ક્રિયા ફળ આપતી નથી પણ બન્નેની સાથે જરૂર છે. જ્ઞાનથી પોતે જે જાણ્યું છે ક્રિયાદ્વારા તે પ્રમાણે વર્ત્તન કરવાનું છે. તે વર્ત્તનમાં જ્યાં જ્યાં ભૂલો થઇ હોય, વિસ્મરણ થયું હોય, અથવા તેવા વિષમ પ્રસંગો આવી પડતાં ધીરજ ન રહી હોય, તેને લઇ લીધેલ નિયમમાં—કરેલ પ્રતિજ્ઞામાં—જ્યાં જ્યાં દૂષણ લાગ્યું હોય તે તે યાદ કરી, તેને માટે પશ્ચાત્તાપ કરી, માફી માંગી, પ્રાયશ્ચિત લઇ કરેલી ભૂલને સુધારી લેવી. છિદ્ર પડયું હોય ત્યાં થીગડું—ડગળી, આપી છિદ્ર બંધ કરી વ્રતને મજબુત બનાવવાં, કરેલી પ્રતિજ્ઞાને દૃઢ કરવી, અને ઉત્તમ વર્ત્તન પાછું ચાલુ રાખવું. આ હેતુ પ્રતિક્રમણનો છે અને તે પૂર્વે બતાવી આવ્યા છીએ. તે પ્રમાણે પ્રતિક્રમણ કરવું.

ધર્મથીજ સર્વ કાર્યો સિદ્ધ થાય છે, એમ જાણી નિરંતર ધર્મનેજ હૃદયમાં રાખનાર મનુષ્યોએ વ્યવહારિક પ્રપંચોમાં ગુંચાઇને ધર્મની વેળાનું ઉલ્લંઘન ન કરવું અર્થાત્ જે ક્રિયા જે જે કાળે કરવાની કહી છે તે તે કાળે તે તે ક્રિયા આદરપૂર્વક કરવી. વ્યવહારના પ્રપંચમાં, આળસ અને વાતોના તડાકામાં ચાલુ ક્રિયાનો વખત ઓલંઘી જવો તે, તે તે ક્રિયા પ્રત્યે અનાદર સૂચવે છે અને વ્યવહારના પ્રસંગો કરતાં તેની કીંમત ઘણી હલકી—ઓછી—ટાંકવામાં આવે છે, એમ સૂચના કરાય છે. છતાં વિષમ પ્રસંગો માટે અપવાદ હોય છે પણ તે અપવાદનો ઉપયોગ પોતાની આળસ અને બેદરકારી માટે કરવાનો નથી, પણ કોઇ

તેનાથી વધારે અગત્યનાં કે અગવડતાવાળાં કારણે તે અપવાદને મુખ્ય કરી વર્ત્તવામાં આવે તો હરકત નથી.

પ્રતિક્રમણ કર્યાબાદ ગુરૂ, ગ્લાન, તપસ્વી આદિની ભક્તિ કરીને વખત હોય તો (મંદીર બંધ ન થયેલ હોય અથવા મહોત્સવાદિનો પ્રસંગ હોય તો) પરમાત્માનાં દર્શન કરી પછી ઘેર જવું.

વ્યવહારીક પ્રસંગોની તથા જરૂરીયાતનાં કાર્યોની તપાસ કરી, નોકર ચાકરની હાજરી લઇ, હિસાબ વિગેરે તપાસી, કરવા યોગ્ય કાર્યોની આશ્રિતોને ભલામણ કરી, પછી રાત્રીએ પોતાનાં કુટુંબવર્ગને બોલાવી ધર્મ તથા વ્યવહારના કાર્ય સંબંધી તપાસ કરવી. આજે કોણે પોતાને સોંપેલા કાર્યમાં પ્રમાદ કર્યો છે? ઘરમાં કોઇને કલેશ થયો છે? કોઇનાં મન એક બીજાપર નારાજ થયાં છે? થયાં છે તો શા કારણથી? ઇત્યાદિ તપાસ કરી તેનો અપક્ષપાતપણે તરત નીકાલ કરી નાખવો, નહિંતર કલેશના તણખાઓ કાળાંતરે ભયંકર આગનું રૂપ પકડે છે જેને પરિણામે કુટુંબનો પ્રેમ, એક બીજાની વાત્સલ્યતા, એક બીજાને મદદ કરવાની રૂઢી, એક બીજાની મર્યાદા સાચવવાની રીત ઇત્યાદિ સર્વ નાશ પામે છે. બધાં જુદાં થઇ છિન્નભિન્ન થઇ જાય છે. આબરૂને ધક્કો લાગે છે અને નિર્બળ તથા મદદ વિનાના નિર્માલ્ય, લાચાર, થયેલાનો સર્વ કોઇ પરાભવ કરે છે. આ વિષમ વિપત્તિમાંથી બચવા માટે ઘરના આગેવાને બહુ કાળજી રાખવી.

વળી અધર્મને રસ્તે ચાલનાર તથા ધર્મ તરફ પ્રવૃત્તિ નહિં

કરનારને પણ સત્ય સમજાવી, ભાવી દુઃખમય પરિણામ અન્યના દષ્ટાંતોથી બતાવી, ધર્મ તરફ પ્રવૃત્તિ કરાવવી. કુટુંબીઓનું પોષણ, રક્ષણ અને સન્માર્ગ ગમન, ઇત્યાદિ માટે ઘરના આગેવાનોને માથે મોટી જવાબદારી રહેલી છે તેનું સ્મરણ રાખી કુટુંબને સન્માર્ગે ચલાવવામાં જરાપણ બેદરકારી ન રાખવી. એકાદ વખત ખરાબ રસ્તે ગમન કરનાર માણસને ફરીથી ઠેકાણે લાવતાં ઘણી મહેનત પડે છે માટે શરૂઆતથીજ કાળજી રાખી કુટુંબને સારા ધર્મિષ્ટ (ધર્મઘેલા નહિં) માણસોના સહવાસમાં રાખવા ખરાબ સોબતથી અટકાવવાં, ધર્મ શ્રવણ કરવા મોકલવા અને પોતે ધાર્મિક પુસ્તકો વાંચી સંભળાવી ધાર્મિક કથાઓ કહી બતાવી અને અનુભવની વાતો કરી, શિખામણો આપી, તેઓ સર્વે પવિત્ર જીંદગી ગુજારે તેવો પ્રયત્ન કરવો.

રાત્રીએ સુતાં પહેલાં હાથ પગ ધોઇ પંચ પરમેષ્ટિ મંત્રનું સ્મરણ કરવું. અરિહંતનું, સિદ્ધપરમાત્માનું, પવિત્ર સાધુઓનું, અને ધર્મનું શરણ અંગિકાર કરવું તે તે શરણ કરતી વખતે તે તે મહાન્ વ્યક્તિ અને શક્તિનો ઉચ્ચતમ આદર્શ પોતાના આંતર ચક્ષુ સામે ખડો કરી, તેમના શરણે, તેઓની પવિત્ર છાંયા નીચે પોતાના જીવનને મુકવું.

એઓ મારા હૃદયમાં પાવત્રતાને પ્રેરો, દુર્ગુણોને બાહાર કાઢો, સત્ય સમજાવો, સત્યના માર્ગમાં ચલાવો, અને વિષમ પ્રસંગે મારો સર્વ વાતે બચાવ કરો, આ ઉદ્દેશ તે મહાન્ પવિત્રાત્માઓનું શરણ ગ્રહણ કરવાનો છે.

ત્યારપછી ગૃહસ્થાશ્રમમાં પણ પવિત્ર શીયળ પાળનાર સુદર્શન આદિ પવિત્ર જીવાત્માઓની અનુમોદના કરવી, શ્રીમાન્ સ્થુલિભદ્રાદિ મહાત્માઓ જેઓ પવિત્ર જીવન ગુજારનારા છે, વિષમ પ્રસંગમાં પણ દઢ બ્રહ્મચર્ય પાળનારા છે, તેમનાં જીવનના નિર્મળ આદર્શો પોતાના નેત્ર આગળ ખડા કરી, અપૂર્વ લાગણી સાથે નમન કરવું અને પોતામાં તેવી દઢતા કેમ આવે તેનો વિચાર કરવો.

બ્રહ્મચર્ય પાળવાની પોતાની અદઢતાને જોઇ પોતાથી અધિક દઢતાવાળાની અનુમોદના કરવી. ખરેખર પોતાનું સત્ય સ્વરૂપ પ્રગટ કરવામાં વિઘ્નરૂપ વિષયોની વાસનાજ છે, તે જો શાંત થાય તો મોક્ષ જરાપણ દૂર નથી.

આ પ્રમાણે વિચારો કરી નિદ્રાવશ થવું. ધર્મના પર્વ દિવસોમાં કોઇપણ વખત મૈથુન સેવવું નહિં તથા બને તેટલો વિષયવાસના ઉપર મનનો કાબુ રાખવો.

ઘણા વખત સુધી ઉંઘવું નહિં. વધારામાં વધારે છ કલાક નિદ્રા મનુષ્યો માટે પુરતી છે. વધારે નિદ્રા ધર્મ, અર્થ અને સુખનો નાશ કરે છે. જેને અલ્પ આહાર, અલ્પ નિદ્રા, અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ અને અલ્પ કષાય હોય તે ઘણોજ ભાગ્યવાન્ અલ્પ ભવભ્રમણ કરનાર જાણવો.

નિદ્રા, આહાર, ભય, સ્નેહ, લજ્જા, કામ, કલેશ, ક્રોધ એ જેટલા વધારીએ તેટલાં વધે છે અને ઘટાડીએ તેટલાં ઘટે છે.

સુતી વખતે બાળ બ્રહ્મચારી નેમનાથ પ્રભુનું સ્મરણ કરનાર ખરાબ સ્વપ્નોથી પરાભવ–પીડા–પામતો નથી.

પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરી નિદ્રા કરનારને ખરાબ સ્વપ્ન આવતું નથી. અને શ્રીમાન્ ચંદ્ર પ્રભુનું સ્મરણ કરી નિદ્રા કરનારને સુખે નિદ્રા આવે છે. શાંતિ કરનાર શ્રીમાન્ શાંતિનાથ પ્રભુનું સ્મરણ કરનારને ચૌરાદિથી ભય લાગતો નથી.

આ પ્રમાણે શ્રાવકધર્મમાં ગૃહસ્થોનું દિવસનું કર્ત્તવ્ય કહેવાયું. હવે ગૃહસ્થાશ્રમમાં કાયમ માટે ઉપયોગી કેટલીક બાબતોની સૂચનાઓ કરવામાં આવે છે.

ગર્ભવાળી સ્ત્રીનું વર્ત્તન.

ગર્ભ રહે ત્યારથીજ બાળકને ઉછેરવાની ફરજ માતા, પિતા ઉપર આવી રહેલી છે. ગર્ભ રહ્યા પછી ગર્ભ ધારણ કરનાર સ્ત્રીએ વિષયવાસના ઉપર કાબુ રાખવો, કલેશ કંકાશ ન કરવો, ઘણાં ઠંડાં, ઘણાં ઉંના, ઘણાં વાયુ કરનાર, પિત્ત કરનાર, કફની વૃદ્ધિ કરનાર પદાર્થો ખાવા નહિ, ધીમે ચાલવું, ધીમે બોલવું, મંદ હસવું, દોડવું નહિં, ઉંચા નિચાં થનારાં, ખડખડાટ કરનારાં અને જેને લઇ શરીર હચમચાવી નાંખે તેવાં વાહનો ગાડી, ઘોડા આદિપર તે બાઇએ બેસવું નહિં, પછાડી ખાવી નહિ, કુદવું કે ઠેકવું નહિં, ઉપવાસો કરવા નહિં, ઘણો ભાર ઉપાડવો નહિં, ઘણા ઉંચા ચડવું નહિં, ઘણા નીચાણમાં ઉતરવું નહિં, ઘણી ચિંતા ન કરવી. ઇત્યાદિ અનેક પ્રકારની સાવચેતી ગર્ભવાળી સ્ત્રીઓએ ગર્ભના હિત માટે રાખવાની છે.

ગર્ભવાળી સ્ત્રીઓનું કર્તવ્ય.

ગર્ભના મહીનાઓની અંદર ગર્ભવતિએ સારા સારા વિચારો કરવા, ઉત્તમ બળ, શૌર્ય, હિમ્મત આવે તેવાં પુસ્તકો વાંચવાં, પરોપકાર, આત્મપરાયણતા, સત્યનો નિર્ણય અને સાત્વિક પ્રકૃતિનો વિકાશ થાય તેવાં ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવાં. વિવિધ પ્રકારના કુદરતિ દેખાવો નિહાળવા, જ્ઞાતિનો, ધર્મનો, દેશનો ઉદ્ધાર કરવા સંબંધી વિચારો કરવા, સારા બુદ્ધિમાન, વિવેકી, ધર્મશીલ અને આત્મપરાયણ મનુષ્યોના સમાગમમાં આવવું અને તેમની કહેલી અગર આપસમાં થતી વાર્તાચિત્ત ઉપર ધ્યાન આપવું. આ પ્રમાણે વર્ત્તન કરવાથી તે તે વિચાર, શ્રવણ, સોબત અને વાંચન આદિથી હૃદયમાં ઉત્પન્ન થતા ભાવોની ભાવી અસર તે ગર્ભના જીવ ઉપર અમુક અંશે પણ થવા સિવાય રહેશે નહિં. મતલબ કે તેથી ગર્ભમાં રહેલો જીવ તેવા તેવા ગુણવાળો થાય છે. અને તેવો પ્રતાપી ગર્ભ-પુત્ર-ઉત્પન્ન કરવાની માતાની ઇચ્છા હોવીજ જોઇએ. જેને પ્રતાપે ‘ રત્નકુક્ષી’ વીરજનેતા ! એવા વિવિધ સુંદર ઉપનામોથી આ દુનિયામાં અમર નામો લાંબાકાળ પર્યંત જેનાં ગવાઇ રહેછે તે માતાઓએ પોતામાં પરાક્રમી બાળકો ઉત્પન્ન કરવા માટે ગર્ભ અવસ્થામાંજ આવા ઉત્તમ વિચારોના દઢ સંસ્કારો પાડવા પ્રયત્ન કરવો.

ગર્ભવાળી સ્ત્રી માટે સાવચેતીના ઉપાયો.

પતિએ પણ ગર્ભના હિત માટે દરેક જાતની સગવડ પો-

તાની સ્ત્રીને કરી આપવી જોઇએ. ગર્ભ રહ્યા બાદ લગભગ ત્રણ મહીને વિવિધ પ્રકારની ઇચ્છાઓ જેને ડોહોળા કહે છે તે ઉત્પન્ન થાય છે. ગર્ભ જેવી પ્રકૃતિવાળો હોય, જેવા શુભાશુભ કર્મવાળો હોય, તેવાજ ડોહોળા તેની માતાને ઉત્પન્ન થાય છે. આ ઇચ્છાઓ તે સ્ત્રીની જ્યાં સુધી પૂર્ણ થતી નથી ત્યાંસુધી તેને ચેન પડતું નથી અને તેથી ગર્ભને શાંતિ મળતી નથી, માટે બુદ્ધિમાન્ પતિએ સ્ત્રીની સર્વ ઇચ્છાઓ જેને ગર્ભના ડોહોળા તરીકે ગણવામાં આવે છે તે સર્વ પૂર્ણ કરવી જોઇએ.

જન્મ થયા બાદ સૂતિકાબાઇની શરીરસંપત્તિ લથડી ન જાય તે માટે તરત ચાંપતા ઉપાયો લેવા. જો તે બાઇને તરત જોઇતી મદદ મળતી નથી તો તેનું મરણ થવા સુધીના પ્રસંગો ઉત્પન્ન થાય છે અથવા લાંબા વખત સુધી મોટી બીમારી ભોગવવી પડે છે અને સુવારોગ જેવા ભયંકર રોગથી શરીરનું લોહી ચાલ્યા જવા સાથે જીંદગીભર માટે નિર્બળ શરીર થઇ જવાનો પણ ભય રહે છે.

બાળકો ઉછેરવાની કાળજી.

જેટલી કાળજી સુવાવડી સ્ત્રી માટે રાખવાની છે તેટલીજ કાળજી તે બાઇએ જન્મેલા બાળક માટે રાખવાની છે. માતાની વિવિધ પ્રકારની યોગ્ય અયોગ્ય ખોરાક ખાવાની ઇચ્છાઓથી, નાના બાળકોને તેજ ખોરાક રૂપાંતરે માતાના દુધ દ્વારા મદદકરતા, હરકતકરતા અને રોગ ઉત્પન્ન કરનાર થઇ પડે છે. કેટલીક

હર્ષઘેલી માતાઓ આખો દિવસ બાળકને ધવરાવ ધવરાવ કરે છે જેને પરિણામે દુધ પણ અજીર્ણનું રૂપ લઇ બાલ્યાવસ્થામાંજ બાળકને પ્રાણ છોડવાની ફરજ પાડે છે.

ઘણી ખરી માતાઓ પોતાના બાળકને ઉછેરવા માટેની અજ્ઞાનતાવાળી હોય છે અને તેના પ્રતાપે કુમળી વયનાં બાળકોનું મરણ પ્રમાણ ઘણુંજ ભયંકર આવે છે.

કેટલીક વખત માતા, પિતાના રોગો પુત્રાદિ સંતતિમાં વારસા તરિકે ઉતરે છે, આવાં માતા પિતાઓએ, બાળકોના હિત ખાતર, પ્રજાની મજબુતાઇ ખાતર પ્રજા ઉત્પત્તિ કરવાનું બંધ કરવું એ વધારે યોગ્ય છે અને પોતાની વાસના કાબુમાં ન રહે તો રજસ્વળા થયા પછી સોળ દિવસ પછી ગર્ભ રહેતો નથી તે વાત ખાશ ધ્યાનમાં રાખી વર્ત્તન કરવું

બાલ્યાવસ્થામાં બાળકો પર નાના રોગોના જીવલેણ હુમલાઓ ચાલુ રહેછે તે સર્વ બાબતમાં વૃદ્ધ અનુભવી સ્ત્રીઓ અને તેવાજ બાળકના અનુભવી વૈદ્યોની સલાહ લઇ તરતજ ચાંપતા ઉપાયો યોજવા વધારે હિતકારી છે.

માતાએ પણ બાળકને ગરમી, સરદી અને ઠંડીથી બચાવવા પુરતી કાળજી રાખવી તેમજ ભીનાં—ઝાડા અને પેસાબ વાળાં—વસ્ત્રમાં કે આસનમાં બાળક વધારે વખત પડી રહી તેની તંદુરસ્તી ન બગડે તે માટે પણ સાવચેતી રાખવી.

માતાની બીજી ફરજ એ છે કે કોઇપણ વખત તે બાળક ન રડે તે માટે પણ પુરતી કાળજી રાખવી. બાલ્યાવસ્થામાંજ

રોતલ માવડી જેવાં બાળકો આગળપર બહાદુરીનાં કાર્યો કેમ કરી શકશે ?

કેટલીક વખત બાળક કોઇ કારણસર રડે છે તો અજ્ઞાન માતા તરતજ પોતાનો સ્તન તેના મોઢાંમાં છાનો રાખવા આપે છે, પણ તેણીએ ધ્યાન રાખવું કે દરેક વખત બાળક કાંઇ ધાવવા માટેજ રડતો હોતો નથી. તેની પથારીમાં કાંઇક ખુંચતું હોય, ટાઢ લાગતી હોય, કે સુઇ સુઇને વાંસો બળતો હોય તો પણ રડે છે. આવે પ્રસંગે તેને તેડી ખુલ્લી હવામાં રમાડવો, હસાડવો, અને આનંદિત કરવો.

કેટલીક વખત રોતા બાળકને છાનો રાખવા માટે અજ્ઞાન માતાઓ બાવો આવ્યો ! એ હાઉ આવ્યો ! અરે બાવા આને પકડી જા ! અજ્ઞાન બાળક છતાં માતાપરના વિશ્વાસને લઇ માતાના શબ્દોની જાદુઇ અસરથી કેટલીવાર છાનો રહી જાય છે પણ ખરો, છતાં મહા ખેદની વાત છે કે તે ભયના દુર્બળ વિચારો બાળકના મગજમાં સંસ્કારરૂપે પડે છે, અને મોટો થતાં પણ તે બીકણજ રહે છે. સહેજસાજના ખડખડાટથી કે અંધારામાં જવાના કારણથી, યા, એકલો ઘરમાં રહેતાં પણ તે ડરે છે. આવી રીતે માતાના મલીન હલકા ભયના વિચારોથી તેનું જીવન નિર્માલ્ય બને છે. ડગલે ને પગલે અન્યથી પરાભવ પામે છે. વીરતા, ધૈર્ય અને સાહસના ગુણો નાશ પામે છે. આવી નાલાયક પ્રજા દેશને બોજારૂપ થાય છે. દેશનો નાશ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. માટે માતાની ઉત્તમમાં ઉત્તમ ફરજ એ છે કે તેણીએ બાળકોમાં હિમ્મત, બહાદુરી અને શૂરવીરતા જેમ પ્રગટ થાય તેમ વર્ત્તન કરવું જોઇએ.

મ્હારા બેટા ! તું બહાદુર છે. શૂરવીર છે ! તારે અનેક મહાન કાર્યો કરવાનાં છે. જોજે હો ! કોઇથી જરાપણ ડરતો ! તારામાં અનંત બળ છે, અનંત શક્તિ છે. તું કોઇથી પરાભવ પામે તેમ નથી. આપણા કુળમાં તારા વડિલોએ મહાન્ બહાદુરીનાં કાર્યો કર્યાં છે, તેનો પુત્ર થઇ તું જરાપણ પાછો હઠતો નહિ.

તારા પૂર્વજોએ કેટલાં પરમાર્થનાં કાર્યો કર્યાં છે ! કેવા દેશાંતરો ખેડયા છે ! કેટલી અઢલક દોલત મેળવી હતી ! તારે તેનાથી પણ આગળ વધારે વધવાનું છે. તેઓ કેવા બુદ્ધિવાન્ હતા ! દેશ ઉપર આવતાં વિપત્તિનાં વાદળો તેમણે બુદ્ધિબળથી વિખેરી નાખ્યાં હતાં. રાજ્યતંત્રો તેમને આધિન હતાં. રાજ્યના તેઓ વડિલ પ્રધાન હતા. રાજ્યતંત્રો તેઓજ ચલાવતા ! દેશમાં શાંતિ તેઓએજ પાથરી હતી ! તેઓ કેવા ઉદ્યોગી હતા ! તેમણે કેવા હુન્નરો શોધી કહાડયા હતા ! તેઓ કેવા સાહસીક હતા ! તેમના નામથી દેશ કંપતો ! મારા વ્હાલા પુત્ર ! તારે પણ તેઓથી અધિક થવાનું છે ! !

ઇત્યાદિ જે જે સદ્દગુણની ખામી બાળકમાં જણાતી હોય, અથવા જે જે સદ્દગુણ ખીલવવાની જરૂરીયાત જણાય તે તે સંબંધી ઉત્સાહ વધે, લાગણી સતેજ થાય, તેના સંસ્કારો બીજરૂપે દૃઢ રોપાય, તેવા તેવા વિચારોથી બાળકનું હૃદય ઉશ્કેરવું અને બાલક તેવી ચેષ્ટા કરે, તેવું બોલે કે મોટા થતાં આવો થઇશ ને તેવો થઇશ. આમ કરીશ ને તેમ કરીશ, ત્યાં સુધી તે તે વાતના દૃઢ સંસ્કારો માતાએ તેના મગજ પર ઠસાવવા.

જોઇ હવે પછી તે બાળકની સ્થીતિ અને તેનાં કર્તવ્યો.

મ્હોટો થતાંજ તે બાળપણાના દ્રઢ થયેલા સંસ્કારો પ્રમાણેજ વર્ત્તન કરશે. અને કુટુંબ, નાત, ધર્મ, તથા દેશનો ઉદ્ધારક તે બનશે. માતાએ બાળકોને નવરાવી ધોવરાવીને સાફસુફ રાખવાં. ભલે ભારે કપડાં પહેરાવવા ન હોય પણ મેલાં, ગંદાં, તેની તંદુરસ્તિ બગડે તેવાં કપડાં તો પહેરાવવાંજ નહિં. પણ સાદાં, ધોયેલાં અને હલકાં કપડાં પહેરાવવાં.

કેટલીક અજ્ઞાન માતાઓ અથવા હર્ષઘેલી માતાઓ નાનાં બાળકોના કોટમાં અને શરીર ઉપર વિવિધ પ્રકારના ઘરેણાંનો બોજો લાદે છે, આનું પરિણામ કેટલીક વખતે એવું ખરાબ આવે છે કે ઘરેણાની લાલચે લુચ્ચા લોકો તેનું ખુન પણ કરે છે. આવા ઘણા દાખલાઓ બનેલા છે, અને અત્યારે બને છે. માટે અજ્ઞાન બાળકોપર તેના જીવને જોખમમાં નાખનાર ઘરેણાં પહેરાવવાં નહિં; જરૂર જેટલાં પહેરાવવાં હોય તો ચોકસ દેખરેખ રાખવી, અને રમવા કે એકલો ફરવા જાય ત્યારે તો અવસ્ય તે કાઢી લેવાં.

ઘણી ઓછી સમજણવાળી સ્ત્રીઓ નાનાં બાળકોને નવરાવતાં જોરથી તેનું માથું પકડે છે અને દશસેરા જેટલા વજનવાળા બન્ને હાથોથી તેનું માથું—વાળ—મસળે છે. બાળકની આંખમાં સાબુ કે ખારનું પાણી જાય છે, બાળક ચીસો નાખે છે તોપણ તેને પકડીને, બે સાથળ વચ્ચે બાળકને ઘાલીને જાણે મહાન્ પરોપકાર કે કલ્યાણનું કાર્ય કરતી હોય તેમ મારી પીટીને પણ નવરાવે છે! આ અજ્ઞાનતા છે. હસમુખાચહેરે અને બાળકની મરજી પ્રમાણે ધીમે ધીમે ફોસલાવીને નવરાવવાની જરૂર છે. શીયાળામાં ગરમ અને ઉનાળામાં ઠંડા પાણીથી બાળક ખુશી થાય તેમ નવરાવવાં,

માતા ના પાડે તોપણ પરાણે બાળક નાહાવાનું માંગી લે. આ એક જાતની કળા છે અને માતા થવાને લાયક સ્ત્રીઓમાં તે અવશ્ય જરૂરની છે.

ગમેતેવો પુત્ર, કે પુત્રી વ્હાલો કે વ્હાલાં હોય, એકજ હોય તોપણ તેને ભણાવવા માટે જરાપણ તેની દયા ખાવી નહિં. મતલબ કે કેળવણીના ફાયદાની તેને હાલ ખબર નથી તેથી તે ભણુવા જવા માટે કદાચ હા—ના કરે તોપણ હસાવીને, રમાડીને, ફોસલાવીને પણ તેને ભણુવા તો મોકલવોજ.

શરૂયાતમાં બાળકને ખાવાની, રમવાની કે બીજી તેવી લાલચો આપીને તેના સરખી ઉમરવાળા બાળકો સાથે નિશાળે મોકલાવવા, અને વધારે હુંશીયાર થાય, આગળ ભણે, ભણવામાં ઉત્સાહ વધે તે માટે તેને જોઇતી વસ્તુઓ આપવી. યા ઇનામની લાલચો બતાવવી અને તે પ્રમાણે આપવું પણ ખરૂં.

માબાપે છોકરા છોકરીઓને મોઢે ચડાવવાં નહિં. તેમને સારૂં ખાવાનું આપવું પણ કોઇ વાંક ગુન્હામાં આવ્યાં હોય તો શીખામણ આપવા અને શિક્ષા કરવામાં પાછી પાની ન કરવી. બાલ્યાવસ્થામાંથી છુટા કરી દેવામાં, મરજી આવે તેમને બોલવા દેવામાં અને ઇચ્છાનુસાર વર્ત્તન કરવા દેવામાં, ભાવી પરિણામ તે માબાપોનેજ પ્રથમ શોસવાં પડે છે. છતાં છોકરાઓ પોતાને બંધન રૂપ માની, પોતાની વિચારશક્તિને દાબી પણ ન દે તેટલા માટે અમુક દરજજે છુટ પણ તેમને મળવી જોઇએ—આપવી જોઇએ.

છોકરાંઓને ખુલ્લી હવામાં ફેરવવાં અને કસરત કરાવવી તેઓના શરીરને મજબુત બનાવવાની ઘણી જરૂર છે. કસરતથી મજબુત

બંધાયેલો બાંધો ભવિષ્યમાં શરીર સંપાત્તને સારી રીતે ટકાવી રાખે છે. નિરોગી શરીરવાળો ભણુવા આદમાં આગળ પડે છે. અને દરેક જાતમહેનતવાળા કાર્યમાં પાછળ પડતો નથી.

માબાપોએ છોકરાંઓને બોલાવવા માટેનો વિવેક, લાગણી પૂર્વક શીખવાડવો જોઇએ. કોઇને તુંકારે હુંકારે ન બોલાવે તે માટે પ્રસંગે ટોકતા રહેવું. મોટા ન્હાનાનો વિવેક શીખડાવવો. મોટાના સામું ન બોલવું, તેમના શબ્દોપર વિચાર કરવો, તેમની કહેલી શીખામણો લાગણીપૂર્વક સાંભળીને આચરણુમાં મૂકવી. આ વાતની સાથે તે છોકરાંઓ માખણીયાં—હાજીહા—કરનારાં પણ ન થાય તે માટે કાળજી રાખવી. સામામાં ભૂલ જણાય તો હીમ્મતથી પણ વિવેકપૂર્વક કહી આપે એવી લાગણીઓને ઉત્તેજીત કરવી, યા ઉત્તેજન આપવું. કેટલાક મોટી ઉમરના માણસોમાં પણ બાલ્યવસ્થાની એવી બુરી આદત પડી ગયેલી હોય છે કે પોતાને જે વાત અયોગ્ય લાગતી હોય, અયોગ્ય હોય, હૃદય જરાપણ તે તરફ લાગણી ધરાવતું ન હોય તથાપિ ‘ સામાને ખોટું લાગશે ’ તેથી અથવા પોતાની લાગણીઓમાં હિમ્મત દબાઇ ગયેલી હોવાથી અસત્ય વાતને પણ ટેકો આપે છે—પોષણુ આપે છે અથવા તેનો નિષેધ કરી શકતા નથી.

બોલવામાં વિવેક વધારવા માટે માબાપોએ પણ છોકરાંઓને બહુ આદરથી બોલાવવાં, બહુ વચનથી—આવો, જાઓ, કેમ છો ? વિગેરે શબ્દોથી બોલાવવા. આ ટેવથી છોકરાંઓ બીજા પ્રત્યે અનુકરણુ કરતાં શીખશે. પણ માબાપો કે કુટુંબમાંજ તોછડાઇથી બોલાવવાની ટેવ પડી હશે, બીજાનો તિરસ્કાર કરવાની

કે કોઇની નિંદા, કુથલી કરવાની ટેવ પડી હશે, જુઠું બોલવાની, ગાળો ભાંડવાની ટેવ હશે તો તેનાં છોકરાંઓ તેમનાથી સુધરે એ વાત સ્વપ્ને પણ સાચી માનવા જેવી નથી.

કેટલાક સુરત જેવા શહેરમાં બાપ પણ છોકરાને, કે ભાઇ ભાઇને આપસમાં સાળો કહીને સેજસાજની વાતમાં ભાંડે છે. માતાઓ છોકરીઓને રાંડ, વાંઝણી, વાહાલામુઇ, નલાઇ, છોકરાઓને નખોદીઆ, વાંઝીયા, સાળા—ઇત્યાદિ ખરાબ અને જેના અર્થનો વિચાર કરતાં પોતાના વ્હાલા બાળક બાળકીઓના હકમાંજ નુકશાન કરતા શબ્દો વાપરતાં અચકાતા નથી, તેઓ આ પોતાની નઠારી ટેવ સુધાર્યા વિના બાલકોને કેમ સુધારી શકે ? એ વાત વિચારવા જેવી છે.

માની સોડમાંથી બાહાર નીકળ્યા બાદ છોકરાને સુધારવાને તેના પિતાએ જેટલી કાળજી રાખવી ઘટે છે તેટલી કાળજી છોકરીને સુધારવા માટે માતાએ પણ રાખવાની જરૂર છે.

સારી રીતે વાંચતાં, લખતાં, ગણિત, હિસાબ, નામાં, લેખાં, સંસ્કૃત, પ્રાકૃતાદિનું જ્ઞાન છોકરાની માફક છોકરીઓને પણ આપવાનું છે. અને ત્યાર પછી ગૃહવ્યવહારને યોગ્ય રાંધવા, દળવા, ખાંડવા, ગુંથવા, ભરવા, ઇત્યાદિ સ્ત્રીવર્ગને તરતની જરૂરીયાતની તમામ તાલીમ માતા તરફથી છોકરીને મળવી જોઇએ.

છોકરાંઓને માટે વ્યવહારકુશળ કરી પોતાની મેળે જાતમહેનતથી કમાઇ કરી શકે, પોતાના કુટુંબનું પોષણ ઘણી સહેલાઇથી કરી શકે ત્યાં સુધીની, જમાનાને અનુસરતી, તેની ઇ-

ચ્છાને લાયકની અને તેના બુદ્ધિબળ તથા શરીરબળને યોગ્ય કેળવણી પિતાએ આપવા અપાવવા પ્રયત્ન કરવો.

આ પ્રસંગે પોતાના દેશાભિમાનનું, જાત્યાભિમાનનું, ધર્માભિમાનનું ગૌરવ તેના હૃદય પ્રદેશમાં સ્ફુરે તેવા વિચારશક્તિના તણખાઓ તેની બુદ્ધિના પ્રદેશમાં ફેંકવા. જે તણખાઓ આગળ ચાલતાં, શક્તિ ખીલતાં સ્વદેશ પ્રેમ, સ્વજાતિ પ્રેમ, સ્વધર્મ પ્રેમ વિગેરેની જ્વાળાઓના રૂપમાં પ્રગટી, પરોપકાર લાયક માનવોના હૃદયમાં રહેલી નિર્બળતાની ઠંડી દૂર કરી સર્વને આશ્વાસન આપે અર્થાત્ શાંતિ પ્રગટ કરાવે. પોતાનું કર્ત્તવ્ય બજાવવા માટે તત્પર બનાવે.

આટલી સ્થીતિએ પુત્રને લાવી મૂકતાં માતા પિતાઓનું કર્ત્તવ્ય ઘણે ભાગે પૂર્ણ થાય છે. તેમજ પુત્રિને ભણાવી, ગણાવી વ્યવહારકુશલ, સુશીલ, સદાચારી અને વર લાયક બનાવતાં તે તરફનું કર્ત્તવ્ય પણ ઘણે ભાગે સમાપ્ત થાય છે.

કેટલીક હર્ષઘેલી, માનઘેલી, ગર્વઘેલી, અજ્ઞાનઘેલી માતાઓ પોતાનાં નાની ઉમરનાં બાળકો કે જેઓ, હજી વ્યવહાર શું છે? દુનિયાં શું છે? લગ્ન શું છે? કર્ત્તવ્ય શું છે? ઇત્યાદિનું જેને ભાન નથી તેવાં બાળક બાળકાઓને પરણાવવાનો લ્હાવો લેવા નિમિત્તે લાકડે માંકડું વળગાડી આપવાની માફક બાલ્યાવસ્થામાં અરે કહો કે કેવલ નિર્દોષ અજ્ઞાનાવસ્થામાં પુત્ર, પુત્રિઓને પરણાવી દે છે! કેટલાંકનાં તો ઘોડીયામાં સુતાં હોય ત્યાં વેવિશાળ કે લગ્ન કરવામાં આવે છે! આવાં અજ્ઞાન બાળકોને જ્યારે પોતાની ફરજનું ભાન થાય છે ત્યારે કાંતો વર મૂર્ખ કે રોગી થઇ

તો વિવિધ પ્રકારનાં દૂષણોવાળો હોય છે. અને કાંતો સ્ત્રી અજ્ઞાન ભાવથી લુખી, શુષ્ક, પ્રેમ વિનાની, ખોડ ખાંપણવાળી, મૂર્ખ કે દુર્ગુણી હોય છે તેથી આપસમાં સ્નેહ બંધાતો નથી, તેમ ન્યાત જાતના બંધનો પ્રમાણે એક બીજાઓને છોડીને કોઇ બીજા સાથે લગ્નના સંબંધથી જોડાવાતું નથી. પરિણામે જીવન કલેશમય નિવડે છે, અનીચ્છાએ વ્યવહાર ચલાવવો પડે છે પણ તે ઉપરનોજ. વળી કદાચ રોગાદિ કારણે પતિના દેહનો વિયોગ થયો તો લગ્ન શું છે તે સમજવા પહેલાં વિધવાશ્રમ સ્વીકારવો પડે છે. આવાં સેંકડાગમે કજોડાંઓ અત્યારે આ દેશમાં વિદ્યમાન છે કે જેઓ પોતાના આ લગ્ન સંબંધ જોડનાર માતાપિતાઓના કામને ધિક્કારે છે, અને કળકળતા હૃદયે જન્મપર્યંત શ્રાપ આપે છે. આવા અજ્ઞાનતા ભરેલા વ્યવહારનો જો તે માતપિતાઓ યા જ્ઞાતિ જાતિના આગેવાનો ત્યાગ નહિં કરે યાતો તેમાં સુધારો વધારો નહિં કરે તો થોડાજ વર્ષમાં એવો પ્રસંગ અનુભવવાની તેમને ફરજ પડશે કે, માતાપિતાઓએ કેલવણી આપી બાળકોને તૈયાર કરવાં અને ત્યારપછી તેઓના લગ્નને માટે તેમને માથેજ ફરજ રહેવા દઈ પોતે તે કામ ઉપરથી પોતાના હાથ ઉઠાવી લેવા. અર્થાત્ મોટી ઉમરના પુત્ર પુત્રીઓ પોતાને માટે પતિ પત્નિઓને પસંદ કરીને પરણશે. અને ચાલુ લગ્ન કરવાનો કંત્રાટ જે માતા પિતાએ માથે લીધોછે તેમાંથી તેમણે પોતાનું રાજીનામું આપવું પડશે.

આ સાથે એક કરતાં અધિક સ્ત્રીઓ કરવાનો અને તેને સબબે કેટલાકોને જીવન પયત કુંવારી જીંદગી ગાળવાના પ્રસંગો અત્યારે અનેક જ્ઞાતિઓમાં દેખાય છે તેને માટે પણ તે કુંવારા યુવાનીઆઓ વિચાર કર્યા વિના રહેશે નહિ.

સાસુઓની વહુ પ્રત્યે ફરજ.

સાસુઓએ પોતાની પુત્રવધુને પોતાની પુત્રી સમાન સમજીને તેની સાથે વર્ત્તન કરવું. શરૂયાતમાં નવીન ઘરમાં અણુમાહીતગાર વહુએ અનેક ભૂલો કરવાનો સંભવ છે તે સર્વ દરગુજર કરતાં શીખવું. અને પ્રસંગે મીઠા શબ્દોમાં શિખામણ આપીને ધીમે ધીમે તેની ભૂલો સુધારવા પ્રયત્ન કરવો. મોટા નાનાની મર્યાદા રાખતાં શીખવવું. ઘેર આવેલાંઓની માવજત કરવાનું સમજાવવું. સાધુ સંતોનું સન્માન કરવાનું બતાવવું. સુવા બેસવાની, નાહાવા ધોવાની, પેસાબપાણી કરવાનાં સ્થાનોની શરૂયાતમાં ગોઠવણ કરી આપવી યા બતાવવાં. નહિતર શરમમાં રહેતાં શરીરમાં રોગ થવાનો અથવા મર્યાદા મૂકવાનો પ્રસંગ આવે છે. વસ્ત્ર ઘરેણાં વિગેરેથી યોગ્ય રીતે વહુનો સત્કાર કરવો. પ્રેમભરી તથા અનુકુળ લાગણીઓવડે સાસુએ વહુનું મન પોતાને સ્વાધિન કરવું જેથી કુટુંબમાં ભેદ પડવાનો, જુદા થવાનો કે કલેશ કરવાનો પ્રસંગ ન આવે. સર્વ પુત્રોની સ્ત્રીઓ પ્રત્યે સરખો ભાવ રાખવો. અને પોતાની પુત્રી કરતાં પણ વહુને અધિક ગણવી. આ વર્ત્તનથી વહુ સાસુને માતા સમાન લેખે તેમાં શી નવાઇ? અને ઘરમાં સંપ બન્યો રહે તેમાં આશ્ચર્ય શું?

વહુઓનો સાસુ તથા કુટુંબો પ્રત્યે ધર્મ.

નવીન વધુએ સાસુને પોતાની માતા સમાન ગણવી, તેમની આજ્ઞામાં રહેવું, તેમની રજા સિવાય કે પૂછયા સિવાય કોઇને ઘેર જવું નહિં. ઘરમાં બનતા બનાવોની બાહાર વાતો ન કરવી, બધા સુતા પછી સુવું, સર્વથી વહેલા ઉઠવુ, ઘરનાં કાર્યો ઘણી ઉમંગથી કરવાં, નણંદ, જેઠાણી આદિને પ્રેમથી ચાહવાં, તેમના અવર્ણવાદ ન બોલવા, સર્વને જમાડીને જમવું, અથવા સાથે બેસીને જમવું, સસરાના ઘરની વાતો પિયર જઇને ન કરવી, નહિંતર અન્યોઅન્ય વિરોધનાં બીજ વવાય છે. કલેશ ન કરવો, સંતોષ રાખવો, વિધવા, દુઃખી નણંદ આદિ હોય તો તેમને મદદ કરવી, કોઈ જાતની સ્પર્ધા કે ઈર્ષા ન કરવી, પોતાનો પતિ કમાતો હોય તોપણ ગર્વ ન કરવો, કોણ જાણે કોના પુન્યનું સર્વે ખાય છે ?. વસ્ત્ર અને ઘરેણાં માટે કુલેશ ન કરવો, જુદા થવાની કદીપણ પતિને સલાહ ન આપવી, નરમ, ગરમ થતા સમુદાયમાં એક બીજાઓ મદદગાર થાય છે. કોણ જાણેછે કે જુદાં થયા પછી સુખીજ રહેશો કે નિરોગીજ હશો ? દેર, જેઠ કે દેરાણી, જેઠાણી સાથે પણ કદી વાદવિવાદ કે કલેશ ન કરવો, દરગુજર કરતાં શીખવું, સહનશીલતા વધારવી, પરોપકાર કરીને કે બીજાને મદદ કરીને ખુશી થવું, મેણાં, ટોણાં મારવાં નહિં, નજીવી વાતને મોટું રૂપ આપી ભાઇ ભાઇઓનાં દીલ ઉશ્કેરી એક બીજાઓની પ્રીતિ તોડવાનો કદી પણ પ્રયત્ન ન કરવો.

ભાઇઓએ પણ ઉદાર દીલ રાખી, થોડું કમાનારની અવગણના ન કરતાં તેઓને પણ આગળ વધારવા પ્રયત્ન કરવો.

અને ખોરાક, વસ્ત્રાદિમાં સર્વ ભાઇઓએ એક સરખુંજ ખરચ રાખવું. કદાચ નાની ઉમરના બંધુઓ ઓછું કમાતા કે વધારે ખરચ કરતા હોય કે વસ્ત્રાદિ કીંમતિ પહેરતા હોય તો પણ તેમાં પોતાનીજ આબરૂમાં વધારે થાય છે એમ માની ઉદારતા વાપરી દરગુજર કરતા રહેવું.

સ્ત્રીઓનો પતિપ્રત્યે ધર્મ.

સ્ત્રીઓએ નિરંતર પવિત્ર રહેવું, પતિ સિવાય કોઇ તરફ પતિ તરફના સ્નેહની દ્રષ્ટિથી જોવું નહિ, પવિત્ર પ્રેમ માટે તો આ સર્વ જગતપર ભલમનસાઈ વાપરવાની છુટ છે. પતિની સેવામાં હાજર રહેવું. ભોજન, પાનાદિ સર્વ સામગ્રીઓ વખતસર હાજર કરવી. નોકરી ઉપરથી, કામ ઉપરથી, દુકાનના વ્યવહાર ઉપરથી કે રાજ્યતંત્રના વ્યવહારથી પતિ ઘેર આવતાં અરસપરસના, સાસુવહુના, નણંદ ભોજાઇના, દેરાણી જેઠાણીના કે તેવાજ બીજા કલેશ અને કંટાળા ભરેલા વિચારો જણાવી તેના મગજને ઉશ્કેરવું નહિં. કે અશાંતિ ઉત્પન્ન ન કરવી. વળી પોતાને કાંઇ પણ જરૂરીયાતની વાતો કહેવાની હોય તો તે ભોજન કર્યા બાદ શાંતિથી કહેવી, પણ ભોજન કરતાં વખતે કલેશ કરવો નહિં, કે તેવી વાતો કહીને ભોજનને વિષ રૂપ બનાવવું નહિં. ભોજન કરતાં જો મગજ ઉશ્કેરાઇ જાય છે તો તે ભોજન વિષપણે પરિણમી શરીરમાં વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે.

પતિના જમ્યા પછી જમવું કે તેની મરજી હોય તો સાથે

જમવું. પતિનું મન કેમ આનંદમાં રહે તેમ વર્ત્તન કરવું. તેનાથી કોઇ વાત છુપાવવી નહિં. સ્ત્રીએ પતિની આવક ઉપર વિચાર કરીનેજ ઘરનું ખરચ વધારવું કે ઘટાડવું.

બનતા પ્રયત્ને સ્ત્રીએ જાતેજ પતિને સ્નાન કરાવવું, વસ્ત્રો આપવાં, ભોજન તૈયાર કરવું અને જમાડવું. સય્યા પાથરી આપવી, અને સેવા કરવી. પૈસા પાત્રને ઘેર કે રાજા રજવાડામાં દાસ, દાસીઓની કાંઇ ખોટ હોતી નથી છતાં પણ સ્ત્રીઓએ પતિની સેવા પ્રમુખ પોતાને કરવાનાં કામ બીજાને સોંપવાં નહિં. જે સ્ત્રી પતિ સેવાનાં કામ બીજાને સોંપે છે તે સ્ત્રી પોતા ઉપર પોતાના પતિનો પૂર્ણ પ્રેમ મેળવી શકતી નથી. નોકરનું કામ નોકર કરે છે. ભલે તેઓ ઘરની માલીક સ્ત્રીથી વધારે કામ કરે પણ પ્રેમ અને નોકરી સરખી હોતીજ નથી. જેવી પોતાનાની પતિ પ્રત્યેની લાગણી હોય છે તેટલોજ પ્રેમ તે સ્ત્રી પોતાના પતિ તરફથી મેળવા શકે છે.

દુઃખ કે વિપત્તિના પ્રસંગમાં સ્ત્રીએ પતિનો કદી પણ ત્યાગ ન કરવો. ખરી કસોટીનો તેજ વખત છે. આવા પ્રસંગે સ્વાર્થી બની સ્ત્રી પોતાના સુખ માટે પતિને મૂકી પીયર કે બીજે સ્થળે જુદી રહે છે તો તે સ્ત્રી પોતાના પતિનો પ્રેમ મેળવી શકતીજ નથી.

રોગના પ્રસંગે સ્ત્રીએ જાતેજ પતિની સેવા કરવી. કોઇ બીજી સ્ત્રીને તેની સેવાના સમાગમમાં, રોગી પતિની માવજત કરવા દેવામાં પોતાની છતિ શક્તિએ દાખલ થવા ન દેવી. નહિંતર તે સ્ત્રીના સોભાગ્યમાં વિભાગ પડયાવિના ભાગ્યેજ રહે છે. ખરી રીતે

વિપત્તિ કે દુઃખના પ્રસંગે મદદ કરનાર તરફ દીલ ખેંચાયા સિવાય રહેતું નથી. અને ખરા અગ્નિના પ્રસંગે મદદ ન કરનાર તરફ દીલ તુટયા સિવાય પણ રહેતું નથી.

દિલગીરીના વખતમાં પોતાના ડાહાપણનો ઉપયોગ કરી પતિને દિલાશો આપવો. ખોટા ખર્ચોમાં પતિને ઉતારવો નહિં. ઘરની, ચાકર, નોકરની, પશુઓની, સ્ત્રીએ જાતે દેખરેખ અને સાર સંભાળ કરવી.

પતિના સુવા પછી સુવું અને ઉઠયા પહેલાં ઉઠવું. પતિના મિત્રોની પતિની હૈયાતિમાં સારી સાર સંભાળ કરવી. પતિ બાહાર જવા પછી તેની સાથે ઠઠા મશ્કરી કદી પણ ન કરવાં, તેમ કરતાં તેનું પરિણામ પોતાના ગેરલાભમાં શોકદાયક આવે છે.

વાસનાને કાબુમાં રાખવી. શરીર સાચવતા શીખવું. શરીરની મજબુતાઇ વધે માટે બહુ નિયમિત રહેવું. પતિની સામા-કદી પણ ન થવું. પોતાનો પતિ કદાચ અકારણે ગુસ્સો કરે તો વખત જોઇ મૌન રહેવું અને તે ખુશી મજામાં હોય તે વેળાએ ખરી હકીકત કે ખરો આશય બતાવી તેની ભૂલ સમજાવવાને સુધરાવવી, પણ તેજ વખતે સામા બોલી કલેશ ન કરવો. કોઇની કહેલી વાત પર લક્ષ ન આપતાં જાતે તપાસ કરી પછીજ તે વિષે પતિનો ખુલાશો માંગવો. કોઈ પ્રસંગે ઇસારાથી ભૂલ બતાવવી પણ તેનો અંત ન લેવો પતિના સુખી દિવસોમાં આનંદ કરવો. દુઃખી દિવસોમાં મદદગાર થવું. આમ જીવન ગુજારનાર પતિ પત્નિનો ગૃહવ્યવહાર સુખમય નિવડે છે.

પતિની પત્નિ પ્રત્યેની ફરજ.

ઘણી વખત બુદ્ધિમાન સ્ત્રીઓ વ્યવહાર પ્રસંગમાં પતિને મહાન્ મદદગાર થાય છે. ન્યાય માર્ગને મૂકીને અન્યાયમાં પ્રવૃત્તિ કરનારને સન્માર્ગમાં જોડે છે અને ધર્મથી પતિત થતા પતિને પ્રેમની અનહદ લાગણીથી મયણા સુંદરીની માફક ધર્મમાં પણ યોજે છે.

પણ આ સર્વ ડાહાપણ, બુદ્ધિ, ચાતુર્ય જો તે સ્ત્રીઓને સારી રીતે કેળવવામાં આવે છે તોજ તેનામાં સ્ફુરી આવે છે. કેળવવાનો અર્થ એવો નથી થતો કે મોટી મોટી પરિક્ષાઓમાં પાસ કરાવવી બી. એ. અને એમ. એ. ના ચાંદ્દા અપાવવા.

નીતિમય જીવન સાથે સાત્વક અને રસમય આર્દ્રતાવાળું મનોબળ કેળવવામાં નથી આવતું ત્યાં સુધી ઉપર કહેલી સુકી કે લુખી બાહ્યાડંબરવાળી કેળવણી વિકારી, બે પરવાઇવાળી અને ધિક્કાર યોગ્ય આચરણવાળી નિવડે તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી.

પતિની ખરી ફરજ એ છે કે પ્રથમ સ્ત્રીને યોગ્ય રીતે લખી, વાંચી જાણે તેવી કેળવણી અપાવવી. નીતિમય જીવનને પોષણ મળે માટે તેવા ઉત્તમ સદાચરણવાળી અને પ્રૌઢ વિચાર વા સુશીલ સ્ત્રીઓની સોબત મેળવી અપાવવી, અથવા તેવી સોબતમાં લાંબો વખત રહી શકે તેવી સગવડ કરી આપવી. નીતિના તથા ગૃહવ્યવહારને ઉપયોગી પુસ્તકો વંચાવવાં, પ્રસંગે પ્રસંગે સ્ત્રીના ધર્મો પોતે સમજાવવા અને જેતી તેના ઉપર છાપ પડે એવા પૂજ્ય વર્ગ પાસે હિત શિખામણો અપાવવી.

વ્યવહારનાં સાધનો બધાં પુરાં પાડવાં. જરૂરી પ્રસંગે અને પોતે ગામ બહાર ગયા હોય તેવા પ્રસંગે ઘેર કોઈ મેમાન, પરોણાઓ આવે, અગર કોઇ અતિથી, સાધુ-સંત આવે તે વખતે તેમની સગવડ કરી આપવા ખાતર અમુક પૈસા આપી રાખવા, અથવા તેવી સગવડતાનું સાધન બતાવી આપવું.

ઘેર કોઈ આવ્યા ગયાની ખબર રાખવાનું, જમાડવાનું, પરોણાગત કરવાનું કામ બાઇઓનું છે અને તે યોગ્ય સામગ્રી વિના થઈ શકતું નથી.

ઘરનાં માણસો, ચાકર નોકરો વિગેરેની જરૂરીયાતની સગવડો પણ તેણેજ કરવાની છે.

ઘરમાં રહેલાં પશુઓ તેના ખોરાક, પાણી, રહેવાનાં સ્થાનો તેની આવક અને તેનો ઉપયોગ એ સર્વ સ્ત્રીઓને કરવાનાં છે.

તેમાં જરૂરીયાત પ્રમાણે બીજાની મદદ લેવી કે પતિની સલાહ લેવી તે જરૂરની છે, તથાપિ તેનું ઉપરીપણું તો સ્ત્રીઓનુંજ છે.

પતિએ નિરંતર એકપત્નિવ્રત પાળવું, અને પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી તરફ જરાપણ વિકારી દૃષ્ટિ ન કરવી.

દેશના રીવાજ પ્રમાણે પુત્રાદિ સંતતિ માટે બીજી સ્ત્રી કરવી પડે તો પહેલી સ્ત્રીની રજાથીજ કરવી. ઘરમાં કલેશ ન થાય માટે તેની પ્રથમ સંમતિ મેળવવી. બનતાં સુધી તે પહેલી સ્ત્રીનેજ આગેવાન કરી લગ્ન કરવું. લગ્ન થયા પછી પણ પ્રથમની સ્ત્રીનેજ મોટી ગણીને ઘરના કામકાજમાં પ્રથમ તેને ભાગ આ-

મવો, તેની સલાહ લેવી, અને આગેવાનીપણાના સર્વ હકો પ્રથમ સ્રીનેજ મળવા–આપવા–જોઇએ.

પ્રથમ સ્ત્રીએ પણ બીજી સ્ત્રીને પોતાની બ્હેન તુલ્ય ગણવી અને તેને મદદગાર થવું. પોતાની મોટાઇના પ્રમાણમાં સારૂં વસ્ત્ર, ઘરેણું અને ચીજ પોતાને હાથેજ તેને બહુ લાગણીથી આપવું. અને કોઇપણ દિવસ કલેશ ન થાય તેમ વર્ત્તન કરવું.

પતિને પણ સંતોષ રાખવાની જરૂર છે કે તેણે બનતાં સુધી બીજી સ્ત્રી પરણવાનો વિચાર નજ કરવો. પુત્રાદિ સંતતિ માટે સર્વત્ર ભાગ્યની મુખ્યતા છે એટલે આ બ્હાને સ્ત્રીને છેહ ન આપવો. એકલી ન રાખવી, તદ્દન સ્વતંત્ર ન કરવી તેમ બંધિખાના જેવી સ્થીતિમ પણ ન મૂકવી. તેના ઉપર અવિશ્વાસ ન કરવો તેમ વિશ્વાસ પણ તેની યોગ્યતા જેટલો રાખવો. પોતે કમાવા શીખે અને પોતા સિવાય બીજાઓનું પોષણ કરવાનું બળ આવે ત્યાર પછીજ પુરૂષે લગ્ન કરવું, તે સિવાય તેના બાપની કમાઇપર તાગડધિન્ના કરનારા સાથે પોતાની બ્હેન કે પુત્રિનું કદિ પણ લગ્ન કરવું નહિં, કારણ લક્ષ્મી તો આજ છે ને કાલે ચાલી જશે પણ તે પોતાની મેળે કમાણી કરી શકે તેવો બુદ્ધિમાન્ પુરૂષ હશે તો પોતાને આશ્રયે રહેલાનો ગમે તે પ્રકારે પણ નિર્વાહ કરશે. નહિંતર ભુખ્યે મરવાનો પ્રસંગ આવવાનો.

જેમ પતિએ પોતાની સ્ત્રીને વ્યવહાર ઉપયોગી બનાવવાની છે તેમ પરમાર્થમાં ઉપયોગી થાય તેવી પણ કેળવણી આપવાની છે.

ધર્મના કાર્યમાં પણ કલાક બે કલાક સગવડતા અને અ-

નુકુળતાના પ્રમાણમાં તેના વખતનો ઉપયોગ થાય તો તે વધારે હિતકારી છે.

સુશીલ, સદાચારી, સાત્ત્વિક પ્રકૃતિવાળી અને ધર્માત્મા સ્ત્રી એ ઘરની એક દેવી સમાન છે. તે સ્ત્રી પોતાના તેજસ્વી પ્રકાશનાં બીજો પોતાના પરિવારમાં નાખ્યા સિવાય રહેશે નહિં. અને તેને લઇને વંશ પરંપરાનો પરિવાર ઘણોજ સદાચારી થાય છે. આ કાંઇ જેવો તેવો ફાયદો નથી.

સ્ત્રીઓએ પોતાનાં બાળકોને ગુરૂનાં દર્શને તથા દેવનાં દર્શને જતી વખતે સાથે તેડી જવાં, કારણ તેથી કાળાંતરે તેઓ ધર્મને ભૂલતા નથી. ધર્મના સંસ્કારો કાળાંતરે તેનામાં પ્રગટ થાય છે. સંતતિને સન્માર્ગે ચડાવવાનો માબાપને માટે આ ઘણો સહેલો માર્ગ છે.

જરૂરીયાતનાં કામો માટેની હાજતો પુરી પાડવામાં પતિએ પત્નિને પુરતી મદદ આપવી. લગ્ન પછીથી તે મરણ પર્યંત પતિએ પત્નિની જરૂયાતો પુરી પાડવા તૈયાર રહેવું. ટુંકામાં વ્યવહાર ઉપયોગી અને પરમાર્થપરાયણ કરી આપી, શાંતિમાં તેનું જીવન વ્યતિત થાય અને છેવટનો પ્રેમી હૃદયે શાંતિભર્યો આશીર્વાદ આપી પત્નિ પરલોકમાં જાય, આટલી ફરજ પતિના પત્નિ પ્રત્યેની છે.

છોકરાંઓની માબાપ પ્રત્યેની ફરજ.

જેમણે નવ માસ ગર્ભમાં રાખી, પાળી પોષી, બીનામાંથી સુકામાં સુવાડી, ટાઢ તાપ સહન કરી, વિવિધ પ્રકારની કેળવણી આપી, વ્યવહારીક જીવન સુખમય કરી શકાય તે માટે પુરતી કાળજી રાખી, સર્વ વ્યવહારમાં કુશળ બનાવી લગ્નની ગાંઠથી જોડાવી આપી, મનુષ્યપણાને યોગ્ય બનાવ્યા—તૈયાર કર્યા. તે માબાપોના ઉપકારનો બદલો એવો કોણ કૃતઘ્ન નિષ્ઠુર હૃદયનો છે કે ભૂલી જાય ?

છોકરાઓએ માબાપનું વચન કદી ઉલ્લંઘન ન કરવું તેમનાપર સાચો પ્રેમ રાખવો. તેઓ કેમ સુખી થાય તેને માટે નિરંતર કાળજી રાખવી. ખાવા પીવા, પહેરવા ઓઢવા, સુવા બેસવા, હરવા ફરવા ઇત્યાદિની બધી સગવડો કરી આપવી.

મોટી ઉમરનાં માતાપિતાઓને છોકરાંઓએ વિશ્રાંતિ આપવી. તેમનાં હૃદયો જરાપણ ન દુઃખાય તે માટે પુરતી કાળજી રાખવી. સેવામાં નોકર, ચાકરો આપવાં તથા પોતે જાતે તેમની સેવા ચાકરી કરવી. સ્ત્રી, આદિ પરિવારને તેમની સેવામાં રોકવાં. વૃદ્ધ, ગ્લાન અને અશક્ત માતપિતાની વારંવાર સંભાળ રાખવી.

સવારમાં ઉઠી તેમને નમસ્કાર કરવો. કોઈ કાર્યનો આરંભ કરવા પહેલાં તેમની સલાહ લેવી અને ગોગ્ય રીતે તેનો સ્વીકાર કરવો—અમલ કરવો.

તીર્થાટન કરવાની ઇચ્છા હોય તો તીર્થાટન કરાવવું. મહાન પુરૂષોના સમાગમો મેળવાવી આપવા, અને છેવટનું જીવન ધર્મ પરાયણ કરી દે તેવી અનુકુળતાઓ કરી આપવી.

માતા પિતાની ભક્તિ માટે ભગવાન્ મહાવીરદેવનો દાખલો ધ્યાનમાં રાખવા જેવો છે. ગર્ભમાં આવ્યા પછી 'મારા ચાલવા હાલવાથી માતાને પીડા ન થાય તો ઠીક' આ આશયથી ગર્ભમાંજ સ્થીર રહ્યા હતા. અને જાણ્યું કે મારા ન ચાલવાથી માતાને અનિષ્ટ શંકા થઈ છે કે તરતજ હલન ચલન શરૂ રાખ્યું. કારણ માતાને તે ઇષ્ટ હતું.

ગર્ભમાંજ પ્રતિજ્ઞા કરી કે મારા જન્મ થયા પહેલાં માતાનો આટલો સ્નેહ મારા પર છે તો જન્મ્યા પછી કેટલો થશે? વળી જો તેમની હૈયાતિમાં હું ચારિત્ર લઈશ તો તેમને દુઃખનો પાર નહિં રહે એમ ધારી તેમની હૈયાતિમાં દિક્ષા પણ ન સ્વીકારવાનો નિયમ લીધો. આ કેટલી બધી ભક્તિ ? ભક્તિની અવધિ!

ઠાણાંગમાં "પણ તે પ્રભુએ કહ્યું છે કે માતા પિતાના ઉપકારનો બદલો ખંભે બેસારી અડસઠ તીર્થોમાં ફેરવો તોપણ ન વળી શકે. નિરંતર સારૂં ભોજન આપો અને જીવન પર્યંત પાળો તોપણ તેના ઉપકારનો બદલો ન વળી શકે, પણ તેને વીતરાગ પ્રભુના કથન કરેલ ધર્મમાં જોડી આપો તોજ બદલો વળી શકે."

અત્યારના મનુષ્યોમાંથી કેટલાક માતા પિતાની ભક્તિથી પરાઙ્મુખ થયેલાઓ, સ્ત્રી પરણી લાવ્યા બાદ જુદા થનારાઓ, પરાધીન થયેલા માતા પિતાના ભોજન માટે ભાઇઓમાં પરસ્પર વારા કરી ભોજન કરાવનારાઓએ મહાવીર દેવના અનુભવમાંથી કાંઈક અનુકરણ કરવા ધ્યાન આપવું જોઇએ.

જે સ્ત્રી કોને ઘેર ઉત્પન્ન થયેલી, અને જ્યાં પૈસા લેવાય

છે ત્યાં કહો કે ખરીદ કરીને વેચાતી લાવેલી સ્ત્રી, તઓના ક્લેશને લઈ સ્ત્રી ઘરમાં વૈભવ માણે અને વ્હાલી જન્મદાતૃ માતાના વારા ! ભોજન માટે વારા !! ધિક્કાર છે આવા નરપશુઓને ! હજાર વાર ધિક્કાર છે ! હૃદયની લાગણીથી ઉછેરનારી, સ્તનપાન કરાવનારી જેના દુધથી પોષણ પામેલા, અરે જેના રક્તબીજમાંથી ઉત્પન્ન થયેલાઓ, તે માતા અત્યારે વૃદ્ધ થવાથી, પતિહીન થવાથી, નિરાધાર થયેલી માતાઓનું અપમાન ! તેના ભોજન માટે વારા કરનારાઓ શરમ છે, તમને શરમ છે ! આવા નરપશુઓને જન્મ નજ આપ્યો હોત તો પણ ઠીક હતું. આવી રીતે પરોપકાર કરનાર માતા પિતા તરફ, પુત્ર તરફથી ચલાવાતી આ ગેરવર્તણુકનો બદલો શું તેના પોતાના છોકરાઓ તરફથી તેને નહિ મળે ? અવશ્ય મળશેજ.

વહુ અને છોકરાઓ આનું અનુકરણ કરશેજ અને એક વખત આવા કૃતઘ્નોનો પણ તેવો વખત આવશેજ.

આવા નરાધમો પ્રત્યે તે માતાના આશીર્વાદને બદલે કળકળતા શ્રાપજ ઉતરવાના.

ઉત્તમ પુરૂષો માતા પિતાને તીર્થરૂપ સમજી તેની સેવા કરે છે. પશુઓ સ્તનપાન કરવા સુધી મર્યાદા સાચવે છે. મધ્યમ પુરૂષો ઘરનાં કામકાજ કરે ત્યાં સુધી માતા પિતાની દરકાર કરે છે અને અધમ પુરૂષો સ્ત્રીનો લાભ થતાંજ તેનાથી જુદા પડે છે. આવા અધમ આચરણનો ત્યાગ કરી ઉત્તમ પુરૂષોનું અનુકરણ કરવું.

સાત ક્ષેત્ર.

દ્રવ્યનો સદ્‌ઉપયોગ.

ગૃહસ્થોએ પોતાની ન્યાયથી પેદા કરેલ મીલકતમાંથી શક્તિ અનુસારે સારે માર્ગે ખરચ કરવો. જે વાર્ષિક કમાણી આવતી હોય તેમાંથી સેંકડે પાંચ કે દશ ટકા જેટલો ભાગ ધર્માદા ખાતે બાહાર કાઢવો. અને પછી જ્યાં જેટલી જરૂરીયાત હોય ત્યાં તેનો ઉપયોગ કરવો

છળ, પ્રપંચ, વિશ્વાસઘાત, કે ચોરી, ઠગાઇ કરીને ધન મેળવી ખરચ કરવાની—ધર્માદો કરવાની—ઇચ્છા ન કરવી. વિવિધ પ્રકારના આરંભો કરી, ધર્મધ્યાનને એક બાજુ મૂકી, લોકોને રંજાડીને. ગરીબોને રીબાવીને, ઓછું વધતું આપી કે લઇને પૈસો પેદા કરી ધર્મ માર્ગે પૈસો ખરચવો તેના કરતાં શક્તિ ન હોય તો કાંઇપણ અન્યાય ન કરવો તે વધારે ઉત્તમ છે. અન્યાય અને આરંભથી પૈસો મેળવી ધર્માદો કરવો તે તો માથું ફોડી શીરો ખાવા જેવું અથવા લુગડાં કાદવમાં બોળી ધોવા જેવું છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, દેરાસર, પ્રતિમા અને જ્ઞાન આ સાત ક્ષેત્ર છે. તેમાં પોતાના પૈસાનો ઉપયોગ કરવો તે ઉત્તમ પાત્રમાં—સારા ક્ષેત્રમાં—અનાજ વાવવાની માફક ફળદાયક છે.

સાધુ–સાધ્વીજી.

તેમને ભણાવવામાં, તેમની શારીરિક પ્રકૃતિ અનુકુલ ન હોય તો ઔષધ ઉપચાર કરાવવામાં મદદ કરવી, તેમના સંયમનો નિર્વાહ થાય તેવી રીતે, ખપે તેવી જરૂરીયાતો પુરી પાડવામાં પૈસાનો ઉપયોગ કરવો. આ ક્ષેત્રો પરમ ઉપગારી છે. તેમના જ્ઞાન ધ્યાનનો લાભ તેઓ પોતાના આશ્રિતોને આપે છે, એટલી તેમની ચડતીમાં તમારી પોતાની ચડતીનો આધાર રહેલો છે. કુવામાં હશે તો અવાડામાં આવશે. આ દૃષ્ટાંતે તે વર્ગ જ્ઞાન ધ્યાનમાં આગળ ચડેલો હશે તો ગૃહસ્થોને તે ધર્મોપદેશદ્વારા વધારે આગળ ખેંચી શકશે, સમાજ અને કોમમાં સુધારો કરશે અને શ્રાવક વર્ગમાં નવું જીવન તે રેડશે. આ સ્થિતિએ તેઓ પહોંચે તેટલે દરજ્જે તેમને કેળવવામાં પહેલાં મદદગાર થવાની જરૂર છે. વૃક્ષ વાવાને સાર સંભાળથી ઉછેર્યા પછીથીજ તેનાં મીઠાં ફળ ખાવાની આશા રાખવી.

કદાચ તત્કાળ ફળ તે આપે તેવા ન પણ હોય અને તમને તેનાથી ફળ મેળવવાનો પ્રસંગ ન પણ આવે તો પણ તે સાધુ સાધ્વીરૂપ વૃક્ષને ઘણી સંભાળ પૂર્વક ઉપયોગી રીતે પાણી સિંચતાજ રહેવું કે જેથી કાળાંતરે તમને નહિં તો તમારા વારસદારોને પણ તેનાં મીઠાં ફળો ખાવાનો પ્રસંગ મળશે, પણ સ્વાર્થી થઇને તે ઝાડને પાણી પાવું બંધ કરી ઉખેડી કે સુકવી નાખશો તો તમે અને તમારો પરિવાર કાયમને માટે તેનાં ફળોથી બેનસીબ રહેશો.

જરૂરીયાતના પ્રમાણમાં આ ક્ષેત્રમાં પૈસો ખરચવો. જો

આ ક્ષેત્રમાં જરૂરીયાત ન જણાય તો તે પૈસો આના કરતાં વધારે નબળી સ્થીતિમાં આવી પડેલાં બીજા ક્ષેત્રોમાં ખરચવો, પણ એવો આગ્રહ ન જ કરવો કે આમાં જ ખરચવો અને બીજામાં નહિં.

શ્રાવક–શ્રાવીકા.

આ બન્ને ક્ષેત્રોપર ધર્મનો મુખ્ય આધાર છે. કારણ સાધુ–સાધ્વી પણ આ ક્ષેત્રમાંથી ઊત્પન્ન કરાય છે. પ્રતિમાજી, દેરાસર અને જ્ઞાન એ પણ આ સંઘની હૈયાતિ હોય તોજ ઉપયોગી છે અને તે પાંચે ક્ષેત્રોને પોષણ આપનાર આ બન્ને ક્ષેત્રો છે. આ હોય તોજ બીજાં હોય, અને આનો નાશ થાય તો સર્વનો નાશજ થાય.

આ ઉપરથી નિશ્ચય કરાય છે કે જેટલો આ ક્ષેત્રનો વિસ્તાર, જેટલું આ ક્ષેત્ર સુખી, જેટલું આ ક્ષેત્ર કેળવાયેલું, શ્રીમંત, અને ઉચા અધિકારવાળું હોય છે. તેના પ્રમાણમાંજ બીજાં ક્ષેત્રોની હૈયાતિ, વૃદ્ધિ અને ઉચ્ચતા હોય છે આ કારણથી આ ક્ષેત્રને મોટા વિસ્તારમાં કેળવવાની જરૂર છે. શરીરની તંદુરસ્તી, મજબુતાઇ અને મનની વિવેકવાળી–કર્ત્તવ્યા કર્ત્તવ્યના ભાનવાળી–લાગણીઓ જેમ વધારે ઉત્તેજીત થાય તેમ કરવાની જરૂર છે. સાંકડા ક્ષુલ્લક વિચારો દૂર કરી વિશાળ વિચારોવાળા બનાવવાની જરૂરીયાત છે. શરીરો વધારે મજબુત થાય તેમ કસવાની આવશ્યકતા છે. આ સાથે ઉંચી કેળવણી પામી રાજ્ય દરબારમાં

ઉંચા હોદ્દાઓ પામે તેવી ગોઠવણ કરવાની જરૂર છે. કારણ કે વિવિધ પ્રકારની વિપત્તિ ટાળવાનું અને સંપત્તિ મેળવવાનું સાધન રાજ્યની મદદ વિના બીજું ચોકશ ઉપયોગી કોઇ નથી. ધર્મની વૃદ્ધિ પણ આવા રાજયમાં આગેવાન કર્ત્તાહર્ત્તા વિના થઇ શકતી નથી, કોમની કે દેશની દરીદ્રતાનો નાશ પણ રાજયની મદદ વિના થઇ શકતો નથી. બુદ્ધિમાનો આવા ઉંચા કેળવાયેલા હોદ્દાપર પહોંચી શકે તે માટે તેમને કેળવવા પ્રયત્ન કરવો.

વ્યવહાર કુશળતા મેળવવા માટે પણ તેવા તેવા બુદ્ધિમાનો, વૃદ્ધ અનુભવીઓ અને નીતિશાસ્ત્રમાં કુશળતાવાળાઓના સહવાસમાં રાખી નિપુણ બનાવવા જોઇએ. દેશના વિવિધ વ્યાપારોમાં નિપુણતા મેળવવા માટે જે સગવડની જરૂરીયાત હોય તે સગવડતા પુરી પાડવી જોઇએ.

વિવિધ પ્રકારની કળાઓમાં કુશળ થવાપણું અને હુન્નર, ઉદ્યોગાદિનાં સાધનો જ્યાંથી મેળવી શકાય :તેમ હોય ત્યાં તેમને મોકલાવી તેમાં પ્રવીણ બનાવવા.

ધાર્મિક શીક્ષણ અધુરૂં નહિં, પણ ટુંકામાં આપવું છતાં પણ મુદ્દાનું આપવું જોઇએ. આત્માની હૈયાતિ, પુર્નજન્મ, પુન્ય-પાપ, બંધ, મોક્ષ, આદિની ટુંકી પણ ચોકસ માહીતિ આપવી.

શ્રાવિકાઓ એક પણ કેળવાયેલા વિનાની હોવી ન જોઇએ. વ્યવહારનાં સર્વ કામમાં કુશળ થાય તેવી કેળવણી આપવી, તે સાથે જરૂરીયાતના પ્રસંગે પોતે પોતાના હાથે હુન્નર ઉદ્યોગથી પોતાની આજીવિકા ચલાવી શકે, તેવા કામમાં પ્રવીણ કરવી

જોઇએ. સંપસંપીને કુટુંબ સાથે રહી શકે, એક બીજાઓને પ્રસંગે મદદ આપતી રહે, બાળકોને ઉત્તમ સંસ્કારી બનાવી શકે, અને વિધવા કે નિરાધાર સ્થીતિમાં બીજાપર આધાર ન રાખતાં પોતાનો નિર્વાહ પોતેજ ચલાવી શકે. આવી રીતે સ્વઆશ્રયશાળી બનાવવી જોઇએ.

આત્મા, પુર્નજન્મ, પુન્ય પાપનાં શુભાશુભ ફળ, બંધ મોક્ષના માર્ગો—ઇત્યાદિ. આત્મધર્મ સંબંધી પણ કેળવણી આપવી. આ બન્ને સમુદાય ઉપયોગી રીતે ઉત્તમ કોટિનું જીવન પસાર કરી શકે તેવી રીતે શ્રાવક શ્રાવિકાને કેળવણી આપવામાં દ્રવ્યનો ઉપયોગ કરવો તે ત્રીજું ચોથું ક્ષેત્ર છે.

પ્રતિમાજી અને દેરાસર.

વખતનો સદ્ઉપયોગ કરવામાં, આત્મજ્ઞાન જાગૃત કરાવવામાં, પરમ ઉપગારીનું ચીરકાળ પર્યંત સ્મરણ રાખવામાં, ભક્તિ ભાવની વૃદ્ધિ કરવામાં, અને પુન્યનો પવિત્ર પ્રવાહ વધારવામાં પરમાત્માની મૂર્ત્તિ ઉપયોગી સાધન છે. તથા તેમને સ્થાપન કરવા માટે મંદિર—દેરાસરની જરૂરીયાત છે. આ બન્ને સ્થળે પૈસાનો શ્રાવકોએ સદ્ઉપયોગ કરવો તે બે ક્ષેત્રો છે.

આ ક્ષેત્રમાં દ્રવ્ય ખરચતાં, અર્થાત્ દેરાસરો નવીન બનાવતાં અને પ્રતિમાજી નવાં ભરાવતાં પહેલાં આ સર્વની ક્યાં, કેટલી ઉપયોગીતા છે તે ઉપર ખાસ લક્ષ આપવું. એક ગામમાં વધારે દેરાસરો હોય ત્યાં નવાં દેરાસરો બંધાવવાથી તે ગામના સંઘને માથે

તેના રક્ષણુ અને પાલન માટે કાયમનો બોજો આવી પડે છે. ત્યાંના સંઘની તેવી ઉત્તમ સ્થીતિ ન હોય તો પછી કાયમને માટે મુશ્કેલી આવી પડે છે. તીર્થોમાં ગોખલા અને જાળીઓ જ્યાં ખાલી જગ્યા દીઠી ત્યાં પ્રતિમાજી પધરાવવાની રીતિ પસંદ કરવા યોગ્ય નથી. કારણુ કે, ઘણો વિસ્તાર વધારવાથી કેટલાક સ્થળોએ લોકો દર્શન કરવામાં પણુ બેદરકાર રહે છે, પૂજારીઓ યોગ્ય રીતે પૂજન કરતા નથી, આટલા મોટા પ્રમાણુમાં પ્રતિમાજી હોય છે ત્યાં લોકોનો **'अति परिचयादवज्ञा'** આ ન્યાયે આદરભાવ ઓછો થાય છે. અતિ પરિચયથી અવજ્ઞા થાય છે.

તેમજ નાનાં નાનાં ગામો જેમાં વસ્તી ઓછી હોય તેવા સ્થળોમાં મોટાં દેરાસરો કરવામાં પણ વિચાર કરવો જોઇએ. તેવા સ્થળોમાં ઘર દેરાસરો સામાન્ય રીતે બનાવવાં જોઇએ.

તેમજ જ્યાં દેરાસરો જીર્ણ થયાં હોય ત્યાં નવાં બંધાવવાની ઇચ્છા ન કરતાં તે જીર્ણનોજ ઉદ્ધાર કરવો જોઇએ.

થોડાં દેરાસરો જ્યાં હોય છે ત્યાં સાચવણી અને ગામમાં ઐક્યતા બની રહે છે. આજકાલ કળીકાળનો મહીમા કહો કે કુસંપનું જોર કહો, જે ગામમાં જેટલાં દેરાશરો હોય છે તેના વહીવટ અને સાચવણી માટે તે ગામમાં તેટલા વિભાગો પડી જાય છે. એક દેરાશરજીમાં ધનનો વધારો હોય તો તેના ટ્રસ્ટીઓ બીજા દેરાસરજીના રક્ષણુ કે મરામત–યા–ખરચ માટે તેનો ઉપયોગ કરતાં અચકાય એ કેટલીબધી શોચનીય સ્થીતિ ગણુાય ! ઉપાશ્રય માટે પણુ આવીજ સ્થીતિ છે. જે ગામમાં જેટલા ઉપા-

થય તેટલા તે ગામના સંઘના કટકા થયેલા જોવામાં આવે છે. તેનું રક્ષણ અને તેમાં ધર્મક્રિયા કરવાના બ્હાના નીચે સંઘનો જથ્થો તેટલા ભાગમાં વહેંચાઇ જાય છે. ઉપજ અને ખરચ માટે વારંવાર ક્લેશો કરે છે, અને પરિણામે આખા ગામમાં કુસંપનાં બીજ રોપાયછે. આ પ્રમાણે કેટલાએક ગામમાં અત્યારે આ પ્રમાણે બનતું નજરે દેખાય છે. માટે શ્રાવકોએ ખાસ સાવચેતી રાખી જરૂરીયાતથી અધિક દેરાસરજી કે ઉપાશ્રય વધારવા માટે જરાપણ પ્રયત્ન ન કરવો, પણ તેના રક્ષણને માટે તથા તેની ઉપયોગીતા ઉપર ધ્યાન આપી ભક્તિ કરવા માટેજ સાવધાન રહેવું.

દેરાસરજીની ઉપજ વધારવા કરતાં બને ત્યાં સુધી સાધારણની ઉપજ વધારવા પ્રયત્ન રાખવો, કેમકે તે સાધારણમાંથી ગમે તે જરૂરીયાતીવાળા ક્ષેત્રમાં તેનો ઉપયોગ કરી શકાય છે.

જ્ઞાન.

જ્ઞાન–જ્ઞાની વિના રહેતું નથી. આધેય આધાર વિના ન હોય. જ્ઞાન આત્માનો ગુણ છે તે ગુણી આત્મા વિના રહી ન શકે. આ જ્ઞાનની વૃદ્ધિ થાય તે માટે દરેક મનુષ્યોએ પ્રયત્ન કરવો. તે જ્ઞાન પ્રગટ કરવામાં મદદ તરિકે, ઉપયોગી સાધનો પુરાં પાડવા માટે જ્ઞાન દ્રવ્યનો ઉપયોગ કરવો. પાઠશાળાઓ ખોલવી અને તેમાં ચતુર્વિધ સંઘને જ્ઞાન ભણાવાની સગવડતા કરાવી આપવી. તે સાથે જ્ઞાન આપનારને ઉપયોગી મદદ આપવી, જ્ઞાનનાં સાધન

પુસ્તકાદિ તે મેળવી આપવાં, તેમાં ઉપયોગી મુકામ આદિની સગવડ કરાવી આપવી.

જીનેશ્વર ભગવાનના જ્ઞાનનો દેશમાં બ્હોળો ફેલાવો થાય તે માટે તેવા ઉપદેશકો તૈયાર કરવા, અને તેમને જમાનાને અનુસરતિ કેળવણી આપવી. તેમને જીન ધર્મના સિદ્ધાંતોનાં રહસ્યો સમજાવવાં અને દેશકાળ પ્રમાણે કેવે સ્થળે–કેવી રીતે બોલવું તે સમજાવવું. તેની પરીક્ષાઓ લેવી અને તાત્કાળીક પ્રબળ અસર સામા શ્રોતાના મનપર કરી શકે. તેમને ઉત્તમ પ્રકારનો બદલો આપી ઉપદેશક તરિકે નીમવા. જો સાધુ સાધ્વી વર્ગ આ કામમાં ઉપયોગીપણે જમાના અનુસાર વક્તા તરિકે બહાર આવવા ઇચ્છા કરે તો તેમનો ઉત્સાહ વૃદ્ધિ પામે તેવા માનપાનથી અને પદથી સત્કારીત કરવા.

આ સાથે જમાનાને અનુસરતી જેની વધારે ઉપયોગીતા સિદ્ધ થાય તેવા અનેક ગ્રંથો નવીન લખાવવા. બનાવટી કલ્પિત નહિ પણ પૂર્વનાં પુસ્તકો ઉપરથી વિવિધ ભાષાઓમાં તે પ્રગટ કરાવવા. નવો શણગાર પહેરાવી, જમાનાનુસાર પણ મૂળ આશય બદલાઇ ન જાય તેમ સુધારો વધારો ફેરફાર કરી તે પુસ્તકો છપાવવાં. જેમાં કોઇ મત–પક્ષની ખેંચાતાણ ન હોય પણ પોતાના ધર્મની ખુબીવાળી ગૌરવતા સાથે, સરલ શબ્દોમાં, યુક્તિપૂર્વક, પૂર્વાપર વિરોધ રહિત ભાવ જેમાં આવી શકે તેવાં પુસ્તકો બાહાર પાડવાં. તથા અનેક ભાષાઓમાં છપાવીને તેનો ફેલાવો કરવો.

ટુંકામાં કહીએ તો જીનેશ્વર ભગવાનનું તાત્ત્વિક જ્ઞાન જેમ બહોળા વિસ્તારમાં દુનિયામાં ફેલાવો પામે તેવી રીતે જ્ઞાન દ્રવ્યનો ઉપયોગ કરવો. તે જ્ઞાનદ્રવ્યનો સદ્ઉપયોગ છે.

વળી પાઠશાળા તથા કન્યાશાળાઓ તેમાં ધર્મનું શિક્ષણ આપવા માટે જેમાં ટુંકામાં નવતત્ત્વ, આત્માની અમરતા, પુનર્જન્મ, કર્મનો બંધ, આવતાં કર્મ કેમ અટકાવવાં, પૂર્વનાં કર્મો કેવી રીતે ક્યા ઉપાયે કાઢી નાખવાં, પુન્ય અને પાપનાં પરિણામો, દિવસ અને રાત્રીનું કર્ત્તવ્ય, નીતિમય જીવન, વ્રત અને પચ્ચખાંણ તે શા માટે, અને કેટલા પ્રમાણમાં તેની જરૂર છે, તે તથા ધર્માભિમાન, કુળાભિમાન, જાતિઅભિમાન, દેશાભિમાન, તે શા માટે અને કેટલા પ્રમાણમાં ખીલવવું યોગ્ય છે ઇત્યાદિ વિવિધ વિષયોથી ભરપુર નવા જમાનાને ઉપયોગી થઈ પડે તથા ધર્મ અને વ્યવહાર બન્નેમ પ્રવિણ થઈ શકાય તેવાં પુસ્તકો વિદ્વાન વર્ગ પાસે લખાવીને દરેક પાઠશાળાઓમાં તે ચલાવવાં. તે બનાવવામાં, છપાવવામાં તન, મન, ધનનો ઉપયોગ કરવો. આ સર્વ જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ છે.

સાધારણ દ્રવ્ય.

આ દ્રવ્ય ઘણું ઉપયોગી છે. આ ક્ષેત્ર ઘણું વિશાળ છે. ઉપરનાં સાત ક્ષેત્રો અને તે સિવાયનાં બીજાં નાના મોટાં તમામ ખાતામાં આ દ્રવ્યનો ઉપયોગ કરવામાં હરકત નથી. નાનામાં નાના જંતુઓ, પશુ અને પક્ષીઓ તથા કોઈ પણ પ્રકારના નાત, જાત કે ધર્મના તફાવત વિના દરેક મનુષ્યજાતને આ ખાતાના દ્રવ્યમાંથી મદદ આપવામાં હરકત નથી. આ માટે કોઇ પણ વખતે હર્ષ કે શોકના પ્રસંગે જે દ્રવ્ય ધર્મ કે પરોપકાર માટે ખરચવા-

નું નક્કી કરવામાં આવે તે સાથે આ દ્રવ્યનો અમુક નાનો કે મોટો હિસ્સો બાહાર કાઢવો. અને જરૂરીયાતના પ્રમાણમાં ગમે તે ખાતાને આ દ્રવ્યમાંથી મદદ આપવી.

અમુક નિયમિત મંદિર કે તીર્થ યા સાત ક્ષેત્રમાં કે પાંજરાપોળ યા જીવદયા ઈત્યાદિ ખાતાનું નામ પાડવા કરતાં સાધારણ ખાતે દ્રવ્ય ખરચવાનું નક્કી કરવામાં આવે તો તે ખાતામાંથી જે ખાતાને ચોકસ મદદ કરવાની જરૂરીયાત હોય તેમાં મદદ કરી શકાય. આ પ્રમાણે જ્યાં નથી કરવામાં આવતું ત્યાં કોઇ એક ખાતું ઘણા પૈસાવાળું થાય છે કે જેની અત્યારે જરૂરીયાત ઓછી હોય છે તેમાં દ્રવ્ય ભરપુર હોય છે. અને ખરી જરૂરીયાતવાળાં ખાતાઓ દેવાદાર હોય છે. આથી જે દ્રવ્યની મદદથી સમાજ આગળ વધવાનો હોય છે તે પાછળ પડી જાય છે. અને વગર પ્રયોજને બીજા ખાતામાં દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે કે જેની ઉપયોગીતા અત્યારે ભાગ્યેજ સ્વીકારી શકાય. આ સ્થિતિ ઘણી સુધારવાની જરૂરીયાત વાળી છે.

સ્વામીવચ્છલ.

સ્વધર્મી—એક ધર્મ પાળનાર—મનુષ્યોનું હિત કરવું, ભલું કરવું, તે સ્વામીવચ્છલ છે. ધનવાન મનુષ્યોએ પોતાના કુટુંબમાં, નાતમાં, સંઘમાં અને એક ધર્મ પાળનાર મનુષ્યોના સમુદાયમાં, કોઇ પણ મનુષ્ય દુઃખી ન રહે તે માટે ઘણીજ સાવચેતી રાખવી, રોગીઓના રોગો મટાડવા દવા પ્રમુખની મદદ આપવી,

નિરાધારોને આધાર આપવો, નિરાશ્રિતને આશ્રય આપવો, દુઃખીઓને દિલાસો આપવો, ગરીબોને મદદ આપવી, નાહિમ્મતને હિમ્મત આપવી, મહેનતુને રસ્તે ચડાવવા, બુદ્ધિમાનોને વ્યાપારાદિ કાર્યમાં યોજવા, ઇત્યાદિ અનેક પ્રકારે મદદ આપી સ્વધર્મીની ભક્તિ કરવારૂપ સ્વામીવચ્છલ કરવો.

હાલ સ્વામી વચ્છલનો અર્થ અમુક ગામના સંઘે એકઠા મળી જમવું એવો સાંકડો એક પક્ષવાળો જે કરવામાં આવે છે એ ખરેખર શોચનીય છે !

કદાચ એક સાથે બેસી જમવાથી એક બીજાની પ્રીતિમાં વધારો થાય એ કારણુ કોઇ એક અપેક્ષાએ યોગ્ય હશે.

અથવા સુખી જમાનામાં પૈસા ખરચવાનો કે સાથે એકઠા મળી જમવાનો પ્રસંગ ઓછો હશે તે વેળાએ આ જમવાનું નામ સ્વામીવચ્છલ આપવા માટે યોગ્ય ધાર્યું હશે, પણુ અત્યારે પોતાની કોમના સ્વધર્મ પાળનાર મનુષ્યો જ્યાં અન્ન વિના, કે વેપાર રોજગાર વિના ગરીબાઇમાં સડતા હોય, કાલે ખાવાનું ઠેકાણું જ્યાં ન હોય આવી સ્થાતિમાં આવી પડયા હોય ત્યાં પણુ તેવા વખતમાં પણુ જમવું એજ સ્વામીવચ્છલ મનાય તો એના જેવું બીજું ખેદકારક શું હોઇ શકે ?

એવા પૈસાથી ગરીબોને ધંધે ચડાવાય, બુદ્ધિમાનોને વિદ્યા અભ્યાસ કરાવાય, નિરાધારોને આધાર અપાય અને ભુખ્યાંને ભોજન કરાવાય. આનું નામ આ જમાનામાં સ્વામીવચ્છલ રાખવામાં નહિં આવે તો કોમ પાયમલ થઇ જશે. કોમની આબાદ

સ્થીતિ વખતે જમવા રમવામાં આનંદ માનો તો તમને કોઇ કહેનાર પણ કદાચ ન મળે, પણ વિચારવાન્ જમાનામાં કોમની નિર્ધન સ્થીતિ વખતે, પેટને માટે ધર્મને વેચવાનો પ્રસંગ આવતો હોય તે વખતે, તેવા જમાનામાં પણ જમવામાં આનંદ મનાય તો પછી એ કોમ બુદ્ધિવાન્ છે એમ કોણ કહેશે ? માટે સ્વધર્મીનું હિત કરવું એજ સ્વામીવચ્છલનો ખરો અર્થ છે. એ ધ્યાનમાં રાખી અવસર ઉચિત વર્ત્તન રાખવું.

તીર્થયાત્રા.

ગૃહસ્થોએ વર્ષમાં એકાદવાર તીર્થયાત્રા કરવી; તીર્થ એટલે જેનાથી તરાય તે તીર્થ. જ્યાં જવાથી મનના પરિણામ નિર્મળ થાય, વિષય કષાય ઓછા થાય, વિવિધ પ્રકારની પુદ્ગલિક ઇચ્છાઓ નાશ પામે, આત્મા ઉજ્વળ થાય, સત્ય પ્રાપ્ત થાય તે તીર્થ કહેવાય છે.

સ્થાવર અને જંગમ એમ બે પ્રકારનાં તીર્થો છે. જે સ્થળે તીર્થંકર દેવનાં જન્મ, દિક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણિકો થયાં હોય, જ્યાં તે જીવન પ્રભુનું વિચરવું વિશેષ થયું હોય, જ્યાં કોઇ મહાત્માઓને-જ્ઞાનીઓને કેવળજ્ઞાન થયેલ હોય, જ્યાં તે મહાન્ પુરૂષોએ વિશેષ સ્થીરતા કરી જ્ઞાન ધ્યાન કર્યાં હોય તેની ભૂમિકાઓ તે સ્થાવર તીર્થ ભૂમિયાને તીર્થ ગણાય છે.

તે તીર્થભૂમિને સ્પર્શવાથી, ત્યાં તેમની યાદગીરીનાં ચિન્હો-

દેવાલયો, પાદુકાઓ, સ્તુભો વિગેરેનાં દર્શન કરવાથી તે મૂળ મહાન્ પુરૂષોનું સ્મરણ થાય છે, તેમનાં અદ્ભૂત–અલૌકીક–કર્ત્તવ્યો યાદ આવે છે, તેમનાં અપૂર્વ અને પ્રચંડ પુરૂષાર્થનું સ્મરણ થાય છે, તેથી હૃદયમાં અપૂર્વ આલ્હાદ ઉત્પન્ન થાય છે, મન વિકાશ પામે છે, ભાવના વૃદ્ધિ પામે છે, આનંદ ઉલ્લસે છે, પરિણામોની ધારા વિકાશ પામે છે, પરિણામની ઉત્કટતાથી અપૂર્વ વીર્ય–ઉત્સાહ બાહાર આવે છે, આવી અપૂર્વ જાગૃતિવાળા શુભ પરિણામે તથા શુદ્ધ ઉપયોગે મહાન્ ક્લીષ્ટ કર્મનો નાશ થાય છે. અપૂર્વ પુન્યાનુબંધી પુન્ય બંધાય છે. ગુણાનુરાગ વધે છે. સત્ય સમજાય છે. કર્ત્તવ્ય કરવા પ્રેરણા થાય છે, અને થોડા વખતની પણ તીવ્ર ભાવનાના પરિણામે અપૂર્વ શ્રેણિ વિચારોની લંબાય છે. આવી પ્રબળ ભાવનામાં મહાન્ વિશુદ્ધિ વૃદ્ધિ પામે છે, અપૂર્વ શાંતિ પ્રગટ થાય છે, આત્માનો દિવ્ય આનંદ પ્રગટ થાય છે.

આત્મા નિમિત્તવાસી છે. જેવું નિમિત્ત તેવી લાગણીઓ હૃદયમાં ઉદ્ભવે છે. આંહી નિમિત્ત ઉત્તમ હોવાથી ભાવનાઓ ઉત્તમજ હોય છે. તેનું ફળ પણ ઉત્તમજ છે.

ગૃહની સર્વ જંજાળોનો થોડા દિવસને માટે ત્યાગ કરેલો હોવાથી યાત્રાના સ્થળોમાં મન તે સંબંધી ઉપાધિથી મુક્ત રહે છે. વિષય વિકારોનો ત્યાગ કરાય છે. કષાયોને દૂર કરવામાં આવે છે. વિકથાઓ વેગળે મૂકાય છે. સત્સંગ, સત્કથા, અને સત્યનુંજ શોધન એ વાતોની મુખ્યતા આંહી હોય છે. ઘર મૂકી, અનેક દ્રવ્યનો ખરચ કરી, કુટુંબથી છુટો પડી, વ્યવહારને અળગો કરી હું આંહી શામાટે આવ્યો છું? આ તીર્થ ભૂમિમાં મારૂં કર્ત્તવ્ય શું છે? એ વાત યાત્રા કરનારની લક્ષ બાહાર હોતી નથી.

આ તીર્થ ભૂમિમાં યા તીર્થ ભૂમીએ જતાં રસ્તામાં છ "રી" પાળવાની હોય છે. એકલ આહારી. એક વખત દેહને પોષણ મળે તો ધર્મકાર્યમાં શરીર શીથીળ અને નિરૂત્સાહી ન થાય તે માટે એક વખત સાદું ભોજન કરે છે.

સચિત્તપરિહારી—ખાવા પીવા મોજશોખ માટે અનેક દિવસો છે. આ તિર્થ ભૂમિમાં તો આત્મસાધન કરવા માટે આવેલ છું, માટે વિકાર ઉત્પન્ન કરે તેવો માદક આહાર ન લેતાં, સાદો જલદી પાચન થાય તેવો, પ્રમાદ ન થાય પણ જાગૃતિ બની રહે તેવો, તેટલો અચિત્ત નિર્દોષ આહાર કરૂં. આ ભાવના હોય છે. બની શકે તો તપશ્ચર્યા કરે છે.

પગચારી—તીર્થ ભૂમિ પગે ચાલી સ્પર્શે છે. ગાડાં, અને વિવિધ વાહનોનો આશ્રય તે લેતો નથી. ચાલવાની શક્તિ હોય તો નરવાહન—ડોળીનો પણ આશ્રય ન લેતાં પગથી તે ભૂમિ સ્પર્શી વિવિધ ભાવનાને ઉત્તેજીત કરે છે.

ગુરૂસાથવિહારી—તીર્થ ભૂમિમાં ગુરૂમહારાજની સાથે ચાલે છે. તેથી પોતાનું કર્ત્તવ્ય વિશેષ સ્મરણમાં રહે છે. ધર્મ કથા અને સત્યની વિચારણાથી પોતાનું સાધ્ય લક્ષબિન્દુ વારંવાર સ્મરણમાં રહે છે અને તેથી બીજા કોઇ પણ કાર્યમાં તે પ્રવૃત્તિ કરતો નથી.

બ્રહ્મચારી—આ તીર્થ ભૂમિમાં ઘેરથી નીકળ્યો ત્યારથી તે બ્રહ્મચર્યનું પાલન કરે છે. પોતાની મન, વચન, શરીરની શક્તિનો વ્યય પરમાર્થ સાધવા માટે કરવાનો હોવાથી તેવા કોઇ પણ કાર્યમાં તેનો દુરૂપયોગ તે કરતો નથી.

ભોંયસંથારી—બનતાં સુધી તે જમીન ઉપર એકાદ સામાન્ય વસ્ત્ર પાથરી સુવે છે. મુનિઓની નિરંતર આવી પ્રવૃત્તિની ભાવના યાદ કરી, અલ્પનિદ્રા કરી, બહુ જાગૃત રહી જ્ઞાન ધ્યાનમાં રાત્રીનો વિશેષ વખત તે ગાળે છે.

તીર્થ ભૂમિમાં એકાંત, પવિત્ર, ભાવની વૃદ્ધિ થાય તેવા સ્થળે બેસી મહાન્ પુરૂષોના ગુણોનું સ્મરણ, અનુમોદન કરવું. તેમના વર્ત્તન પ્રમાણે અનુકરણ થાય તેટલું કરવા માટે પ્રવૃત્તિ કરવી. પરમેષ્ટિ મંત્રનો જાપ કરવો. ધ્યાન કરવું.

तप जप ध्यानथी पाप खपावे.

આ મહાવાક્ય ધ્યાનમાં રાખવું. તપ, જપ, અને ધ્યાનથી પાપ ખપે છે, પણ વાતો કરવાથી કે આંટા ફેરા મારવાથી કાંઈ વળતું નથી. એ વાત બહુજ યાદ રાખી બને તેટલો આ તીર્થ ભૂમિમાં તપ કરવો, જાપ કરવો, ધ્યાન કરવું, અને એ રીતે કર્મ ખપાવવાં.

વળી આંહી કોઇ ઉત્તમ જીવન ગાળનારા સાધુ, મહાત્મા પુરૂષો હોય તો તેમની પાસે જવું. કારણકે તીર્થ ભૂમિ પણ આપણી ભાવના—લાગણીના પ્રમાણમાં ફાયદાજનક થાય છે અને આવી લાગણીઓ કે ભાવનાઓની વૃદ્ધિ આ મહાત્માઓના ઉપદેશથીજ થાય છે માટે આ સ્થાવર તીર્થ કરતાં, આ જંગમ તીર્થ ભૂત સમદર્શી—આત્મજ્ઞાની—સાધુઓ અધિક ફાયદો કરનારા છે એ વાત ધ્યાનમાં રાખી તીર્થ ભૂમિમાં જતાંજ આવા મહાન્ પુરૂષો કોઇ આંહી છે કે નહિં; તેનો પ્રથમ તપાસ કરવો, તેમની

પાસે જવું, વંદન કરવું, ભોજન આદિ તેમને આપવાં, તેમનો સંગ કરવો, સત્ય પૂછવું, સત્ય સંભળાવવા વિનંતિ કરવી, પોતાનું કર્ત્તવ્ય બતાવવા કહેવું અને તેઓ આપણી યોગ્યતાનુસાર જે કોઇ કર્ત્તવ્ય બતાવે તે પ્રમાણે એકાંત સ્થળે બેસી પ્રયત્ન કરવો. તે પ્રમાણે વર્ત્તન કરવું.

જેટલા દિવસો તીર્થભૂમિમાં રહેવાય તેટલા દિવસ આવા જ્ઞાની પુરૂષોની હિતશિક્ષાથી બેનસીબ ન રહેવું, પણ વખત મળતાં તેમની પાસેથી અમૂલ્ય આત્મહિતકારી કર્ત્તવ્યો સાંભળવાં. સાંભળીને તરતજ દૂર ખસી જઇ કર્ત્તવ્ય પરાયણ થવું પણ નકામો તેમના અમૂલ્ય વખતનો ભોગ ન લેવો. કારણ આપણા કરતાં તેમનું જીવન દુનિયાંને વધારે ઉપયોગી છે તેમાં વિઘ્નભૂત ન થવું પણ કર્ત્તવ્ય પૂછવામાં પાછા ન હઠવું. તેઓ મહાન્ દયાળુ હોય છે તેથી વખતનો ભોગ આપીને પણ આપણને રસ્તે ચડાવે છે.

તીર્થભૂમિમાં આવીને દાન આપવું, શીયળ પાળવું, તપશ્ચર્યા કરવી. અને ભાવનાને સુધારવી તથા વધારવી. ગરીબ, અનાથ, રોગી, દુઃખી આદીનો ઉદ્ધાર થાય તેમાં દ્રવ્યનો ઉપયોગ કરવો, યોગ્ય મદદ આપવી. આવી રીતે જેટલા દિવસની અનુકુળતા હોય તેટલા દિવસ ધર્મધ્યાનમાં પસાર કરી પાછા પોતાના વતન તરફ વળવું.

તીર્થભૂમિમાં વિશેષ રહેવું નહિં કેમકે તેથી તીર્થનો આદર ઘટી જાય છે. પરિણામ નિર્ધ્વંશ થાય છે. ખાવા, પીવા, બોલવા, નિંદા, કુથળી, ઇર્ષા, આદિમાં સ્વતંત્રતા થઇ આવે છે

તેથી પતિત થવાય છે. માટે તીર્થભૂમિમાં થોડું રહેવું, પણ ઘણું કામ સિદ્ધ કરીને પાછા આવવું. વિષય, કષાય પાતળા પાડી નાખવા, ગુણાનુરાગ વધારવો, દેહ અને ધનાદિ ઉપરથી મમત્વ ઓછો કરવો, તીર્થમાં ઘણું રહેનારાના પરિણામો ઘણાંજ હલકાં હોય છે. તીર્થમુંડિયામાં તેને ગણવામાં આવે છે. ગરીબ, ભોળાઓને છેતરવામાં, વિશ્વાસઘાત કરવામાં, કે નીચ વર્ત્તન ચલાવવામાં તેમને મન શંકા રહેતી નથી. આવી સ્થીતિ થતાં તીર્થભૂમિ એ આનંદભૂમિને બદલે ખેદની ભૂમિકા થઇ પડે છે.

અંતિમ કર્તવ્ય.

ગ્રહસ્થોએ પોતાની મરણ અવસ્થા નજીક આવતાં પરલોક ગમનને માટે આનંદપૂર્વક બધી તૈયારીઓ કરી રાખવી. આત્મા અમર છે, દેહ બદલાય છે, જુનું ઘર મૂકી નવાં ઘરમાં રહેવા જવું, જુનો ડગલો ઉતારી નવો ડગલો પહેરવો આમાં ખેદ નહિં પણ જેમ આનંદ માનીએ છીએ તેમ જુનું જીર્ણ દેહ મૂકી નવા દેહમાં જવું તે આનંદદાયક છે. પણ ખેદરૂપ નથી. ગમે તે પ્રસંગે દેહનો અવશ્ય ત્યાગ કરવો તો છેજ. તીર્થંકર દેવ, ઇંદ્રાદિ સમર્થ દેવો. ચક્રવર્તિ જેવા રાજાઓ. મહાન્ બળવાન યોદ્ધાઓ એ સર્વેને પણ આ માર્ગે પ્રયાણ કરવું પડયું છે તો પછી બીજાઓની તાકાત છે કે એ નિયમનો અનાદર કરી શકે? નહિં જ.

વિશેષ એ છે કે જેણે આ જીંદગી સાર્થક કરેલ છે. વ્રત, તપ, જપ પરોપકાર, દયા દાન, ઇત્યાદિ સત્કર્ત્તવ્યોમાં મન વચન, શરીરની શક્તિનો વ્યય કરેલ છે, જેઓએ સત્યને શોધ્યું છે, સત્ય સમજ્યા છે તેમને દેહનું મરણ તે આનંદનો દિવસ છે. તે સિવાયનાઓને માટે મરણ તે દુઃખનો દિવસ છે. શોકનો દિવસ છે. દિલગીરીનો દાહાડો છે. કારણકે તેણે આગળ જઇ શાંતિ લેવાય તે માટેની તૈયારી કરી નથી, સુખ પછી દુઃખ મળવાનું છે, અનેક જીવોને ત્રાસ આપ્યો છે, સંતાપ્યા છે, અનેક કાળા, ધોળાં કર્યાં છે; વિષય, કષાય અને અજ્ઞાનમાં જીવન ગુજારેલું છે તેને ત્યાં બદલો મેળવવાનો છે, બદલો ભોગવવાનો છે તેથી મરણ દુઃખરૂપ છે. પણ જેણે જીંદગીનો ખરો લાભ લીધો છે, અનેક વ્રત, તપ, જપ, પરોપકારાદિ નિષ્કામ બુદ્ધિથી કરેલ છે, વિષય કષાયોને પાછા હઠાવ્યા છે, ઇંદ્રિયોને વશ રાખી છે, મનને વશ કરેલ છે, સત્ય આત્માને સમજ્યા છે, સત્યને પામ્યા છે, અનુભવ કરેલ છે તેને મરણ એ આનંદનો દિવસ છે, કારણ તેમને માટે સઘળી તૈયારીઓ આગળથી થઇ ગઇ છે. જેમ કોઇ પુન્યવાન્ રાજા પાંચ, પચાશ ગાઉ દૂર જવાનો હોય ત્યાં આગળથી તેના માણસોએ જઇને મુકામ અને ભોજન આદિ સામગ્રી તૈયાર રાખી હોય તો તેને કોઇ જાતની ખાવા પીવા કે મકાનની ચિંતા રહેતી નથી. તેને તો ગાડીમાં બેસી જવાનું અને તૈયાર રસોઇ પર બેસવાનું છે. તેમ આ ભાગ્યવાન્ જીવને માટે પણ આગળ બધી તૈયારીઓ થયેલી હોવાથી મરણ આનંદ રૂપ છે. નિર્ભાગ્ય-નિર્ધન માણસને જેમ પાંચ પચાશ ગાઉ જવું અને ત્યાં જરાપણ સગવડ નહિં તેથી જે ખેદ થાય છે તે આને હોતો નથી.

વળી આત્મા અમર છે. દેહમાંજ ફારફેર થાય છે. આ વાતનો ચોક્કસ અનુભવ થયેલો હોવાથી, તથા આ માયિક પ્રપંચ સાથે તેને તેવી સ્નેહવાળી લાગણીઓ ન હોવાથી જેમ નઠારા પાડોશીનો સહવાસ મૂકી સારા પાડોશીની પાસે રહેવા જવામાં ખેદ નહિં પણ આનંદ થાય છે, તેમ આ મરણ તે જ્ઞાનીઓને મન ઓચ્છવનો દિવસ છે.

આ મરણ પ્રસંગના પહેલાં જો ત્યાગમાર્ગ ગ્રહણ કરાય તો ઉત્તમ વાત છે પણ જેઓ વ્યવહારિક પ્રતિબંધ અને શારીરિક નિર્બળતા અથવા તેવાંજ કોઇ કારણસર ત્યાગ માર્ગ ગ્રહણ ન કરી શકે તેમ હોય તે ગૃહસ્થોએ પોતાના મરણ પહેલાં આ દુનિયાના તમામ સંબંધોથી મનને પાછું ખેંચી લેવું, જ્ઞાનદૃષ્ટિવડે પોતાને તે સંબંધોથી અલગ કરી દેવો.

જે મીલકતનો સન્માર્ગે વ્યય કરવો હોય તે પોતાની હૈયાતિમાં જાગૃત અવસ્થામાં કરી લેવો. ઘણી વખત માણસોના મનોરથો મનમાં રહી જાય છે અને ઓચિંતા દેહનો ત્યાગ કરવો પડે છે, અથવા પાછળથી સ્વાર્થી કે લોભી મનુષ્યો તેનો સદ્ઉપયોગ કરતા નથી. કરે છે તો યોગ્ય જરૂરીયાતને માર્ગે નથી થતો. કેટલાક તો મરવા પડ્યા પછી ને બેભાન થાય ત્યારે કહે છે કે બાપા ! હજાર રૂપિઆ તમને પુંન્યના આપુંછું. તમારી પાછળ ખરચીશ. પણ અફશોષ ! બેભાન સ્થીતિવાળો માણસ સાંભળે તો અનુમોદન કરેને ! આવી સ્થીતિ ન થાય તે માટે પોતાને હાથે જરૂરીયાતવાળા સ્થળે તેનો ઉપયોગ કરી દેવો. અને પછી ઘર દ્રવ્યાદિ ઉપરથી પોતાનો મમત્ત્વ ભાવ ઉઠાવી લેવો.

પોતાનું આયુષ્ય કેટલું છે તેનો નિશ્ચય કરવો. આ નિશ્ચય દૈવિક પ્રયોગથી, કે કાળજ્ઞાનથી કરવો.

આયુષ્ય કેટલું બાકી છે તેનો નિર્ણય થતાં જાગૃતિ કોઇ જુદાજ પ્રકારની રહે છે. ક્ષણે ક્ષણે તે દેહના મરણની નજીક જતો હોવાથી ઉપયોગની જાગૃતિ સૂક્ષ્મ યાને તીવ્ર રહે છે. કેમકે તેણે દુનિયાની તમામ આશા, ઇચ્છા અને જાનમાલથી હાથ ઉઠાવી લીધેલા હોય છે, એટલે મનનું ખેંચાણ કરે તેવું કોઈ સ્થાન રહેલું ન હોવાથી પોતાના સ્વરૂપ તરફજ તેની લાગણીઓ વળેલી હોય છે.

આવે પ્રસંગે કોઇ આત્મજ્ઞાની ગુરૂનો સમાગમ થાય, આજુબાજુ હોય અને ત્યાં ચડી આવે તો તો પછી ખરેખર તેનો ભાગ્યોદય થયોજ સમજવો. કારણ કે તે ગુરૂ પણ આત્મભાનમાં પૂર્ણ જાગ્રત હોવાથી તેના તરફથી મળતી સાવચેતા અલોકીક હોય છે. ભૂલાયેલું ભાન જાગ્રત કરાવે છે, અને કોઈ નજીકનો જ્ઞાન કે યોગનો માર્ગ બતાવી તેની મનોવૃત્તિઓને આત્મપ્રવાહ વાહી—વહન કરનારી—કરી દે છે. આવા ગુરૂનો યોગ મહાન્ ભાગ્યોદય હોય તોજ મળી આવે છે. તેના અભાવે સારા વિચારવાળા માણસોને પાસે રાખવા તે પણ સારૂં છે.

કાળ જ્ઞાન.

મરણ નજીક આવેલું છે તેની ખાત્રી માટે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં કારણો બતાવેલ છે. આ કારણોની તપાસ રાખતા રહેવાથી મરણના વખતનો નિર્ણય પોતા માટે કરી શકાય છે.

રોહણી નક્ષત્ર, ચંદ્રનું લાંછન, છાયા પુરૂષ, અરૂંધતિનો તારો અને ભ્રકુટી, આમાંથી કોઇપણ ન દેખાય તો એક વર્ષે મરણ થાય.

આંખની કીકી તદ્દન કાળી અંજન સરખી દેખાય, રોગ વિના અકસ્માત્ તાળુ, હોઠ સુકાય, મોઢું ઉઘાડયાથી ઉપરના અને નીચલા દાંત વચ્ચેના ઉભા આંતરામાં પોતાના હાથની ત્રણ આંગલી ન સમાય; ગીધ, કાગડો, પારેવો અને બીજો કોઇ માંસભક્ષી પંખી માથા ઉપર બેસે તો છ મહીને મરણ થાય.

ચંદ્રને ઉષ્ણ, સૂર્યને ઠંડો, જમીનમાં અને સૂર્યમંડળમાં છિદ્ર દેખાય, જીભને કાળી, મોંઢાને તદ્દન લાલ જુવે, તાલવું કંપે, મનમાં શોક થાય, શરીરના અનેક જાતના વર્ણો થઇ બદલાયા કરે, નાભીથી અકસ્માત્ હેડકી ઉપડે તો બે મહીને મરણ થાય.

ઉ અક્ષર બોલતાં જો શ્વાસ ઠંડો બહાર નીકળે અને ફુત્કાર કરવાથી શ્વાસ ગરમ બાહાર આવે, યાદશક્તિ ન રહે, શરીરનાં હાથ, પગ અને માથું એ પાંચે અંગો ઠંડાં થઈ જાય તો જાણવું કે દશ દિવસથી અધિક જીવન હવે બાકી નથી.

શરીર અર્ધું ઉનું અને અર્ધું ઠંડું થઇ જાય, કારણ સિ-

વાય અકસ્માત્ શરીરમાં જ્વાળા બળ્યા કરે તો સાત દિવસે મરણ થાય.

સ્નાન કર્યાં પછી તરતજ જો પગ અને હૃદય સુકાઇ જાય, અને બીજા ભાગો ન સુકાય તો છઠ્ઠે દિવસે મરણ સમજવું. મડદાની માફક મહાન્ ખરાબ દુર્ગંધ શરીરમાંથી નીકળે અને શરીરનો વર્ણ બદલાઇ જાય તો તે ત્રીજે દિવસે મરણ પામે.

પોતાની નાસીકા, જીહ્વા, ગ્રહો, નિર્મલ દિશા અને સપ્તઋષિના સાત તારાઓ તે જોવામાં ન આવે તો બે દિવસે મરણ થાય.

ભ્રકુટી ન દેખાય તો નવ દિવસે મરણ થાય, કાનમાં આંગળીઓ નાખી બંધ કરવાથી અંદર જે શબ્દ થતા સંભળાય છે તે ન સંભળાય તો પાંચ દિવસે મરણ થાય. નાકની ડાંડીનો અગ્ર ભાગ ન દેખાય તો સાત દિવસે મરણ થાય.

આંખની કીકી ન દેખાય તો ત્રણ દિવસે મરણ થાય અને જીભ ન દેખાય તો એક દિવસે મરણ થાય.

ઇત્યાદિ મરણ જાણવા માટે અનેક ઉપાયો કાળજ્ઞાન, રિષ્ટ સમુચ્ચય, યોગ શાસ્ત્રાદિ ગ્રંથોમાં બતાવેલ છે તે ઉપરથી મરણનો નિશ્ચય કરવો.

અથવા મરણ વહેલું આવે કે મોડું આવે પણ બધી તૈયારીઓ આગળથી કરી રાખવી. મનમાં પશ્ચાતાપ ન થાય કે અમુક ઉત્તમ કાર્ય કરવાનું હું ભૂલી ગયો, બાકી રહી ગયું કે કરી ન શક્યો.

છેલ્લા પ્રસંગે વિશેષ પ્રકારે સર્વ જીવોને ખમાવવા, કોઈ સાથે વેર વિરોધ ન રાખવું, કરેલા પાપનો પશ્ચાત્તાપ કરવો, વ્રતો ફરી ગ્રહણ કરવાં; અથવા મહાવ્રત ઉચ્ચરી લેવાં, ધર્મનાં કાર્યો પોતાને હાથે થયેલ હોય તેની અનુમોદના કરવી, દેહાદિ ઉપરથી મમત્વનો ત્યાગ કરવો, અણુસણ કરવું, પરમેષ્ટી મંત્રનું સ્મરણ રાખવું, અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણ લેવું, અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કરવો, અને આત્માની અમરતામાં મનને લીન કરી દેવું. ત્રિકુટિમાં મનને સ્થાપન કરી ધીમે ધીમે શ્વાસને મંદ કરી નિરંજન, નિરાકાર સ્વરૂપની ધારણા કરી મનને બ્રહ્મરંધ્રમાં સ્થીર કરી દેહનો ત્યાગ કરવો.

કુટુંબીના મરણ પછી રડવા કુટવાનું બંધ કરી તેમના આત્માને શાંતિ મળે માટે પરમાત્માનું સ્મરણ કરવું. ધર્મધ્યાનમાં ઉજમાળ થવું. દેહની અસારતાને યાદ કરી, મોહ મમત્વ ઓછો કરી ધર્મપરાયણ થવું તથા જે દેહીનો વિયોગ થયો છે તેના ઉત્તમ ગુણોનું વારંવાર સ્મરણ કરીને તેવા ગુણોનું અનુકરણ કરવા તત્પર થવું.

આ પ્રમાણે આ ગ્રહસ્થ ધર્મ આંહી સમાપ્ત થાય છે. તે-માંથી જે કાંઇ ગ્રહણ કરી, તે પ્રમાણે વર્ત્તન કરવાને પોતાની શક્તિ હોય તે પ્રમાણે ગ્રહણ કરી આત્માને પવિત્ર કરવો.

इति श्री तपागच्छीय श्रीमान्मुक्तिविजयगणि शिष्य पंन्यास कमलविजयगणि [illegible] पंन्यास केशरविजय-गणि विरचित श्रावक गृहस्थ धर्म नामक ग्रंथः विक्रमीय संवत्सरस्य एकोनविंशतिसतत्र्युत्तर सप्तति वर्षे पोष शुक्ल प्रतिपदे समाप्तः



ગૃહસ્થ ધર્મની અનુક્રમણિકા.

